। णमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

પૂ૦ પં. શ્રીમણિવિજયજી ગણિવર ગ્રંથમાળા ક્રમાંક ૧૬

પ્રેરક પૂ૦ તપસ્વી મુનિરાજ નિપુણવિજયજી

# જીવતત્ત્વ વિચાર

લેખક:

ચીમનલાલ દલસુખભાઈ શાહ . B. Com.

☆

પ્રકાશક:

પૂ૦ પં. શ્રી મણિવિજયજી ગ્રંથમાળા

કાર્યવાહક: શેઠ વીરચંદ રવચંદ

લિંચ (ઉ. ગૂજરાત)

णमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स

પૂ. પં. શ્રીમણિવિજયજી ગણિવર ગ્રંથમાળા નં. ૧૬

# જીવતત્ત્વ વિચાર

## પરિશિષ્ટ સહિત

લેખક :

ચીમનલાલ દલસુખભાઈ શાહ

બી. કૉમ.

પ્રકાશક :

પૂ. પં. શ્રી મણિવિજયજી ગ્રંથમાળાના

કાર્યવાહક

શેઠ વીરચંદ રવચંદ

લીંચ (ઉ. ગૂ.)

વી. સં. ૨૦૮૮ વિ. સં. ૨૦૧૮

ઈ. સ. ૧૯૬૨

પ્રત : ૭૫૦

મુદ્રક : મગનલાલ મનસુખરામ પુરોહિત
પુરોહિત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટારોડ–અમદાવાદ.

# અર્પણ પત્રિકા

તીર્થસ્વરૂપ માતૃપિતૃ ચરણે,

**સાદર સમર્પણ**

લિ૦

આપનો બાલ

ચીમન

# પ્રસ્તાવના

એશિયાખંડ એ ધર્મસંસ્કારની જનની છે, જૈન પછી હિંદુ અને બૌદ્ધ એ ધર્મો ભારતમાં જન્મ્યા અને વિસ્તર્યાં. મુસલમાન ધર્મ અરબસ્તાનમાં, જરથોસ્ત ધર્મ ઇરાનમાં અને ખ્રિસ્તી ધર્મ ઇઝરાયેલમાં જન્મ્યો અને વિસ્તર્યો. ગ્રીક તત્ત્વવેત્તા એરિસ્ટોટલ અને પ્લેટો એ બંનેને હિંદના પ્રચલિત ધર્મોમાંથી પ્રેરણા મળી હોવાનો સંભવ ઇતિહાસ પણ સ્વીકારે છે.

હિંદુ ધર્મ વૈદિક સંસ્કૃતિનો અને જૈન તેમજ બૌદ્ધ એ બે ધર્મો શ્રમણ સંસ્કૃતિના દ્યોતક છે.

દરેક ધર્મે પોતપોતાની આગવી રીતે પ્રચાર કર્યો છે. દરેક ધર્મને પોતપોતાના એવા મૌલિક આદ્ય ગ્રંથો પણ છે; આમ છતાં આધ્યાત્મિક કહી શકાય તેવું સાહિત્ય હિંદના પ્રત્યેક ધર્મના મુકાબલે હિંદ બહારના ધર્મોમાં ખાસ જણાતું નથી, હિંદુ ધર્મના વેદ, પુરાણ, સ્મૃતિ, શ્રુતિ, રામાયણ, મહાભારત. યોગશાસ્ત્ર આદિ અને બૌદ્ધ ધર્મના ધમ્મપદ, વિનયપિટ્ટક આદિ શાસ્ત્ર ગ્રંથો છે, જ્યારે જૈન ધર્મને પોત પોતાના આગમ ગ્રંથો ઉપરાંત જુદા જુદા વિષયના વિસ્તૃત સાહિત્ય ગ્રંથો છે.

જૈન ધર્મ વિષયક સાહિત્યમાં જે વિશેષતા છે તે તેના જીવ, અજીવ અને કર્મઅંગેના વિષયો પરની સૂક્ષ્મ સૂક્ષ્મતર સુક્ષ્મતમ વિચારોની તલસ્પર્શી ચર્ચા કરતા તેના સાહિત્યને આભારી છે. આ પ્રકારનું સાહિત્ય કોઇપણ અન્ય ધર્મ પાસે પ્રમાણમાં અતિ અલ્પ છે એ નિર્વિવાદ વાત છે.

જૈનોએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મને નિરંતર સન્માન્યો છે. દાનમાં સંપત્તિત્યાગ, શીલમાં

સાનુકૂલ વિષય પરની આસક્તિનો ત્યાગ, તપમાં ઇચ્છાનિરોધ અથવા ઇષ્ટ ખાનપાનનો ત્યાગ અને ભાવમાં દેહ પરની મમતાનો ત્યાગ કરી સમભાવ કેળવવા અને વિકસાવવાના હોય છે. આમ જૈન સંસ્કૃતિનું મૂળ તેની ત્યાગ ભાવના પર હોઈ તેનો ત્યાગપ્રધાન આચાર છે.

'મારે કોઈ જીવ પ્રત્યે વૈર નથી અને સર્વજીવ પ્રત્યે મૈત્રી છે" આ ધ્રુવમંત્રના પાયા પર જૈન સંસ્કૃતિ ઉભી છે. આ કારણે આ ધર્મમાં 'જીવનશોધન'ને અગ્રસ્થાન છે. જીવન જીવતાં થયેલ સ્ખલનો શોધવાં-શોધતા રહેવું અને તેનું પ્રમાર્જન કરતા રહેવું એ તેનો સાર છે; આ માટે પોતાની આવશ્યક ક્રિયામાં રાત્રિ દિવસ જૈનો પોતાનાથી થયેલ સ્ખલનાની શુદ્ધિ માટે સર્વ જીવોની ક્ષમાયાચના કરે છે અને પોતાના પ્રતિ કરેલ સામી વ્યક્તિઓનાં સ્ખલનોની ક્ષમા આપે છે.

આ ધ્રુવમંત્ર અમલમાં મૂકવા જૈનોનું પહેલું 'પ્રાણાતિપાત વિરમણ' (જીવદયા) એ મુખ્યવ્રત છે. તેનો સમસ્ત પ્રકારે અમલ કરી શકાય તે સારૂ જૈન શાસ્ત્રોમાં અન્ય વ્રત, નિયમ, વાડ આદિ પણ છે. આ મહાવ્રત શુદ્ધ રીતે પાળી શકાય તે માટે જૈન શ્રમણો નું જીવન સ્વાશ્રય પર નિર્ભર રહે તે રીતે પાલન કરવામાં આવે છે.

'પ્રાણાતિપાત વિરમણ' વ્રત કે મહાવ્રતના યથાશક્ય પાલન માટે 'જીવતત્ત્વ વિચાર' છે. આ કારણે જૈન દર્શનમાં જીવશાસ્ત્ર- નો સૂક્ષ્મ અને ઊંડો વિચાર કરવામાં આવ્યો છે. સંસારી જીવ કોની અસર નીચે નાચ્યા કરે છે તે સ્પષ્ટ કરવા સારૂ જૈન દર્શન માં 'કર્મ' અંગે પણ સૂક્ષ્મ અને તલસ્પર્શી વિચાર થયો છે. 'જીવ અને કર્મ' એ બંનેનું યુગલ વિશ્વમાં વ્યાપક છે; જીવે કર્મને મિત્ર તરીકે આવકાર્યો છે અને તેની સાથે ક્ષીરનીરની જેમ તેને

અપનાવ્યું છે તેથી સંસારમાં જન્મમરણુ કર્યાંજ કરે છે અને અનેક દુઃખદ પરિસ્થિતિઓનો પણુ અનુભવ કરી રહ્યો છે. આ દુઃખની પરંપરામાંથી મુકત થવા જીવે જીવ અને કર્મ એ દરેકને સાચી રીતે ઓળખવું જોઇએ અને કર્મ એ જીવનો મિત્ર નથી પરંતુ દુશ્મન છે એ માન્યતા મટીને શ્રદ્ધા બનશે ત્યારેજ આત્માની સાથેના કર્મનું એકમ તૂટશે, કર્મના બંધનથી મુકત થવા પ્રયત્નશીલ બનશે અને છેવટે શાશ્વત સુખનો ભોકતા બનશે. આ કારણે જ દરેકને જીવ અને કર્મના તલસ્પર્શી જ્ઞાનની જીવનમાં અનિવાર્ય આવશ્યકતા છે. આ વિચારેજ 'જીવતત્ત્વ વિચાર' લખવા પ્રેરાયો છું.

જીવતત્ત્વ વિચારમાં સંસારી જીવના (૧) સ્થાવર (સ્વયં હલન ચલન કરવાની શકિત વિનાના અને (૨) ત્રસ (સ્વયં હલન ચલન કરવાની શકિતવાળા) એમ બે પ્રકાર છે. પોતાને પડતા દુઃખ અને ત્રાસથી બચવા ત્રસ જીવ ગતિ કરી શકે છે તે સ્વાનુભવની વસ્તુ હોઈ તેમાં જીવ હોવાની પ્રતીતિ તો થઇ શકે છે. પરંતુ સ્થાવર જીવ પોતાને પડતા ઠંડી ગરમી, ત્રાસ આદિથી બચવા સ્વયં ગતિ કરી શકતા નથી તેથી તેમાં જીવની સંભાવના કેમ હોઇ શકે. આ બાલબુદ્ધિજનોને મૂંઝવે તેવો પ્રશ્ન છે.

'જીવતત્ત્વ વિચાર' માં સ્થાવર જીવના પાંચ પ્રકાર કહ્યા છેઃ (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય અને (૫) વનસ્પતિકાય; તેમાંના (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય અને (૪) વાયુકાય એ દરેકના (૧) સૂક્ષ્મ અને (૨) બાદર એમ બે પ્રકાર છે. પાંચમા વનસ્પતિકાયના પણુ બે પ્રકાર છેઃ (૧) સાધારણુ વનસ્પતિકાય (અનંતકાય) અને (૨) પ્રત્યેક વનસ્પતિકાય; તેમાંના સાધારણુ વનસ્પતિકાયના બે પ્રકાર છેઃ (૧) સૂક્ષ્મ અને (૨) બાદર. પ્રત્યેક વનસ્પતિકાય એ તો બાદર જ છે.

પ્રત્યેક વનસ્પતિકાય અને બાદર સાધારણુ વનસ્પતિકાય એ

એ વચ્ચેના ભેદ વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે. પાણી અને વનસ્પતિમાં જીવ હોવાની પ્રત્યક્ષ સાબિતી હિંદ અને હિંદ બહાર પ્રયોગો દ્વારા હિંદના ખ્યાતનામ વૈજ્ઞાનિક સદ્ગત શ્રી જગદીશચંદ્ર બોઝે કરી બતાવી છે. પ્રત્યેક અને બાદર સાધારણ વનસ્પતિકાય એ દરેકમાં જીવ હોવાનો અનુભવ આપણને પણ છે. (૧) વનસ્પતિને તેના મૂળમાં પાણી મળતાં તેને વધતાં (૨) તેને ક્રમશ કળી, પુષ્પ અને ફળ આવતાં અને (૩) પાણી ન મળતાં તેને કરમાતાં જોવાનો આપણો અનુભવ છે. લજામણીના છોડને અડકતાં તે સંકોચાય છે તે તેમાં તેને થતી લાગણી દર્શાવે છે અને તે ઉપરાંત અન્ય પ્રમાણો પણ છે.

પ્રયોગો કર્યાં વિના પૂર્વ પુરૂષોએ પોતાના જ્ઞાનથી સાધારણ અને પ્રત્યેક વનસ્પતિકાયમાં જીવ હોવાનું જાહેર કર્યું, તેમાં શ્રદ્ધા મૂકી આજના વૈજ્ઞાનિકોએ પ્રયોગ કર્યાં અને તે સાચું નીવડયું તે પરથી બીજા સ્થાવર જીવોમાં જીવ હોવાનો સ્વીકાર કરવામાં કોઇ આનાકાનીની જરૂર રહેતી નથી. પ્રયોગોમાં રહેલ અહિંસાના કારણે જ પૂર્વ પુરૂષોએ પ્રયોગ ન કરતાં જે જ્ઞાનમાં તેમને જણાયું તેજ દર્શાવ્યું છે.

બાદર પૃથ્વીમાં જીવ હોવાનાં આ કારણો આપી શકાયઃ (૧) પૃથ્વીના પેટાળમાં રહેલ ગરમી, (૨) આંતરિક અને બાહ્ય પરિતાપ આદિ કારણે પૃથ્વીના પટમાં થતા ફેરફારો (ફાટો પડવી, ખાડા પડવા, જમીન ઉપસવી આદિ, (૩) ધરતીકંપ આદિના અનુભવ, (૪) પત્થર, પર્વત આદિનું વધવું, (૫) ખડી, ભૂતડો, ખારો, માટી આદિની ખાણોમાંથી તે તે વસ્તુ ખોદી કાઢયા પછી તેને ધૂળ, કાંકરી, આદિથી પૂરી દેવા છતાં અમુક વર્ષો પછી તે જગ્યા ખોદતાં તે સ્થાનેથી તે તે વસ્તુનું ફરી ફરી નીકળવું. આદિ ઉપરોક્ત હકીક્ત આપણા અનુભવની છે અને તે પૃથ્વીમાં જીવ હોવાનું સાબીત કરે છે.

બાદર જળમાં જીવ હોવાનાં પણ કારણો છે. (૧) જળની સ્વાભાવિક શીતળતા, (૨) ગરમી આદિના ત્રાસથી સૂકાવું ( નાશ પામવું ). (૩) કૂવા, કૂંડ, ભૂમિ આદિમાં સતત તાજા રહેવું, (૪) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના કાળમાં નદી આદિના પ્રવાહનું સૂકાવું અને સંકોચાવું તથા સૂર્યાસ્તથી સૂર્યોદય દરમિયાન તે તે પ્રવાહનું વિસ્તરવું. આપણા આ અનુભવ પાણીમાં જીવ હોવાનું સાબીત કરે છે.

બાદર અગ્નિમાં જીવ હોવાનાં કારણો નીચે પ્રમાણે છેઃ (૧) અગ્નિની સ્વાભાવિક ઉષ્ણતા, (૨) તેની સ્વાભાવિક ઉર્ધ્વગતિ. (૩) દાબડીમાં રાખેલ અંગારાનું (હવા રુપ ખોરાકના અભાવે) બૂઝાઇ જવું. (૪) રાખમાં ભારી રાખેલ અંગારાનું બીજે દિવસે પણ તેજ સ્થિતિમાં અગારારૂપ હોવું. આપણા આ અનુભવો અગ્નિમાં જીવ છે તેની સાબિતી પૂરી પાડે છે.

બાદર વાયુમાં જીવ હોવાનાં કારણો પણ વિચારી શકાય. (૧) વાયુની નૈસર્ગિક વક્રગતિ, (૨) વંટોળિયા રુપે વાવાની તેની સ્વતંત્ર શક્તિ, (૩) મંદ મંદ વાવાની તેની સ્વતંત્ર શક્તિ, (૪) વાવાઝોડા, ઝંઝાવાત, આદિ રૂપે વાવાની તેની સ્વતંત્ર શક્તિ. આપણા આ અનુભવ વાયુમાં જીવ હોવાની પ્રતીતિ રૂપ છે.

બાદર જીવમાં જીવ હોવાનું ઉપર દર્શાવ્યા અનુસાર અનુભવી શકાય છે; પરંતુ સૂક્ષ્મ પૃથ્વી સૂક્ષ્મ જળ, સૂક્ષ્મ અગ્નિ, સૂક્ષ્મ વાયુ અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય આદિમાં જીવ હોવાનું સ્વીકારવામાં શ્રદ્ધાહીન અને બાલબુદ્ધિજનોને મુશ્કેલ છે. આ કારણે આ વિષયમાં વીતરાગ મહાપુરૂષનાં વચનરૂપ આગમ વચનને પ્રમાણ માનવું રહ્યું. સૂક્ષ્મ જીવ અનુભવગમ્ય નથી, કારણ તે કોઇને ઉપકાર કે અપકાર કરતું નથી, સૂક્ષ્મ નામ કર્મના કારણે તે સુક્ષ્મ ગણાય

છે. અગ્નિ તેને બાળી શકતો નથી, શસ્ત્ર તેનો નાશ કરી શકતું નથી, દિવાલો કે પર્વતો તેની ગતિ રોકી શકતા નથી એવા આ જીવ સર્વવ્યાપી છે.

સંસારી જીવની ચાર ગતિ છે: (૧) તિર્યંચ, (૨) મનુષ્ય, (૩) દેવ અને (૪) નારક. આ ઉપરાંત સંસારથી મુક્ત એવા જીવની પાંચમી ' સિદ્ધ ' ગતિ પણ છે. ' જીવતત્ત્વ વિચાર ' માં ઉપરના પાંચે ગાંતના જીવની આંશિક ચર્ચા કરી છે. દેવ અને નારક એ બે પ્રકારના જીવની ચર્ચા કાંઇક ગૌણ છે, કારણ કે એ દરેકના સીધા સંપર્કમાં આપણે આવી શકતા નથી. તિર્યંચ અને મનુષ્ય એ પ્રકારના જીવની ચર્ચા કાંઇક વિસ્તૃત છે, કારણ કે આ જીવોના સીધા સંપર્કમાં આપણે જીવી રહ્યા છીએ.

મનુષ્યની ચર્ચા તો અભ્યસનીય છે, કારણ કે મન હોવા છતાં સંજ્ઞી તિર્યંચ વિવેકહીન હોવાથી બહુધા પરતંત્ર છે અને જે કોઇ સ્વતંત્ર છે તે પણ પોતાની વાસના પાછળ જીવન ખોઈ બેસતા જ હોય છે. આમ તિર્યંચ મનુષ્ય કરતાં હીન છે, તે કારણે તે આપણી અનુકંપાને પાત્ર છે. મનુષ્યમાં રહેલ વિવેક એજ તેની વિશેષતા છે, તે દ્વારા તે સારઅસાર, હિતઅહિત, હેવ જ્ઞેય ઉપાદેય આદિ જાણી વિચારી શકે છે; તેનું તોલન કરી શકે છે અને વીર્યોલ્લાસ જાગે તો હેયને ત્યાગી ઉપાદેયને આદરી શકે છે. મનુષ્ય પ્રાપ્ય એવો આ વિવેક એ ખરેખર માનવીનો સારમાણસાઇ અથવા માનવતા કહેવાય છે; તે વિનાના મનુષ્યને શાસ્ત્રો પશુ તુલ્ય કહે છે.

મુક્તજીવ જે સિદ્ધ કહેવાય છે તેની પણ ચર્ચા છે. સિદ્ધ એ મનુષ્યનું ધ્યેય છે.

મનુષ્યની સારમાણસાઇ ( વિવેક ) નું પરિણામ એ તેના આધ્યાત્મિક વિકાસનું ક્ષેત્ર; વિવેકી માનવ ગુણવાન્ ગણાય છે, આ

કારણે "જીવતત્ત્વ વિચાર' માં "ગુણસ્થાનક'નું વિવરણ પણ મહત્ત્વ-નું સ્થાન ધરાવે છે.

**પરિશિષ્ટોનો પરિચય**: (૧) વિશ્વદર્શન અથવા ચૌદ રાજ લોક એ લોકસ્વરૂપ અથવા સમગ્ર વિશ્વના ચિંતન અર્થે ઉપયોગી છે. (૨) જંબુદ્વીપ અને (૩) અઢીદ્વીપ એ દરેકના નકશા આ વિશ્વમાં આપણું સ્થાન કયાં છે તેનો નિર્દેશ કરે છે. (૪) " જીવ વિચાર " પ્રકરણ ( મૂળ અને પદ્યમાં ) અને (૫) જીવોના ૫૬૩ ભેદ વિષયની માહિતી ઇચ્છનારને ઉપયોગી બને તેમ છે.

"કર્મવિચાર' વિષય પર પુસ્તિકા લખી અને છપાવી, તેને જે આવકાર મળ્યો તે કારણે "જીવતત્ત્વ વિચાર" લખવાની પ્રેરણા થઈ. પૂજ્ય સ્વ૦ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજીના વીનીત શિષ્ય ગણિવર્ય વિજયસાગરજીના શિષ્યગણિ શ્રી લબ્ધિસાગરજીએ તેને છપાવવા અનુમોદન આપી વ્યવસ્થા કરી છે.

આ પુસ્તિકાની સંકલનામાં મેં "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" 'લોક-પ્રકાશ' "પ્રજ્ઞાપના સૂત્ર" "જીવવિચાર પ્રકરણ" "ગુણસ્થાનક્રમારોહ" આદિગ્રંથોનો યથોચિત ઉપયોગ કરી દોહન કર્યું છે. એ સર્વના લેખક, સંપાદક, વિવેચક, મુદ્રક, પ્રકાશક આદિનો હું અત્યંત ઋણી છું.

જૈન ગ્રંથોમાં " સિદ્ધ " અને " સંસારી " એ દરેક પ્રકારના જીવ સંબંધમાં જુદા જુદા અનેક દૃષ્ટિબિંદુથી ઊંડી વિશદ અને સૂક્ષ્મ ચર્ચા છે; તેમાંથી બાલજીવ યોગ્ય વિષયો લઇ કયાંક સંક્ષિપ્ત અને કયાંક કયાંક વિસ્તૃત ચર્ચા મારા પોતાના ક્ષયોપશમ

અનુસાર કરી છે. આ વિષયમાં અધિક જીજ્ઞાસુઓ આથી અધિક, સૂક્ષ્મ અને ઊંડી માહિતી ગુરૂગમ દ્વારા જરૂર મેળવી શકે તેમ છે.

પરમપૂજ્ય ધ્યાનસ્થ સ્વ૦ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય મુનીશ્રી સૂર્યોદય-સાગરજી મહારાજે આ પુસ્તિકા વાંચી સૂચનો, સુધારા વધારા આદિ કર્યા છે, તે ઉપરાંત તે બહુશ્રુત આચાર્યપ્રવરના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય શાંતમૂર્તિ આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી ચંદ્રસાગરજી મહારાજના શિષ્ય શાસનકંટકોદ્ધારક પૂજ્ય ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજે પણ આ પુસ્તિકા વાંચી વિચારી અતિમહત્ત્વના અનેક સુધારાવધારા કરવાપૂર્વક અનેક શંકાઓ નિર્મૂળ કરી કેટલાંક મૌલિક સૂચનો કરી વિષયને વિશદ બનાવવાના કારણે આ પુસ્તિકાના મૂલ્યમાં—ઉપયોગિતામાં સારો વધારો થયો છે. વિશેષતઃ શાસન સમ્રાટ આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી વીજયનેમિસૂરીશ્વરજી મહારાજના બહુશ્રુત વિદ્વાન શિષ્યરત્ન આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી લાવણ્ય-સૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય ઉપાધ્યાય શ્રી દક્ષવિજયજી મહારાજ સાહેબે આ પુસ્તિકામાં રસ લઈ પ્રસ્તાવના અને પરિ-શિષ્ટોને સાંગોપાંગ સૂક્ષ્મ રીતે તપાસી જરૂરી સૂચનો કર્યાં તેમજ 'જીવવિચાર પ્રકરણ' (મૂળ) તેમજ તેમના પદ્યમય અનુવાદને સ્થાન આપવા અનુમતિ આપી. આ ઉપરાંત તે ઉપાધ્યાય મહારાજના શિષ્યરત્ન પં. શ્રી૦ સુશીલવિજયજી મહારાજ સાહેબે આ પુસ્તિકામાં રસ લઇ ઉપોદ્ઘાત લખી આપવા કૃપા કરી છે.

ઉપર દર્શાવેલ સર્વ મુનિગણનો સાભાર ઋણ સ્વીકાર કરૂં છું. છેવટમાં પુસ્તિકાની પ્રેસ કોપી તૈયાર કરવા સ્વ૦ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનીશ્રી પ્રબોધસાગરજીનો પણ મારે આભાર માનવાનો છે.

પુસ્તકની ઉપયોગિતાની દૃષ્ટિએ જરૂરી બ્લોક જે શ્રીમદ્ યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા અને "જૈન શ્રેયસ્કર મંડળ" મેસાણાના મંત્રીશ્રીએ વાપરવા સૌજન્ય દર્શાવ્યું તેમનો પણ અત્રે આભાર માનવાનો છે. વિશેષતઃ ચૌદ રાજલોક અને જંબુદ્વીપના નકશા તૈયાર કરવા માટે સાધન તૈયાર કરી આપવા માટે મુનિશ્રી કંચનવિજયજીનો પણ આભાર માનવો રહ્યો.

આ પુસ્તિકાને પરમપૂજ્ય પન્યાસ શ્રીમણિવિજય મ૦ના શિષ્ય આચાર્યપ્રવર શ્રી કુમુદવિજયજીના શિષ્ય તપસ્વી નિપૂણવિજયજી મહારાજ સાહેબે પોતાના દાદાગુરૂના નામથી ચાલતી સંસ્થા તરફથી બહાર પાડવા સહાય કરી છે તે અંગે તેમનો પણ હું અહીં ઋણ-સ્વીકાર કરૂં છું.

ક્ષયોપશમની મંદતા, વિચારદોષ, શરતચૂક, છપાતાં રહેલ કે થયેલ મુદ્રણદોષ આદિ કારણે થયેલ સ્ખલનો માટે "મિથ્યા મે દુષ્કૃતમ્" ઇચ્છી વિરમું છું.

શ્રી વિરાત્ ૨૪૮૮ કાર્તિક શુક્લાપંચમી<br>
વિ૦ સં૦ ૨૦૧૮ (જ્ઞાન પંચમી)<br>
નાગજીભૂદરની પોળ, **અમદાવાદ**.

લિ૦<br>
**ચીમનલાલ દલસુખભાઈ શાહ**

卐 ॥ ॐ ह्रीँ अर्हं नमः ॥ 卐

# ઉ.....પો.....દ્.....ઘા.....ત.

**અનાદિ** અનંત એવું વિશ્વ બે વિભાગમાં વહેંચાએલું છે. જીવ વિભાગમાં અને અજીવ વિભાગમાં. જગતમાં કોઈપણ એવી વ્યકિત નથી, કોઇપણ એવી વસ્તુ નથી કે કોઇપણ એવો પદાર્થ નથી કે તેનો સમાવેશ કાંતો જીવમાં અને કાંતો અજીવમાં થતો ન હોય ?

અનાદિ કાળથી નિગોદસ્થાનમાં અવ્યવહાર રાશિમાં નિવાસ કરી રહેલા અને તે સ્થાન છોડીને વ્યવહાર રાશિમાં આવી ક્રમે એકેન્દ્રિયપણું, બેઇન્દ્રિયપણું, તેઇન્દ્રિયપણું, ચઉરિન્દ્રિયપણું, અસંજ્ઞી પંચેન્દ્રિયપણું અને સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામી દશ દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ સફળ કરી પરમપાવની પારમેશ્વરી પ્રવ્રજ્યા સ્વીકારી અને સકલ કર્મનો ક્ષય કરી પ્રાંતેમુકિતસ્થાનમાં બિરાજમાન થએલાઓનો તથા ચઉગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલાઓનો સમાવેશ જીવ વિભાગમાં થાય છે.

અને એક પરમાણુ અથવા એક આકાશ પ્રદેશથી માંડીને અનંતા આકાશ પ્રદેશોનો સમાવેશ અજીવ વિભાગમાં થાય છે. તેમજ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને કાળનો પણ સમાવેશ અજીવ વિભાગમાં થાય છે.

જીવ કોઇપણ કાળે અજીવ ન થઇ શકે અને અજીવ કોઇપણ કાળે જીવ ન થઇ શકે એ વ્યાપક સિદ્ધાંત છે.

" नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः "

આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી. એ ગીતા વાકય પણ ચરિતાર્થ થાય છે.

વિશ્વમાં ભલેને વિજ્ઞાન ગમે તેટલું આગળ વધેલું હોય, અને વધતું જતું હોય તો પણ તેનામાં જીવને અજીવ કરવાની અને અજીવને જીવ કરવાની શકિત નથી અને આવવાની પણ નથીજ.

આ બન્ને જીવ અને અજીવ વિભાગ પૈકી માત્ર જીવવિભાગ નીજ અહીં સંક્ષિપ્ત વિચારણા કરવાની છે.

## 卐 જીવની સિદ્ધિ 卐

[1] **જીવ-આત્મા છે કે નહીં ?** આજ પ્રશ્ન આજથી વીર સં૦ ૨૪૮૮ વર્ષ પૂર્વે અને વિક્રમ સં. ૨૦૧૮ કરતાં પણ

---

૧ આ રીતે સર્વજ્ઞ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના થયેલા આગયાર ગણધરોને પૂર્વાવસ્થામાં જે જે સંશય થયેલ તેની આવશ્યક નિર્યુકિતમાં જણાવેલ ગાથા અહીં નીચે કહા છે. તેમાં શ્રી ઇન્દ્રભૂતિ—ગૌતમસ્વામીજીને જે જીવ વિષયક સંશય હતો તેનો નિર્દેશ એ ગાથા સૂચવે છે. જુઓ-

"[1]**जीवे [2]कम्मे [3]तज्जीव [4]भूय [5]तारिसय [6]बंधमोक्खेय।
[7]देवा [8]णेरइय या [9]पुण्णे [10]परलोय [11]णेव्वाणे ॥**"

**(आवश्यकनिर्युक्तौ गा० ५९६ )**

૧ 'જીવ છે કે નહિ ?' ૨-' કર્મ છે કે નહિ ?' ૩-' શરીર એ જ જીવ છે કે અન્ય ?' ૪-' ભૂતો છે કે નહિ ?' ૫-' આ ભવમાં જીવ જેવો હોય, તેવો જ પરભવમાં પણ હોય કે નહિ ?' ૬-' બંધ—મોક્ષ છે કે નહિ ?' ૭-'દેવ છે કે નહિ ?' ૮-'નારક છે કે નહિ ?' ૯-' પુણ્ય-પાપ છે કે નહિ '૧૦-' પરલોક છે કે નહિ ' ?૧૧-' નિર્વાણ—મોક્ષ છે કે નહિ '

૪૭૦ વર્ષ પૂર્વે પણ ચૌદ વિદ્યાના પારંગત અને સર્વજ્ઞપણાનો દાવો ધરાવતા પાંચશો શિષ્યોના પરિવારવાળા એવા શ્રી ઇન્દ્રભૂતિ વિપ્રને હતો.

“ **विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति** ”

[યાજ્ઞવાલ્કય ઋષિકૃત્‌બ્હદારણ્યક ઉપનિષદ્ ૨. ૪. ૧૨. ]

એ વેદ વાક્યથી શ્રી **ઈન્દ્રભૂતિ** વિપ્ર સંશયમાં પડેલા હતા. સર્વજ્ઞ-પણાને જરાએ જાંખપ ન લાગે એ ખાતર **અન્યને** પૂછીને પણ સમાધાન કરી શકે તેમ ન હતું, પણ જ્યારે વિશ્વવંદ્ય વિશ્વવિભુ સર્વજ્ઞ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનો સુયોગ સાંપડયો **અને પ્રભુએ** '**विज्ञानघन**' એ વેદ વાકયનો સાચો અર્થ સમજાવ્યો ત્યારે જ એ સમર્થપંડિત શ્રી ઇન્દ્રભૂતિવિપ્રનો સંશય નષ્ટ થયો. અને ‘ **જીવ–આત્મા છે** ’ એ નિશ્ચયપૂર્વક સ્વીકારી પારમેશ્વરી પ્રવ્રજ્યાના પૂનિત પંથે પ્રયાણ કરી સપરિવાર **ઈન્દ્રભૂતિ** સર્વજ્ઞવિભુ શ્રીમહાવીર પરમાત્માના પ્રધાન શિષ્યરત્ન **થયા.**

‘ **विज्ञानघन०** ’ એ વેદવાકયનો **શ્રી ઇન્દ્રભૂતિએ** કરેલો અર્થ આ પ્રમાણે છે—

‘ **विज्ञानघन एव** ’ એટલે વિજ્ઞાનનો **સમુદાય** જ ‘ **एतेभ्यो भूतेभ्यः समुत्थाय** ’ આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન **થઈ** ને ‘ **तान्येवाऽनु विनश्यति** ’ પાછો તે પાંચ ભૂતોમાંજ લય પામે છે અર્થાત્ મળી જાય છે; **માટે** એ પાંચભૂતો**થી** ભિન્ન ‘આત્મા’ નામનો કોઇપણ પદાર્થ નથી. તે**થી** કરીને ‘ **न प्रेत्यसंज्ञाऽस्ति** ’ મરીને પુનર્જન્મ થતો નથી. અર્થાત્ પરલોકની સંજ્ઞા નથી.

આજ વસ્તુનું સ્પષ્ટીકરણ એ છે કે—

જ્યારે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતો કાયા સ્વરૂપે પરિણામ પામે ત્યારે તેમાંથી '**अयं घटः, अयं पटः, अयं मनुष्यः**' (આ ઘટ છે, આ પટ છે, આ મનુષ્ય છે) ઇત્યાદિ વિવિધ પ્રકારના જ્ઞાનનો સમુદાયજ ઉત્પન્ન થાય છે, પણ આત્મા નામનો પદાર્થ ઉત્પન્ન થતો નથી.

જેમ તાડી, પિષ્ટ (લોટ) વગેરે મદિરાના અંગોમાંથી માદક શકિત ઉત્પન્ન થાય છે તેમ દેહ રૂપે પરિણામ પામેલા પાંચ ભૂતોમાંથી જ્ઞાનશકિત ઉત્પન્ન થાય છે.

આ રીતે કાયારૂપે પરિણામ પામેલા એ પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થઇને, જેમ પાણીમાં ઉત્પન્ન થયેલો પરપોટો પાણીમાંજ મળી જાય છે તેમ તે વિજ્ઞાનનો સમુદાય પણ તે પાંચ ભૂતોમાંજ લય પામે છે, અર્થાત્ મળી જાય છે.

આથી ભિન્ન આત્મા નથી માટે પરલોકની સંજ્ઞા નથી. અર્થાત્ મરીને પુનર્જન્મ નથી.

વળી પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ આત્મા—જીવ સિદ્ધ થઇ શકતો નથી.

**विज्ञानघन०**' એ વેદવાકયનો સર્વજ્ઞ **શ્રીમહાવીર વિભુએ** કહેલો સાચો અર્થ આ પ્રમાણે છે—

**विज्ञान** એટલે જ્ઞાન—દર્શનનો ઉપયોગ આ જ્ઞાન દર્શનનો ઉપયોગ સ્વરૂપ જે વિવિધ પર્યાયો, તેનો જે **ઘન** એટલે સમૂહ, એ જ આત્મા હોવાથી આત્માને '**विज्ञान घन०**' કહી શકાય છે. શાથી ? કે આત્માના પ્રત્યેક પ્રદેશે જ્ઞાનના અનંત અનંત પર્યાયો રહેલા છે માટે.

આ વિજ્ઞાન ઘન સ્વરૂપ આત્માની ઉત્પત્તિ પૃથ્વી—પાણી—અગ્નિ–વાયુ અને આકાશ એ પાંચ ભૂતોના અથવા તેના બનેલા ઘટ–પટ–મઠ પ્રમુખ પદાર્થોના નિમિત્તથી થાય છે.

જેમ ઘટ જોઇને ઘટનો ઉપયોગ, પટ જોઇને પટનો ઉપયોગ, મઠ જોઇને મઠનો ઉપયોગ આત્મામાં પ્રગટે છે, તેમ તે તે પદાર્થના નિમિત્તથી આત્મામાં–જીવમાં તે તે ઉપયોગ પ્રગટે છે.

આત્મા ઉપયોગ સ્વરૂપથી અભિન્ન હોવાથી તે પદાર્થમાંથી 'તે સ્વરુપે આત્મા પ્રગટ થયો' એમ મનાય છે.

આ રીતે એ પાંચ ભૂતોના અથવા તેનાથી ઉત્પન્ન થયેલ પદાર્થોના નિમિત્તથી **समुत्थाय** એટલે ઉત્પન્ન થઇને પુનઃ તે ઘટ–પટ–મઠ ઈત્યાદિ નિમિત્ત નાશ પામે, અથવા અન્ય કોઇ વસ્તુનું આવરણ આવી જાય, અગર આત્મા અન્ય ઉપયોગવાળો થાય તો તે ઉપયોગ સ્વરૂપ વિજ્ઞાનઘન આત્મા પણ **तान्येवानुविनश्यति** એટલે તે નિમિત્તની સાથેજ વિનાશ પામે છે. ત્યારબાદ અન્ય ઉપયોગ જન્મે છે, અથવા સામાન્ય ઉપયોગ રહે છે. તેથી જ **न प्रेत्यसंज्ञाऽस्ति** એટલે પૂર્વના ઉપયોગ રૂપ સંજ્ઞા રહેતી નથી. અર્થાત્ પૂર્વનો **घट–पट–मठ** વગેરેનો ઉપયોગ રહેતો નથી. શાથી ? કે વર્તમાનમાં પ્રગટેલા નવા ઉપયોગના યોગે તે વિનાશ પામે છે.

આત્માના ત્રણ સ્વભાવ છે. જે પદાર્થનું વિજ્ઞાન પ્રવર્તતું હોય તે વિજ્ઞાન પર્યાયરૂપે આત્મા ઉત્પન્ન થાય છે. તે સમયે પૂર્વના પદાર્થના વિજ્ઞાન પર્યાય વિનાશ પામેલા હોવાથી તે પૂર્વના વિજ્ઞાન પર્યાય રૂપે આત્મા વિનશ્વરરુપ છે, અને અનાદિ કાળથી પ્રવર્તેલી વિજ્ઞાન સંતતિ દ્વારા દ્રવ્યપણે આત્મા અવિનશ્વરરૂપ છે.

આ રીતે દ્રવ્યરૂપે આત્મા નિત્ય છે અને પર્યાયરૂપે આત્મા ઉત્પત્તિ અને વિનાશના સ્વભાવવાળો છે. **'विज्ञानघन०'** એ જ વેદનું વાક્ય આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. અને એના સમર્થનમાં **'स वै अयं आत्मा ज्ञानमयः'** '**નિશ્ચે તે આ આત્મા જ્ઞાનમય છે.**' એ વેદ વાક્ય પણ પૂર્તિ કરે છે. તથા **'ददद'** એ પણ વેદનું વાક્ય **दमो दानं दया इति दकारत्रयं यो वेत्ति स जीवः**

એમ સૂચવે છે. અર્થાત્ **'ददद'** એટલે " દમન દાન અને દયા એ ત્રણ દકારને જે જાણે છે તે જીવ છે, " એ વાતને તદ્દન સ્પષ્ટ કરે છે.

આથી એ વેદ વાક્યોમાં પણ **પરસ્પર** વિરોધ આવ્યા સિવાય એજ વેદ વાક્યોથી '**આત્મા–જીવ છે**' એમ સિદ્ધ **થાય** છે.

આ રીતે આગમ–શાસ્ત્ર પ્રમાણથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કર્યું.

હવે હે ઇન્દ્રભૂતિ ! પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ આત્મા સિદ્ધ થઇ શકતો નથી એ માન્યતા પણ વ્યાજબી નથી. એ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ આત્મા સિદ્ધ થઇ શકે છે.

## 卐 પ્રત્યક્ષ પ્રમાણથી જીવ–આત્માની સિદ્ધિ 卐

જુઓ તેનો **પૂર્વપક્ષ**–

ઘટ–પટાદિ પદાર્થો જેમ પ્રત્યક્ષ રૂપે જણાય છે તેમ આત્મા–જીવ પણ પ્રત્યક્ષરૂપે જણાવવો જોઇએ ?

કદાચ પરમાણુ જેવો અતિ સુક્ષ્મ હોય અને ન જણાતો હોય તો પણ પરમાણુ સમુહથી બનેલા જેમ ઘટ–પટાદિ દેખાય છે, તેમ

આત્મા તો તેવા કાર્યરૂપે પણ પરિણમેલો પ્રત્યક્ષ દેખાતો નથી; માટે આત્મા–જીવ નથી.

આ પૂર્વપક્ષરૂપ સંશય યુક્તિ સંગત નથી. તે હવે તેના ઉત્તરપક્ષરૂપ નીચે જણાવેલા પ્રમાણોથી સમજાશે.

## ઉત્તરપક્ષ—

પ્રથમ તો એ સમજવું જોઇએ કે '**વિશ્વમાં જે વસ્તુ ન હોય તેનો સંશય પણ ન જ હોય.**'

જો જગતમાં જીવ–આત્મા નથી જ તો પછી તેનો સંશય જ ન થાય, છતાં જીવ–આત્મા સંબંધી સંશય થાય છે માટે **જીવ–આત્મા** પણ જગતમાં છેજ એમ પ્રત્યક્ષ સિદ્ધ **થાય** છે. કદાચ એમ કહેવામાં આવે કે—'આકાશ કુસુમ, ખરવિષાણુ કે વંધ્યાપુત્ર વગેરે વસ્તુઓ વિશ્વમાં નથીજ, તો પણ એવી **અસત્** વસ્તુઓનો સંશય તો થાય છે, તો શું એ વસ્તુઓની વિદ્યમાનતા છે?

નથી, તો પછી જેનો જેનો સંશય થાય તે સર્વ પદાર્થોની વિદ્યમાનતા હોયજ એવો નિયમ કયાં રહયો ?' એનો જવાબ એ છે કે જગતમાં આકાશ અને કુસુમ બન્ને છે, ખર અને વિષાણુ બન્ને છે, પણ તેનો સમવાય સમ્બન્ધ નથી. તેમજ વંધ્યા અને પુત્ર વિશ્વમાં છે, પણ વંધ્યાથી જન્મેલો પુત્ર નથી.

આમ ભલેને તે તે વસ્તુના સંબન્ધનો અભાવ દષ્ટિગોચર થતો હોય, પણ સંશયવાળી વસ્તુનો અભાવ હોઈ શકતો નથી.

વળી સંશય જેમ જ્ઞાનનો એક પ્રકાર છે તેમ સ્મરણ, ઇચ્છા આદિ પણ જ્ઞાનના જ પ્રકારો છે. ચૈતન્યસ્વરૂપ જ્ઞાન હોવાથી તે આત્માનો ગુણ છે, પણ જડનો ગુણ નથી. કારણ કે જડને જ્ઞાન

હોતું નથી. સ્મૃતિ–સ્મરણ, ઇચ્છા અને સંશય ઈત્યાદિ જ્ઞાનના પ્રકારો પ્રત્યક્ષ સિદ્ધ છે તો પછી તેના આધારભુત ગુણી એવો જે આત્મા તે પણ પ્રત્યક્ષ સિદ્ધ સ્વીકારવોજ જોઇએ.

જ્ઞાન એ આત્માનો સહભાવી–કાયમી રહેનારો ગુણ છે. તેથી કરીને **જ્યાં 'જ્યાં જ્ઞાન હોય ત્યાં ત્યાં આત્માની સત્તા–વિદ્યમાનતા હોયજ' એવી વ્યાપ્તિ પણ ઘટી શકે છે.**

વળી એમ કહેવામાં આવે કે—બ્રાહ્મીનું ઘી કે સારસ્વતચૂર્ણ આદિ ઔષધિઓ ખાવાથી બુદ્ધિ સતેજ થાય છે અને મદિરા આદિનું પાન કરવાથી બુદ્ધિ અવરાઇ જાય છે, **માટે 'ભૂતમાંથી આત્મા ઉત્પન્ન થાય છે'** એમ અવશ્ય માનવું પડે. અને જો એમ ન માનીએ તો પછી બ્રાહ્મી આદિથી જ્ઞાનની વૃદ્ધિ અને મદિરા આદિથી જ્ઞાન અવરાઇ જાય એ કેમ બને ?

આ તર્ક પણ યુક્તિ સંગત નથી. જુઓ—

જેમ સુવર્ણ અગ્નિના તાપથી પ્રવાહી થઇ જાય છે, તે પ્રવાહીપણું કંઈ અગ્નિમાંથી ઉત્પન્ન થતું નથી, પણ અગ્નિના તાપનું નિમિત્ત મળતાં સુવર્ણમાંજ રહેલું તે પ્રગટ થાય છે, તેમ આત્મામાં બ્રાહ્મી કે સારસ્વતચૂર્ણ વગેરેથી જ્ઞાનની વૃદ્ધિ કે જ્ઞાનનું સતેજપણું થાય છે, અને મદિરાદિકથી જ્ઞાન અવરાઈ જાય છે તે જ્ઞાન કંઈ બ્રાહ્મી કે સારસ્વત ચૂર્ણ વગેરેમાંથી કે મદિરાદિકમાંથી ઉત્પન્ન થતું નથી, પણ બ્રાહ્મી કે સારસ્વત ચુર્ણ વગેરેના અને મદિરાદિકના સહકાર થી ઉત્પન્ન થાય છે અને અવરાય છે.

આથી આ દૃષ્ટાંત દ્વારા પાંચભૂતમાંથી આત્મા—જીવ ઉત્પન્ન થાય છે એમ માની શકાય નહીં, પણ જ્ઞાન એ તો આત્માનો ગુણ હોવાથી આત્મામાંજ વિદ્યમાન હોય છે, માત્ર બ્રાહ્મી આદિ વસ્તુના

સંયોગમાં આવતાં તે નિમિત્તે આત્મામાં તેવો ઉપયોગ ઉત્પન્ન થાય છે, અને આ ઉપયોગ એજ આત્માનું લક્ષણ છે, એજ આત્માનો ગુણ છે એમ કહી શકાય. તેથી કરીને તે ગુણનો આધાર **' આત્મા—જીવ પૃથ્વી આદિ એ પાંચભૂતથી ભિન્ન છે અને ચૈતન્યરૂપ છે. '**

એ વસ્તુતઃ સિદ્ધ થાય છે.

વળી દેહમાં સુખ અને દુઃખ વગેરે વિકારોનો અનુભવ થાય છે તે પણ આત્માને લઇનેજ થાય છે. તે અનુભવ દેહને નહીં પણ દેહથી ભિન્ન દેહના આધારે રહેલા આત્માનેજ થાય છે.

આ રીતે જો ન માનવામાં આવે તો મૃત્યુ થાય એટલે દેહમાંથી આત્મા ચાલ્યો જાય ત્યારે મૃતદેહમાં પણ સુખ-દુઃખ, હર્ષ—શોક અને હલન-ચલન આદિ થવાં જોઇએ. તેમાંનું કંઇપણ મૃતદેહમાં થતું નથી, પણ આત્મ સમ્બદ્ધ શરીરમાંજ થાય છે એ સર્વ સમ્મત અનુભવસિદ્ધ સુવિદિત વાત છે.

વળી સૌને 'હું બોલ્યો, હું બોલું છું, હું બોલીશ ' વગેરે **'अहम्'** વિષયક ત્રૈકાલિક જ્ઞાન થાય છે, તથા 'મારૂં કુટુમ્બ, મારૂં ધન' ઇત્યાદિ **'मम'** વિષયક જ્ઞાન થાય છે, તે પણ આત્માની વિદ્યમાનતાજ જણાવે છે. **अहम्** અને **मम** વિષયક જ્ઞાન એ આત્માનો ગુણ હોવાથી તેનો આધાર ગુણી આત્મા છે પણ ઇન્દ્રિયો નથી.

કદાચ કોઇ એમ કહે કે-ઇન્દ્રિયો જ્ઞાનાત્મક હોવાથી **अहम्** અને **मम** વિષયક જ્ઞાન ઇન્દ્રિયોને થાય છે, આત્માને નહીં.

આ વાત પણ વ્યાજબી નથી. કારણ કે ચક્ષુ આદિ ઇન્દ્રિય

થી થયેલું તે તે પદાર્થનું જ્ઞાન તે તે પદાર્થના અભાવમાં અને ઇન્દ્રિયના અભાવમાં પણ જણાય છે.

હવે જો ઇન્દ્રિયો જ્ઞાનાત્મક જ હોય તો તેના અભાવમાં તેને પૂર્વે થયેલ જ્ઞાનનો પણ અભાવ અવશ્ય થવોજ જોઇએ. છતાં કોઈપણ દિવસ તેમ થતું નથી. અન્ધત્વાદિવાન્ વ્યકિતઓમાં પણ પૂર્વે થયેલ તે તે પદાર્થનું જ્ઞાન ધારણા સ્વરુપે કાયમ રહેતું હોવાથી તેનું સ્મરણ થાય છે, અન્યથા નહીં જ.

આથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે ઇન્દ્રિયો જ્ઞાનાત્મક નથી, પણ જ્ઞાનપ્રાપ્તિના બાહ્ય સાધનરૂપ છે. તેથી કરીને મૃતક દેહને ઇન્દ્રિય હોવા છતાં પણ જ્ઞાન થતું નથી, તેમજ અંધ વગેરે વ્યકિતને ચક્ષુ આદિના અભાવમાં પણ પૂર્વનું જ્ઞાન થાય છે. આમ ઉભય રીતે વિચારણા કરીએ તો એ વસ્તુ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયો જ્ઞાનાત્મક નથી તેમજ જ્ઞાનના આધારરુપ પણ નથી. જ્ઞાનના આધાર રુપ તો **કેવલ આત્મા-જીવ જ છે** એ વસ્તુ સાબિત થાય છે.

વળી '**આત્મા**-જીવ **નથી**' આ જે બોલાય છે એજ વાકય '**આત્મા છે**' એમ સિદ્ધ કરે છે. જેમ વ્યવહારમાં પણ 'ઘટ નથી' એમ કોઈ કહે ત્યારે શું 'ઘટનો સર્વથા અભાવ છે ?' એમ કહેતો નથી, પણ 'તે કાળે, તે સમયે, તે ક્ષેત્રમાં, માટી આદિ અમુક દ્રવ્ય નો કે અમુક આકૃતિવાળો ઘટ નથી' એમ કહે છે.

તથા વિદ્યમાન વ્યકિતને માટે કોઇ પૂછે કે 'જિનદાસ નથી' ત્યારે શું જિનદાસ વ્યકિત સર્વથા નથીજ એમ કહેવાતું નથી, પણ 'હાલ અહીં નથી' ઇત્યાદિ કહેવાય છે.

તેમ 'આત્મા—જીવ નથી, એ વાકય માત્રથી કંઇ આત્માનો

સર્વથા અભાવ સિદ્ધ થઈ શકતો નથી, પણ યુક્તિપૂર્વક વિચાર કરતાં આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

આમ વિવિધ રીતે વિચારણા કરતાં પ્રત્યક્ષ પ્રમાણથી **'આત્મા-જીવ છે,** એ સિદ્ધ કરી શકાય છે.

## 卐 અનુમાન પ્રમાણથી આત્મા—જીવની સિદ્ધિ 卐

અનુમાન પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થઈ શકતી નથી. એ કથન પણ વ્યાજબી નથી. જુઓ તેનો **પૂર્વપક્ષ**—

અનુમાન પ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણપૂર્વક પ્રવર્તે છે. જેણે પૂર્વે મહાનસ—રસોડા વગેરે સ્થળમાં ધૂમ અને અગ્નિનો સમ્બન્ધ પ્રત્યક્ષ જોઈને એમ નક્કી કર્યું હોય કે **' यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः'**

'જયાં જયાં ધૂમ–ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય છે.' તે વ્યક્તિ દૂરથી પર્વત ઉપર નીકળતા ધૂમને જોઈને નક્કી કરે છે કે ત્યાં અગ્નિ છે. આ રીતે હેતુના પ્રત્યક્ષપૂર્વક અનુમાન થાય છે.

આત્માની સાથે તો કયારેય કોઈનો પણ સમ્બન્ધ પ્રત્યક્ષથી દ્રષ્ટિગોચર થતો નથી, કે તેને જોઈને કહી શકાય કે અહીં આત્મા છે, માટે અનુમાન પ્રમાણથી પણ 'આત્મા—જીવ છે, એ સિદ્ધ થઈ શકતું નથી.

## ઉત્તર પક્ષ—

જગતમાં જે ભોગ્ય એટલે ભોગવવા યોગ્ય હોય તેનો ભોક્તા એટલે ભોગવનારો અવશ્ય હોય છે. જેમ અગ્નિ વિના ધૂમ ન હોઈ શકે તેમ ભોગી વિના ભોગ્ય ન હોય. ભોજન અને વસ્ત્ર વગેરે જેમ ભોગ્ય છે તો તેનો ભોકતા મનુષ્ય છે, તેમ દેહ—શરીર પણ ભોગ્ય

છે માટે તેનો ભોકતા દેહધારી—શરીરી કોઈ પણ હોવો જોઇએ. અને તે આત્મા—જીવજ છે, અર્થાત્ એના સિવાય બીજો કોઇપણ નથી એ વસ્તુ સિદ્ધ થાય છે.

આથીજ '**विद्यमान भोक्तृकं इदं शरीरं, भोग्यत्वात्, ओदनादिवत्**' એ અનુમાન દ્વારા આત્માની સિદ્ધિ થાય છે.

આ અનુમાનમાં **इदं शरीरं** એ પક્ષ છે, **विद्यमान भोक्तृकं** એ સાધ્ય છે, **भोग्यत्वात्** એ હેતુ છે અને **ओदनादिवत्** એ ઉદાહરણ–દ્દષ્ટાંત છે.

અર્થઃ—**इदं शरीरं** એટલે આ શરીર **विद्यमानभोक्तृकं** એટલે વિદ્યમાન છે ભોકતા જેનો એવું છે. શાથી ? કે **भोग्त्वात्** ભોગ્યપણું હોવાથી. કોની જેમ, કે **ओदनादिवत्** ચોખા વગેરેની જેમ.

અર્થાત્ ભોગ્ય શરીર છે માટે તેનો ભોગી આત્મા અવશ્ય છેજ, એ આ અનુમાનથી પણ સિદ્ધ થાય છે.

કદાચ કોઇ કહે કે—મૃતક શરીરનો ભોગી કોણ ? આ રીતે તર્ક કરનારે સમજી લેવું જોઈએ કે 'જયાં ભોગ્ય હોય ત્યાંજ કે તે સમયે ભોગી હોવોજ જોઇએ' એવો કોઈ નિયમ નથી. એક બાજુ ભોગી અન્યકાળમાં કે અન્ય ક્ષેત્રમાં વર્તતો હોય છે અને બીજીબાજુ ભોગ્ય વસ્તુ બીજે સ્થળે કે ભોગીના અભાવ કાળમાં પણ વર્ત્તતી હોય છે.

જેમ અલંકાર–આભૂષણ–વસ્ત્રાદિ બીજે સ્થળે હોય છે, અને તેનો પહેરનાર પણ બીજે સ્થળે હોય છે, અથવા પરલોક સીધાવી ગયેલો હોય છે, તો પણ તે અલંકાર–આભૂષણ–

વસ્ત્રાદિ હોવાથી તેનો 'ભૂતકાળમાં ભોગવનાર હતો અથવા વર્તમાન કાળમાં છે, એમ માની શકાય છે. તેમ ભોગ્ય દેહ-શરીર છે તો તેનો ભોગી આત્મા પણ છે અથવા ભૂતકાળમાં હતો, ઇત્યાદિ સમાન યુક્તિથી આત્માની હયાતી સિદ્ધ કરી શકાય છે.

આ રીતે અનુમાન પ્રમાણથી પણ આત્મા અવશ્ય સિદ્ધ થાય છે.

## 卐 ઉપમાન પ્રમાણથી જીવ-આત્માની સિદ્ધિ 卐

ઉપમાન પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થઇ શક્તિ નથી. એ માન્યતા પણ બરાબર નથી. જુઓ તેનો **પૂર્વપક્ષ**-

ઉપમાન પ્રમાણ સમીપના પદાર્થમાં સાદશ્ય બુદ્ધિ ઉત્પન્ન કરે છે, અને જયાં એવું સાદશ્ય દેખાતું હોય ત્યાંજ ઉપમા આપી શકાય છે.

જેમ કોઇ વ્યક્તિ રોઝને ઓળખતો ન હોય અને તેને કહેવામાં આવે કે '**ગો સદૃશો ગવયઃ**' 'ગાયના જેવું જે પ્રાણી હોય તેને રોઝ સમજવું.' આજ વ્યક્તિ જંગલમાં ગાય જેવા આકારવાળું જંગલી જાનવરને જોઇને સમજી શકશે કે 'ગાય જેવા આકારવાળું હોવાથી આ રોઝ છે,' પણ અહીં તો આત્માના જેવો બીજો કોઈ પદાર્થ જગતમાં એવો નથી કે જેની ઉપમાથી આત્મા-જીવ છે એ વસ્તુ સિદ્ધ થઇ શકે ?

### ઉત્તરપક્ષ—

ઉપમા અને ઉપમેયનું સર્વથા સાદશ્ય ઘટીજ ન શકે, માત્ર

એકદેશીય સાદૃશ્ય હોવાથી ઉપમા આપી શકાય છે. અને એ રીતે અહીં પણ ઘટી શકે છે.

જેમ દુધમાં ઘી, તલમાં તેલ, ફુલમાં સુગન્ધ અને કાષ્ઠમાં અગ્નિ જે રીતે રહે છે તે રીતે ' દેહમાં આત્મા પણ રહેલો છે.'

જુઓ-તેના સમર્થનમાં આવતો શ્લોક-

**"क्षीरे घृतं तिले तैलं, काष्ठेऽग्निः सौरभं सु मे ।**
**चन्द्रकान्ते सुधा यद्वत्, तथात्माऽङ्गतः पृथक् ॥१॥"**

'જેમ દૂધમાં ઘી, તલમાં તેલ, કાષ્ઠમાં અગ્નિ, પુષ્પમાં સુગંધ અને ચન્દ્રકાન્તમણિમાં જલ રહેલું છે તેમ શરીરથી જુદો એવો આત્મા પણ શરીરમાં રહેલો છે.'

આથી એ વાત સ્પષ્ટ થાય છે કે દૂધમાં જેમ ઘી વ્યાપક, તલમાં જેમ તેલ વ્યાપક, કાષ્ઠમાં જેમ અગ્નિ વ્યાપક, ફુલમાં જેમ સુગંધ વ્યાપક, અને ચન્દ્રકાંતમણિમાં જેમ અમૃતવ્યાપક છે તેમ દેહમાં આત્મા પણ વ્યાપક છે.

ફલિતાર્થ એનો એ થયો કે ઘી આદિની ઉપમાથી આત્મારૂપી ઉપમેયની સિદ્ધિ થઈ, અર્થાત્ ઉપમાન પ્રમાણથી પણ આત્મા-જીવની વિદ્યમાનતા જણાવી.

## 卐 આગમ પ્રમાણથી જીવ-આત્માની સિદ્ધિ 卐

હે ઇન્દ્રભૂતિ ? આગમ પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થઇ શકે છે. પૂર્વે જણાવેલ **'विज्ञानघन०' 'स वै अयं आत्मा ज्ञानमय'** અને **'दददद'** એ વેદવાક્યો અને તેનો કરેલ સત્યાર્થ આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

વળી વેદમાં એક વાકય છે કે—

**अस्तमिते आदित्ये याज्ञवाल्क्य ? चन्द्रमस्यस्तमिते शान्तेऽग्नौ, शान्तायां वाचि, किं ज्योति रेवायं पुरुष : ? आत्मज्योतिरेवायं सम्राडिति होवाच ।"**

" હે યાજ્ઞવાલ્કય ? જ્યારે સૂર્ય અસ્ત થઇ જાય છે, ચંદ્ર અસ્ત થઈ જાય છે, અગ્નિ શાન્ત થઇ જાય છે, વચન અસ્ત થઇ જાય છે, ત્યારે પુરૂષમાં કઈ જ્યોતિ હોય છે ? **એ સમયે સમ્રાટ્ આત્મ જ્યોતિ છે.'**

અર્થાત્ પુરૂષ આત્મ જ્યોતિ છે. પ્રસ્તુતમાં પુરૂષનો અર્થ આત્મા અને જ્યોતિનો અર્થ જ્ઞાન છે, જ્યારે બાહ્ય સર્વપ્રકાશ અસ્ત થઇ જાય છે ત્યારે પણ આત્મામાં જ્ઞાનપ્રકાશ તો ઝળહળતો રહે છે જ. શાથી ? કે આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ હોવાથી. આ વેદ વાકય પણ આત્મા–જીવ સ્વયં જ્ઞાન સ્વરૂપી છે એ વાત સિદ્ધ કરે છે.

આ રીતે પ્રત્યક્ષાદિ ચારે પ્રમાણોથી પણ આત્મા–જીવની સિદ્ધિ થઇ શકે છે.

## 卐 અજીવના પ્રતિપક્ષી રૂપે જીવની સિદ્ધિ 卐

વળી વિશ્વમાં અજીવ છે, તો તેનો પ્રતિપક્ષી—વિરોધી કોઇપણ હોવો જોઇએ. શાથી કે-અજીવમાં વ્યુત્પત્તિવાળા શુદ્ધપદનો પ્રતિષેદ થયેલો છે માટે. જ્યાં જ્યાં વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનો પ્રતિષેધ હોય છે ત્યાં ત્યાં તેનો પ્રતિપ્રક્ષી હોય છે. જેમ 'અઘટ' ને પ્રતિપ્રક્ષી 'ઘટ' અને 'અપટ' નો પ્રતિપક્ષી 'પટ' વગેરે વિદ્યમાન છે, તેમ 'અજીવ' નો પ્રતિપક્ષી—વિરોધી 'જીવ' અવશ્ય વિદ્યમાન

છે. આથી અજીવના પ્રતિપક્ષી રૂપે 'જીવ' ની સિદ્ધિ થઈ શકે છે. એ રીતે સર્વજ્ઞ શ્રીમહાવીર પ્રભુના સત્યવચનોથી ઇન્દ્રભૂતિ-વિપ્રને **'આત્મા-જીવ છે કે નહિ ?'** એ સંશય સર્વથા નષ્ટ થયો. **'આત્મા-જીવ છે જ,** એનો નિર્ણય થયો. અને શ્રીમહાવીર પ્રભુના સર્વજ્ઞપણા પ્રત્યે અભૂતપૂર્વ પૂજ્યભાવ પ્રગટયો. તત્કાલ ત્યાંજ પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રવજ્યા-દીક્ષા સ્વીકારી, એજ પરંમોપકારી તારક પ્રભુના પ્રથમ શિષ્યરત્ન થયા. તેજ સમયે પ્રભુએ પણ " **उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा,**—એટલે જગતના પ્રત્યેક પદાર્થો વર્તમાન પર્યાયસ્વરૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વના પર્યાય સ્વરૂપે નાશ પામે છે અને મૂળદ્રવ્ય સ્વરૂપે ધ્રુવ—નિત્ય રહે છે."

એ પ્રમાણે સર્વપદાર્થોના સ્વરૂપને જણાવનાર એવી એ ત્રિપદી સંભળાવી. પ્રભુના મુખથી નીકળેલી પ્રભાવપૂર્ણ એ ત્રિપદીના શ્રવણમાત્રથી તત્કાળ ગૌતમગોત્રીય શ્રી ઇન્દ્રભૂતિ મહારાજ ને શ્રુતજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થયો, શ્રુતકેવળી બન્યા, અને તુરતજ વિશ્વના સમસ્ત પદાર્થોની જ્ઞાપક એવી દ્વાદશાંગીની (આચારાંગ આદિ બાર અંગરુપ આગમની) સંપૂર્ણ સુંદર રચના કરી. **એ જ શ્રી ગૌતમસ્વામી મહારાજા-ઇન્દ્રભૂતિજી શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્માના પ્રથમ ગણધર થયા.**

આ સંબન્ધમાં વિશેષ જીજ્ઞાસુઓએ શ્રીઠાણાંગ સૂત્ર તથા શ્રી કલ્પસૂત્રાદિ આગમ ગ્રંથો ઉપરાંત વિશેષાવશ્યકાદિ ગ્રંથો પણ જોવા.

આત્મા-જીવની સિદ્ધિમાં સર્વજ્ઞ શ્રમણભગવાન્ મહાવીર પરમાત્મા અને સમર્થ પંડિત પ્રવર શ્રી ઇન્દ્રભૂતિ-ગૌતમસ્વામિજીનો ઉપરોકત પ્રસંગ વર્ણવ્યો. તેવોજ બીજો પ્રસંગ વીર સં. ૨૪૮૮ વર્ષ પૂર્વેનો પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય **શ્રીકેશીકુમાર શ્રમણ અને પ્રદેશી રાજાનો છે.** જુઓ તે પ્રસંગ—

પરલોક, પુણ્ય, પાપ, દેવલોક, નરક અને આત્મા-જીવ આદિ નહિં માનનાર નાસ્તિક એવા પ્રદેશીરાજાને પુણ્યોદયે ગણધર ભગવંત શ્રી કેશીકુમાર શ્રમણનો સુયોગ પ્રાપ્ત થયો.

પરસ્પર ચાલેલી પરલોક વગેરેની પ્રશ્નોત્તરીમાં આત્મા-જીવનો પણ પ્રશ્ન આવ્યો. **'આત્મા-જીવ નથી'** એ માન્યતાને અનુસારે પ્રદેશી રાજાએ પ્રશ્નો પૂછ્યા અને શ્રીકેશી ગણધર મહારાજાએ સંતોષકારક તેના પ્રત્યુત્તરો આપ્યા. આ પ્રમાણે—

(૧) પ્રશ્ન-મેં ગુનેગાર એવા એક ચોરને લોઢાની કોઠીમાં પૂર્યો. ઉપરનું ઢાંકણુ મજબૂત રીતે એવું બંધ કરી દીધું કે હવા પણ અંદર ન જઈ શકે. તેથી તે મુંઝાઇને એ કોઠીમાં જ મરણ પામ્યો. પછી જયારે કોઠી ઉઘાડીને જોયું તો તેનું શબજ પડેલું હતું. કોઠીની અંદર અને બહાર બારીકાઇથી તપાસ કરવા છતાંપણ કોઇ સ્થળે છિદ્ર-બાકું જણાયું નહિ, કે જેમાંથી આત્મા-જીવ બહાર નિકળી જાય !

આથી નિશ્ચય કર્યો કે-**આત્મા-જીવ નથી જ.** વળી તે મૃત્યુ પામેલા ચોરના શરીરમાં કીડા પડેલા જોવામાં આવ્યા. મને એમ થયું કે કોઠીમાં કોઇપણ સ્થળે છિદ્ર તો દેખાતું જ નથી, તો પછી આ કીડા બહારથી આવીને આના શરીરમાં પેઠા કયાંથી ?

ઉતર-શ્રીકેશીકુમાર શ્રમણ ભગવંતે કહ્યું કે—

હે રાજન્ ? જ્યાં કોઇપણ જાતનું છીદ્ર નથી એવા ભોંયરામાં શંખ સાથે એક માણુસ જાય. પછી તે ભોંયરાનું દ્વાર બંધ કરી દેવામાં આવે. તેની અંદર રહેલો માણુસ જોરશોરથી શંખને વગાડે. તેનો શબ્દ બહાર રહેલાઓને સંભળાય. છીદ્ર સિવાય આ શબ્દ બહાર કયાંથી આવ્યો ? ત્યારે કહેવું પડે કે શબ્દરૂપી હોવાથી છિદ્ર વિના પણ ભોંયરામાંથી બહાર આવી શકે છે. તો પછી આત્મા-જીવ તો અરૂપી છે, તે દેહમાંથી કે બંધદ્વાર કોઠીમાંથી વિના છીદ્રે બહાર નિકળી જાય એમાં નવાઈ શી !

આથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે **'આત્મા–જીવ છે'** અને છિદ્ર વિના પણ બહાર નિકળી શકે છે. વળી જીવને બહાર નિકળવામાં જેમ છિદ્રની જરૂરીયાત રહેતી નથી તેમ અંદર પેસવામાં પણ છિદ્રની જરૂર પડતી નથી.

જેમ લોઢાનો ગોળો ધગધગતા અગ્નિમાં મૂકીએ, તો તે એકદમ અગ્નિમય લાલચોળ ધુમ થઇ જાય છે. હવે અહીં લોઢાના ગોળામાં છિદ્ર તો નથી, છતાં પણ અંદર અગ્નિ દાખલ થાય છે. તેમ ચોરના શરીરમાં પણ કીડા દાખલ થાય, તેમાં છિદ્રની લેશમાત્ર પણ જરૂર પડે નહિ.

આતો સમજી શકાય તેવું ઉદાહરણ–દૃષ્ટાંત છે કે અગ્નિરૂપી છે, છતાં પણ છિદ્ર વિના લોઢાના ગોળામાં દાખલ થાય છે, તો પછી કીડાના અરૂપી જીવ ભલેને કોઠીમાં કે શરીરમાં છિદ્ર ન હોય તો પણ દાખલ થાય એમાં આશ્ચર્ય શું ? અર્થાત્ છિદ્ર વિના પણ અરૂપી આત્મા–જીવ દાખલ થઈ શકે છે એ વસ્તુ સિદ્ધ થાય છે.

(૨) પ્રશ્ન–એક ચોરને જીવતાં તેનું વજન કર્યું અને તે તત્કાલ મૃત્યુ પામતાં તેનું વજન કર્યું, છતાં પણ વજનમાં જરા પણ ફરક પડયો નહિ. તેથી નિશ્ચય કર્યો કે જો તેના જીવતાં જીવ હોત તો વજન વધવું જોઇએ, અને મૃત્યુ પામતાં અર્થાત્ જીવ નિકળી જતાં વજન ઘટવું જોઇએ. બન્ને રીતે વજન કરવા છતાં વજનમાં લેશમાત્ર પણ ફરક ન પડવાથી **'આત્મા–જીવ નથી જ'** એમ મેં સ્વીકાર કર્યો.

ઉત્તર–હે રાજન્ ! ચામડાની કે રબ્બડની કોથળી કે ધમણ હોય. તેમાં હવા–વાયુ ભરીને વજન કરવામાં આવે અને હવા–વાયુ કાઢીને વજન કરવામાં આવે, છતાં બન્ને વખતે એકજ સરખું વજન થાય છે. જરા પણ ફરક પડતો નથી. તેવી રીતે અહીં પણ સમજવું. માત્ર ફરક એટલો કે વાયુરૂપી છે ને જીવ અરુપી છે. આથી ચોરનું જીવવાળું શરીર અને જીવ વિનાનું શરીર વજનમાં સરખું થાય એમાં નવાઇ શી !

માટે એમ ન સ્વીકારવું જોઇએ કે **આત્મા-જીવ નથીજ.** એની પણ વિદ્યમાનતા વિશ્વમાં અવસ્ય છેજ. કોઇનાથી પણ નાપાડી શકાય તેમ નથીજ.

(૩) પ્રશ્ન-જીવને જોવાને માટે અને તેની ખાત્રી કરવાને માટે મેં એક ચોરના દેહ-શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા, તોપણ તેના શરીરના કોઇપણ વિભાગમાંથી જીવ જોવામાં આવ્યોજ નહી, માટે જીવ છે એમ કઇ રીતે માની શકાય ?

ઉત્તર-હે રાજન્? જેમ અરણિના કાષ્ઠ—લાકડામાં અગ્નિ છે. એના ગમે તેટલા ઝીણાં ઝીણાં ટૂકડા કરીને બારીકાઇથી કે સૂક્ષ્મ-દર્શક યંત્રથી જોવામાં આવે તો પણ અગ્નિ દેખાશેજ નહિં, તેમ શરીરના ગમે તેટલા ટૂકડે-ટૂકડા કરવામાં આવે તો પણ તેનો જીવ દેખાશેજ નહિં. અરણિના કાષ્ઠમાં રહેલો અગ્નિ તો રુપી છે છતાં દેખાતો નથી, તો પછી શરીરમાં રહેલો જીવ તો અરૂપી છે, એ કઇ રીતે દેખાય. અર્થાત્ આત્મા-જીવ નજ દેખી શકાય. તેથી તે આત્મા-જીવ નથીજ એમ માની શકાય નહિં. એની પણ અસ્તિતા આલમમાં-દુનીયામાં છેજ.

(૪) પ્રશ્ન—જગતમાં જેમ ઘટ-પટ-મઠ ઇત્યાદિ પદાર્થો દેખાય છે, તેમ જગતમાં જીવ પ્રત્યક્ષ દેખાતો કેમ નથી ?

ઉત્તર—હે રાજન્ ! આ વૃક્ષનાં પાંદડાં હાલતાં આપણે સહુ જોઇએ છીએ. એ પાંદડાને હલાવનાર કોણ ? તો કહેવું પડશે કે પવન-વાયુ. એ પવન-વાયુ રૂપી હોવા છતાં પણ પ્રત્યક્ષરુપે દેખાતો નથી, તો પણ પાંદડાના હાલવા ઉપરથી પવન-વાયુનો નિર્ણય કરી શકાય છે. તેવી રીતે શરીરમાં હલન-ચલનાદિ ક્રિયા કરનાર આત્મા જીવ છે એ સાબીત થાય છે.

આથીજ જીવ વિનાના મૃતક શરીરમાં હલન-ચલન આદિ ક્રિયા દેખાતી નથી.

હવે જેમ ઘટ-પટાદિક પ્રત્યક્ષરૂપે દેખાય છે તેમ આત્મા-જીવ દેખાતો નથી. તેનું કારણ એ છે કે-આત્મા અરુપી હોવાથી પ્રત્યક્ષરૂપે દેખાતો નથી. એથી કરીને વિશ્વમાંથી એનો કંઇ અભાવ થતો નથી.

અર્થાત્ જગતમાં આત્મા-જીવનું અસ્તિત્વ સદાને માટે જ કાયમ છે.

આ રીતે શ્રીકેશીકુમાર શ્રમણ ભગવંતના આત્મા-જીવની વિદ્યમાનતાનાં વચનો સાંભળી પરદેશી રાજાને પણ કબુલ કરવું પડયું કે 'જગતમાં **આત્મા—જીવ છે જ**'

આ સિવાય કીડીનો જીવ અને હાથીનો જીવ સરખો કેમ ? સર્વ જીવો સરખા શાથી ? વગેરે પ્રદેશી રાજાએ પૂછેલા પ્રશ્નોના સમાધાન કરવા ઉપરાંત પરલોક આદિ પ્રશ્નોના પણ શ્રીકેશીકુમાર શ્રમણ ભગવંતે સંતોષકારક પ્રત્યુત્તરો આપ્યા, અને નાસ્તિક એવા પ્રદેશી રાજાને આસ્તિક બનાવ્યો, તેણે શ્રાવકના બાર વ્રતો પણ સ્વીકાર્યાં. પ્રાંતે પોતાની સૂર્યકાન્તા રાણીથી થયેલ ઉપદ્રવને સમ-ભાવે સહન કરી, પૌષધાગારમાં સમાધિપૂર્વક મૃત્યુ પામી, સૌધર્મ નામના પહેલા દેવલોકમાં તે સૂર્યાભદેવ રૂપે ઉત્પન્ન થયો.

આ સંબંધમાં વિશેષ જીજ્ઞાસુએ શ્રીરાયપસેણી આદિ આગમ ગ્રંથો જોવા.

## 卐 સર્વજ્ઞ વચનથી આત્મા-જીવની સિદ્ધિ 卐

રાગ દ્વેષ અને અજ્ઞાન સર્વથા જેમના વિનાશ પામેલા છે, તથા ત્રણે કાળનું ત્રણે લોકનું અને અલોકનું નિખિલ સ્વરૂપ હાથ માં રહેલા આંબળાની માફક પ્રત્યક્ષ જેમણે નિહાળ્યું છે એવા શ્રી સર્વજ્ઞ વિભુ જણાવે છે કે—**'જગતમાં આત્મા-જીવ છે.'**

આવા શ્રી સર્વજ્ઞ વિભુના વચનથી પણ આત્મા-જીવની સિદ્ધિ થાય છે.

## 卐 લૌકિક અનુભવથી પણ આત્મા-જીવની સિદ્ધિ 卐

દુનિયાના નિખિલ આસ્તિક દર્શનો તો દેહ, ઇન્દ્રિયો, મન અને આત્મા માને છે. નાસ્તિક દર્શન જે આત્મા-જીવને નથી માનતો તે પણ દેહ અને ઇન્દ્રિયો તો માને છે. દેહ અને ઇન્દ્રિયોથી મન પણ જુદુ માનવું જોઇએ. નાટક-સીનેમાદિ જોવામાં તલ્લિન થયેલ વ્યકિતને ઘંટડી આદિનો અવાજ થવા છતાં પણ ખબર પડતી નથી, કારણ કે મન ત્યાં નથી, માટે મન પણ જુદું માનવું જોઇએ. વ્યાધિથી પીડા પામતા એવા બિમાર માણુસને ડૉકટર કે વૈદ્ય એમ કહે કે ભાઈ ? આ દવા કે ઔષધ લેવાથી તારૂં મન વિહ્વલ થઇ જશે ? ત્યારે તે કહે કે 'ભલે, મારું મન વિહ્વલ થઇ જાય. પણ મારા પ્રાણ બચાવો.'

આથી મન સિવાય પણ પ્રાણ નામની ભિન્ન વસ્તુ છે. વળી વ્યાધિથી અસહ્ય પીડા પામતો એવો બિમાર માણુસ બોલે 'ભલે, પ્રાણ જતા હોય તો જાય પણ આ અસહ્ય દુઃખ મારાથી સહન થઈ શકતું નથી.'

એ જણાવે છે કે-'મારા' એ શબ્દથી સંબોધાતી આત્મા-જીવ નામની જુદી વસ્તુ છે.

આમ લૌકિક અનુભવથી પણ આત્મા-જીવની સિદ્ધિ થઇ શકે છે.

## 卐 જીવ—વિષે દર્શનકારોની માન્યતા 卐

જગતમાં પ્રવર્તી રહેલા દર્શનો પોતપોતાની માન્યતા પ્રમાણે પણ આત્મા—જીવને સ્વીકારે છે. જુઓ-

(૧) **જૈનદર્શન**—જીવને નિત્યાનિત્ય માને છે.

(૨) **બૌદ્ધદર્શન**—જીવને ક્ષણિક માને છે.

(૩) **સાંખ્ય દર્શન**—જીવને કૂટસ્થ નિત્ય માને છે.
(૪) **વેદાંત દર્શન**—જીવને બ્રહ્મસ્વરુપ માને છે.
(૫) **વૈશેષિક દર્શન**—જીવને વ્યાપક માને છે.
(૬) **ન્યાય દર્શન**—જીવને વ્યાપક માને છે; અને અણુસ્વરૂપ પણ માને છે.
(૭) **મીમાંસક દર્શન**—જીવને નિત્યાનિત્ય માને છે.

## 卐 જીવ શબ્દની સિદ્ધિ 卐

પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ **શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વરજી મ૦** શ્રીએ 'શ્રીસિદ્ધહેમ' વ્યાકરણમાં આવતા ભ્વાદિગણમાં '**जीव (जीव्) प्राणधारणे** (To leave) પ્રાણને ધારણ કરનાર, એ પરસ્મૈપદના ધાતુ પરથી " **अच्** (૫-૧-૪૯)" એ સુત્રથી '**अच्**' કરેલ છે તેમાં **चकार** અનુબન્ધ હોવાથી તે ચાલ્યો જતાં બાકી રહેલ જે **अ** તે **जीव** ના **वकार** માં મળી જતાં '**जीव**' શબ્દ સિદ્ધ લ છે.

આ રીતે વ્યાકરણથી '**जीव**' શબ્દની સિદ્ધિ જણાવી. હવે તેનું લક્ષણ જણાવાય છે.

## 卐 જીવનું—લક્ષણ 卐

જીવનું લક્ષણ અનેક રીતે છે, જુઓ—

૧ '**चेतना लक्षणो जीवः**-' ચૈતન્ય જેનામાં હોય તે '**જીવ**' કહેવાય છે.

આ લક્ષણ નિશ્ચય નયને આશ્રીને છે.

(૨) '**उपयोगो लक्षणम्ः**' ઉપયોગ લક્ષણવાળો જે હોય તે '**જીવ**' છે.

( **तत्वार्थाधिगमसूत्रे द्वितीयाऽध्याये सूत्र-८** )

આ લક્ષણ પણ નિશ્ચય નયને આશ્રીને છે.

(૩) 'प्राणान् धारयतीति जीवः'
પ્રાણોને ધારણ કરે તે 'જીવ' કહેવાય છે.
આ લક્ષણ વ્યવહાર નયને આશ્રીને છે,
(૪) "यः कर्त्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता, सह्यात्मा नान्यलक्षणः॥"
[ शास्त्रवार्त्ता समुच्चयग्रन्थे श्लोक- ९० ]

જે વિવિધ કર્મનો કર્ત્તા હોય, તે તે કર્મના ફળનો ભોકતા હોય, તદનુસાર ચારેગતિમાં પરિભ્રમણ કરનાર હોય અને સાધન પામીને તે કર્મથી છૂટો થનાર હોય તેજ **આત્મા-જીવ** **આ**વે છે. આ સિવાય આત્માનું અન્ય લક્ષણ હોઇ શકતું નથી.

આ રીતે જીવનું લક્ષણ વિવિધ રીતે ઘટી શકે છે.

## 卐 જીવના પર્યાય વાચક શબ્દો 卐

જીવ કહો કે આત્મા કહો એ બન્ને પર્યાય વાચક શબ્દો છે. આજે પણ એ બન્ને શબ્દો સર્વત્ર વ્યાપક છે. વળી જંતુ, પ્રાણી અને સત્વાદિ એ પણ જીવનાજ પર્યાય વાચક શબ્દો છે, ચેતનશબ્દ પણ જીવને માટે વપરાતો પ્રસિદ્ધ છે.

## 卐 જીવના અનેક પ્રકાર 卐

જગતના જીવો બે અવસ્થામાં વહેંચાએલા છે. એક સિદ્ધ અવસ્થામાં અને બીજા સંસારી અવસ્થામાં.

સિદ્ધ અવસ્થાને આશ્રીને સિદ્ધ થયેલા જીવોના તીર્થસિદ્ધ વગેરે ૧૫ ભેદો છે, અને સંસારી અવસ્થાને આશ્રીને સંસારી જીવોના ૫૬૩ ભેદો છે.

'નવતત્ત્વ' ની ' **एगविह-दुविह-तिविहा,-चउविहा पंच—छव्विहा जीवा ।**

**चेयण-तन्न-इयरेहिं, वेय-गइ-करण-कायएहिं॥'**

ગાથામાં તથા લોકપ્રકાશ આદિ ગ્રંથોમાં સંસારી સર્વ જીવો એક વિધ દ્વિવિધાદિક ભેદ અનેક પ્રકારે વર્ણુવ્યા છે. જુઓ—

(૧) **સંસારી સર્વ જીવો**—સામાન્ય રીતે ચેતન-ઉપયોગ રૂપે **એક પ્રકારે છે.**

(૨) **સંસારી સર્વ જીવો**—ત્રસ અને સ્થાવર રુપે, **અથવા** સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિકરૂપે **બે પ્રકારે છે.**

(૩) **સંસારી સર્વ જીવો**—સ્ત્રી, પુરૂષ અને નપુંસકભેદે, અથવા વિરતિ, અવિરતિ અને દેશવિરતિ ભેદે, અથવા ભવ્ય, અભવ્ય અને જાતિ ભવ્ય ભેદે **ત્રણુ પ્રકારે છે.**

(૪) **સંસારી સર્વ જીવો :** નારક, દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિના ભેદે **ચાર પ્રકારે** છે.

(૫) **સંસારી સર્વ જીવો**-એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય ભેદે **પાંચ પ્રકારે** છે.

(૬) **સંસારી સર્વ જીવો**—પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય ભેદે **છ પ્રકારે છે.**

(૭) **સંસારી સર્વ જીવો**—કૃષ્ણુલેશ્યા, નીલલેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, ને શુકલલેશ્યાના પરિણુામ વાળા અને અયોગી કેવળી અલેશી એમ **સાત પ્રકારે છે**

(૮) **સંસારી સર્વ જીવો** -અંડજા, પોતજા, જરાયુજા, રસજા, સંસ્વેદજા, સંમૂચ્છિંમજા, ઉદ્ભેદજા અને ઉપપાતજા ભેદે **આઠ પ્રકારે છે.**

અથવા દેવ, નર તિર્યંચ અને નારક પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે **પણુ આઠ પ્રકારે છે.**

૯) **સંસારી સર્વ જીવો**—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય, ભેદે **નવ પ્રકારે છે.**

(૧૦) **સંસારી સર્વ જીવો**-પાંચ સ્થાવર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને સંજ્ઞી પંચેન્દ્રિય ભેદે **દશ પ્રકારે છે.**

(૧૧) **સંસારી સર્વ જીવો**—સૂક્ષ્મ ને બાદર એકેન્દ્રિય, ત્રિકલેન્દ્રિય, જલચર, સ્થલચર, ખેચર, મનુષ્ય, દેવ અને નારક ભેદે **અગિયાર પ્રકારે છે.**

(૧૨) **સંસારી સર્વ જીવો**—પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ એ ષટ્કાય પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે **બાર પ્રકારે છે.**

(૧૩) **સંસારી સર્વ જીવો**—સૂક્ષ્મનિગોદરૂપ એક અસાંવ્યવહારિક, પૃથ્વી-અપ્-તેઉ-વાઉ-સાધારણ વનસ્પતિ એ પાંચે સૂક્ષ્મ ને બાદર, પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ ભેદે **તેર પ્રકારે છે.**

(૧૪) **સંસારી સર્વ જીવો**—સૂક્ષ્મ ને બાદર એકેન્દ્રિય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી ને સંજ્ઞી, એ સાતે પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે **ચૌદ પ્રકારે છે.**

અથવા (૧) મિથ્યાદૃષ્ટિ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અવિરત સમ્યગદૃષ્ટિ (૫) દેશવિરત (૬) પ્રમત્તસંયત (૭) અપ્રમત્તસંયત (૮) નિવૃત્તિ બાદર સંપરાય (૯) અનિવૃત્તિ બાદર સંપરાય (૧૦) સૂક્ષ્મ સંપરાય (૧૧) ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ (૧૨) ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ (૧૩) સયોગી કેવળી અને (૧૪)

અયોગી કેવળી એમ ચૌદગુણસ્થાનક વર્તી જીવોએ કરીને **ચૌદ પ્રકારે** છે.

આ રીતે સિદ્ધાન્તાનુસારે જીવ ભેદો અનેક પ્રકારે છે.

## 卐 જીવ—આત્માના પ્રમાણભૂત શ્લોકો 卐

**(૧) " न जायते न म्रियते कदाचिन्नायं भूत्वा भवितेति।**
**नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥"**
**(आचाराङ्गसूत्रवृत्ति, पृ० २२५, श्लो० १ )**

'આ આત્મા કદાપિ ઉત્પન્ન થતો નથી અને તે મૃત્યુ પણ પામતો નથી. વળી આ આત્મા ઉત્પન્ન **થઈ** ને પછી **થશે** એમ પણ નથી.

**આ આત્માને** શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી આર્દ્ર-ભિનું કરી શકતું નથી અને વાયુ સુકાવી શકતો નથી.'

**(૨) "अच्छेद्योऽयमभेद्योऽयमविकारी स उच्यते।**
**नित्यः सततगः स्थाणुरचलोऽयं सनातनः॥"**
**(आचाराङ्गसूत्रवृत्ति, पृ० २२५, श्लो०२)**

'**આ આત્મા** અચ્છેદ્ય છે, અભેદ્ય છે, અને તે અવિકારી કહેવાય છે, તેમજ આ આત્મા નિત્ય, સતતગ (નિરંતર ગતિકરનાર) સ્થાણુ, અચલ અને સનાતન છે.'

**(૩) स्वयं कर्म करोत्यात्मा, स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे, स्वयं तस्माद् विमुच्यते॥"**

**(वृद्धचाणक्यनीति, अ० ६ श्लो० ९)**

'આત્મા પોતેજ કર્મ કરે છે, તે કર્મનું ફળ આત્મા પોતે જ ભોગવે છે, સંસારમાં પરિભ્રમણ આત્મા પોતે જ કરે છે, અને સંસારથી મુક્ત પણ આત્મા પોતેજ થાય છે.'

(૪) "शुभाऽशुभानि कर्माणि, स्वयं कुर्वन्ति देहिनः।
स्वयमेवोपभुज्यन्ते, दुःखानि च सुखानि च ॥"
(आध्यात्मिक रामायण, अरण्यकाण्ड अ० ९, લો० १४)

'દેહધારી આત્માઓ પોતેજ શુભ અને અશુભ કર્મો કરે છે, તેમજ તેના ફળરૂપ સુખ અને દુઃખ પણ પોતેજ ભોગવે છે.'

(૫) " स्वयमुत्पद्यते जन्तुः, स्वयमेव विवर्धते ।
सुखदुःखे तथा मृत्युं, स्वयमेवाधिगच्छति ॥"
(महाभारत, शान्तिपर्व, अ० २९५ શ્લો० १६)

'જીવ સ્વયં ઉત્પન્ન થાય છે. સ્વયં વૃદ્ધિ પામે છે, સ્વયં સુખને દુઃખ પામે છે, તથા સ્વયં મૃત્યુ પામે છે.'

(૬) "जले जीवाः स्थले जीवाः, जीवाः पर्वतमस्तके ।
ज्वालामाला कुले जीवाः, सर्वं जीवमयं जगत् ॥"
(अत्रिस्मृति, શ્લો० ३९)

'જળમાં જીવો છે, સ્થળમાં જીવો છે, પર્વતના શિખર પર જીવો છે, જવાળાના સમૂહથી સહિત એવા અગ્નિમાં જીવો છે. તથા આ સમસ્ત જગત જીવમયજ છે.'

(૭) "कामं क्रोधं लोभं मोहं, त्यक्त्वाऽत्मानं पश्य हि कोऽहम्
आत्मज्ञानविहीना मूढास्ते पच्यन्ते नरकनिगूढाः ॥"
(मोहमुद्गर, શ્લો० ७)

'કામ, ક્રોધ, લોભ અને મોહનો ત્યાગ કરી, આત્મા ને જ

જો કે હું કોણ છું ? આત્મજ્ઞાન રહિત એવા મૂઢ પુરૂષો નરકમાં પડીને પકાય છે, અર્થાત્ પીડા પામે છે."

(૮) " उद्धरेदात्मनाऽऽत्मानं, नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः॥ "
(भगवद्गीता, अ० ६, श्लो० ५)

'સ્વ આત્મા વડે સ્વ આત્માને ઉદ્ધરે, તેને પીડા થવા ન દે. કારણ કે આત્માજ આત્માનો બંધુ અને આત્મા જ આત્માનો શત્રુ છે.'

(૯) " यथा दीपो निवातस्थो निश्चलो वायुवर्जितः ।
प्रज्वलन्नाशयेत् सर्वमन्धकारं महामते? ॥ "
"तद्वद्दोषविहीनात्मा, भवत्येव निराश्रयः ।
निराशो निश्चलो वत्स!, न मित्रं न रिपुस्तदा ॥"
(पद्मपुराण, खण्ड २, अ० ८६ श्लो० ५९-६०)

'હે મહામતિ ? જેમ વાયુ વર્જીત સ્થાનમાં રહેલો, નિશ્ચળ, વાયુરહિત અને સળગાવેલો એવો દીવો સમસ્ત અંધકારનો નાશ કરે છે, તેમ હે વત્સ ? નિર્દોષ નિરાશ્રય અને આશા રહિત એવો આત્મા જયારે નિશ્ચળ થાય છે, ત્યારે તેનો કોઇ પણ મિત્ર કે શત્રુ રહેતો નથી.'

(૧૦) " ये निःस्पृहास्त्यक्तसमस्तरागा-
स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
संतोषपोषैकविलीनवाञ्छा—
स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥'

(हृदय प्रदीप, श्लो० २२)

'જેઓ નિઃસ્પૃહ છે, જેમણે સમસ્ત રાગનો ત્યાગ કર્યો છે, જેઓ તત્ત્વમાં એકનિષ્ઠ છે, જેઓનું અભિમાન ગળી ગયું છે, તથા જેમણે સંતોષની પુષ્ટિને લીધે સર્વ વાંછાને તિલાંજલી દીધી છે, એવા તે પુરૂષો આત્માનેજ રંજન કરે છે, પણ લોકને રંજન કરતા નથી.'

(૧૧) "आत्मानं सततं रक्षेज्ज्ञानध्यानतपोबलैः ।
प्रमादिनोऽस्य जीवस्य, शीलरत्नं विलुप्यते ॥"

( तत्त्वामृत, श्लो० १५)

'નિરંતર આત્માનું જ્ઞાન, ધ્યાન અને તપના બળ વડે રક્ષણ કરવું જોઇએ. નહીંતર પ્રમાદી થયેલ આ જીવનું શીલરૂપી રત્ન નાશ પામે છે.'

(૧૨) "नाहं नारको नाम, न तिर्यक् नापि मानुषः ।
न देवः किन्तु सिद्धात्मा, सर्वोऽयं कर्मविभ्रमः ॥"

'હું નારકી નથી, તિર્યંચ નથી, મનુષ્ય પણ નથી, તથા દેવ પણ નથી, કિન્તુ સિદ્ધ આત્મ સ્વરુપ છું. અને દૃશ્યમાન આ સર્વ તો કેવલ કર્મનોજ વિભ્રમ છે.'

(૧૩) "आत्मानो देहिनो भिन्नाः, कर्मपङ्कैःकलङ्किताः ।
अदेहः कर्मनिर्मुक्तः, परमात्मा न भिद्यते ॥"

(योगसार, प्रस्ताव १, श्लो० १६)

"કર્મરૂપી કાદવથી કલંકિત થયેલા દેહધારી એવા આત્માઓ પરમાત્માથી જુદા છે, અને દેહરહિત કર્મથી મુક્ત થયેલ આત્મા પરમાત્માથી જુદો નથી, અર્થાત્ પરમાત્મારૂપજ છે.'

(१४) "अथाष्टावात्मगुणा दया सर्वभूतेषु क्षान्तिरनसूया।
शौचमनायासो मङ्गलमकार्पण्यमस्पृहेति ॥ "
(गौतमस्मृति, अ० ८. श्लो० ४)

'સમસ્ત જીવો પર દયા, ક્ષમા, અસૂયા, પવિત્રતા, દુઃખશૂન્યતા, મંગલ, કૃષ્ણુતા રહિતતા અને નિસ્પૃહતા, એ આઠજ ગુણો આત્માના છે.'

(१५) "यो न साधयेत् धर्मं, कामक्रोधौ तदाश्रयौ।
महामोहविमूढेन, तेनात्मा वञ्चितो ध्रुवम् ॥ "
(इतिहाससमुच्चय, अ० १८ श्लो० ३५)

'જે ધર્મને સાધતો નથી, અને કામને ક્રોધના આશ્રયરૂપ છે, તે મહામોહથી વિમૂઢ થયેલા એવા જીવે પોતાના આત્માને નિશ્ચય પૂર્વક ઠગ્યો છે એમ સમજવુ."

(१६) "स्वहितं तु भवेज्ज्ञानं चारित्रं दर्शनं तथा।
तपः संरक्षणं चैव, सर्वविद्भिस्तदुच्यते ॥"
[तत्वामृत श्लो० १५९]

'જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણુ એજ આત્મ-હિત છે એમ સર્વજ્ઞોએ જણુાવેલું છે.'

(१७) "संसारिणश्चतुर्भेदाः, श्वभ्र-तिर्यग्-नरा-ऽमराः।
प्रायेण दुःखबहुलाः, कर्मसम्बन्धबाधिताः ॥"
(योगशास्त्रटीका, प्रकाश ४, श्लो० ६७)

"સંસારી જીવો નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારે છે. તે કર્મના સમ્બન્ધથી પીડાયેલા અને પ્રાયઃ અનેક દુઃખવાળા છે.'

(૧૮) "प्राणा द्वित्रिचतुः प्रोक्ता, भूतानि तरवः स्मृताः।
जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः, शेषाःसत्त्वा उदीरिताः॥"
(आचाराङ्गसूत्र, अ० १, उ. ६, पृ. ७२)

'બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય જીવોને **પ્રાણી** કહ્યા છે, વૃક્ષોને—વનસ્પતિકાયને **ભૂત** કહ્યા છે, પંચેન્દ્રિયોને **જીવ** કહ્યાં છે, અને વનસ્પતિ સિવાય શેષ એકેન્દ્રિયોને **સત્વ** કહ્યા છે.'

આ સિવાય પણ જીવ-આત્માના પ્રમાણભૂત અનેક શ્લોકો મળી શકે છે, પણ સ્થળ સંકોચને લઇને માત્ર ઉપરોક્ત શ્લોકોનો જ નિર્દેશ કરેલ છે.

## 卐 પ્રસ્તુત જીવતત્ત્વ વિચાર 卐

**'જીવતત્ત્વ વિચાર'** એ નામની આ પુસ્તિકાના લેખક મહાશય **શાહ ચીમનલાલ દલસુખભાઈ ખંભાતવાળા** ધર્મશ્રદ્ધાવંત તત્ત્વરસિક વિદ્વાન્ છે. પૂર્વે પણ તેઓથી સંકલિત **'તત્ત્વાર્થાધિગમસૂત્રપદ્યાનુવાદ વિવેચન'** અને **"કર્મ વિચાર"** એ બે પુસ્તિકાઓ પ્રકાશિત થયેલ છે.

પ્રસ્તુત પુસ્તિકામાં તેમને આત્મા-જીવના બાધક અને સાધક હેતુઓ સંક્ષેપથી સુંદર રીતે વર્ણવ્યા છે.

જીવને બાધક અર્થાત્ અધઃપતન કરાવનાર પ્રતિકૂળ હેતુઓ નીચે પ્રમાણે છે—

(૧) અનાદિકાલીન મિથ્યાત્વ (૨) સંજ્ઞા-વાસના-ઇચ્છા (૩) અવિરતિ (૪) વિષયલોલુપતા (૫) કષાય અને નોકષાય (૬) યોગ (૭) અઢાર પાપસ્થાનક (૮) લેશ્યા (૯) અંતરાલગતિ (૧૦) જન્મ (૧૧) પર્યાપ્તિ (૧૨) શરીર (૧૩) ઇન્દ્રિય (૧૪) સંહનન (૧૫) સંસ્થાન અને (૧૬) સ્થિતિ આદિ.

જીવને સાધક અર્થાત્ વિકાસ પંથે લઈ જનાર અનુકુળ હેતુ-ઓ નીચે પ્રમાણે છે.

(૧) જીવનો વિકાસ પ્રથમ ગુણુ સ્થાનકે સુકૃતબંધથી પ્રારંભ (૨) માર્ગાનુસારીના ૩૫ ગુણુ (૩) જયણારૂપ ઉપયોગ (૪) દાન, શીલ, તપ, ભાવરૂપ સામાન્ય ધર્મ (૫) સમ્યગ્દર્શન (૬) સમ્યગ્જ્ઞાન (૭) અવિરત સમ્યગ્દષ્ટિ (૮) ફળની ઇચ્છા રાખ્યા વિના સ્વેચ્છાએ સ્વીકારાતા અને આચરણમાં ઉતારાતા વ્રત—નિયમ આદિ (૯) સમ્યક્ ચારિત્ર (૧૦) બારવ્રત (૧૧) સર્વવિરતિ (૧૧) અપ્રમત્ત (૧૩) સૂક્ષ્મ સંપરાય (૧૪) ક્ષીણુમોહ (૧૫) સયોગી (૧૬) અયોગી (૧૭) સર્વકર્મક્ષય અને મોક્ષ.

## ઉપસંહાર

ઉપરોકત ઉપોદ્ઘાતમાં જણાવેલ આત્મા–જીવની સિદ્ધિ અનેક રીતે સિદ્ધ કરવામાં આવી છે. એજ આત્મા–જીવનો તત્ત્વ-વિચાર આળેખાએલ આ પુસ્તિકામાં મનનપૂર્વક વાંચી, વિચારી વાંચકવર્ગ જીવહિંસાદિ જન્ય કર્મ બંધનથી મુકત થાય અને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ ક્રિયા દ્વારા આત્માની સાચી આઝાદી પ્રાપ્ત કરવા પૂર્વક મુકિતના પુનિત પંથે પ્રયાણ કરે એમ ઇચ્છતો સદ્ભાવના પૂર્વક વિરમું છું.

વીરસં, ૨૪૮૮, વિક્રમ સં. ૨૦૧૮
ના માગશુર શુદિ ૧૧ ને સોમવાર
(મૌન એકાદશી, તા. ૧૮–૧૨–૬૧)
સ્થળ–
માંડવીની પોળમાં નાગજીભૂદરની પોળ, શેઠ રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય રાજનગર
અમદાવાદ—ગુજરાત.

લેખકઃ–
શાસનસમ્રાટ્ આ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦શ્રીના પટ્ટાલંકાર આ૦શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦શ્રીના પટ્ટધર મહોપાધ્યાય શ્રી દક્ષવિજયજી મ૦શ્રીના પટ્ટધર પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી ગણિવર્ય.

॥ शुभं भवतु ॥

परमपूज्य आचार्यदेव

# श्री विजयकुमुदसूरिजी महाराज



**જન્મ : ૧૯૩૭ ફાગણ સુદ ૬ ખડસલીયા**

**દીક્ષા : ૧૯૫૮ કાર્તિક વદ ૩ અમદાવાદ.**

પંન્યાસપદ : ૧૯૭૮ વૈશાખ સુદ ૩ **પાલિતાણા.**

ઉપાધ્યાયપદ : ૧૯૯૧ ચૈત્ર વદ ૫ કદંબગિરિ.

આચાર્યપદ : ૧૯૯૨ વૈશાખ સુદ ૪ પાલિતાણા

સ્વર્ગવાસ : ૨૦૧૨ પોષ વદ ૪ લીંચ

# સ્વ. દોશી પુનમચંદ લલ્લુભાઈ



જેઓનું કુટુંબ કપડવણજમાં જીવણલાલ સુંદરલાલને નામે ઘણું જાણીતું છે.
તેઓએ જીંદગીભર જનસેવા અને નાત જાતના ભેદભાવ વિનાની
ભાવનાથી ઘણાઓને સંતોષ્યા છે. કપડવણજમાં પ્રેમાળ
કુટુંબ તરીકે તેઓ ઘણા જાણીતા છે.

**૨૫૦ પૂજ્ય પિતાશ્રીઃ**

આપે મને અસાધારણ પ્રેમથી ઉછેર્યો. મ્હારી નાની ઉમરમાં જનનીનું અવસાન થવા છતાં તેની ખોટ મને બીલકૂલ જણાવા દીધી નથી. જમાનાને અનુકુળ ઉચ્ચ કેળવણી પણ સારી આપી. કોઈક કર્મના ઉદયે વહેમમાં પડી જવાથી મારી પાસેથી સ્વાભાવિક આશા રાખેલી કાટુંબિક આર્થિક સેવાઓ જીવનનાં કેટલાએ વરસો સુધી હું કરી શકેલો નહિ; છતાં આપે મને કોઇ દિવસ અપ્રિય શબ્દો પણ કહ્યા નથી. ધંધામાં કાંઇક સ્થિર થયા બાદ ભાઇઓ ભાગની વહેચણીમાં નાના બંધુના આગ્રહથી આપે પોતાના માટે મીલ્કતમાંથી સરખો હિસ્સો માગ્યો, જે મુજબ કરવા મેં ના પાડી. આ મતભેદો ગંભીર રૂપ લેવા સાથે વરસો સુધી લંબાયા; દરમિયાન નાના બંધુનું કેન્સરના વ્યાધિથી અવસાન થયું; જો કે પછીથી મીલ્કતની વહેંચણીની સમજુતિ થઇ; તો પણ તુટેલો સ્નેહનો તાર પાછો નાજ સંધાયો ને થોડાક વર્ષ બાદ આપશ્રીનું પણ અવસાન થયું.

કેવળ થોડાક પૌદ્ગલિક લાભ ખાતર નાના બંધુને તેમજ આપશ્રીને જીવનના પાછલા વરસોમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં સંડોવાવું પડે તેવા સંજોગોમાં મેં મુકવા માટે મ્હને અપરંપાર પશ્ચાતાપ થાય છે.

આપની તથા નાનાબંધુની ક્ષમાપના તથા મ્હારા દોષોના કિંચિત્ પ્રાયશ્ચિતરૂપ આ તત્ત્વજ્ઞાનનું લઘુપુસ્તક આપના ફોટાસાથે સંપાદિત કરાવી આપને ક્ષમાવું છું. પુણ્યસ્વરૂપ ઉભય આત્માઓ અવિરત ઉર્ધ્વગામી થાઓ એજ આ દોષિત આત્માની અંતરથી સદા પ્રાર્થના.

| | |
|---|---|
| કપડવંજ | ક્ષમાપનાર્થી પુત્ર |
| | **સોમાભાઈના** |
| તા. ૧૧—૧—૧૯૬૧ | **વંદન** |

# વિષયાનુક્રમ


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રસ્તાવના | ૩ ઉપોદ્ઘાત | ૧૩ |
| શુદ્ધિપત્રક | | ૫૦ |
| સાત તત્ત્વ | | ૧ |
| જીવનું લક્ષણ | | ૭ |
| દ્રવ્ય અને ભાવ પ્રાણ | | ૮ |
| જીવના પ્રકાર | | ૯ |
| સિદ્ધ જીવ | | ૯ |
| સંસારી જીવ | | ૧૩ |
| સ્થાવર અથવા એકેન્દ્રિય જીવ | | ૧૪ |
| ત્રસજીવ ( વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય ) | | ૨૧ |
| સંજ્ઞી અને અસંજ્ઞીજીવ (તિર્યંચ અને મનુષ્ય) | | ૨૪,૨૫ |
| મધ્યલોક | | ૨૬ |
| અઢીદ્વીપ અથવા મનુષ્યક્ષેત્ર | | ૨૭ |
| કર્મભૂમિ અને અકર્મભૂમિ | | ૨૯,૩૦ |
| દેવ (કલ્પોપન્ન અને કલ્પાતીત) | | ૩૭ |
| ત્રણ લોક (ઉર્ધ્વ, અધો અને મધ્ય) | | ૪૪ |
| નારકભૂમિ અને નારક જીવ | | ૪૪ |
| અંતરાલ ગતિ ( અવિગ્રહ અને વિગ્રહ ) | | ૪૮ |
| યોનિ | | ૫૩ |
| જન્મ | | ૫૪ |
| પર્યાપ્તિ | | ૫૬ |
| શરીર | | ૫૮ |
| ઇન્દ્રિય (દ્રવ્ય અને ભાવ) | | ૬૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સંજ્ઞા | ૬૩ |
| જીવનાં દેહમાન | ૬૧,૬૪ |
| સ્થિતિ (આયુષ્ય અને સ્વકાય) | ૬૬ |
| જીવનાં આયુષ્ય અને સ્વકાય સ્થિતિ | ૬૯,૭૪ |
| સંહનન અને સંસ્થાન | ૭૫,૭૬ |
| જીવનાં સ્થાન | ૭૭ |
| સમુદ્ઘાત | ૮૦ |
| અઢાર પાપસ્થાનક | ૮૪ |
| લેશ્યા | ૮૬ |
| કષાય અને નોકષાય | ૮૮ થી ૯૦ |
| ઉપયોગ (સાકાર અને નિરાકાર) | ૯૨ |
| સમ્યગ્દર્શન | ૧૦૨ |
| ચારિત્ર અને પંચાચાર | ૧૦૫ થી ૧૦૭ |
| ભાવ | ૧૧૦ |
| ગુણસ્થાનઃ | ૧૧૩ થી ૧૭૭ |
| (૧) મિથ્યાત્વ | ૧૧૩ |
| (૨) સાસ્વાદન | ૧૧૬ |
| (૩) મિશ્ર (સમ્યક્ત્વમિથ્યાત્વ) | ૧૧૭ |
| (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ( સામાન્ય ધર્મ ) | ૧૧૯ |
| (૫) દેશવિરત સમ્યગ્દૃષ્ટિ | ૧૩૧ |
| શ્રાવકના બારવ્રત | ૧૩૨ |
| આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન | ૧૪૦ |
| (૬) સર્વવિરત અથવા પ્રમત્તસંયત | ૧૪૧ |
| પાંચ મહાવ્રત અને ત્રણ શલ્ય | ૧૪૨ થી ૧૪૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્મધ્યાન અને પાંચ પ્રમાદ | ૧૪૫ |
| (૭) અપ્રમતસંયત | ૧૪૬ |
| (૮) અપૂર્વકરણ | ૧૪૮ |
| ઉપશમ અથવા ક્ષપક શ્રેણિ; સપૃથક્ત્વ-સવિતર્કસવિચાર એ પહેલું શુક્લધ્યાન | ૧૪૯ |
| (૯) અનિવૃત્તિબાદર | ૧૫૦ |
| બાદર કષાયને સૂક્ષ્મ કરવા અને સૂક્ષ્મ લોભનું કિટ્ટીકરણ | ૧૫૧ |
| (૧૦) સૂક્ષ્મસંપરાય | ૧૫૪ |
| પૂર્વ અને અપૂર્વ રસસ્પર્દ્ધકો | |
| (૧૧) ઉપશાંતમોહ | ૧૫૬ |
| છદ્મસ્થવીતરાગત્વ | ૧૫૬ |
| (૧૨) ક્ષીણમોહ | ૧૫૮ |
| અપૃથક્ત્વસવિતર્ક અવિચાર એ બીજું શુક્લધ્યાન; | ૧૫૮ |
| ચાર ઘાતી કર્મનો ક્ષય | ૧૫૮ |
| ઉપશમ અને ક્ષપક શ્રેણિની તુલના | ૧૬૦ |
| (૧૩) સયોગી કેવલી | ૧૬૫ |
| તીર્થંકર અને સામાન્ય કેવલી; તીર્થંકરની વિશેષતા | ૧૬૭ |
| સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ એ ત્રીજું શુક્લધ્યાન | ૧૬૯ |
| બાદર યોગને સૂક્ષ્મ બનાવી સૂક્ષ્મ મન અને | ૧૬૯ |
| સૂક્ષ્મ વચન યોગ એ એનો નિરોધ. | ૧૬૯ |
| (૧૪) અયોગી કેવલી | ૧૭૦ |
| સમુચ્છિન્નવ્યુપરત ક્રિયાઅનિવૃત્તિ એ ચોથું શુક્લધ્યાન, સૂક્ષ્મકાયયોગનો નિરોધ. | ૧૭૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સિદ્ધગતિ | ૧૭૦ |
| ઉપસંહારઃ | ૧૭૪ |
| ચાર વસ્તુની દુર્લભતા, ચાર પુરૂષાર્થ; | ૧૭૪ |
| ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને કર્મબંધનું પહેલું કારણ મિથ્યાત્વનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન | ૧૭૫ |
| બારમા ક્ષીણમોહ ગુણસ્થાને મોહનીયનો ક્ષય થતાં અવિરતિ, પ્રમાદ અને કષાય એ ત્રણ કર્મબંધનાં કારણનો ક્ષય | ૧૭૭ |
| ચૌદમા અયોગીકેવલી ગુણસ્થાને અયોગી બનતાં કર્મબંધના છેલ્લા કારણ યોગનો ક્ષય | ૧૭૮ |


## પરિશિષ્ટ


| | |
|---|---|
| (૧) વિશ્વદર્શન યા ચૌદ રાજલોક | ૧૮૧ |
| (૨) જંબુદ્વીપ | ૧૮૨ |
| (૩) અઢીદ્વીપ | ૧૮૩ |
| (૪) જીવવિચાર પ્રકરણ ( મૂળ અને પદ્ય ) | ૧૮૫ |
| (૫) જીવના ૫૬૩ ભેદ | ૨૧૫ |

# શુદ્ધિપત્રક

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૮ | તિર્થંકર | તીર્થંકર |
| | ૧૧ | બોધ | બોધ |
| | ૧૫ | જીનપ્રણીતજ | જિનપ્રણિત જ |
| ૨ | ૧૬ | આપ્રાદેશિક | અપ્રાદેશિક |
| | ૧૮ | પુગ્દલ | પુદ્ગલ |
| ૩ | ૬ | ગતિ કરતાં | ગતિ કરતી વખતે |
| | ૭ | સ્થિતિ કરતાં | સ્થિતિ કરતી વખતે |
| | ૧૫ | સ્કંધિમિશ્ર | સ્કંધસંબધ્ધ |
| ૩–૪–૫ | | પુગ્દલ | પુદ્ગલ વાંચો |
| ૪ | ૧ | તેમાં | સ્કંધમાં |
| | ૫ | સ્કંધમાં | બાદર સ્કંધમાં |
| | ૫ | એ દરેકની | એની |
| | ૧૦ | નિઃશ્વાસ | નિઃશ્વાસ આદિ |
| | ૧૨ | પરિણામો | પુદ્ગલના પરિણામ અને કાર્યો |
| | ૧૩ | અલોકાકાશ | લોકાકાશ |
| | ૧૪ | અલોકોકાશ | અલોકાકાશ |
| | | સમસ્ત | સમસ્ત (લોક અને અલોક) |
| | ૨૧ | અ. ૫ સૂ. | અ. ૫ સૂ. ૯ |
| ૫ | ૧ | જીવમાં પ્રવેશ પામેલા | — |
| | ૩ | જીવનીકલ્યાણપ્રદ વિકાસ પામતી અર્થાત્ | — |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૪ | .૨—— | ,જે જીવના કલ્યાણપ્રદ વિકાસનું સાધન છે. |
| | ૨૫ | અ. ૧૦ | અ. ૮ |
| ૧૪ | ૧૫ | બાદર સ્થાવર | સ્થાવર |
| ૧૮ | ૯ | બાદર વનસ્પતિકાય | બાદર સાધારણ વનસ્પતિકાય |
| ૧૭,૧૮,૧૯ ૨૨,૨૩,૨૪,૨૫,૨૬,૬૬,૭૪ | ફુટનોટ | જીવ વિચાર | જીવવિચાર |
| ૨૪ | ૨૦ | બે | ચાર |
| ૨૫ | ૧૪ | સમુદ્ગ્ | સમુદ્ગ |
| ૨૫,૨૬,૩૬,૩૭ ૪૬,૭૦,૭૧ | ફુટનોટ | તત્વાર્થાધિગમ | તત્ત્વાર્થાધિગમ |
| ૩૦ | ૧૩ | થતા | હોતા |
| ૩૫ | ૨૪ | સમ્યગ્રદષ્ટિં | સમ્યગ્દૃષ્ટિ |
| ૩૮ | ૧૨ | નીત | તીત |
| ૪૧ | ૮ | ઉરાંત સ્થિજયો૦ | ઉપરાંત સ્થિર જયો૦ |
| | ૨૦ | ક્રમશઃ | ક્રમશઃ અધિક |
| ૫૧ | ૧૭ | અંતરારગનિ | અંતરાલગતિ |
| | ૨૩ | છે. | છે.[૩] |
| ૫૪ | ૧૩ | પંચેન્દિય | પંચેન્દ્રિય |
| ૫૮ | ૨૦ | વૌક્રય | વૈક્રિય |
| ૬૧ | ૨૦ | ઇન્દ્રય | ઈન્દ્ર |
| | ૨૪,૨૫ | નિવૃત્તિ | નિર્વૃત્તિ |
| ૬૨ | ૧,૨ | ,, | ,, |
| | ૨૧ | શ્રુતિજ્ઞાન | શ્રુતજ્ઞાન |

| પૃષ્ટ | પંક્તિ | અશુધ | શુધ |
|---|---|---|---|
| ૬૩ | ૧૯ | ક્રોધમોહનીય | ક્રોધમોહનીય |
| ૬૭ | ૧૩ | છેવટના તે | છેવટના |
| | ૧૫ | અનપવત્તનીય | અનપવર્ત્તનીય |
| ૭૦ | ૮ | ૭,૦૫,૬૦,૦૦,૦૦, ૭૮,૦૦,૦૦ | ૭,૦૫,૬૦,૦૦,૦૦, ૦૦,૦૦,૦૦ |
| ૭૧ | ૫ | અયુ | આયુ |
| ૭૩ | ૧૭ | સૂ૦૬ | સૂ૦ ૪૩,૪૪ |
| ૭૯ | ૯ | ત્રસવાડીમાં | ત્રસનાડીમાં |
| ૮૦ | ૬ | ત્રસવાડી | ત્રસનાડી |
| ૮૦,૮૨ | | તૈજસ | તૈજસ્-વાંચો |
| ૮૩ | ૭ | પર્વનના | પર્વતના |
| | ૨૩ | પ્રત્યેય | પ્રત્યેક |
| | ૨૫ | સમુદ્ધાત | સમુદ્ઘાત |
| ૮૪ | ૫ | ,, | ,, |
| ૮૬ | ૨ | સજ્ઞાન મિથ્યાત્વ | સજ્ઞાન જીવનું મિથ્યાત્વ |
| ૮૮ | ૧૩ | સૂક્ષ્મ– | સૂક્ષ્મ સૂક્ષ્મતર |
| ૯૦ | ૬ | પારકાની | પારકા |
| | ૮,૧૧ | અનિવૃત્તિબાદર | અનિર્વૃત્તિબાદર |
| ૯૨ | ૫ | અનિવૃત્તિબાદર | અનિર્વૃત્તિબાદર |
| | ૫ | નોકષાયને | નોકષાયનો |
| | ફુટનોટ મૂકો | — | ૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૨ સૂ૦૮ ૨ ,, સૂ૦૯ |
| ૯૩ | ૩ | ૨ | ૧ |
| | ૧૪ | ૨ | ૨ |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૧૬ | ૩ | ૨ |
| | ૨૦ | ૪ | ૩ |
| | ૨૩ | — | લીટી ૨૯ કરો. |
| | ૨૪,૨૫,૨૬, | ૨,૩,૪, | ૧,૨,૩ |
| ૯૫ | ૫ | અવય | અવાય |
| ૯૬ | ૧૭ | ક્ષયોપરામ | ક્ષયોપશમ |
| | ૨૧ | ૧ | ૨ |
| | ૨૬ | -- | ૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ૦૨૭ |
| ૯૭ | ૫ | ક્ષયોપરામ | ક્ષયોપશમ |
| | ૨૪ | -- | લીટી ૨૯ કરો. |
| | ૨૫ | ૨ | ૧ |
| | ૨૬ | -- | ૨, ,, અ૦૧ સૂ૦૨૭ |
| ૯૮ | ૪ | જન | જૈન |
| | ૧૯ | હીયમાન | હીનમાન |
| ૧૦૦ | ૩ | સામાન્થતઃ | સામાન્યતઃ |
| ૧૦૧ | ૧૦ | ક્ષાયયિકભાવજન્ય | ક્ષાયિકભાવજન્ય |
| | ૧૮ | ક્ષાયીકભાવે | ક્ષાયિકભાવે |
| ૧૦૨ | ૪ | સમાનાર્યક | સમાનાર્થક |
| ૧૦૨,૧૦૩,૧૦૪,૧૦૫ | | સમ્યગદર્શન | સમ્યગ્દર્શન વાંચો |
| ૧૦૫ | ૧૪ | યાવત્કચિત | યાવત્કથિત |
| ૧૦૬ | ૧૬ | ચોથા યા નવમા | ચોથાથી નવમા |
| | ૨૨ | ચારત્રિનો | ચારિત્રનો |
| ૧૦૭ | ૪ | છમસ્થવીતરાગ | છદ્મસ્થવીતરાગ |
| | ૬ | સર્વપ્રક્રિતનો | સર્વ પ્રકૃતિનો |
| | ૧૫ | પચાચાર | પંચાચાર |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૨૧ | કાલચાાર | કાલાચાર |
| | ૩૨ | કાલિતકત | કાલિક શ્રુત |
| ૧૦૮ | ૨ | આન-હ્નવ | અનિન્હવ |
| | ૬ | અવારવવા | અવધારવા |
| ૧૧૦ | ૨૦ | સમ્યગદર્શન | સમ્યગ્દર્શન |
| ૧૧૩ | ૧૪ | મિથ્યત્વ | મિથ્યાત્વ |
| | ૧૫ | સાયગ્મિથ્યાદૃષ્ટિ | સમ્યગ્મિથ્યાદૃષ્ટિ |
| ૧૧૪ | ૧૩ | અને કહું | કહું અને |
| ૧૧૯ | ૪ | સમ્યગદૃષ્ટિ | સમ્યગ્દૃષ્ટિ |
| | ૯ | છે. | છે.૩ |
| | ૧૪ | ૩ | ૪ |
| ૧૨૦ | ૨૪ | આચિત્ય | ઔચિત્ય |
| ૧૨૫ થી ૧૨૯ | | સમ્યગદર્શન | સમ્યગ્દર્શન વાંચો |
| ૧૩૬ | ૧૨ | દિગપરિમાણ | દિગ્વિરમણ |
| | | ભોગોપભોગ પરિમાણ | ભોગૌપભોગ વિરમણ |
| ૧૪૩ | ૨ | વાયિક | વાચિક |
| | ૮ | બોલવના | બોલવાના |
| ૧૫૩ | ૧૩ | પ્રકતિનો | પ્રકૃતિનો |
| | ૧૫ | પ્રકૃાતનો | પ્રકૃતિની |
| ૧૫૮ | ૨ | ક્ષપક | ક્ષપકે/ |
| ૧૬૦ | ૨૦ | અ | એ |
| ૧૬૨ | ૧૭ | ખંડશ્રેણિ એ | ખંડશ્રેણિએ |
| | | ઉપમશ્રેણિ | ઉપશમશ્રેણિ |
| | ૧૫ | ણુસ્થાને | ગુણુસ્થાને |
| | ૫ | અ | એ |
| ૧૬૪ | ૧૧ | સમ્યગ્દૃષ્ટિ | સમ્યગ્દૃષ્ટિ |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૧૬૮ | ૧૦ | ભ્રામંડલ | ભામંડલ |
| ૧૭૨ | ૨૨ | સત્તડ | સત્તા |
| ૧૭૫ | ૨૧ | સગમ્યદૃષ્ટિ | સમ્યગ્દૃષ્ટિ |
| ૧૭૬ | ૧૯ | સૂક્ષ્મભંપરાય | સૂક્ષ્મસંપરાય |
| | | સંયિત | સંચિત |
| ૧૭૭ | ૨ | ભંપરાય | સંપરાય |
| | ૪ | સનુભવ | અનુભવ |
| | ૫ | ચારિત્રસોહના | ચારિત્રમોહના |
| ૧૭૮ | ૧૨ | જ્યોર્તિથય | જ્યોતિર્મય |
| ૧૮૯ | ૧૯ | શત્ર | શત્રુ |
| ૧૯૦ | ૫ | जेसिमंताण | जेसिमंताणं |
| ૧૯૩ | ૩ | कट्ठा | कट्ठा |
| ૧૯૪ | ૨ | सख | संख |
| | | गडुल | गंडुल |
| ૧૯૫ | ૨ | उद्दहिया | उद्दहिया |
| | ૧૪ | ૧૨ | ૨ |
| ૧૯૭ | ૨ | ऽतिरिक्खा | तिरिक्खा |
| | ૨ | खेयरा | खयरा |
| | ૩ | बोहिं | वाहिं |
| ૧૯૯ | ૨ | खेयरा | खथरा |
| | ૪ | अट्ठविहा | अट्ठविहा |
| | ૧૭ | | એમ ૧૫ છે. |
| ૨૦૧ | ૩ | सहस्समहिय | सहस्समहियं |
| | ૧૭ | अजीण-तीत्थ-तीत्था | अजिण तित्थ-तित्था |
| | ૧૩ | अद्धधुणा | अद्धद्धुणा |
| | ૧૫ | षुहुत्तं | पुहुत्तं |
| | ૧૫ | पक्खिसु, भुज | पक्खिसु भुअ |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૨૦૪ | ૧૧ | गाउआहि | गोउआहिं |
| | १४ | परिंहाणी | परिहाणी |
| ૨૦૫ | ६ | तेउनिं | तेउ-ति |
| ૨૦६ | ७ | उक्कासा | उक्कोसा |
| | ८ | पलिंओवमा | पलिओवमा |
| २०७ | ३ | पक्खींणं | पक्खीणं |
| | ३ | असख | असंख |
| | ७ | ગભજ | ગર્ભજ |
| | १२ | ओगाहणाउ | ओगाहणाउ |
| | १५ | अणतकीया | अणंतकाया |
| २०८ | ६ | ચંક્ષેમથી | સંક્ષેપથી |
| | ९ | पाणिंदि | पणिंदि |
| | १२ | पगिंदिएसु | पगिंदिएसु |
| | | अद्रश्न | अट्टव |
| २१० | ५ | चउणह | चउणउ |
| | | ह्यो | दो |
| | | सत्तेसत्ते | सत्त सत्ते |
| | ७ | विंगलिंदियेसु | विगलिंदियेसु |
| २१२ | ६ | संपिडिआ | स पिंडिआ |
| | ७ | सिद्धाण: | सिद्धाणं |
| | ८ | तेसिं, | तेसिं |
| २१३ | ३ | ममिंहिंति | भमिहिंति |
| | ४ | संपइसंपत्तै | संपइ संपत्ते |
| | | सम्मतें | सम्मत्त |
| | ५ | स्रारि-सठे | सूरिसिट्ठे |
| | | उजम | उज्जमं |
| | १८ | ગણરોએ | ગણધરોએ |
| २१४ | ३ | शंखित्ता | संखित्ता |
| | | सय-सभुद्दाओ | सयसमुद्दाओ |
| २१५ | ४ | पृथवी | पृथ्वी |

॥ श्री परमात्मने नमः ॥

# જીવ તત્ત્વ વિચાર

## સાત તત્ત્વ

૧ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.[૧]

તત્ત્વ શબ્દથી વસ્તુ સમજવાની નથી; પરંતુ જીવને આધ્યાત્મિક વિકાસ સમજવા માટે તત્ત્વ એ એક શબ્દપ્રયોગ છે. દરેક તિર્થંકર ભગવંત ઉપરોક્ત તત્ત્વની અર્થ રૂપે પ્રરૂપણા તીર્થ સ્થાપતી વખતે કરે છે અને તેમના સાક્ષાત્ ગણધરો તેને ઝીલી સૂત્રરૂપે આગમગ્રન્થોમાં ગૂંથે છે. સામાન્ય કેવળી માત્ર ધર્મની પ્રરૂપણા કરે છે અને તેમ કરતાં તત્ત્વનો બોધ પણ આપે છે.

પુણ્ય અને પાપ એ બે તત્ત્વ ગણતાં તત્ત્વ નવ છે; પરંતુ ઉપરોકત સાત તત્ત્વમાંના આશ્રવ તત્ત્વમાં એ બેનો સમાવેશ થઇ જાય છે.

તત્ત્વ શાશ્વત છે અને તે જીનપ્રણીતજ હોય છે; તેથી તેમાં વધારો કે ઘટાડો કોઇ કરી શકતું નથી; માત્ર ભવ્ય પ્રાણીના હિતને ધ્યાનમાં રાખી વિશેષ સમજ માટે તેનું જુદી જુદી રીતે પ્રતિપાદન કરી શકાય છે.

અનાદિ એવા આ વિશ્વમાં જીવ અને અજીવ એ બે તત્ત્વ તો જીવના પ્રત્યક્ષ અનુભવનો વિષય છે. પ્રાણ ધારણ કરનાર અને ઉપયોગ લક્ષણવાળો એવો જીવ છે;[૨] જ્યારે પ્રાણહીન અને ઉપયોગ-

---

૧ જુઓ તત્ત્વાધિગમ સૂત્ર અ. ૧ સૂ. ૪

૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૮

લક્ષણરહિત એવું જડતત્ત્વ એવો અજીવ છે. આ પુસ્તિકામાં જીવ તત્ત્વનો કાંઇક વિસ્તારથી વિચાર કરવાનો હોવાથી અજીવ તત્ત્વનો સંક્ષેપમાં વિચાર કરી લઇએ.

અજીવ તત્ત્વમાં ચાર દ્રવ્ય (પદાર્થ) છે. ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય અને ૪. પુદ્ગલ,[1] કેટલાક આચાર્ય કાલને અજીવ દ્રવ્ય ગણે છે;[2] જ્યારે પ્રજ્ઞાપનાસૂત્રમાં કાલ સહિત પાંચ અજીવ દ્રવ્ય સીધાં કહ્યાં છે.

અજીવ દ્રવ્યમાંનું એક પુદ્ગલ દ્રવ્ય રૂપી છે;[3] જ્યારે બાકીનાં ચારેય અજીવ દ્રવ્ય અને પાંચમું જીવ દ્રવ્ય અરૂપી છે.[4]

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યો પ્રદેશોના સમૂહરૂપ હોવાથી કાય ગણાય છે અને એ ત્રણે દ્રવ્યો વ્યક્તિરૂપે એક એક અને પૃથક પૃથક છે. આ દરેક દ્રવ્યની સ્થિતિ અનાદિ અનંત હોવા છતાં પરિણમનશીલ છે.[5]

પુદ્ગલ અને જીવ એ દરેક દ્રવ્ય વ્યક્તિરૂપે અનંત છે; એ દરેકની સ્થિતિ પણ અનાદિ અનંત હોવા છતાં પરિણમનશીલ છે.[6]

પુદ્ગલના બે પ્રકાર છે; ૧. પરમાણુ કે જે સ્વતંત્ર અને અપ્રાદેશિક અણુરૂપ છે;[7] અને ૨ સ્કંધ કે જે પ્રાદેશિક અણુઓના સમૂહરૂપ છે.[8] વ્યક્તિરૂપે પ્રત્યેક સ્કંધપુગ્દલ અને જીવ એ બે પ્રદેશના સમૂહરૂપ છે.

---

૧ જુઓ તત્ત્વાધિગમ સૂત્ર અ. ૫ સૂ. ૧

૨ ,, અ. ૫ સૂ. ૩૮

૩ ,, અ. ૫ સૂ. ૪

૪ ,, અ. ૫ સૂ. ૩

૫ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. સૂ. ૩, ૧૩, ૧૪

૬ ,, ,, અ. ૫ સૂ. ૩, ૧૪

૭ ,, ,, અ. ૫ સૂ. ૧૧ પરમાણુરપ્રદેશઃ ,, ભાષ્ય

૮ ,, ,, અ. ૫ સૂ–૨૫

આકાશાસ્તિકાયના બે વિભાગ છેઃ ૧. લોકાકાશ અને ૨ અલોકાકાશ; લોકાકાશ એ છે કે જેમાં જીવ અને બાકીનાં અજીવ દ્રવ્યો રહી શકે છે.[૧] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ (અણુ અને સ્કંધ) કાલ અને જીવ એ દરેકને લોકાકાશમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે. અલોકાકાશ એ માત્ર ખાલી જગ્યા છે; તેમાં કોઇ દ્રવ્ય નથી.

ધર્માસ્તિકાયનું કાર્ય ગતિ કરતાં (જીવ અને પુદ્ગલ) દ્રવ્ય ગતિમાં સહાયક બનવાનું અને અધર્માસ્તિકાયનું કાર્ય સ્થિતિ કરતાં (જીવ અને પુગ્દલ) દ્રવ્યને સ્થિતિમાં સહાયક બનવાનું છે.[૨] લોકાકાશનું કાર્ય જીવ અજીવ દ્રવ્યને પોતાની અંદર સ્થાન આપવાનું છે.[૩] જીવનું કાર્ય પરસ્પર ઉપકાર કરવાનું,[૪] અને કાલનું કાર્ય વર્તના, પરિણામ, પરત્વ, અપરત્વ આદિ છે.[૫]

પુદ્ગલ રૂપી છે; એટલે તેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ હોય છે.[૬] પુદ્ગલના બે પ્રકાર ઉપર જણાવ્યા છે; તેમાંનો શુદ્ધ એવો પરમાણુ નિત્ય અને અપ્રદેશી છે,[૭] છતાં તેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ગુણો રહેલા છે. સ્કંધગત અર્થાત્ સ્કંધમિશ્ર પરમાણુ એ પ્રદેશ કહેવાય છે. સ્કંધ બે, ત્રણ, ચાર, પાંચ.........સંખ્યાત, અસંખ્યાત, અનંત, અને અનંતાનંત એ જુદાજુદા પ્રકારના પરમાણુ-સમૂહના બનેલ હોય છે.[૮]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ.૫ સૂ.૯-૧૮
૨ ,, ,, અ.૫ સૂ. ૧૭
૩ ,, અ.૫ સૂ. ૧૮
૪ ,, ,, અ. ૫સૂ. ૨૧
૫ ,, ,, અ. ૫ સૂ. ૨૨
૬ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર ,, ,, અ.૫ સૂ. ૨૩
૭ ,, ,, અ. ૫ સૂ. ૧૧ નું ભાષ્ય, દ્રવ્યલોક પ્રકાશ સર્ગ ૧૧ શ્લોક ૧૧
૮ ,, ,, અ. ૫ સૂ. ૧૭

પુગ્દલનું કાર્ય તેમાં પ્રદેશનું ભેગા થવું અને તેમાંથી પ્રદેશનું છૂટા પડવું એ છે **અર્થાત્** સ્કંધમાં પરમાણુ (પ્રદેશ)નો ચય અપચય થયાજ કરે છે; આમ તે પરિણમનશીલ છે. પરમાણુમાં રહેલ રૂપ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ દરેકની માત્રા અવ્યકત હોય છે; જ્યારે સ્કંધમાં રહેલ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ દરેકની માત્રા વ્યકત વ્યકતતર વ્યકતતમ હોય છે. (૧) શબ્દ, (૨) બંધ, (૩) સૂક્ષ્મત્વ, (૪) સ્થૂલત્વ, (૫) સંસ્થાન (આકાર), (૬) ભેદ, (૭) તમઃ (અંધકાર), (૮) છાયા (પ્રતિબિંબ–પડછાયો), (૯) આતપ અને (૧૦) ઉદ્યોત આદિ પુગ્દલસ્કંધના પરિણામ છે; આ ઉપરાંત (૧) શરીર, (૨) વાચા, (૩) મન, (૪) ઉશ્વાસ, (૫) નિઃશ્વાસ, (૬) સુખ, (૭) દુઃખ, (૮) જીવન અને (૯) મરણ આદિ પણ પુગ્દલના પરિણામો છે.[૧]

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અલોકાકાશ અને જીવ એ દરેકના અસંખ્યાત પ્રદેશ છે.[૨] અલોકાકાશ અને સમસ્ત આકાશ એ દરેકના અનંત પ્રદેશ છે.[૩] કાલને પ્રદેશ નથી, પરંતુ તે અનંતસમયી છે.[૪]

અજીવ તત્ત્વના આટલા વિહંગાવલોકન પછી બાકી રહેતા તત્ત્વો પર પણ નજર નાખી લઇએ.

જીવમાં પ્રવેશ પામતા કર્મપુગ્દલના પ્રવેશદ્વાર રૂપ આશ્રવ છે. મન, વચન અને કાયા એ દરેકની પ્રવૃત્તિ અથવા યોગ એ પ્રવેશદ્વારરૂપ છે.[૫]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. ૫ સૂ. ૧૯-૨૦-૨૪

૨ ,, ,, અ. ૫ સૂ. ૭-૮

૩ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. ૫ સૂ.

૪ ,, અ. ૫ સૂ. ૩૮

૫ ,, અ. ૬ સૂ. ૧

જીવમાં પ્રવેશ પામેલ કર્મપુદ્ગલનો જીવ સાથે થતો તદ્રૂપ સંબંધ એ બંધ છે.[1]

જીવની કલ્યાણપ્રદ વિકાસ પામતી અવસ્થા અર્થાત્ આશ્રવનો નિરોધ એ સંવર છે.[2] આ અવસ્થામાં પણ જીવને પૂર્વપરિચિત વાસનાની ખેંચાખેંચ રહ્યા કરે છે, તેમ છતાં સતત જાગૃતિ રાખતાં જીવ અશુભ કર્મોને ન્યૂન ન્યૂનતર ન્યૂનતમ કરતો રહી શુભ કર્મોને અધિક અધિકતર અધિકતમ કરતો રહે છે. જન્મ મરણનો ઘટમાળ કઠવા માંડતાં જીવ સાવધ બને છે અને કર્મોનો નાશ કરવા ઉદ્યમશીલ બનતાં તેની જાગૃતિ અને વિશુદ્ધિ જેમ જેમ વધતી રહે છે તેમ તેમ સંવરની માત્રા વધતી રહે છે.

જીવને કર્મના રસવિપાક અનુભવવા અથવા તપ એ બે દ્વારા નિર્જરા થઇ શકે છે.[3] કર્મનો દેશતઃ ક્ષય એ નિર્જરા. જીવ નિર્જરા બે પ્રકારે કરે છેઃ ૧ જૂના કર્મના રસવિપાક અનુભવતાં જવાં અને તે સાથે કષાય કરતા રહી નવાં નવાં કર્મ બાંધતા જવાં અને ૨ સમભાવ કેળવતા જવો અને જૂનાં કર્મના રસવિપાક અનુભવતાં જવાં. પહેલી રીતે કર્મનિર્જરા કરતાં જીવ જે કર્મ બાંધે છે તે તેને પુનઃ પુનઃ કર્મબંધનું કારણ બને છે, પરંતુ બીજી રીતે કર્મનિર્જરા કરતાં જે કર્મબંધ થાય છે તેમાં પ્રકૃતિ અને પ્રદેશ એ બે બંધ પડે છે, અને સ્થિતિ તેમજ રસ એ બે બંધ કષાયના અભાવે પડતા નથી; આવાં કર્મ જીવથી તરતજ છુટાં પડી જાય છે. તપથી પણ કર્મની નિર્જરા થાય છે.

કર્મના સર્વાંશ ક્ષયથી સ્વસ્વરૂપે થતી જીવની શુદ્ધ સ્થિતિ એ મોક્ષ છે;[4] આ સ્થિતિમાં જીવને કર્મનો સદા માટે અભાવ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ.૮ સૂ.૨, ૩

૨ ,, ,, અ. ૯ સૂ. ૧

૩ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. ૧૦ સૂ.૨૨, ૨૪

૪ ,, ,, અ. ૧૦ સૂ. ૩

હોય છે, એટલે બંધ, સત્તા કે ઉદયમાં કોઈપણ કર્મનું અસ્તિત્વ હોતું નથી.

જીવ તેના શુદ્ધ સ્વરૂપે અનંત ગુણવાળો છે; તેમાં અનંતજ્ઞાન અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય આદિ મુખ્ય ગુણ છે. જીવની આ સ્વાભાવિક સ્થિતિ છે. જીવના ઉપયોગ લક્ષણનો વિચાર કરતાં એ દરેકની ચર્ચા યથાસ્થાને કરીશું.

સંસારી જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આદિ અનંતગુણ મિથ્યાત્વમોહનીય, જ્ઞાનાવરણાદિ કર્મની પ્રબળ અસરના કારણે ઢંકાયેલ (અવરાયેલ) રહે છે; તેની આ સ્થિતિ પરભાવમૂલક અથવા અસ્વાભાવિક છે.

મિથ્યાત્વમોહનીય, જ્ઞાનાવરણ આદિ કર્મની પ્રબળતાના કારણે સંસારી જીવ જૂના કર્મના રસવિપાક અનુભવતો તે કર્મની નિર્જરા કરતો રહે છે, પરંતુ તે સાથે કષાય અને લેશ્યામય બનતો નવાં નવાં કર્મ પણ બાંધતો રહે છે; આમ તે સંસારની જન્મ મરણની ઘટમાલ-રેંટ વધારતો રહે છે.

જીવને કર્મબંધનાં પાંચ કારણ છે: ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ પ્રમાદ, ૪ કષાય, અને ૫ યોગ[૧]. જીવને જ્યારે પોતાના જન્મમરણની પરંપરા–સંસાર કઠવા–ખટકવા માંડે છે ત્યારે તેના વિકાસની શરૂઆત થાય છે; તેમાં તત્ત્વની પ્રતીતિરૂપ શ્રદ્ધા થતાં તેનું અજ્ઞાન સરી પડે છે; મિથ્યાત્વ સરી પડતાં જીવ પોતાનો સમ્યગ્દર્શન ગુણ પ્રકટ કરે છે. શરૂઆતમાં સમ્યગ્દર્શન પામવા છતાં જીવ વિષયોની પૂર્વપરિચિત વાસનાની ગુલામીને તજવાની ઇચ્છા કરવા છતાં તજી શકતો નથી. આ પરિસ્થિતિમાં તે હિત, અહિત, સાર, અસાર, હેય, જ્ઞેય, ઉપાદેય આદિ સમજે, તેમાં શ્રદ્ધા પણ રાખે છતાં વીર્ય (સામર્થ્ય)ના અભાવે તે અવિરત રહે છે, અર્થાત પાપ

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૮ સૂ. ૧

વ્યાપારોને તજી તેની વિરતિ કરી શકતો નથી. આ અવિરત સમ્યગ્‌દષ્ટિ જીવ છે; કોઈ કોઈ વાર ક્ષાયિકસમકીતી જીવ પણ આવો હોય છે. વીર્યવાન્ જીવ હિતઅહિત, સારઅસાર, હેય-જ્ઞેયઉપાદેય સમજી તેમાં શ્રદ્ધા કરી અવિરતિનો ત્યાગ શરૂ કરે છે. આવો ત્યાગ બે રીતે થઈ શકે છે:(૧) દેશતઃ વિરત બનીને અને (૨) સર્વતઃ વિરત બનીને. સર્વવિરત બન્યા પછી જીવને પ્રમાદ અને કષાય એ બેનો ત્યાગ કરવાનો રહે છે; જીવ સતત જાગૃતિપૂર્વક અવિરતિ, પ્રમાદ અને કષાય વગેરેનો ત્યાગ કરતો રહે તો અંતે માત્ર એકજ અંતર્મુહૂર્તમાં એ સર્વેનો ત્યાગ કરી શકે છે. અવિરતિ, પ્રમાદ અને કષાય સરી પડતાં જીવના મોહનીય કર્મનો ક્ષય થઈ જાય છે અને શુકલ ધ્યાનનો બીજો પાયો ધ્યાનમાં ધ્યાતાં અંતર્મુહૂર્તમાં તેના જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એમ ચાર ઘાતીકર્મનો ક્ષય થતાં તેને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે. આ રીતે જીવન્મુક્ત બન્યા પછી અંતે શુકલધ્યાનનો ત્રીજો પાયો ધ્યાતાં મન આદિના બાદરયોગો–પ્રવૃત્તિનો નિરોધ કર્યા પછી સૂક્ષ્મ યોગોનો પણ નિરોધ–કરવાનો હોય છે. અંતે સૂક્ષ્મ કાયયોગનો નિરોધ શરૂ કરતાં શુકલધ્યાનનો ચોથો પાયો ધ્યાતાં શૈલેશીકરણ દશા અનુભવતા તે સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ થતાં જીવ નિજના શુદ્ધ સ્વરૂપે એકજ સમયમાં સિદ્ધિપદને પામે છે.

આમ જીવને તેની શુદ્ધ દશા–મોક્ષ એ સાધ્ય છે; જ્યારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ તેનાં સાધન છે, કે જેનાં સર્વાંગી વિકાસમાંજ મુક્તિ છે. આ વસ્તુ યથાસ્થિત સમજવા સારૂ ગુણસ્થાનનો વિષય આ 'જીવ તત્ત્વ વિચાર'માં સમજાવવા પ્રયત્ન કર્યો છે.

સાત તત્ત્વના આટલા સંક્ષિપ્ત વિવરણ પછી આપણે હવે પ્રથમના જીવતત્ત્વનો વિચાર કરીએ.

**જીવનું લક્ષણ :—**

પ્રાણ ધારણ કરનાર અને ઉપયોગલક્ષણયુક્ત એવો જીવ છે.[1]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૮

**પ્રાણ :--**

પ્રાણ બે પ્રકારના છે; ૧. દ્રવ્ય અને ૨. ભાવ.

**દ્રવ્યપ્રાણ :**

દ્રવ્યપ્રાણ દશ છે. ૧ સ્પર્શનેન્દ્રિય, ૨ કાયબળ, ૩ શ્વાસોશ્વાસ, ૪ આયુષ્ય, ૫ રસનેન્દ્રિય, ૬ વચનબળ, ૭ ઘ્રાણેન્દ્રિય, ૮ ચક્ષુરિન્દ્રિય, ૯ શ્રોત્રેન્દ્રિય અને ૧૦ મન.[1]

સંસારી ગણાતા એકેન્દ્રિય જીવને પહેલા ચાર, દ્વિઇન્દ્રિય (બે ઇન્દ્રિય) જીવને પહેલા છ, ત્રિઇન્દ્રિય (તે ઇન્દ્રિય) જીવને પહેલા સાત, ચતુરિન્દ્રિય (ચઉરિન્દ્રિય) જીવને પહેલા આઠ, અસંજ્ઞી પંચેન્દ્રિય (પંચેન્દિ) જીવને પહેલા નવ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવને દશેય એ પ્રમાણે સંસારી જીવને દ્રવ્યપ્રાણ હોય છે.

**ભાવપ્રાણ :--**

ભાવપ્રાણ ત્રણ છે. ૧ દર્શન, ૨ જ્ઞાન અને ૩ ચારિત્ર. આ ઉપરાંત તપ અને વીર્ય એ બેને વધારાના ભાવપ્રાણ કહી શકાય.

સિદ્ધ જીવને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત ચારિત્ર આદિ ભાવપ્રાણ હોય છે; કેવલી એવા જીવન્મુક્તપણે સંસારમાં વિચરતા જીવને ઉપરોક્ત ભાવપ્રાણ ઉપરાંત પ્રથમ દર્શાવ્યા એ દશદ્રવ્યપ્રાણ પણ હોય છે.

બાકીના સંસારી જીવને પોતપોતાની યોગ્યતા અનુસાર ઉપર દર્શાવ્યા અનુસાર ચારથી દશ સુધીના દ્રવ્યપ્રાણ અને ન્યૂનાધિક પ્રમાણમાં અવ્યક્ત યા વ્યક્ત દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ભાવ પ્રાણ પણ હોય છે.

**ઉપયોગ :—**

પ્રવૃત્તિમાં એકાગ્રતા, તલ્લીનતા, એકતાનતા, જાગૃતિ, જયણા આદિ ઉપયોગ શબ્દના પર્યાય શબ્દ છે. ઉપયોગ એ જીવના ચેતન ગુણનું દ્યોતક લક્ષણ છે.

---

૧ જુઓ જીવવિચાર પ્રકરણ ગા. ૪૨, ૪૩

ઉપયોગના બે પ્રકાર છે: (૧) અનાકાર–દર્શન અથવા છદ્મસ્થ જીવની અપેક્ષાએ અવ્યક્ત સામાન્ય જ્ઞાન અને (૨) સાકાર-વ્યક્ત વિશેષ જ્ઞાન[૧].

સંસારી જીવને એકથી પાંચ ઇન્દ્રિય અને મન એ છમાંના દરેક દ્વારા અનાકાર ઉપયોગ–દર્શન અને સાકાર ઉપયોગ–વ્યક્ત વિશેષ જ્ઞાન હોય છે. સંસારી જીવની મન, વચન અને કાયા એ દરેક દ્વારા થતી પ્રવૃત્તિ–યોગ પણ જીવના ઉપયોગમૂલક છે.

સંસારી જીવની પિછાણ તેના આયુષ્ય અને શ્વાસોશ્વાસ એ બે દ્વારા થાય છે.

સિદ્ધ અને સંસારમાં વિચરતા કેવલીજીવને પહેલાં સાકાર–વ્યક્ત વિશેષજ્ઞાન અને પછી નિરાકાર–વ્યક્ત સામાન્યજ્ઞાન એ પ્રમાણે સમયાંતરે નિરંતર ઉપયોગ હોય છે; બાકીના સંસારી જીવને પહેલાં નિરાકાર અને પછી સાકાર એ પ્રમાણે સમયાંતરે નિરંતર ઉપયોગ હોય છે. આની વિશેષ ચર્ચા આગળ કરીશું.

**જીવના પ્રકાર :—**

જીવના બે પ્રકાર છે:—૧ સિદ્ધ અને ૨ સંસારી.[૨]

**સિદ્ધ જીવ :—**

જેણે કર્મનો સર્વતઃ ક્ષય કર્યો હોય તે સિદ્ધ જીવ છે. સર્વ સિદ્ધ જીવ એકજ પ્રકારના છે; એ સર્વે સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ હોઇને અખંડ એવી પરમજ્યોતિર્મય સ્થિતિએ સદા માટે સિદ્ધસ્થાને રહે છે; સંસારના જન્મ મરણની ઘટમાલ તેને હોતી નથી.

સિદ્ધ જીવને 'રાગ નથી, દ્વેષ નથી, આકાર નથી, જન્મ નથી, પર્યાપ્તિ નથી, શરીર નથી, દ્રવ્ય અને ભાવ ઇન્દ્રિય નથી, દ્રવ્ય અને ભાવ મન નથી, શ્વાસોશ્વાસ નથી, જરા નથી, મરણ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૯–૧૦
૨ ,, ,, અ. ૨ સૂ. ૮

નથી, આશ્રવ નથી, બંધ નથી, નિર્જરા નથી, સંવર નથી, આયુષ્ય નથી, દ્રવ્યપ્રાણ નથી, યોનિ નથી, હર્ષ નથી, શોક નથી, ભય નથી, કર્મનો ઉદય નથી, કર્મની ઉદીરણા નથી, કર્મની સત્તા નથી, રાજ્ય નથી, ગામ નથી, ઘર નથી, મિત્ર નથી, શત્રુ નથી, રોગ નથી, રૂપ નથી, આકાર નથી, ભોગ નથી, ઉપભોગ નથી, સ્ત્રી નથી, પુત્ર નથી, કુટુંબ નથી, અલંકાર નથી, વાહન નથી, બાગ–બગીચા કે બંગલા નથી......આદિ' વેદ–તેને 'નેતિ નેતિ' કહી શાસ્ત્રમાં વર્ણવે છે. તેની સ્થિતિ સાદિ અનંત છે.[1]

સિદ્ધ જીવને જ્ઞાનાવરણના ક્ષયથી અનંતજ્ઞાન, દર્શનાવરણના ક્ષયથી અનંતદર્શન, વેદનીયના ક્ષયથી અનંતસુખ, મોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યગ્દર્શન સહિત અનંતચારિત્ર, આયુષ્યના ક્ષયથી સાદિ અનંત સ્થિતિ, નામ કર્મના ક્ષયથી અરૂપીત્વ, ગોત્ર-કર્મના ક્ષયથી અગુરૂલઘુત્વ, અને અંતરાયના ક્ષયથી અનંતવીર્ય આદિ અનંત ગુણ હોય છે.[2] એવા આ ચિદાનંદસ્વરૂપી સિદ્ધ જીવ લોકના અંતે સિદ્ધશિલા પર અલોકને અડકીને અખંડ પરમ-જ્યોતિર્મયસ્વરૂપે સાદિઅનંત સ્થિતિમાં રહેલ છે; તેના સ્વરૂપ અને સુખનું વર્ણન કેવલી જાણે છે, છતાં કહી શકતા નથી; કારણ કે તે અનભિલાપ્ય (વર્ણવી ન શકાય તેવું) છે; વચન દ્વારા સહસ્ત્રમુખે પણ તે કહી શકાય તેમ નથી. આવા સર્વોત્કૃષ્ટ સિદ્ધ જીવ; તેમના જ્ઞાન અને દર્શન એ દરેકના પર્યાય સમયાન્તરે પરિણમનશીલ છે.

આમ સર્વ સિદ્ધ જીવ એકજ પ્રકારના અને અશરીરી હોવા છતાં તેઓ જે શરીરી અવસ્થાએ કેવળજ્ઞાન પામ્યા–અને જે અંતિમ-

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૪૮

૨ ,, ગુણસ્થાનક્રમારોહ. ગા. ૧૨૯ થી ૧૩૨

ભવે સિદ્ધ થયા છે તે અપેક્ષાએ તેના પંદર પ્રકાર છે: (૧) જિન-સિદ્ધ, (૨) અજિનસિદ્ધ, (૩) તીર્થસિદ્ધ, (૪) અતીર્થસિદ્ધ, (૫) સ્વલિંગસિદ્ધ, (૬) અન્યલિંગસિદ્ધ, (૭) ગૃહસ્થલિંગસિદ્ધ, (૮) પુરૂષલિંગસિદ્ધ, (૯) સ્ત્રીલિંગસિદ્ધ, (૧૦) નપુંસકલિંગસિદ્ધ, (૧૧) પ્રત્યેકબુદ્ધસિદ્ધ, (૧૨) બુદ્ધબોધિતસિદ્ધ, (૧૩) સ્વયંબુદ્ધસિદ્ધ, (૧૪) એકસિદ્ધ, અને (૧૫) અનેકસિદ્ધ.

(૧) કેવળજ્ઞાન પ્રાપ્ત કરતાં તીર્થંકર ભગવંત પ્રવચન અને ગણધર આદિ ચતુર્વિધ સંઘ[1] એ બે રૂપે તીર્થની સ્થાપના કરે છે; અને અંતે તીર્થંકર તરીકે સિદ્ધ થાય છે એ જિનસિદ્ધ છે. ઉદા૦ ભ૦ ઋષભદેવ આદિ.

(૨) તીર્થંકર ભગવંત કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ભવ્યજીવને તારવા ધર્મપ્રરૂપણા કરતાં જે ભવ્ય જીવો સામાન્ય કેવલી તરીકે સિદ્ધ થાય છે એ અજિનસિદ્ધ છે ઉદા૦ ગણધર પુંડરિકસ્વામી, ગૌતમસ્વામી આદિ.

(૩) તીર્થંકર ભગવંત કેવળજ્ઞાન પ્રાપ્ત કરતાં જે તીર્થની સ્થાપના કરે છે તે પછી અને તીર્થવિચ્છેદ થતાં પહેલાં જે જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે એ તીર્થસિદ્ધ છે. ઉદા૦ ચંદનબાલા, મૃગાવતી, જંબુસ્વામી આદિ.

(૪) તીર્થંકર ભગવંત કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જે તીર્થની સ્થાપના કરે છે તે પહેલાં અને તીર્થવિચ્છેદ ગયા પછી જે જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે એ અતીર્થસિદ્ધ છે. ઉદા૦ આ ચોવીશીમાં અન્ય દૃષ્ટાન્ત ઉપલબ્ધ ન હોવાથી આશ્ચર્યભૂત શ્રી મારૂદેવામાતા તથા ભ૦ સુવિધિનાથથી ભ૦ શાન્તિનાથ સુધીના દરેક તીર્થંકરના કાળમાં તીર્થવિચ્છેદ પામેલ તે દરમ્યાન સિદ્ધ થયેલ જીવ.

---

૧ 'તિત્થં ચાઉવ્વણ્ણસંઘો પ્રથમ ગણધરો વા' આવસ્યકનિર્યુક્તિ.

(૫) સાધુવેષમાં ક્ષપકશ્રેણિ કરી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થનાર જીવ સ્વલિંગસિદ્ધ છે. ઉ૦ ગણધર સુધર્માસ્વામી, જંબુસ્વામી આદિ.

(૬) સાધુવેષ સિવાય તાપસ, પરિવ્રાજક આદિ અન્ય વેષમાં જિનોક્ત શુભભાવ પામી ક્ષપકશ્રેણિ કરી ચાર ઘાતી કર્મનો ક્ષય કરી અંતકૃતકેવલી (અંતઃમૂહૂર્તમાં સિદ્ધ થાય તેવા ઉદા૦ મેતાર્યમુનિ) અથવા અધિક આયુષ્ય હોય તો સ્વવેષ (સાધુવેષ) ગ્રહણ કરી ભવ્ય જીવોને પ્રતિબોધ આપી અંતે સિદ્ધ થનાર એ બે પ્રકારે અન્યલિંગસિદ્ધ છે. ઉદા૦ વલ્કલચીરી આદિ.

(૭) ગૃહસ્થવેષ (પુરૂષ અથવા સ્ત્રી) માં ક્ષપકશ્રેણિ કરી ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઉપરોક્ત (૬) માં દર્શાવ્યા અનુસાર સિદ્ધ થનાર ગૃહસ્થલિંગસિદ્ધ છે. ઉદા૦ અન્ય-દષ્ટાંત ઉપલબ્ધ ન હોવાથી ઉપચારથી ભરત મહારાજા, મારૂદેવા માતા આદિ.

(૮) સાધુવેષ અથવા અન્યવેષમાં પણ પુરૂષપણે ક્ષપકશ્રેણિ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઉપરોક્ત (૬) માં દર્શાવ્યા અનુસાર સિધ્ધ થનાર પુરૂષલિંગસિધ્ધ છે. ઉદા૦ ભરતરાજા, વલ્કલચીરી આદિ.

(૯) સાધુવેષ અથવા અન્ય વેષમાં સ્ત્રીપણે ક્ષપકશ્રેણિ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઉપરોકત (૬) માં દર્શાવ્યા અનુસાર સિધ્ધ થનાર સ્ત્રીલિંગસિધ્ધ છે. ઉદા૦ મારૂદેવા, ચંદનબાલા, મૃગાવતી આદિ.

(૧૦) સાધુવેષ અથવા અન્યવેષમાં પણ કૃત્રિમ નપુંસકપણે ક્ષપકશ્રેણિ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઉપરોક્ત (૬) માં દર્શાવ્યા અનુસાર સિધ્ધ થનાર નપુંસકલિંગસિધ્ધ છે.

(૧૧) નિમિત્ત મળતાં તે કારણે સંસારની અસારતા જાણી સંસાર તજી સિધ્ધ થનાર પ્રત્યેકબુધ્ધસિધ્ધ છે. ઉદા૦ આર્દ્રકુમાર, અનાથિમુનિ, નમિરાજર્ષિ, હનુમાન આદિ.

(૧૨) ગુરૂઉપદેશથી બોધ પામી સંસાર તજી સિધ્ધ થનાર બુધ્ધબોધિતસિધ્ધ છે. ઉદા૦ ગૌતમસ્વામી આદિ.

(૧૩) નિમિત્ત તેમજ ઉપદેશ વિના સ્વમેવ સંસારને અસાર જાણી સંસાર તજી સિધ્ધ થનાર સ્વયંબુધ્ધસિધ્ધ છે. ઉદા૦ ચોવીસ તીર્થંકરો.

(૧૪) એકીસમયે એકજ જીવ સિદ્ધ થાય તે એકસિદ્ધ છે. ઉ૦ ભ૦ મહાવીરસ્વામી.

(૧૫) એકી સમયે એકથી અધિક જીવ સિદ્ધ થાય તે અનેક-સિદ્ધ છે. ઉદા. ભ. ઋષભદેવ આદિ અન્ય તિર્થંકરો.

**સંસારી જીવ :**

સરખી રીતે સરકયા કરે તે સંસાર; સંસારનું મૂળ કારણ કર્મબંધ છે. કર્મબંધના બે પ્રકાર છે. (૧) દ્રવ્ય અને (૨) ભાવ: જીવ સાથે થતો કર્મ પુદ્ગલનો તાદાત્મ્ય સંબંધ એ દ્રવ્ય કર્મબંધ: છે; જ્યારે જીવના રાગદ્વેષરૂપ આત્મપરિણામ એ ભાવ કર્મબંધ છે. રાગદ્વેષવશ વર્તતો જીવ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયથી દોરાતો રહે છે અને પરિણામે સંસાર-જન્મમરણની પરંપરા વધારતો રહે છે. કષાય એ સંસાર વૃદ્ધિનું નિમિત્ત છે.

સંસારી જીવના બે પ્રકાર છે; (૧) સ્થાવર અને (૨) ત્રસ[૧]. વ્યક્તિરૂપે તો સંસારી જીવ અનંત છે; પરંતુ જીવસમૂહને સમજવા સારૂ જાતિરૂપે આ બે પ્રકાર ગણાવાય છે.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. ૨ સૂ. ૧૨

**સ્થાવર જીવ :**

પોતાના પર આવી પડતાં દુઃખ અને ત્રાસ આદિ દૂર કરવા જે સ્વયં ગતિપ્રવૃત્તિ કરી શકતા નથી એ સ્થાવર જીવ છે. સર્વે સ્થાવર જીવ એકેન્દ્રિય છે; તેને સ્પર્શનેન્દ્રિય એ એકજ ઇન્દ્રિય હોય છે જ્યારે સ્પર્શનેન્દ્રિય, કાયાનું બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ પ્રમાણે ચાર દ્રવ્યપ્રાણ હોય છે.

સ્થાવર જીવના પાંચ પ્રકાર છે : (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય, અને (૫) વનસ્પતિકાય[૧].

સ્થાવર જીવમાંના (૧) તેઉકાય (અગ્નિ) અને (૨) વાઉકાય (વાયુ) એ બે પ્રકારના જીવને તેની સ્વાભાવિક એવી ઉર્ધ્વ અને તિર્ચ્છી એ અનુક્રમે ગતિ હોય છે તે કારણે તે બે ગતિત્રસ ગણાય છે; પરંતુ એ દરેકની આ સ્વાભાવિક ગતિ એ દરેકને પડતા દુઃખ અને ત્રાસ દૂર કરવામાં ઉપયોગી બનતી ન હોવાથી એ બંને ગતિત્રસ ગણાવા છતાં સ્થાવર કોટીમાંજ ગણાય છે.

બાદર સ્થાવર જીવમાંના વનસ્પતિકાયના પણ બે પ્રકાર છે; (૧) સાધારણ–અનંતકાય અને (૨) પ્રત્યેક. સાધારણ વનસ્પતિકાયના પણ બે પ્રકાર છેઃ (૧) સુક્ષ્મ અને (૨) બાદર; આ બંને પ્રકાર અનુક્રમે સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ એ નામે પણ ઓળખાય છે. સૂક્ષ્મ અને બાદર એવા બંને સાધારણ વનસ્પતિકાય જીવને દરેકને અનંત જીવોનું એક એવાં શરીર હોય છે.

સ્થાવર જીવમાંના (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય અને (૪) વાયુકાય એ દરેકના બે પ્રકાર છે: (૧) સુક્ષ્મ અને બાદર.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૧૩-૧૪

**સૂક્ષ્મ સ્થાવર જીવ :**

સૂક્ષ્મ નામ કર્મના કારણે સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપ્કાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાયુકાય, અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય એ દરેક સૂક્ષ્મ કહેવાય છે અને એ દરેક ઇન્દ્રિયગમ્ય નથી.

સૂક્ષ્મનિગોદ અથવા સૂક્ષ્મ સાધારણવનસ્પતિકાય જીવોના અનંતજીવોના એક એક એવા અસંખ્યાત દેહ છે; આવા અસંખ્યાત દેહના એવા અસંખ્યાત ગોળા ચૌદરાજલોકમાં વ્યાપેલા છે.

સૂક્ષ્મ પૃથ્વી આદિ દરેક પ્રકારના સૂક્ષ્મ જીવોને અગ્નિ બાળી શકતી નથી; તીક્ષ્ણ હથિયાર તેને છેદી કે ભેદી શકતું નથી અને ગમે તેવા અભેદ્ય ગણાતા અંતરાયોને ગણકાર્યા વિના તે જીવો અવ્યાબાધપણે તેમાંથી ગતિ કરી શકે છે.

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અને બાદર સાધારણ વનસ્પતિકાય એ દરેકને અનંતજીવોને એક એક એવો દેહ (શરીર) હોય છે. આવા અસંખ્યાત દેહમાંના પ્રત્યેક દેહમાંથી પ્રત્યેક સમયે અસંખ્યાત જીવ જન્મ મરણ કરતા રહે છે; આમ હોવા છતાં પણ એ દરેક જીવોને આહાર, ભય, નિદ્રા અને મૈથુન એ ચાર સંપ્રધારણ સંજ્ઞા અને શ્વાસોશ્વાસ એકી સમયે એક સાથેજ હોય છે અર્થાત્ એકને જે સમયે આહાર આદિ સંજ્ઞા હોય છે તેજ સમયે બીજા સર્વ જીવોને આહારાદિ સંજ્ઞા યથાક્રમે હોય છે.

બાકીના સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મઅપ્, સૂક્ષ્મતેઉ, સૂક્ષ્મવાયુ એ દરેકને પૃથક પૃથક એક એક શરીર હોય છે; પ્રત્યેક વનસ્પતિકાયને પણ પૃથક પૃથક શરીર હોય છે.

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવના પણ બે પ્રકાર છેઃ– (૧) અવ્યવહારરાશિ અને (૨) વ્યવહારરાશિ. જ્યાંસુધી જીવ પોતાનું

સૂક્ષ્મસાધારણ વનસ્પતિકાયનું સ્વરૂપ તજ્યા વિના તેજ જાતિમાં વારંવાર જન્મમરણ કરતો રહે છે ત્યાંસુધી તે જીવ અવ્યવહારરાશિનો જીવ ગણાય છે. અવ્યવહારરાશિમાં જીવનાં થતાં જન્મ મરણ તેને તે રાશિમાં થતાં હોવાથી તેની કોઇ ગણના કરવામાં આવતી નથી.

જીવ જ્યારે પોતાનું સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયનું સ્વરૂપ તજી એકવાર પણ બાદર સાધારણ વનસ્પતિ, બાદર પૃથ્વી, બાદરજલ, બાદરવાયુ, પ્રત્યેકવનસ્પતિ, દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચ, સંજ્ઞીપંચેન્દ્રિયતિર્યંચ, અસંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્ય અને સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્ય આદિમાંની કોઇપણ એક જાતિમાં આવી ઉત્પન્ન થાય છે ત્યારથી તે જીવ વ્યવહારરાશિમાં ગણાય છે. વ્યવહારરાશિમાં આવ્યા પછી કવચિત કોઇ જીવ કર્મવશ ફરી સૂક્ષ્મ સાધારણવનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય તો તે વ્યવહારરાશિનો જ જીવ ગણાય છે. 'અત્થિ અણંતા જીવા, જેહિં ન પત્તો તસાઇ પરિણામો' પ્રજ્ઞાપનાસૂત્ર પૃ. ૩૮૦ પં. ૨. આ પાઠથી પરિણામ નહિ પામેલા જીવોને પણ વ્યવહારરાશિના જીવ કહેલા છે.

સંસારમાંથી જીવ જેમ જેમ સિદ્ધ થતા જાય છે તેમ તેમ તેટલા પ્રમાણમાં અવ્યવહારરાશિના જીવ વ્યવહારરાશિમાં આવતા જાય છે. આમ જગતના જીવોપર શાશ્વતક્રમરૂપે સિદ્ધ જીવનો આ પરમ ઉપકાર છે. આ ક્રમને લીધે વ્યવહારરાશિના જીવનું પ્રમાણ કોઇપણ વખત ન્યૂનાધિક થતું નથી અર્થાત દરેક કાળે તે સમ રહે છે. તેનું કારણ સ્પષ્ટ છે કે સિદ્ધ થતા જીવની જગ્યા અવ્યવહારરાશિનો જીવ વ્યવહારરાશિમાં આવી પૂરતો રહે છે.

**બાદર સ્થાવર જીવ :**

બાદર નામકર્મના કારણે બાદરપૃથ્વીકાય, બાદરઅપકાય, બાદરતેઉકાય, બાદરવાયુકાય, બાદરસાધારણ વનસ્પતિકાય, અને પ્રત્યેક વનસ્પતિકાય એ દરેક બાદર કહેવાય છે; એ દરેક એકેન્દ્રિય જીવ ઇન્દ્રિયગમ્ય છે. દરેક ત્રસ જીવ બાદર છે; તેની ચર્ચા યથાસ્થાને કરવાની છે.

**બાદર પૃથ્વીકાય :–**

બાદર પૃથ્વીકાય જીવના બે પ્રકાર છે: (૧) મૃદુ અને (૨) ખર.

કાળી, નીલ, રાતી, પીળી, સફેદ, પાંડુ આદિ જુદા જુદા રંગની માટીની જાતો; કાંપની માટી આદિ મૃદુ બાદર પૃથ્વીકાય સ્થાવર જીવ છે.

શુદ્ધ પૃથ્વી, કાંકરા, રેતી, પત્થર, શિલા, લવણ, ખારો, સિંધવ, સંચળ, લોખંડ, ત્રાંબુ, સીસું, જસત, રૂપું, સોનું, વજ્ર, મોતી, હરતાળ, હીંગલો, મનશીલ, પારો, સૂરમો, પ્રવાલ, અબરખ, આભ્રવાલુકા, ગોમેદ, રૂચક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, ઇન્દ્રનીલ, ગૈરિક, ચંદનરત્ન, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, મણીકાંત, સૂર્યકાન્ત, ચંદ્રકાન્ત આદિ ખર બાદર પૃથ્વીકાય સ્થાવર જીવ છે.૧'

**બાદર અપકાય :–**

બાદર અપકાય, બાદર તેઉકાય, અને બાદર વાયુકાય એ દરેક એક એકજ પ્રકારના છે.

ઝાકલ, હીમ, ધૂમસ, કરા, વનસ્પતિપરનાં પાણીનાં ટીપાં, શુદ્ધપાણી, શીતપાણી, ઉષ્ણપાણી, ખારૂંપાણી, ખાટુંપાણી, વરસાદનું પાણી, ક્ષીરોદક, ઇક્ષુરસોદક, રસોદક આદિ બાદર અપકાય સ્થાવર જીવ છે.૨

**બાદર તેઉકાય :–**

અંગારા, જવાલા, ભાઠાનો અગ્નિ, ઉડતી જવાલા, ઉંબાડિયું, શુદ્ધઅગ્નિ, ઉલકા, વીજળી, આકાશમાં ઉડતા (ખરતા તારા જેવા) અગ્નિકણ, લોખંડઘર્ષિતઅગ્નિ, કાષ્ટઘર્ષિતઅગ્નિ, સૂર્યકાન્તમણિઉત્થિત-અગ્નિ આદિ બાદર તેઉકાય સ્થાવર જીવ છે.૩

**બાદર વાયુકાય :–**

ચાર દિશાનો પવન, ચાર વિદિશાનો પવન, ઉર્ધ્વવાત, અધોવાત,

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૩–૪

૨ ,, ગા. ૫

૩ ,, ગા. ૬

અનવસ્થિતવાયુ, અવસ્થિતવાયુ, તરંગ, વંટોળિયો, ગુંજાવાત, ઝંઝાવાત શુદ્ધવાત, ઘનવાત, તનુવાત આદિ બાદર વાયુકાય સ્થાવર જીવ છે.[1]

**બાદર સાધારણ વનસ્પતિકાય :**

વનસ્પતિનાં દશ અંગ છે : (૧) મૂળ, (૨) કંદ (મૂળની બહાર નો ભાગ), (૩) સ્કંધ (શાખા), (૪) પર્વગ (પ્રતિશાખા), (૫) પ્રવાલ (ડાળી), (૬) ત્વચા (છાલ), (૭) પત્ર (પાંદડુ), (૮) પુષ્પ (ફુલો), (૯) ફલ અને (૧૦) બીજ.

મૂલ, સ્કંધ, છાલ, શાખા, ફળ, પાંદડાં અને બીજ એ ભાંગતાં સમભંગ–સરખો ભંગ જણાય તો તે બાદર વનસ્પતિકાય જાણવાં. (આમાં કંદને મૂળમાં, પર્વગ અને પ્રવાલ એ બેને સ્કંધમાં અને પુષ્પને ફળમાં ગણવામાં આવ્યાં છે.)

બાદર સાધારણ વનસ્પતિકાયનાં લક્ષણ ૭ છે : (૧) ગુપ્તનસ, (૨) ગુપ્તસંધિ–સાંધા, (૩) ગુપ્તગ્રંથિ–ગાંઠ (૪) સમભંગ, (૫) છિન્નરૂહ અને (૬) અહિરૂક; બીજી રીતે કહેતાં ગુપ્તનસોવાળાં, ગુપ્તસાંધાવાળાં, ગુપ્ત ગાંઠવાળાં, સમભંગવાળા, જેને છેદવાથી થતા કટકા વાવવાથી ફરી ઉગે તેવા અને જેને ભાંગતા હીર–દાંતા તાંતણા ન હોય એવા જુદા જુદા પ્રકારના બાદર સાધારણ વનસ્પતિકાયનાં લક્ષણ હોઇ શકે છે. બધાં કે એટલાં જ લક્ષણ તેમાં હોય તેવો કોઇ નિયમ નથી.

બાદર સાધારણ વનસ્પતિકાયનાં બીજાં પણ લક્ષણ છે : (૧) જેનું મૂળ ભાગતાં તેમાં હીર-રેસો તાંતણા ન જણાય, (૨) જેનાં સ્કંધ મૂળ, શાખા અને છાલ આદિ મૂળ કાષ્ટ કરતાં અધિક સ્થૂલ હોય, (૩) જેનાં મૂળ, કંદ, પત્ર, ફળ, પુષ્પ અને છાલ ભાંગતાં ચક્ર આકારે જેનો સમચ્છેદ થાય, (૪) જેનાં પર્વસ્થાન છેદતાં તેમાં રજ જણાય અને (૫) ક્ષીરવાળાં અને ક્ષીર વિનાનાં, ગુપ્તનસવાળાં અને બે અડધિયાં વચ્ચે કાંઇ ન જણાય તે.

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૭

બાદર સાધારણ વનસ્પતિકાયના ૭ પ્રકાર છે: (૧) અગ્રબીજ, (૨) મૂળબીજ, (૩) સ્કંધબીજ, (૪) પર્વબીજ (૫) બીજરૂહ અને (૬) સંમૂર્છિમ. આમાંના પર્વબીજ અને બીજરૂહ એ બે પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ હોય છે.

બાદર સાધારણ વનસ્પતિકાયની જેમ પ્રત્યેક વનસ્પતિકાય પણ ઉગતી વખતે (અંકૂરા વખતે) તો સાધારણજ હોય છે; પરંતુ પછી જુદાં જુદાં લક્ષણ પરથી, તેના મુખ્ય કોમલ પત્ર આદિથી તે બાદર સાધારણ કે પ્રત્યેક વનસ્પતિની કક્ષામાં ગણાય છે.

કંદની સર્વજાતિઓ, સૂરણ, વજ, લીલી હલદર, લીલુઆદુ, લીલો કચૂરો, સતાવરી, કુંવાર, થોર, ગળો, લસણ, પલાન્ડુ (કાંદા), શકરિયાં, ગાજર, વંશકારેલા, લુણી, પલ્યંક, લોદર, ગિરિકર્ણ, કિસલયપત્ર (નવું ફુટતું પાંદડુ), ખરસૂઆ, થેગ, લીલીમોથ, લુણીની છાલ, ખિલોડાં, અમરવેલ, મૂળા, ભૂમિફોડા, વિરૂઆ, સુક્કરવેલ, કોમલ કાચી આમલી, આલુ (બટાકા) આદિ અને તેવાં લક્ષણવાળાં બીજા પણ અનેક બાદર સાધારણ વનસ્પતિકાય સ્થાવર જીવ છે.[1]

**પ્રત્યેક વનસ્પતિકાય:**

જેનાં મૂળ, સ્કંધ, છાલ, શાખા, ફળ, પાંદડાં, બીજ આદિ ભાંગતાં વિષમભંગ જણાય તે પ્રત્યેક વનસ્પતિકાય સ્થાવર જીવ છે. પ્રત્યેક વનસ્પતિકાયના ફળ, ફુલ, છાલ, મૂળ, કાષ્ટ, પત્ર અને બીજ એ દરેકનો જુદો જીવ ગણાય છે; આમાં કંદને મૂળમાં અને શાખા પ્રશાખાને છાલમાં સમાવી લીધેલ છે.[2]

પુષ્પ, પત્ર, ફળ અને બીજ એ દરેકમાં પ્રત્યેક એક એક જીવ હોય છે અને બાકીના ૭ અંગ (મૂળ, કંદ, સ્કંધ, પર્વગ, પ્રવાલ, અને છાલ) એ દરેકમાં જુદી જુદી વનસ્પતિ આશ્રયી એક એકથી

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા—૯—૧૦—૧૧—૧૨—૧૩—૧૪
૨ ,, ગા—૧૩

માંડી સંખ્યાત અને અસંખ્યાત સુધી પણ પ્રત્યેક જીવ હોય છે. વૃક્ષના મૂળ, કંદ, સ્કંધ, શાખા, પ્રશાખા અને છાલ એ દરેક અસંખ્યજીવાત્મક છે; પુષ્પમાં અનેક, પત્ર અને બીજ એ દરેકમાં એક એક અને મૂળ અને સ્કંધમાં એક એક પ્રત્યેક જીવ હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાયના દશ પ્રકાર છે: (૧) વૃક્ષ, (૨) ગુચ્છ, (૩) ગુલ્મ, (૪) લતા, (૫) વેલ, (૬) પર્વગ, (૭) તૃણ (૮) વલય, (૯) હરિત, અને (૧૦) ઔષધિ.

વૃક્ષ ત્રણ પ્રકારનાં છે: (૧) અનંતજીવાત્મક, (૨) અસંખ્ય-જીવાત્મક અને (૩) સંખ્યાતજીવાત્મક.

અનંતજીવાત્મક વૃક્ષ બાદર સાધારણ વનસ્પતિકાયના વર્ગના છે. કપિત્થ–કોઠું આદિ અસંખ્યજીવાત્મક છે. જ્યારે આંબો, તાલ, તમાલ, તકકલિ, તેતલીસાલ, સાલકલ્યાણ, સરળ, જીવંતી, કેતકી, કંદલી, ચર્મવૃક્ષ, હિંગૂ, લવંગ, પુગફલી, સોપારીનું ઝાડ, ખજૂરી, નાળિયેરી આદિ સંખ્યાતજીવાત્મક છે.

કદંબ, શૈવલ, કશેરૂક, કમલ આદિ જલરૂહની જુદી જુદી વનસ્પતિની જાતિઓ છે. તેમાં જલરૂહની જાતિ કુરણ પણ છે; જેની રંગ અનુસાર અનેક જાતો છે.

વૃક્ષના બે પ્રકાર છે; (૧) એકબીજ. ઉદા. રાયણ, જાંબુ, આંબો, લીંમડો, અરિઠાં આદિ અને (૨) અનેકબીજ. ઉદા. જામફળ, દાડમ, ચીકુ, નારંગી, મોસંબી આદિ.

ગુચ્છના જુદા જુદા પ્રકાર હોય છે: (૧) રિંગણી, (૨) બોરડી, (૩) દ્રાક્ષ, (૪) ગળી, (૫) તુલસી, (૬) કરમડી, (૭) જવાસો, (૮) અઘાડ, (૯) નિર્ગુંદી આદિ.

ગુલ્મના જુદા જુદા પ્રકાર છેઃ– (૧) મલ્લિકા, (૨) કુંદ, (૩) કોરિંદ, (૪) યુથિકા, (૫) નવમલ્લિકા, (૬) મોગરો, (૭) કણેર, (૮) જાઈ આદિ.

લતાના જુદા જુદા પ્રકાર છે: (૧) અશોક, (૨) ચંપક, (૩) નાગ, (૪) પદ્મ, (૫) અતિમુક્ત, (૬) વાસંતી આદિ.

વલ્લીના જુદા જુદા પ્રકાર છે :– (૧) કોળું (૨) ત્રિપુંષી–કાકડી (૩) તુંબડી, (૪) કાલિંગડી, (૫) ચિભડી, (૬) દ્રાક્ષ, (૭) કારેલી, (૮) ટિંડોળા, (૯) ખરખોડી આદિ.

પર્વગના જુદા જુદા પ્રકાર છે :– (૧) ઇક્ષુ (શેરડી) (૨) વાંસ, વીરણુ, (૪) કુક્કુડ, (૫) શર, (૬) નેતર, (૭) નડ, (૮) કાશ આદિ.

તૃણના જુદા જુદા પ્રકાર છે :– (૧) દૂર્વા, (૨) દર્ભ, (૩) અર્જુન, (૪) એરંડ, (૫) કુરૂવિંદક, (૬) રોહિય, (૭) સુંકલી (૮) ક્ષીરબીસ આદિ.

વલયની જુદી જુદી જાતિઓ છે :– (૧) સોપારી, (૨) ખજૂરી, (૩) સરળ, (૪) શ્રીફળ ( નાળિયેર ), (૫) કેતક (૬) તાલ, (૭) તમાલ (૮) કેળ આદિ.

હરિતકની જુદી જુદી જાતિઓ છે :– (૧) આર્યક, (૨) દમનક–ડમરો, (૩) મરૂદક, (૪) મંડૂકી, (૫) સરસવ, (૬) તાંદળજો, (૭) વાસ્તુક, (૮) કોથમીર, (૯) મેથી આદિ.

ઔષધિની પણ જુદી જુદી જાતિઓ છે :– (૧) જવ, (૨) ગોધૂમ (ઘઉં), (૩) શાલ ( ડાંગર ), (૪) ભાત, (૫) સાઠીચોખા, (૬) કોદરા, (૭) અણુક–જુવાર, (૮) કાંગ, (૯) રાયલ, (૧૦) તલ, (૧૧) મગ, (૧૨) અડદ, (૧૩) અતસી, (૧૪) મસુર, (૧૫) તુવેર, (૧૬) કળથી આદિ.

**ત્રસ જીવ :**

પડતા દુઃખ અને ત્રાસ દૂર કરવા જે પોતે એક સ્થાનથી બીજે સ્થાને ગતિ કરી શકે છે અને એ રીતે પોતે દુઃખ અને ત્રાસથી રક્ષણ કરવા પ્રયત્ન કરે છે એ ત્રસ જીવ છે. તેના બે પ્રકાર છે :– (૧) વિકલેન્દ્રિય અને (૨) પંચેન્દ્રિય.

**વિકલેન્દ્રિય :**

એકેન્દ્રિય કરતાં અધિક અને પંચેન્દ્રિય કરતાં ન્યૂન ઇન્દ્રિય જેને છે તે વિકલેન્દ્રિય જીવ છે. તેના ત્રણ પ્રકાર છે :– (૧) બે ઇન્દ્રિય, (૨) ત્રણ ઇન્દ્રિય, અને (૩) ચાર ઇન્દ્રિય.

**બે ઇન્દ્રિય ( બેઇન્દિ ) જીવ :**

દ્વિ ઇન્દ્રિય જીવને (૧) સ્પર્શનેન્દ્રિય અને (૨) રસનેન્દ્રિય એ બે ઇન્દ્રિય હોય છે; તેને (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) કાયબલ, (૩) શ્વાસોશ્વાસ, (૪) આયુષ્ય, (૫) રસનેન્દ્રિય અને (૬) વચનબલ એ ૭ દ્રવ્યપ્રાણ હોય છે. આવા જીવ પ્રાય: કુક્ષિ, ગુદા, વિષ્ટા, કાષ્ટ, પાણી, કચરો, ગંદકી આદિમાં ઉત્પન્ન થાય છે. ઉદા. કૃમિ, કીડા, ઘુણા, ગંડોલા, ઇયળ, અળસિયાં, વાળા, જળો, વંશીમુખા, માતૃવહા, પૂરા–પોરા, મેહરી, જાતક, શંખ, શંખલા, છીપ, ચંદન આદિ.[1]

**ત્રણ ઇન્દ્રિય (તિઇન્દિ) જીવ :**

ત્રિઇન્દ્રિય જીવને (૧) સ્પર્શનેન્દ્રિય.(૨) રસનેન્દ્રિય અને (૩) ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઇન્દ્રિય હોય છે. તેને (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) કાયબલ, (૩) શ્વાસોશ્વાસ, (૪) આયુષ્ય, (૫) રસનેન્દ્રિય, (૬) વચનબળ અને (૭) ઘ્રાણેન્દ્રિય એ સાત દ્રવ્યપ્રાણ હોય છે. આ જીવ તૃણ, કાષ્ટ, ફળ, પાંદડા, ટિંડા આદિમાં પ્રાય: ઉત્પન્ન થાય છે. ઉદા. કીડી, ઉધાઇ, ધીમેલ, લીખ, જૂ, માંકડ, ગધૈયાં, મંકોડા, ચાંચડ, કાનખજૂરા, ગીંગોડા, ગોકલગાય, સાવા, ગુલ્મી, છાણના કીડા, ધાન્યના કીડા, ધનેરાં આદિ.[2]

**ચાર ઇન્દ્રિય (ચઉરિન્દિ) જીવ :**

ચતુરિન્દ્રિય જીવને (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય અને (૪) ચક્ષુરિન્દ્રિય એ ચાર ઇન્દ્રિય હોય છે. તેને (૧) સ્પર્શ-

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૧૫

૨ ,, ,, ગા. ૧૬-૧૭

નેન્દ્રિય, (૨) કાયબલ, (૩) શ્વાસોશ્વાસ, (૪) આયુષ્ય, (૫) રસનેન્દ્રિય, (૬) વચનબલ, (૭) ઘ્રાણેન્દ્રિય અને (૮) ચક્ષુરિન્દ્રિય એ આઠ દ્રવ્યપ્રાણ હોય છે. આ જીવો અનેક રીતે ઉત્પન્ન થાય છે. ઉદા. વીંછી, કરોળિયા, ભમરા, ભમરી, કંસારી, મચ્છર, તીડ, માંખી, ડાંસ, મધમાંખ, પતંગિયાં, જીલ્લ, ખદ્યોત, ઢીંકણા, ખડમાંકડી, નંદ્યાવર્ત આદિ.૧

૧ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય, સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મજળ, સૂક્ષ્મઅગ્નિ અને સૂક્ષ્મવાયુ, બાદર સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, બાદરપૃથ્વી, બાદરજળ, બાદરઅગ્નિ, અને બાદરવાયુ એ દરેક પ્રકારના સ્થાવર એકેન્દ્રિય જીવ; દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, અને ચતુરિન્દ્રિય એ ત્રણ પ્રકારના વિકલેન્દ્રિય ત્રસ જીવ એ સર્વ જીવોને સંમુર્છિમ (માતપિતાના સંયોગ વિના) જન્મ હોય છે. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના દરેક જીવ અસંજ્ઞી (દ્રવ્યમન વિનાના) છે.

**પંચેન્દ્રિય (પંચેન્દ્િ) જીવ :**

પંચેન્દ્રિય જીવને (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) ચક્ષુરિન્દ્રિય, અને (૫) શ્રોત્રેન્દ્રિય--શ્રવણેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિય હોય છે. પંચેન્દ્રિય જીવના બે પ્રકાર છેઃ (૧) અસંજ્ઞી અને (૨) સંજ્ઞી.

અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને (૧) સ્પર્શનેન્દ્રિય (૨) કાયબલ, (૩) શ્વાસોશ્વાસ, (૪) આયુષ્ય, (૫) રસનેન્દ્રિય, (૬) વચનબલ, (૭) ઘ્રાણેન્દ્રિય (૮) ચક્ષુરિન્દ્રિય અને (૯) શ્રોત્રેન્દ્રિય એ નવ દ્રવ્યપ્રાણ હોય છે; જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ઉપરોકત નવ દ્રવ્યપ્રાણ ઉપરાંત મન એમ દશ દ્રવ્યપ્રાણ હોય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને પણ સંમૂર્છિમ જન્મ હોય છે; અને તેને દ્રવ્યમન હોતું નથી, તેના બે પ્રકાર છે:— (૧) તિર્યંચ અને (૨) મનુષ્ય.

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૧૮

સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ગર્ભજ અથવા ઔપપાતિક જન્મ હોય છે અને તેને મન હોય છે. દ્રવ્યમન હોવાના કારણે આ જીવ હિત અહિત, સારઅસાર, હેયજ્ઞેયઉપાદેય આદિ જાણી, પારખી, વિચારી, તારવી શકે છે, અને જો તે મનપર લે તો હેયને ત્યાગી ઉપાદેયને આદરી અમલમાં મૂકી શકે છે.

દરેક જીવને સ્પર્શનેન્દ્રિય અને મન એ બન્ને સમસ્ત દેહવ્યાપી હોય છે, જ્યારે બાકીની દરેક ઇન્દ્રિય તેના નિયતસ્થાને હોય છે,

સંજ્ઞી પંચેન્દ્રિય જીવના બે પ્રકાર છેઃ (૧) ગર્ભજ અને (૨) ઔપપાતિક. ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય જીવના બે પ્રકાર છેઃ (૧) તિર્યંચ (૨) મનુષ્ય.

ઔપપાતિક સંજ્ઞી પંચેન્દ્રિય જીવના બે પ્રકાર છે :– (૧) દેવ અને (૨) નારક.[૧]

## અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ:

સંજ્ઞી અને અસંજ્ઞી એ દરેક પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચ જીવના ત્રણ પ્રકાર છેઃ (૧) જળચર, (૨) સ્થલચર અને (૩) ખેચર.

મત્સ્ય, કાચબા, મગર, ગ્રાહ, શિશુમાર આદિ અનેક પ્રકારના જળચર પંચેન્દ્રિય તિર્યંચ જીવ છે.[૨]

સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવના બે પ્રકાર છે : (૧) ચતુષ્પદ અને (૨) પરિસર્પ.[૩] ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવના બે પ્રકાર છે:– (૧) એક ખરીવાળાં. ઉદા. અશ્વ, ખચ્ચર, ગધેડાં આદિ; (૨) બે ખરીવાળાં. ઉદા. ઊંટ, ગાય, ગવય, રોઝ, ભેંસ, મૃગ, સાબર, વરાહ, બકરાં, ઘેટાં, વરૂ, ચમર, કુરંગ, ગોકર્ણ આદિ· (૩) ગંડીપદ–જાડા પગવાળાં. ઉદા. હાથી, ગેંડા, ખડગ

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૧૯

૨ ,, ગા. ૨૦–૨૧–૨૨–૨૩

૩ ,, ગા. ૨૧

આદિ અને (૪) સનખપદ--નખસહિત પગવાળાં. ઉદા. સિંહ, વાઘ, દીપડા, રીંછ, શિયાળ, બિલાડી, કૂતરો, લોંકડી. સસલું, ચિત્રો આદિ.

પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવના બે પ્રકાર છેઃ– (૧)-ઉરઃ પરિસર્પ--પેટે ચાલનારાં. ઉદા. સાપ, નાગ, અજગર, અને (૨) ભુજ–પરિસર્પ–પેટે પણ હાથની મદદથી ચાલનારાં. ઉદા. નોળીઓ, કાકીડો, ગરોલી, ઉંદર, સરડો, ગોધો, બ્રાહ્મણી, હાલીની, જાહક આદિ.

ખેચર (આકાશમાં ચાલનારાં–પાંખો વાળા) પંચેન્દ્રિય તિર્યંચ જીવના ચાર પ્રકાર છે :– (૧) ચર્મ–ચામડાની પાંખોવાળાં. ઉદા. વાગોળ, ભારંડ, સમુર્દ્વાયસ, ચામાચિડિયાં આદિ; (૨) રોમ–પીછાંની પાંખોવાળાં. ઉદા. હંસ, કલહંસ, કાપોત, મોર, કાગડા, ઢંક, કંક, ચક્ર–વાક, ચકોર, ક્રૌંચ, સારસ, કંપિંજલ, કૂક્કુડ, પોપટ, લાવરી, હારિત, કોકીલ, ચાષ, બગલો, ચાતક, ખંજન, સમડી, ચકલો, ચકલી, દેવચકલી, ગીધ, સુઘરી, શ્યેન, સારિકા, શતપત્ર, ચંડોળ, કુંભકાર, ટીંટોડો, દુર્ગા, ઘુવડ આદિ; (૩) સમુદ્રક અથવા સમુદ્ગ. ૧ અને (૪) વિતત. ઉપરના ચારમાંના ચર્મ અને રોમ એ બે પ્રકારના ખેચર જીવ (પંખીઓ) અઢીદ્વીપ રૂપ મનુષ્ય લોકમાં હોય છે; બાકીના સમુદ્રક અને વિતત એ બે પ્રકારના ખેચર જીવ મનુષ્ય લોકમાં હોતા નથી; પરંતુ તેની બહારના દ્વીપ સમુદ્રમાં હોય છે. સમુદ્રક ખેચર જીવની પાંખો ડાબડાની માફક બિડાયેલી હોય છે; જ્યારે વિતત ખેચર જીવની પાંખો વિસ્તૃત અથવા ખુલ્લી હોય છે.

**અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય:**

અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને પણ સંમૂર્છિમ જન્મ હોય છે; તેને દ્રવ્યમન હોતું નથી. તે અઢીદ્વીપમાં રહેલ ગર્ભજ મનુષ્યના વિષ્ટા, મૂત્ર, કફ, નાકનામેલ, ઉલટી, પરૂ, પિત્ત, લોહી, વિર્યપરિત્યાગ, સ્ત્રી-પુરૂષસંયોગ, મડદાં, ગટર, નગરખાલ આદિ અશુચિસ્થાનમાં સ્વય-મેવ ઉત્પન્ન થાય છે.[1]

---

[1] જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૨૩

અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યનું દેહમાન અંગુલના અસંખ્યતમા ભાગનું હોય છે. તે દ્રવ્યમન રહિત, મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની હોય છે. ઉપરોક્ત સ્થાનોમાં ઉત્પન થતાંની સાથેજ તે પોતાની છ પર્યાપ્તિ (આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન) શરૂ તો કરી દે છે, અને આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ તો પુર્ણ પણ કરે છે; પરંતુ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા સિવાય તે મૃત્યુ પામે છે તિથી તે અપર્યાપ્ત ગણાય છે. તેનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આષ્યુય અંતર્મુહુર્ત-નું છે.

સંજ્ઞી મનુષ્યને ગર્ભજન્મ હોય છે. ગર્ભજન્મના ત્રણ પ્રકાર છેઃ (૧) જરાયુ (લોહીના પડની જાળી અર્થાત ઓરમાં વિંટાઇ જન્મ લેનાર) ઉદા. મનુષ્ય, ગાય આદિ; (૨) અંડજ–ઈંડામાંથી જન્મ લેનાર ઉદા. ચકલી, મોર, મેના, પોપટ, સૂડા, બગલા, કાગ, તેતર, આદિ; (૩) પોતજ–ઓર અથવા ઈંડા એ એના આશ્રય વિના યોનિ દ્વારા સીધી પણ સ્વચ્છ રીતે જન્મ લેનાર. ઉદા. હાથી, નોળીઓ, સસલો આદિ.[૧]

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય એ દરેક ને દ્રવ્યમન હોય છે.[૨] અસંજ્ઞી મનુષ્યની ઉત્પત્તિ પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અનેછપ્પન અંતર્દ્વીપ એ ૧૦૧ ક્ષેત્રમાં જ હોય છે. આમ ઉપરોક્ત કર્મભૂમિ, અકર્મભૂમિ નો પ્રસંગ પ્રાપ્ત થતાં જંબૂદ્વીપ અને અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યલોકનો વિચાર કરવાનો પ્રાપ્ત થાય છે.[૩]

**મધ્યલોક :**

ચૌદરાજપ્રમાણ લોક ગણાય છે; તેમાંના મધ્યલોકનો વિસ્તાર

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨. સૂ ૩૪

૨ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૨૩

૩ ,, પરિશિષ્ટ નં ૧, ૨,૩

(ચારેય દિશામાં) અસંખ્યાત લાખ યોજનનો છે; તેમાં અસંખ્યાત દ્વીપ સમુદ્ર અનુક્રમે વર્તુલાકારે આવેલા છે. તે સૌની મધ્યમાં જંબૂદ્વીપ અને છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. જંબૂદ્વીપ મધ્યમાં હોઈ ગોળ અને સપાટ છે; જયારે બાકીના સમુદ્ર દ્વીપ સમુદ્ર ચૂડીના આકારે ગોળ છે.

**જંબુદ્વીપ :**

જંબુદ્વીપનો વ્યાસ પ્રમાણાંગુલના માપે ૧,૦૦,૦૦૦ યોજન છે; તેની પછીના સમુદ્ર, દ્વીપ, સમુદ્ર અનુક્રમે બમણા બમણા વિસ્તારના છે. જંબુદ્વીપની મધ્યમાં મેરૂપર્વત છે.૧

**અઢીદ્વીપ અથવા મનુષ્યલોક :**

૧,૦૦,૦૦૦ યોજનના જંબૂદ્વીપની આસપાસ ૨૦૦,૦૦૦ યોજનનો લવણસમુદ્ર, લવણસમુદ્રની આસપાસ ૪૦૦,૦૦૦ યોજનનો ધાતકીખંડ, ધાતકીખંડની આસપાસ ૮૦૦,૦૦૦ યોજનનો કાલોદધિ સમુદ્ર અને કાલોદધિ સમુદ્રની આસપાસ મધ્યમાં માનુષોત્તર પર્વત ધરાવતો એવો ૧૬૦૦,૦૦૦ યોજનનો પુષ્કરવરદ્વીપ છે; તેમાં બીજી બાજુના લવણસમુદ્રના ૨૦૦,૦૦૦ ધાતકીખંડના ૪૦૦,૦૦૦ કાલોદધિ સમુદ્રના ૮૦૦,૦૦૦ ઉમેરતાં ૪૫૦૦,૦૦૦ યોજન વિસ્તારનો (અઢીદ્વીપ) મનુષ્યલોક થાય છે. બંને બાજુના ૧૬૦૦,૦૦૦ યોજનના પુષ્કરવરદ્વીપ વચ્ચે માનુષોતર પર્વત છે, તેનાથી અર્ધ અર્ધ પુષ્કરવરદ્વીપ જુદો પડે છે. આ સમગ્ર પુષ્કરવરદ્વીપ પછી પણ સમુદ્ર, દ્વીપ, સમુદ્ર, દ્વીપ એ અનુક્રમે બમણા બમણા વિસ્તારે છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી આવેલા છે.

પુષ્કરવરદ્વીપના ત્રણ ભાગ છે: (૧) અર્ધપુષ્કરવરદ્વીપ (૨) માનુષોત્તરપર્વત અને (૩) શેષપુષ્કરદ્વીપ. ઉપરના જંબૂદ્વીપ ધાતકીખંડ, અને અર્ધપુષ્કરવરદ્વીપ તેમાંના લવણ અને કાલોદ સમુદ્ર

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ.૩. સૂ ૭, ૮, ૯

સહિત અઢીદ્વીપ ગણાય છે. આ અઢીદ્વીપને મનુષ્યલોક કહેવાનું કારણ એ છે કે તેની બહાર કોઈ મનુષ્યનાં જન્મ કે મરણ થતાં નથી; જ્યારે બાકીના દ્વીપ અને સમુદ્રમાં તિર્યંચ જીવ હોય છે. કોઈ દેવ કે લબ્ધિધારી મનુષ્ય મનુષ્ય કે ગર્ભવતી સ્ત્રીનું હરણ કરી તેને અઢી દ્વીપ બહાર લઈ પણ જાય અથવા કોઈ લબ્ધિધારી મનુષ્ય યાત્રાર્થે અઢીદ્વીપ બહાર જાય તો પણ જન્મ અને મૃત્યુ સમયે તો તે તેને મનુષ્ય લોકમાં મૂકી જાય છે અથવા પાછો આવે છે. મનુષ્યનું જન્મ અને મરણ માત્ર અઢીદ્વીપમાં જ હોઈ શકે છે તે શાશ્વતક્રમ છે.

**જંબુદ્વીપના સાત ક્ષેત્ર અને છ વર્ષધર :**

જંબુદ્વીપમાં દક્ષિણે પ્રથમ ભરતક્ષેત્ર, તેની ઉત્તરે હિમવાન પર્વત, તેની ઉત્તરે હૈમવતક્ષેત્ર, તેની ઉત્તરે મહાહિમવાન પર્વત, તેની ઉત્તરે હરિવર્ષક્ષેત્ર, તેની ઉત્તરે નિષધપર્વત અને તેની ઉત્તરે મહા-વિદેહ ક્ષેત્ર છે. આ મહાવિદેહ ક્ષેત્રની મધ્યમાં ૧૦૦,૦૦૦ યોજન ઉંચાઈવાળો મેરૂ પર્વત છે. જંબુદ્વીપની ઉત્તરે પ્રથમ ઐરવતક્ષેત્ર, તેની ઉત્તરે હૈરણ્યવત, તેની ઉત્તરે રુકિમપર્વત, તેની ઉત્તરે રમ્યક ક્ષેત્ર, તેની ઉત્તરે નીલ પર્વત અને તેની ઉત્તરે મહાવિદેહ ક્ષેત્ર છે. જંબુ-દ્વીપમાં સાત ક્ષેત્ર છે; (૧) ભરત, (૨) હૈમવત, (૩) હરિવર્ષ, (૪) મહાવિદેહ, (૫) રમ્યક, (૬) હૈરણ્યવત અને (૭) ઐરવત.[૧] આ દરેક ક્ષેત્રને જુદા પાડતા એવા છ વર્ષધર પર્વત પણ જંબુદ્વીપમાં છે : (૧) હિમવાન, (૨) મહાહિમવાન, (૩) નિષધ, (૪) નીલ, (૫) રૂકિમ અને (૬) શિખરી.[૨] ઉપરોક્ત દરેક ક્ષેત્ર અને વર્ષધર પર્વત જંબુદ્વીપના છેડાપર્યંત પૂર્વ પશ્ચિમ લાંબા પથરાયેલ છે.

**મેરૂપર્વત :**

જંબુદ્વીપના મહાવિદેહની મધ્યમાં મેરૂપર્વત છે જે જંબુદ્વીપના

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ. ૩ સ ૧૦

૨ ,, ,, અ. ૩ સૂ ૧૧

નાભિસ્થાને છે. ઉપરોક્ત સાત ક્ષેત્ર એ દરેકની ઉત્તરે મેરૂપર્વત છે, '**સર્વેષામુત્તરે મેરૂ:**' જંબુદ્વીપમાં બે સૂર્ય ફરતા હોવાના કારણે દક્ષિણના ભરત આદિ ત્રણ ક્ષેત્રના, ઉત્તરના ઐરવત આદિ ત્રણ ક્ષેત્રના અને પૂર્વ તેમ પશ્ચિમ એ બે મહાવિદેહ ક્ષેત્રના સુર્યોદય સુર્યાસ્ત ભરત ક્ષેત્રના હિસાબે જુદી જુદી દિશામાં હોવા છતાં તે સાતેય ક્ષેત્રની ઉત્તરે મેરૂપર્વત છે. મહાવિદેહ ક્ષેત્રની મધ્યમાં મેરૂપર્વત હોવાથી તેના ચાર વિભાગ પડે છે: (૧) મેરૂપર્વતની ઉત્તરના ઉત્તરકુરૂ, (૨) મેરૂપર્વતની દક્ષિણનો દક્ષિણ અથવા દેવકુરૂ (૩) મેરૂપર્વતની પૂર્વનો પૂર્વ મહાવિદેહ અને (૪) મેરૂપર્વતની પશ્ચિમનો પશ્ચિમ મહાવિદેહ.

મેરૂપર્વતની ઉંચાઇ ૧,૦૦,૦૪૦ યોજન છે. ૧,૦૦૦ યોજન જમીનમાં છે, ૬૩,૦૦૦ યોજન મધ્યમાં ઉર્ધ્વ અને તેની પણ ઉર્ધ્વમાં ૩૬,૦૦૦ યોજન અને તેના પર ૪૦ યોજનની ચૂલીકા એ રીતે મેરૂની એ ઉંચાઇ બનેલી છે. જમીનમાં ૧,૦૦૦ યોજન મેરૂ છે તેની આસપાસનો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન છે અને શિખર નીકળવાની શરુઆત થાય છે ત્યાંનો વિસ્તાર ૧૦૦૦ યોજન છે. ઉપરોક્ત ચારે બાજુનો વિસ્તાર નીચેથી માંડીને ટોચ સુધી ચારે બાજુના વનથી ઘેરાયેલો છે; તેમાં નીચે (૧) ભદ્રશાલવન છે. (૨) તે પછી ૫૦૦યોજન ઉંચે નંદનવન* છે. (૩) તે પછી ૬૨૫૦૦ યોજન ઉંચે સૌમનસવન છે અને તે પછી ૩૬૦૦૦ યોજન ઉંચે પાંડુકવન છે. મેરૂપર્વતના પહેલા ભાગમાં શુદ્ધપૃથ્વી, કાંકરા આદિ છે; બીજા ભાગમાં ચાંદી, સ્ફટિક આદિ છે અને ત્રીજા ભાગમાં સુવર્ણની પ્રધાનતા છે. ૪૦ યોજન ચૂલિકાની સ્થૂલતા—મૂળમાં ૧૨ યોજન, મધ્યમાં ૮ યોજન અને ટોચે ૪ યોજન છે.

**કર્મભૂમિ :–**

જંબુદ્વીપના (૧) ભરત, (૨) ઐરવત અને (૩) મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર કર્મભૂમિ છે; તેમાં વસતા મનુષ્ય જીવનનિર્વાહ અર્થે

શ્રમ કરે છે અર્થાત અસિ(ક્ષત્રિય), મસિ (વાણિજ્ય) અને કૃષિ (ખેતી) એ ત્રણમાંની કોઈ એક કલા દ્વારા જીવનવ્યવહાર ચલાવે છે. સ્વામિ-સેવકભાવ, રાજાપ્રજા, ઉચ્ચ નીચ આદિ ભેદભાવ; અને ધર્મસંસ્થાપક એવા તીર્થંકર, રાજાઓના અધિરાજ એવા ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, પ્રતિવાસુદેવ આદિ ત્યાં થતા હોય છે.

**અકર્મભૂમિ :**

જંબુદ્વીપના બાકીના (૧) હૈમવત, (૨) હરિવર્ષ, (૩) દેવકુરૂ, (૪) ઉત્તરકુરુ, (૫) રમ્યકવર્ષ અને (૬) હૈરણ્યવત એ છ અકર્મ-ભૂમિ છે; ત્યાં જીવનવિર્વાહ અર્થે શ્રમ કરવાનો હોતો નથી; ત્યાં મનુષ્ય કુદરત પર આધાર રાખે છે અર્થાત કલ્પવૃક્ષથી નિર્વાહ આદિની વસ્તુ મેળવી લે છે. સ્વામીસેવકભાવ, રાજાપ્રજા, ઉચ્ચ નીચ આદિ ભેદભાવ અને તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, પ્રતિવાસુદેવ આદિ ત્યાં થતા નથી.

**૫૬ અંતર્દ્વીપ :**

જંબુદ્વીપની આસપાસ આવેલ લવણ સમુદ્રમાં ગયેલ હિમવાન પર્વ-તના પૂર્વ અને પશ્ચિમ એ બે છેડે તેમજ શિખરી પર્વતના પણ પૂર્વ અને પશ્ચિમ એ બે છેડે એ રીતે ચાર છેડે ચૌદ ચૌદ અંતર્દ્વીપ આવેલ છે; આમ દરેક છેડે ચૌદ ચૌદ ગણતાં ચાર છેડાના અંતર્દ્વીપ ૫૬ થાય છે. તે બધા અકર્મભૂમિના જેવા છે.

**ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ :**

ધાતકીખંડ અને અર્ધપુષ્કરવરદ્વીપ એ દરેકની વચ્ચે સમુદ્ર હોવાના કારણે એ દરેકના પૂર્વ અને પશ્ચિમ એવા બે વિભાગ પડી જાય છે. એ દરેક વિભાગમાં જંબુદ્વીપની માફક ક્ષેત્રો અને વર્ષધર પર્વત આવેલા છે. આમ ધાતકીખંડ અને અર્ધ પુષ્કરવરદ્વીપ એ દરેકનાં ૨ભરત, ૨ ઐરવત અને ૨ મહાવિદેહ એમ છ છ કર્મભૂમિ ગણતાં બાર કર્મભૂમિઓ છે; જ્યારે એ દરેકમાં ૨હૈમવત, ૨હરિવર્ષ, ૨ રમ્યકવર્ષ, ૨ હૈરણ્યવત ૨

ઉત્તરકુરુ અને ૨ દેવકુરૂ એમ બાર બાર અકર્મભુમિ ગણતાં ચોવીશ અકર્મભુમિઓ છે. કાલોદધિસમુદ્રમાં અંતર્દ્વીપ નથી.

**પંદર કર્મભૂમિઓ :**

| | | | |
|---|---|---|---|
| જંબુદ્વીપે. ૧ ભરત | ધાતકીખંડે ૨ ભરત | પુષ્કરવરાર્ધદ્વીપે ૨ ભરત | મળીને ૫ ભરત |
| જંબુદ્વીપે. ૧ ઐરવત ,, | ૨ ઐરવત | ,, ૨ ઐરવત | ,, ૫ ઐરવત |
| જંબુદ્વીપે. ૧ મહાવિદેહ ,, | ૨ મહાવિદેહ | ,, ૨ મહાવિદેહ | ,, ૫ મહાવિદેહ |

આ પ્રમાણે કર્મભુમિના કુલ ક્ષેત્ર ૧૫ છે.

ઉપરોક્ત કર્મભુમિના ક્ષેત્રમાં જન્મ અને મૃત્યુ પામતા એવા મનુષ્ય **કર્મભુમિજ** મનુષ્ય કહેવાય છે.

**ત્રીશ અકર્મભુમિઓ :**

| | | | |
|---|---|---|---|
| જંબુદ્વીપે ૧ હૈમવત | ધાતકીખંડે ૨ હૈમવત | પુષ્કરવરાર્ધદ્વીપે ૨ હૈમવત | મળીને ૫ હૈમવત |
| ,, ૧ હરિવર્ષ | ,, ૨ હરિવર્ષ | ,, ૨ હરિવર્ષ | ,, ૫ હરિવર્ષ |
| ,, ૧ રમ્યક | ,, ૨ રમ્યક | ,, ૨ રમ્યક | ,, ૫ રમ્યક |
| ,, ૧ હૈરણ્યવત | ,, ૨ હૈરણ્યવત | ,, ૨ હૈરણ્યવત | ,, ૫ હૈરણ્યવત |
| ,, ૧ ઉત્તરકુરૂ | ,, ૨ ઉત્તરકુરૂ | ,, ૨ ઉત્તરકુરૂ | ,, ૫ ઉત્તરકુરૂ |
| ,, ૧ દેવકુરૂ | ,, ૨ દેવકુરૂ | ,, ૨ દેવકુરૂ | ,, ૫ દેવકુરૂ |

એ પ્રમાણે અકર્મભુમિના કુલ ક્ષેત્ર ૩૦ છે.

ઉપરોક્ત અકર્મભુમિમાં જન્મ અને મૃત્યુ પામતા એવા મનુષ્ય **અકર્મભુમિજ** મનુષ્ય કહેવાય છે. આ ઉપરાંત લવણસમુદ્રમાં આવેલ ૫૬ અંતર્દ્વીપમાં જન્મ અને મૃત્યુ પામતા એવા મનુષ્ય

અંતર્દ્વીપજ મનુષ્ય કહેવાય છે. આમ પંદર કર્મભુમિ, ત્રીશ અકર્મભુમિ અને છપ્પન અંતર્દ્વીપ એ ૧૦૧ ક્ષેત્રના ૧૦૧ પ્રકારના મનુષ્ય છે.

## કર્મભુમિની વિશેષતા

ધર્મપ્રવર્ત્તક એવા તીર્થંકર, રાજાઓના અધિરાજ અને ૭ ખંડ પૃથ્વી જીતી તેને ભોગવનાર ચક્રવર્તિ, ત્રણ ખંડ પૃથ્વી મેળવનાર પ્રતિવાસુદેવ, પ્રતિવાસુદેવને મારી ણ ખંડ પૃથ્વી જીતી લઈ તેને ભોગવનાર વાસુદેવ અને વાસુદેવના બન્ધું અને સહાયક એવા બલદેવ, બલરામ આદિ માત્ર કર્મભુમિમાં ઉત્પન્ન થાય છે. કર્મભુમિમાં ધર્મપ્રવર્ત્તન હોવાના કારણે ત્યાં વસતા મનુષ્યને તીર્થંકરે પ્રવર્ત્તાવેલ તીર્થની હયાતીમાં મોક્ષ પ્રાપ્ત કરવાની જોગવાઇનો સહજ લાભ મળે છે અને તેવો લાભ લેનાર જીવ ક્રમશઃ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે.

કર્મભુમિના પાંચ ભરત અને પાંચ ઐરવત એ દશ ક્ષેત્રમાં કાળની ગણના છે, તે કાળચક્ર અનુસાર ગણાય છે.

કાલચક્રના બે વિભાગ છે :– (૧) ઉત્સર્પિણી–રસકસ આદિમાં ચઢતો કાલ અને (૨) અવત્સર્પિણી–રસકસ આદિમાં ઉતરતો કાલ. એ દરેક વિભાગ ૧૦ કોટાકોટી સાગરોપમનો છે; એમ એક કાલચક્ર ૨૦ કોટાકોટી સાગરપમ કાળનું છે. આવા અનંતા કાલચક્ર પસાર થતાં એક પુદ્ગલપરાવર્ત કાલ થાય છે.

ઉત્સર્પિણી કાલના ૭ આરા–વિભાગ છે : (૧) દુઃખમદુઃખમ, (૨) દુઃખમ, (૩) દુઃખમસુખમ, (૪) સુખમદુઃખમ, (૫)સુખમ અને (૬) સુખમસુખમ. એ દરેક વિભાગનું કાલમાન અનુક્રમે ૨૧,૦૦૦ વર્ષ, ૨૧૦૦૦ વર્ષ, ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ, ૨ કોટાકોટી સાગરોપમ, ૩ કોટાકોટી સાગરોપમ અને ૪ કોટાકોટી સાગરોપમ એ પ્રમાણે છે. અવત્સર્પિણી કાળના ઉપર બતાવ્યા તેથી ઉલટા

ક્રમે ૭ આરા છે, અને એ દરેકનું કાલમાન પણ તેનાથી ઉલટા ક્રમે સમજી લેવાનું છે.

દશ કોટાકોટી સાગરોપમના ઉત્સર્પિણી અથવા અવત્સર્પિણી એ દરેક વિભાગમાં ધર્મપ્રવર્તનનું કાલમાન એકલાખ પૂર્વ ઉપરાંત એક કોટાકોટી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષન્યુંન પ્રમાણ હોય છે; આમ કાલચક્રના બે વિભાગમાં થઈને ધર્મપ્રવર્તનનો સમગ્ર કાલ બે લાખ પૂર્વ ઉપરાંત બે કોટાકોટી સાગરોપમમાં ૮૪૦૦૦ વર્ષન્યુન પ્રમાણ થાય છે. ધર્મપ્રવર્તન કાલમાં પડતું અંતર લગભગ અઢાર કોટાકોટી સાગરોપમનું ગણાય છે. વ્યવહાર પ્રવર્તનકાલ બે કાલચક્રમાં થઈને લગભગ ૧૬૮ લાખ પૂર્વ અને બે કોટાકોટી સાગરોપમમાં ૮૪૦૦૦ વર્ષન્યૂન પ્રમાણ હોય છે.

ઉત્સર્પિણીના પહેલા બે અને છેલ્લા બે એ ચાર આરામાં ધર્મ-પ્રવર્ત્તન હોતું નથી; બીજા આરાના અંતે ધર્મપ્રવર્તક એવા પહેલા તીર્થંકર ભગવંતનો જન્મ થાય છે અને ધર્મપ્રવર્તન તો ત્રીજા આરામાંજ હોય છે; જ્યારે છેલ્લા તીર્થંકર ચોથા આરાની શરૂઆતમાં હોય છે અને તે પછી કેટલોક કાલ ધર્મપ્રવર્તન ચાલુ રહે છે. અવત્સર્પિણીના પહેલા બે અને છેલ્લા એ ત્રણ આરામાં ધર્મપ્રવર્ત્તન હોતું નથી; ત્રીજા આરાના અંતભાગમાં પહેલા તીર્થંકર ભગવંતનો જન્મ, તેમનું ધર્મપ્રવર્તન અને નિર્વાણ હોય છે. ચોથા આરામાં બાકીના તીર્થંકર ભગવંતના ધર્મપ્રવર્તન હોય છે, જ્યારે છેલ્લા મોક્ષ પ્રાપ્ત કરનાર પાંચમા આરાની શરૂઆતમાં મોક્ષે જાય છે; ધર્મપ્રવર્તન પાંચમા આરાના અંત સુધી રહે છે.

કર્મભુમિમાંના પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં કાલની ગણના હોવા છતાં ત્યાં કાલચક્ર નથી; ત્યાં નિરંતર અહીંના ચોથા આરાના ભાવ વર્ત્યા કરે છે. સ્વામીસેવક, રાજાપ્રજા, ઉચ્ચનીચ આદિ ભેદભાવ, તીર્થંકર, કેવળી, ચૌદ પૂર્વધર, ચક્રવર્ત્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બલદેવ આદિ ત્યાં નિરંતર વર્ત્તે છે.

કર્મભુમિમાં વસતા મનુષ્યના બે પ્રકાર છે:— (૧) આર્ય અને (૨) મ્લેચ્છ.૧ શિષ્ટમાન્ય આચારને વર્ત્તનમાં મુકનાર આર્ય છે; તેથી વિપરીત વર્ત્તનાર અનાર્ય છે. શિષ્ટપુરૂષના અભાવે અકર્મભુમિ અને અંતર્દ્વીપના મનુષ્ય અનાર્ય—મ્લેચ્છ છે.

**આર્યના બે પ્રકાર :**

આર્યના બે પ્રકાર છે: (૧) ઋદ્ધિવંત અને (૨) ઋદ્ધિરહિત. શિષ્ટ અથવા શલાકા પુરૂષ એ ઋદ્ધિવંત આર્ય છે. તેના સાત પ્રકાર છે: (૧) તીર્થંકર અથવા અરિહંત, (૨) ચક્રવર્તી, (૩) વાસુદેવ (૪) બલદેવ, (૫) પ્રતિવાસુદેવ, (૬) ચારણમુનિ અને (૭) વિદ્યાધર.

ઋદ્ધિવંત આર્યસ્થાપિત વ્યવહારપ્રણાલિને અનુસરી વર્ત્તન કરનાર ઋદ્ધિરહિત આર્ય છે. તેના નવ પ્રકાર છે: (૧) ક્ષેત્ર, (૨) જાતિ, (૩) કુલ, (૪) કર્મ, (૫) શિલ્પ, (૬) ભાષા, (૭) જ્ઞાન, (૮) દર્શન અને (૯) ચારિત્ર.

આર્યક્ષેત્રમાં જન્મ પામનાર જન્મ અથવા ક્ષેત્રઆર્ય છે. ભરત ક્ષેત્રમાં ૨૫॥ આર્યદેશ છે:— (૧) મગધ (રાજગ્રહી), (૨) અંગ (ચંપા), (૩) બંગ (તામ્રલિપ્તિ), (૪) કલિંગ (કંચનપુર), (૫) કાશી (બનારસ), (૬) કોશલ (અયોધ્યા), (૭) કુરૂ (હસ્તીનાપુર), (૮) કુશાવર્ત (સૌરીપુર), (૧૦) જંગલ (અહિછત્રા), (૧૧) સૌરાષ્ટ્ર (દ્વારકા), (૧૨) વિદેહ (મિથિલા), (૧૩) વત્સ (કોસંબી), (૧૪) શાંડિલ્ય (નારદપુર), (૧૫) મલય (ભદ્દિલપુર), (૧૬) વત્સ (વૈરાટ), (૧૭) વરણ (અચ્છાપુરી), (૧૮) દશાર્ણ (મૃતિકાવતી), (૧૯) ચેદિ (શૌક્તિકાવતી), (૨૦) સિંધુ-સૌવીર (વીતભયપટ્ટન), (૨૧) સુરસેન (મથુરા), (૨૨) ભંગ (પાવા), (૨૩) પરિવર્ત (માસા), (૨૪) કુલાણ (શ્રાવસ્તી) (૨૫) લાટ (કોટીવર્ષા) અને (૨૫॥) અર્ધકૈકય (શ્વેતાંબી).

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સુત્ર અ. ૩ સૂ. ૧૫

વિખ્યાત જાતિમાં જન્મ પામનાર જાતિઆર્ય છે; જાતિ ૭ છેઃ- (૧) અંબિષ્ટ, (૨) કલિંદ, (૩) વિદેહ, (૪) વેદગ, (૫) હરિત અને (૬) ચંચૂણ.

વિખ્યાત કુલમાં જન્મ પામનાર કુલઆર્ય છે; કુલ સાત છે:- (૧) ઉગ્ર, (૨) ભોગ, (૩) રાજન્ય, (૪) ઇક્ષ્વાકુ, (૫) જ્ઞાત, (૬) કૌરવ, અને (૭) હરિ.

વિવિધ કર્મદ્વારા આજીવિકા મેળવનાર કર્મઆર્ય છે; કર્મના જુદા જુદા પ્રકાર છે :- (૧) તૂણનાર, (૨) વણનાર, (૩) દરજી, (૪) ચિત્રકાર, (૫) સાદડી ગૂંથનાર, (૬) પાદુકાકાર, (૭) છત્રકાર, (૮) પુસ્તકકાર, (૯) લેપ્યકાર, (૧૦) શંખકાર, (૧૧) દંતકાર...... આદિ

વિવિધ શિલ્પદ્વારા આજીવિકા મેળવનાર શિલ્પઆર્ય છે; શિલ્પના જુદા જુદા પ્રકાર છે :- (૧) કુંભાર, (૨) લુહાર, (૩) સોની, (૪) કંસારા, (૫) હજામ......આદિ.

શિષ્ટભાષા બોલનાર ભાષાઆર્ય છે; ભાષા અનેક છે :- (૧) માગધી, (૨) સંસ્કૃત, (૩) અર્ધમાગધી...આદિ.

જ્ઞાન મેળવનાર જ્ઞાનઆર્ય છે; જ્ઞાનના પાંચ પ્રકાર છેઃ- (૧)મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યાય અને (૫) કેવલ.

દર્શનના ભાવ પ્રાપ્ત કરનાર દર્શનઆર્ય છે; દર્શનના બે પ્રકાર છે :- (૧) સરાગ અને (૨) વીતરાગ. દર્શન માટેની રૂચિ અથવા રાગ એ સરાગદર્શન છે; તેના દશ પ્રકાર છે :- (૧) નિસર્ગ, (૨) ઉપદેશ, (૩) આજ્ઞા, (૪) સૂત્ર, (૫) બીજ, (૬) અધિગમ, (૭) વિસ્તાર, (૮) સંક્ષેપ, (૯) ક્રિયા અને (૧૦) ધર્મ. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ અને તદનુસાર જીવનવ્યવહાર એ વીતરાગદર્શન છે; તેના ત્રણ પ્રકાર છે :- (૧) અવિરત સમ્યગ્દૃષ્ટિ, (૨) દેશવિરત અને (૩) સર્વવિરત.

ચારિત્ર ધારણ કરનાર ચારિત્રઆર્ય છે; ચારિત્રના પાંચ પ્રકાર છેઃ- (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપનીય, (૩) પરિહારવિશુદ્ધિ, (૪)

સૂક્ષ્મસંપરાય. અને (૫) યથાખ્યાત.૧

આર્યની ઉપરની જુદી જુદી કક્ષામાંથી કોઈપણ કક્ષામાં ન સમાઇ શકનાર મ્લેચ્છ છે.

**અકર્મભુમિના મનુષ્ય :–**

અકર્મભૂમિમાં ધર્મપ્રવર્તન હોતું નથી; તે કારણે ત્યાંના મનુષ્ય અલ્પકષાયી હોવા છતાં મ્લેચ્છ ગણાય છે.

અકર્મભૂમિના ત્રણ પ્રકાર છે:– (૧) પાંચ હિમવંત અને પાંચ હૈરણ્યવત. આ ભૂમિના મનુષ્યને ૬૪ પાંસલી, ૧ ગાઉની ઉંચાઈ, ૧ પલ્યોપમનું આયુષ્ય, વજ્રૠષભનારાચસંઘયણ, સમચતુરસ્ત્ર-સંસ્થાન, એકાંતરે આમળાના ફળપ્રમાણ આહાર અને ૭૯ દિવસ સંતાનપાલન હોય છે. પાંચ ભરત અને પાંચ ઐરવતમાં યુગલિકની આ સ્થિતિ અવત્સર્પિણીના ત્રીજા આરામાં અને ઉત્સર્પિણીના ચોથા આરામાં હોય છે. (૨) પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યકવર્ષ. આ ભૂમિના મનુષ્યને ૧૨૮ પાંસળી, ૨ ગાઉની ઉંચાઇ, ૨ પલ્યોપમનું આયુષ્ય, વજ્રૠષભનારાચસંહનન, સમચતુરસ્ત્રસંસ્થાન, બે દિવસના આંતરે બોરફળના પ્રમાણ આહાર અને ૬૪ દિવસ સંતાનપાલન હોય છે. પાંચ ભરત અને પાંચ ઐરવતમાં યુગલિકની આ સ્થિતિ અવસર્પિણીના બીજા આરામાં અને ઉત્સર્પિણીના પાંચમા આરામાં હોય છે. (૩) પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ. આ ભુમિના મનુષ્યને ૨૫૬ પાંસળી, ૩ ગાઉની ઉંચાઇ, ૩ પલ્યોપમનું આયુષ્ય, વજ્રૠષભનારાચ સંહનન, સમચતુરસ્ત્ર સંસ્થાન, ત્રણ દિવસનાં અંતરે તુવેરનાદાણાપ્રમાણ આહાર અને ૪૮ દિવસ સંતાનપાલન હોય છે. પાંચ ભરત અને પાંચ ઐરવતમાં યુગલિકની આ સ્થિતિ અવસર્પિણીના પહેલા અને ઉત્સર્પિણી છઠ્ઠા આરામાં હોય છે.

**અંતર્દ્વીપના મનુષ્ય :**

અંતર્દ્વીપ પણ અકર્મભુમિના જેવા છે; તે કારણે આ ભુમિના

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ. ૯ સુ. ૧૮

મનુષ્ય પણ મ્લેચ્છ ગણાય છે. આ ભુમિના મનુષ્યને ૬૪ પાંસળી, ૮૦૦ ધનુષ્યની ઉંચાઇ, પલ્યોપમના અસંખ્યાતમાભાગનું આયુષ્ય, એકાંતરે કલ્પવૃક્ષના ફળનો આહાર અને ૭૯ દિવસ સંતાનપાલન આદિ હોય છે.

અકર્મભુમિ અને અંતર્દીપમાં યુગલિક મનુષ્ય હોય છે; પાંચ ભરત અને પાંચ ઐરવતમાં પણ અવત્સર્પિણીના પહેલા, બીજા અને ત્રીજા તેમજ ઉત્સર્પિણીના ચોથા પાંચમા અને છઠ્ઠા આરામાં યુગલિક મનુષ્ય હોય છે.

આમ આપણે સ્થાવર જીવ, ત્રસજીવમાંના વિકલેન્દ્રિય જીવ અને પંચેન્દ્રિય જીવમાંના અસંજ્ઞી અને સંજ્ઞી એવા તિર્યંચ અને મનુષ્ય એ દરેકનો વિચાર કરી ગયા. પંચેન્દ્રિય જીવમાંના ઔપપાતિક જન્મવાળા એવા દેવ અને નારક એ બે પ્રકારના જીવનો વિચાર કરવાનો હવે પ્રાપ્ત થાય છે.

**દેવના પ્રકાર:**

દેવના ચાર નિકાય (પ્રકાર) છે: (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને વૈમાનિક૧. ભવનપતિના દશ, વ્યંતરના આઠ, જ્યોતિષ્કના પાંચ અને વૈમાનિકના બે પ્રકાર છે; (૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત૨. કલ્પોપન્ન વૈમાનિકના બાર અને કલ્પાતીત વૈમાનિકના (નવગ્રૈવયક અને પાંચ અનુત્તર) બે પ્રકાર છે.૩

(૧) અસુર, (૨) નાગ, (૩) વિદ્યુત, (૪) સુવર્ણ, (૫) અગ્નિ (૬) વાત–વાયુ, (૭) સ્તનિત–મેઘ, (૮) ઉદધિ, (૯) દ્વીપ અને (૧૦) દિક–દિશા એ દશ પ્રકાર ભવનપતિ દેવ છે.૪

(૧) કિન્નર, (૨) કિંપુરૂષ, (૩) મહોરગ, (૪) ગંધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભુત અને (૮) પિશાચ એ આઠ પ્રકારના વ્યંતર દેવ છે.૫

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ.૪ સૂ. ૧ ૪ તત્વર્થાધિગમસૂત્ર અ.૪ સૂ ૧૧
૨ ,, અ.૪ સૂ. ૩ ૫ ,, અ ૪ સૂ ૧૨
૩ ,, અ.૪ સૂ. ૧૯,૨૦

(૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) પ્રકીર્ણક-પરચુરણ છુટાછવાયા તારા એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવ છે.૧ એ દરેકના બે પ્રકાર છે:— (૧) ચરજ્યોતિષ્ક-ફરતા અને (૨) સ્થિરજ્યોતિષ્ક—પ્રભારૂપે સ્થિર. ચરજ્યોતિષ્ક દેવ મનુષ્યલોકમાં ગતિશીલ છે; સ્થિરજયોતષ્ક મનુષ્યલોકની બહાર સ્થિરતેજોમય છે. ચરજ્યોતિષ્કની ગતિના કરણે કાલગણના શકય બને છે.૨

(૧) સૌધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આણત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત એ બાર પ્રકારના કલ્પોપન્ન વૈમાનિક દેવ છે. ૩

(૧) નવગ્રૈવેયક અને (૨) પાંચઅનુત્તર એ બે પ્રકારના કલ્પાનીત વૈમાનિક દેવ છે.૩

(૧) સુદર્શન, (૨) સુપ્રતિષ્ઠિત, (૩) મનોરમ, (૪) સર્વતોભદ્ર, (૫) સુવિશાલ, (૬) સુમનસ, (૭) સૌમનસ, (૮) પ્રીયંકર અને (૯) નંદિકર એ નવપ્રકારના નવગ્રૈવેયક વિમાનના કલ્પાતીત દેવ છે.

(૧) વિજય, (૨) વૈજયંત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ એ પાંચ પ્રકારના પાંચ અનુત્તરવિમાનના કલ્પાતીત દેવ છે.૩

(૧) ઈન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશ, (૪) પારિષદ્ય, (૫) આત્મરક્ષ, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણ, (૯) અભિયોગ્ય અને (૧૦) કિલ્બિષક એ દશ પ્રકારની જાતિઓ ભવનપતિ

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૪ સૂ. ૧૩
૨ ,, ,, ૧૪ ૧૫
૩ ,, ,, ૨૦

અને વૈમાનિક દેવલોકમાં હોયછે.૧ (૧) ત્રાયસ્ત્રિંશ અને (૨) લોકપાલ એ બે સિવાયની આઠ જાતિઓ વ્યંતર અને જ્યોતિષ્ક દેવલોકમાં હોય છે.૧

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક એ ત્રણેય બાર વૈમાનિકની જેમ કલ્પોપન્ન છે; અર્થાત ત્યાં દરેક ઠેકાણે રાજાપ્રજા, સ્વામીસેવક, ઉચ્ચનીચ આદિ ભેદભાવસૂચક તેમજ તીર્થંકરોના કલ્યાણક ઉજવવા જવા આવવા આદિ વ્યહવહાર પ્રવર્તે છે.

નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવિમાનના દેવો કલ્પાતીત છે; તેમને ત્યાં ઉપરોક્ત વ્યવહાર પ્રવર્તતો નથી. એ સર્વ દેવો અહમિન્દ્ર છે; તીર્થંકર પ્રભુના કલ્યાણક આદિ પ્રસંગે પણ તેઓ આવી શકતા નથી, પરંતુ સ્વસ્થાને રહી ઉપાસના કરે છે.

ભવનપતિ, વ્યંતર, જયોતિષ્ક અને કલ્પોપન્નના સૌધર્મ અને ઈશાન એ બે વૈમાનિક દેવલોકસુધી દેવીની ઉત્પત્તિ છે. દેવીઓ બે પ્રકારની છે:– (૧) પરિગ્રહિતા અને (૨) અપરિગ્રહિતા. ભવનપતિ, વ્યંતર, જયોતિષ્ક અને કલ્પોપન્નના સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો મનુષ્યની માફક કાયાથી મૈથુનસેવનાર હોય છે.૨ સાનત્કુમાર અને મહેન્દ્ર એ બે દેવલોકના દેવ માત્ર સ્પર્શસેવી, બ્રહ્મલોક અને લાંતક એ બે દેવલોકના દેવ માત્ર રૂપસેવી, મહાશુક્ર અને સહસ્ત્રાર એ બે દેવલોકના દેવ માત્ર શબ્દસેવી, અને આણત, પ્રાણત, આરણ અને અચ્યૂત એ ચાર દેવલોકના દેવ માત્ર સંકલ્પસેવી હોય છે.૨ કલ્પાતીત એવા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવિમાનના દેવોને દેવીનો કોઈપણ પ્રકારે સંપર્ક હોતો નથી, તેઓની વિષયવાસના શાંત હોય છે.૨ આ રીતે ઉપરઉપરના દેવની વિષયવાસના મંદ મંદતર મંદતમ રહેતી હોવાથી નીચેનીચેના દેવ કરતાં ઉપરઉપરના દેવ અધિક અધિક–તર અધિકતમ સુખનો અનુભવ–આસ્વાદ કરતા રહે છે.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૪ સૂ ૪, ૫

૨ ” અ. ૪ સૂ ૮, ૯

## દેવોનો પરિગ્રહ:

દેવોના પરિગ્રહમાં વિમાન ગણાય છે. ભવનપતિના ૭,૭૨,૦૦૦૦૦ વ્યંતર અને જયોતિષ્ક એ દરેકના અસંખ્યાત, સૌધર્મના ૩૨,૦૦,૦૦૦, ઈશાનના ૨૮૦૦,૦૦૦, સાનત્કુમારના ૧૨,૦૦,૦૦૦, મહેન્દ્રકુમારના ૮,૦૦,૦૦૦, બ્રહ્મલોકના ૪,૦૦,૦૦૦ લાંતકના ૫૦,૦૦૦ મહાશુક્રના ૪૦,૦૦૦, સહસ્ત્રારના ૬,૦૦૦, આણત અને પ્રાણત એ બેના ૪૦૦, આરણ અને અચ્યૂત એ બેના ૩૦૦, નીચેના ત્રણગ્રૈવયકના ૧૧૧, મધ્યના ત્રણગ્રૈવેયકના ૧૦૭ અને ઉર્ધ્વના ત્રણગ્રૈવેયકના ૧૦૦ એમ નવગ્રૈવેયકના કુલ ૩૧૮; પાંચ અનુત્તરના દરેકના એક એક એમ ૫ એ પ્રમાણે એ દરેકને વિમાનનો પરિગ્રહ હોય છે. ભવનપતિને વિમાનના સ્થાને ભવન અથવા આવાસ હોય છે.

## દેવોના સ્થાન:

પ્રમાણાંગુલે ૧૮૦,૦૦૦ યોજન જાડી રત્નપ્રભાપૃથ્વીના ઉપરના ૧,૦૦૦ અને નીચેના ૧,૦૦૦ એમ બે હજાર યોજન બાદ કરતાં વચ્ચેના બાકી રહેલા ૧,૭૮૦૦૦ યોજનના (૧) ઉત્તરશ્રેણી અને (૨) દક્ષિણશ્રેણી એ દરેકમાં ભવનપતિનાં ભવન અને આવાસો રહેલા છે, તેમાં દશ પ્રકારના ભવનપતિ વસે છે.

રત્નપ્રભા પૃથ્વી ઉપરના ૧,૦૦૦ યોજન અને નીચેના ૧,૦૦૦ યોજન એ દરેકમાંના ઉપરના અને નીચેના ૧૦૦, ૧૦૦ એમ બસો યોજન બાદ કરતાં વચ્ચેના બાકી રહેતા નીચે ઉપરના ૮૦૦-૮૦૦ યોજનમાં ઉત્તરશ્રેણી અને દક્ષિણશ્રેણી એ દરેકમાં આઠે પ્રકારના વ્યંતર દેવ વસે છે. આ ઉપરાંત આ જાતિના દેવો વન, ગુફા આદિ-સ્થાનોમાં પણ વસે છે.

મેરૂપર્વતના આઠ રૂચકપ્રદેશથી જેનું સમતલ ગણાય છે તેવી આ રત્નપ્રભાપૃથ્વીના તે સમતલથી ૮૦૦ યોજન ઉંચે સૂર્ય, ૮૮૦ યોજને ચંદ્ર, ૮૮૪ યોજને નક્ષત્ર, ૮૮૮ યોજને બુધ, ૮૯૧

યોજને શુક્ર, ૮૯૪ યોજને ગુરૂ, ૮૯૭ યોજને મંગલ, અને ૯૦૦ યોજને શનિ એ પ્રમાણે ગ્રહો આવેલા છે. આમાંના નિયતચારી ચરજયોતિષ્કના બિમાનો મેરૂપર્વતની સમતલભૂમિથી ૮૦૦ અને ૯૦૦ યોજન ઉર્ધ્વમાં ગતિ કરી રહ્યા છે; જ્યારે કેટલાક અનિયતચારી ચરજ્યોતિષ્કનાં વિમાનો સૂર્યથી ૧૦ યોજન નીચે અને શનિથી ૧૦ યોજન ઉંચે એમ ઉર્ધ્વમાં ૭૯૦ થી ૯૧૦ યોજનમાં ગતિ કરી રહ્યા છે. ચરજયોતિષ્કદેવની આ ગતિના કારણે કાલગણના કરી શકાય છે૧. આ ઉરાંત સ્થિરજયોતિષ્કદેવનાં વિમાનો મનુષ્યલોકની બહારના દ્વીપ સમુદ્રમાં જયોતિર્મય સ્વરૂપે સ્થિર રહેલાં છે.

જંબુદ્વીપમાં ૨, લવણસમુદ્રમાં ૪, ધાતકીખંડમાં ૧૨, કાલોદધિ-સમુદ્રમાં ૪૨, અને અર્ધપુષ્કરવરદ્વીપમાં ૭૨ એ રીતે અઢીદ્વીપરૂપ મનુષ્યલોકમાં ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર છે. એક ચંદ્રનો પરિવાર ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૭૯૫ કોટાકોટી પ્રકીર્ણક તારા એ પ્રમાણે છે.

જયોતિષ્ક દેવલોકથી અસંખ્યાત યોજન ઉંચે ઉર્ધ્વમાં વૈમાનિક દેવો ઉપર ઉપર વસે છે.

### દેવ અંગે વિશેષ માહિતી :

સ્થિતિ (આયુષ્ય), પ્રભાવ (સત્તા-તાપ), સુખ, દ્યુતિ (તેજ-સ્વિતા), લેશ્યા, પરિણામ (ભાવના), ઇન્દ્રિય (ગ્રહણશક્તિ–પટુતા), વિશુદ્ધિ (પવિત્રતા) અને અવધિજ્ઞાન એ દરેક વિષયમાં ઉપર ઉપરના દેવ ક્રમશ : અધિકતર-અધિકતમ હોય છે;૨ જ્યારે ગતિ (ગમનાગમન-શક્તિ), શરીર (દેહમાન), પરિગ્રહ (પરિવાર) અને અભિમાન એ દરેક વિષયમાં ઉપર ઉપરના દેવ ક્રમશ : હીન હીનતર હીનતમ હોય છે.૩

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ.૪ સૂ. ૧૫
૨ ,, ,, અ.૪ સૂ. ૨૧
૩ ,, ,, અ.૪ સૂ. ૨૨

શ્વાસોશ્વાસનું કાલમાન આયુષ્ય પર નિર્ભર છે. ૧૦,૦૦૦ વર્ષાયુને સ્તોકપ્રમાણ, પલ્યોપમાયુને દિવસપ્રમાણ અને સાગરોપમાયુને પક્ષપ્રમાણ એ પ્રમાણે શ્વાસોશ્વાસનું કાલમાન હોય છે.

દેવોને કવલાહાર હોતો નથી; પરંતુ તેને લોમાહાર હોય છે; તે પણ આયુષ્ય પર નિર્ભર છે. ૧૦,૦૦૦ વર્ષાયુને આંતરે દિવસે, પલ્યોપમાયુને દિનપૃથક્ત્વે (૨થી૯ દિવસે) અને સાગરોપમાયુને ૧૦૦૦ વર્ષના આંતરે આહાર હોય છે.

દેવોને પ્રાયઃ સાતવેદનીયના વિપાક અનુભવવાના હોય છે; તેના પ્રકાર દર ૬ માસે બદલાતા રહે છે. કવચિત્ અશાતાનો ઉદય થાય તો તે માત્ર અંતર્મુહૂર્તપ્રમાણ હોય છે.

જુની-પૂર્વગતિમાંથી દેવગતિમાં થતો જન્મ એ ઉપપાત છે. જૈનતર મિથ્યાત્વી બારમા દેવલોકસુધી, જૈનમિથ્યાત્વી નવગ્રૈવેયકસુધી અને સમ્યગદૃષ્ટિ સર્વાર્થસિદ્ધવિમાનસુધી ઉપપાતથી જઈ જન્મ લઈ શકે છે. ચૌદપૂર્વી પાંચમા દેવલોકથી નીચે જતા નથી. મનુષ્ય અને તિર્યંચ જીવ મરીને ઉપપાતજન્મથી દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

દેવગતિમાંથી ચવ્યા પછીની ગતિ મનુષ્ય અને તિર્યંચ એ બેમાંથી એક હોય છે.

સાત નારકપૃથ્વી, ઇષતપ્રાગભારા–સિદ્ધશિલા, જ્યોતિષ્ક દેવનાં વિમાન, વૈમાનિકદેવનાં વિમાન આદિ આકાશમાં નિરાધાર છે; આમ નિરાધાર રહેવું તે લોકઅનુભવ–સ્વભાવ છે. આકાશ એ દરેકનો આધાર છે, જ્યારે આકાશને કોઇ આધારની આવશ્યકતા નથી. તીર્થંકરભગવંતના કલ્યાણક પ્રસંગે થતા ઇંદ્રાસનકંપ, સુઘોષાઘંટનો રણકાર આદિ તીર્થંકરના આત્માનોમહાન પુણ્યપ્રભાવ છે; લોકાન્તિકદેવનું તીર્થંકરદેવોના દીક્ષાકલ્યાણકમાટે પ્રતીક્ષા કરતા રહેવું અને સમય થતાં 'તીર્થ પ્રવર્ત્તાવો' એ વિજ્ઞાપ્તિ કરવા તેમના સ્થાને આવવું આદિ તેમનો આચાર છે.

દેવોને ૭ લેશ્યા હોય છે: (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, તેજ:–પીત, (૫) પદ્મ અને (૬) શુકલ. ભવનપતિ અને વ્યંતર એ પ્રકારના દેવોના દેહના વર્ણ કૃષ્ણ, નીલ, કાપોત અને પીત એ ચારમાંના કોઇ એક હોય છે.૧ જયોતિષ્ક અને પહેલા બે વિમાનના દેવોના દેહના વર્ણ પીત૧ અને તે પછીના ત્રણ દેવલોકના દેહના વર્ણ પદ્મ અને બાકીના સર્વ દેવોના દેહના વર્ણ શુકલ હોય છે.૨ એ વર્ણ પ્રમાણે તેઓને લેશ્યા હોય છે.

બ્રહ્મલોક નામના પાંચમા વૈમાનિક દેવલોકના ૭ પ્રતરમાંના ત્રીજા 'રિષ્ટ' નામના પ્રતરના છેડે નવ લોકાન્તિકદેવ વસે છે. ચાર દિશામાં ચાર, ચાર વિદિશામાં ચાર અને મધ્યમાં એક એ પ્રકારે તે હોય છે. (૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વન્હિ, (૪) અરૂણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) મરૂત અને (૯) અરિષ્ટ એ નવ લોકાન્તિકદેવનાં નામ છે.૩

કિલ્બિષક દેવ ચંડાળ જેવાં હલકાં કામ કરનાર હલકા પ્રકારના દેવ છે; તેના ત્રણ પ્રકાર છે: (૧) પહેલા અને બીજા દેવલોકની નીચે, (૨) ત્રીજા દેવલોક નીચે અને (૩) છઠ્ઠા દેવલોકની નીચે૪. તેઓનું આયુષ્ય અનુક્રમે ૩ પલ્યોપમ, ૩ સાગરોપમ અને ૧૩ સાગરોપમ એ પ્રમાણે હોય છે.

ભવનપતિની અસુરજાતિમાં પંદર પ્રકારના પરમાધામીદેવ હોય છે; જે પહેલી ત્રણ નારકના જીવોને દુઃખ આપી સંતાપ્યા કરે છે.

(૧) વિજય, (૨) વૈજયંત, (૩) જયંત અને (૪) અપરાજિત એ ચાર અનુત્તરવિમાનના દેવ દ્વિચરમા–બે મનુષ્યભવ અને એક દેવ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ.૪ સૂ.૨,૭ ૪ જુઓ દ્રવ્યલોકપ્રકાશ સ.૮ શ્લોક ૬૧
૨ ,, અ.૪ સૂ. ૨૩ ૪ ,, બૃહત્સંગ્રહણી શ્લોક ૧૭૧
૩ ,, અ. ૪ સૂ. ૨૬

ભવવાળા હોય છે, જ્યારે સર્વાર્થસિદ્ધ અનુત્તરવિમાનના દેવ એકાવતારી–છેલ્લા મનુષ્યભવવાળા હોય છે.૧

**ત્રણલોક :**

ચૌદરાજ પ્રમાણ એવા લોકના ત્રણ વિભાગ છે : (૧) અધો, મધ્ય-તિર્ચ્છા અને (૩) ઉર્ધ્વ. મેરૂપર્વતની સમતલભુમિથી ૯૦૦ યોજન નીચેનો અધોલોક, અને મેરૂપર્વતની સમતલ ભૂમિથી ૯૦૦યોજન ઉપરનો ઉર્ધ્વલોક અને તે બંન્ને મળીને ૧૮૦૦ યોજનપ્રમાણ સ્થુલ તેમજ અસંખ્યાત લાખ યોજનપ્રમાણ વિસ્તારનો મધ્યલોક છે.

અધોલોકનો આકાર ઉંધા પાડેલ શરાવ–કોડિયા જેવો અર્થાત ઉપરથી સાંકડો અને નીચે નીચે વિસ્તાર પામતો જાય એવો છે. મધ્યલોક ઝાલરની માફક સમાન લંબાઇ પહોળાઇવાળો અને ગોળ છે. ઉર્ધ્વલોકનો આકાર પખાજ જેવો અર્થાત્ શરાવ-સંપુટ જેવો એટલે કે ચત્તા શરાવ પર ઉંધા પાડેલ શરાવ જેવો છે; એટલે તે મધ્યભાગની ઉપર અને નીચે એમ બંને બાજુ ક્રમશઃ વિસ્તાર પામતો એવો છે.

**અધોલોક અને નારકપૃથ્વીઓ :**

અધોલોકમાં સાત નારક પૃથ્વી છે : (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમ્રપ્રભા, (૬) તમઃપ્રભા અને (૭) તમઃતમઃ અથવા મહાતમઃપ્રભા.૨ આ સાત નારકપૃથ્વી એક એકની નીચે આવેલ છે અને એ દરેક ક્રમશઃ નીચે નીચે વિસ્તાર પામતી જાય છે;૨ આ સાત પૃથ્વી એક એકની નીચે હોવા છતાં પરસ્પર સ્પર્શતી નથી; કારણ કે એ દરેક પૃથ્વીની નીચે ધનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ એ દરેકનાં ક્રમશઃ કુંડાળા આવેલાં છે. આકાશ સ્વયંપ્રતિષ્ઠિત છે, તેને કોઈના આધારની આવશ્યકતા નથી.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૪ સૂ. ૨૭
૨ ,, અ. ૩ સૂ. ૧

પહેલી રત્નપ્રભાપૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે; તેના ત્રણ કાંડ–ભાગ છે : (૧) ૧૬૦૦૦ યોજનનો પહેલો ઉપરનો રત્નપ્રધાન-કાંડ, (૨) ૮૪,૦૦૦ યોજનનો બીજો પંકબહુલકાંડ અને (૩) ૮૦,૦૦૦ યોજનો નીચેનો જલબહુલકાંડ; બાકીની ૭ નારકપૃથ્વીના આવા કોઈ વિભાગ નથી. બીજી શર્કરાપ્રભા ૧,૩૨.૦૦૦ યોજન, ત્રીજી વાલુકાપ્રભા ૧,૨૮૦૦૦, યોજન, ચોથી પંકપ્રભા ૧,૨૦૦૦૦ યોજન, પાંચમી ધૂમ્રપ્રભા ૧,૧૮૦૦૦ યોજન, છઠ્ઠીતમ : પ્રભા ૧,૧૬૦૦૦ યોજન અને સાતમી મહાતમઃપ્રભા ૧૦૮,૦૦૦ યોજન એ પ્રમાણે જાડાઈમાં હોય છે.

રત્નપ્રભાને ૧૩, શર્કરાપ્રભાને ૧૧, વાલુકપ્રભાને ૯, પંકપ્રભાને ૭, ધૂમ્રપ્રભાને ૫, તમઃપ્રભાને ૩, અને તમઃતમઃપ્રભાને ૧ એ પ્રમાણે પ્રતર–માળ હોય છે, દરેક નારકભુમિના ઉપર અને નીચેના ૧૦૦૦–૧૦૦૦ એમ ૨૦૦૦ બાદ કરતાં બાકીની વચ્ચેની દરેક નરક-પૃથ્વીમાં આ પ્રમાણે પ્રતરો છે. રત્નપ્રભાની પહેલી પ્રતર સીંમતક અને મહાતમ : પ્રભાનો છેલ્લો પ્રતર અપ્રતિષ્ઠાન છે.

ઉપરોકત દરેક નારકભૂમિની પ્રતરોમાં નીચે પ્રમાણે નરકાવાસ હોય છે : રત્નપ્રભામાં ૩૦,૦૦,૦૦૦, શર્કરાપ્રભામાં ૨૫,૦૦,૦૦૦, વાલુકાપ્રભામાં ૧૫,૦૦,૦૦૦, પંકપ્રભામાં ૧૦,૦૦,૦૦૦, ધૂમ્રપ્રભામાં ૩,૦૦,૦૦૦ તમઃપ્રભામાં ૯૯,૯૯૫ અને તમઃતમઃ પ્રભામાં ૫ એમ સાતે નારકભુમિમાં ૮૪,૦૦,૦૦૦ નરકાવાસો હોય છે, આ નરકા-વાસ વજ્રનીધાર સમાન તીક્ષ્ણ; આકારમાં ચોરસ, ત્રિકોણ, ગોળ હાંડલા જેવા, લોખંડના ઘડા જેવા એમ વિવિધ આકારના હોય છે. આ નરકાવાસમાં નારકજીવ વસે છે.૧

**નારકજીવ :**

નારકજીવના લેશ્યા, પરિણામ (ભાવના), દેહ, વેદના, વિક્રિયા

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર. અ.૩ સૂ. ૩

આદિ દરેક અસુભ હોય છે.૧ નીચેનીચેની નારકભુમિના નારક જીવના લેશ્યાદિ અશુભ અશુભતર અશુભતમ હોય છે.

નારકજીવને છે લેશ્યા હોય છે. રત્નપ્રભાના નારકજીવના વર્ણ કાપોત, શર્કરાપ્રભાના નારકજીવના વર્ણ અધિતર કાપોત, વાલુકાપ્રભાના નારકજીવના વર્ણ નીલ, પંકપ્રભા નારક જીવના વર્ણ અધિકતર નીલ, ધૂમ્રપ્રભાના નારકજીવના વર્ણ નીલ અને કૃષ્ણ એ બેમાંથી કોઈ એક, તમઃપ્રભાના નારકજીવના વર્ણ અધિકતર કૃષ્ણ અને મહાતમઃપ્રભાના નારકજીવના વર્ણ અધિકતમ કૃષ્ણ હોય છે.

નારકજીવના સંસ્થાન (દેહરચના), વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિના પરિણામ પણ અશુભ અશુભતર અશુભતમ એ પ્રકારે હોય છે.

નારક જીવને ત્રણ પ્રકારની વેદના હોય છેઃ– (૧) પરમાધામીકૃત, (૨) ક્ષેત્રજન્ય અને (૩) પરસ્પર ઉદીરિત.૨

ભવનપતિ દેવમાં અસુર જાતિના દેવ હોય છે; તેમાંના પરમાધામી દેવની પંદર જાતિ છેઃ– (૧) અંબ, (૨) અંબરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રૂદ્ર, (૬) ઉપરૂદ્ર, (૭) કાળ, (૮) મહાકાલ, (૯) અસિપત્ર, (૧૦) વન, (૧૧) કુંભિ, (૧૨) વાલુકા, (૧૩) વૈતરણી, (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ. આ દેવો ભવ્ય હોવા છતાં મિથ્યાદૃષ્ટિ હોય છે અને પૂર્વસંચિત સંકિલષ્ટ કર્મના પરિણામે આસુરી પ્રકૃતિને વશ બની પહેલી ત્રણ નારકભૂમિના નારક જીવોને અનેક પ્રકારે સંતાપ્યા કરે છે. આ પરમાધામીકૃત વેદના છે. ચોથી નારકભુમિ અને તેની આગળ નારકભૂમિમાં આ પ્રકારની વેદના હોતી નથી.

ક્ષેત્રજન્ય વેદના નીચે પ્રમાણે હોય છે. પહેલી ત્રણ નારક-ભૂમિમાં અનુક્રમે તીવ્ર તીવ્રતર તીવ્રતમ ઉષ્ણવેદના

---

૧ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ.૩ સૂ.૩

૨ ,, અ.૩ સૂ.૪, ૫

હોય છે. ચોથી અને પાંચમી એ બે નારકભૂમિમાં અનુક્રમે તીવ્ર અને તીવ્રતર શીતોષ્ણ વેદના; છઠ્ઠી નારકભૂમિમાં શીતવેદના અને સાતમી નારકભૂમિમાં તીવ્રતર અને તીવ્રતમ શીતવેદના હોય છે.

પરસ્પરોદીરિત વેદના પૂર્વસંચિત કર્માનુસાર નારકજીવ પરસ્પર એક બીજાને દુઃખની ઉદીરણા કર્યા કરે છે તે છે.

ઉપરોકત ત્રણે પ્રકારની વેદનાથી છુટવા નારક જીવ પ્રયત્ન તો કરે છે; પરંતુ તેના પ્રત્યાઘાત એવા પડે છે કે તેમાં દુઃખ દૂર થવાના બદલે અધિકતર અધિકતમ દુઃખ અનુભવવાં પડે છે. આમ નારક જીવને ક્ષણમાત્ર પણ સુખ હોતું નથી.

## નારકજીવની ગતિ–આગતિ:

ગતિ: ચવ્યા પછી નારક જીવની ગતિ મનુષ્ય અથવા તિર્યંચ એ બેમાંની કોઇ એક હોય છે. પહેલી ત્રણ નારકભુમિમાંથી નીકળેલ જીવ તીર્થંકર, પહેલી ચાર નારકભુમિમાંથી નીકળેલ જીવ મોક્ષપદ, પહેલી પાંચ નારકભુમિમાંથી નીકળેલ જીવ સર્વવિરતિ, પહેલી છ નારકભુમિમાંથી નીકળેલ જીવ દેશવિરતિ અને સાતે નારકભુમિમાંથી નીકળેલ જીવ સમ્યગદર્શન એ પ્રમાણેના લાભ મેળવી શકે છે.

આગતિ: તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિમાંથી જીવ નરકગતિમાં આવે છે. અસંજ્ઞીજીવ (પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય) પહેલી નારકભુમિ સુધી, ભુજપરિસર્પ બીજી નારકભુમિ સુધી, ખેચર ત્રીજી નારકભુમિ સુધી, સિંહ ચોથી નારકભુમિ સુધી, ઉરઃપરિસર્પ પાંચમી નારકભુમિ સુધી, માનુષી સ્ત્રી છઠ્ઠી નારકભુમિ સુધી અને માનુષી પુરૂષ સાતમી નારકભુમિ સુધી ઉત્પન્ન થાય છે.

પહેલી નારકભુમિ રત્નપ્રભાનો ઉપરનો ભાગ મધ્ય–તિર્ચ્છાલોક સાથે સંલગ્ન હોઇ તે ભાગમાં દ્વીપ, સમુદ્ર, પર્વત, સરોવર, ગામ, શહેર, નદી, નહેર, દ્રહ, નદ આદિ આવેલાં છે; આ કારણે રત્નપ્રભા

પૃથ્વીમાં નારકજીવ ઉપરાંત તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ અને વ્યંતર એ બે પ્રકારના દેવ એમ ચારે ગતિના પંચેન્દ્રિય જીવનો વાસ હોઇ શકે છે. બાકીની છ નારકભુમિમાં પંચેન્દ્રિય તરીકે માત્ર નારક જીવોનોજ વાસ હોય છે; સ્થાવર એવા એકેન્દ્રિયજીવોનો વાસ તો ત્યાં પણ હોય જ છે. પહેલી ત્રણ નારકભુમિમાં પરમાધામી દેવની અવર-જવર હોઇ શકે છે; પરંતુ તેનો વાસ માત્ર રત્નપ્રભામાંજ હોય છે. કોઇ કોઇ મિત્ર દેવ પોતાના નારકમિત્રને દુઃખમુકત કરવા ત્રીજી નારકભુમિસુધી આવે છે; તેથી આગળ નહિ. કેવલી સમુદ્ઘાત કરતા કેવલી પોતાના આત્મપ્રદેશ ચૌદરાજલોકમાં ફેલાવતા તે સાતેય નારકભુમિમાં ફેલાવે છે. અને સંહરે છે.

**જીવના પ્રકારઃ**

ગતિની અપેક્ષાએ જીવના ચાર પ્રકાર છે:– (૧) તિર્યંચ, (૨) મનુષ્ય, (૩) દેવ અને (૪) નારક. આ ચારેય ગતિના જીવનો આપણે સંક્ષિપ્ત વિચાર કર્યો.

આ દરેક પ્રકારના જીવના પણ બે પ્રકાર છે: (૧) અપર્યાપ્ત-અવિકસિત અને (૨) પર્યાપ્ત–વિકસિત. ઉપરોકત ચારે પ્રકારના જીવમાં માત્ર અસંજ્ઞી મનુષ્ય એ એકજ અપર્યાપ્ત એ એકજ પ્રકારનો છે. જયારે બાકીના ત્રણેય પ્રકારના જીવો અને સંજ્ઞી મનુષ્ય એ બંન્ને પ્રકારના છે, : (૧) અપર્યાપ્ત અને (૨) પર્યાપ્ત. આમ આપણે પર્યાપ્તિના વિષય પર આવી પહોંચીએ છીએ. તે વિષય પર આવતાં પહેલાં તેની સાથે સબંધ ધરાવતા સેવા અંતરાલગતિ, આહારપુદ્ગલ, યોની અને જન્મ આદિ વિષય જાણવા આવશ્યક છે; તો તે વિષયોને સંક્ષેપમાં જોઈ લઇ પર્યાપ્તિની ચર્ચા કરીશું.

**અંતરાલ ગતિ :**

સંસારી જીવની પૂર્વસ્થાને દેહ તજી પોતાના નવીન ઉત્પત્તિ સ્થાને પહોચતા સુધીની ગતિ એ અંતરાલ ગતિ છે. અંતરાલ ગતિમાં

સંસારી જીવને કાર્મણયોગ હોય છે. તત્ત્વાર્થસૂત્રકારે તેને વિગ્રહગતિમાં કાર્મણયોગ કહ્યો છે.૧

પૂર્વસ્થાને દેહ તજતાં પહેલાં જીવ તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારક એ ચાર ગતિમાંની કોઈ એક ગતિનું આયુષ્ય બાંધે છે અને તદનુસાર પૂર્વસ્થાને દેહ તજતાં જીવને ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ નામકર્મ રૂપ કાર્મણયોગ નવીન ઉત્પત્તિસ્થાને દોરે છે.

તત્ત્વાર્થસૂત્રકારે વિગ્રહગતિમાં કાર્મણયોગ જણાવ્યો તે પરથી ફલિત થાય છે કે અવિગ્રહ યા ઋજુ એવી બીજી ગતિ પણ જીવને હોઈ શકે છે; આમ અંતરાલગતિ બે પ્રકારની છે: (૧) અવિગ્રહ અને (૨) વિગ્રહ.૨

**અવિગ્રહ એવી અંતરાલગતિ :**

પૂર્વસ્થાને દેહ તજી સરળ રેખાએ ગતિ કરી નવીન ઉત્પત્તિસ્થાને પહોંચાડનાર અવિગ્રહગતિ છે. આવી અવિગ્રહગતિ બે પ્રકારના જીવને હોય છે: (૧) મુચ્યમાન અને (૨) સંસારી.

મુચ્યમાન (મુક્તિ પામતા) જીવને દેહ છોડતાં પૂર્વસ્થાને અંતિમ સમયે આહાર હોય છે; પરંતુ કર્મનો ઉદય અને સત્તા એ બંને ક્ષય થવાથી અને બંધકારણના અભાવે તેને કાર્મણયોગ હોતો નથી. આવો જીવ તેની સ્વાભાવિક એવી અવિગ્રહ–ઋજુગતિએ ઉર્ધ્વમાં રહેલ ઇષત્પ્રાગભારા પૃથ્વી–સિદ્ધશિલા પર એકજ સમયમાં પહોંચી જાય છે; ત્યાં તેને આહાર હોતો નથી. મુચ્યમાન જીવને પૂર્વસ્થાને દેહ તજતાં એકજ વખત આહાર હોય છે.

સંસારી જીવને અવિગ્રહગતિમાં પણ કાર્મણયોગ સત્તામાં હોય છે. આવા સંસારી જીવને અંતિમ સમયે પૂર્વસ્થાને દેહ તજતાં આહાર હોય છે, તે પછી એકજ સમયમાં તે ઋજુગતિએ પોતાના

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૨૬

૨ ,, અ. ૨ સૂ. ૨૭, ૨૮

નવીન ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે, અને ત્યાં તેને નવીન દેહરચનાર્થે તેજ (બીજા) સમયે કાર્મણયોગના કારણે પુદ્‌ગલગ્રહણ રૂપ આહાર હોય છે. આ રીતે જીવે પુદ્‌ગલનું કરેલ ગ્રહણ એજ તેનો જન્મ છે. આ રીતે સંસારી જીવને અવિગ્રહગતિમાં (૧) પૂર્વસ્થાને દેહ તજવાના અંતિમ સમયે અને (૨) નવીન ઉત્પત્તિસ્થાને નવીન દેહરચનાર્થે બીજા સમયે એમ બે વખત આહાર હોય છે; પરંતુ અંતરાલગતિ દરમ્યાન તેને આહાર હોતો નથી

**વિગ્રહ એવી અંતરાલગતિ:**

જીવના દેહ તજવાના પૂર્વસ્થાન અને નવીન ઉત્પત્તિસ્થાન એ બે વચ્ચેની વિષમતા એ વિગ્રહગતિનું કારણ છે. જીવની સ્વાભાવિક ગતિ સરળ રેખાએ ઉર્ધ્વ હોય છે; પરંતુ ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ નામકર્મ અનુસાર કાર્મણયોગ જીવને પૂર્વસ્થાને દેહ તજતાં અંતરાલગતિની વિષમતાવાળા નવીન ઉત્પત્તિસ્થાને પહોંચાડે છે. અંતરાલગતિની વિષમતાના કારણે જીવને વિગ્રહગતિ હોય છે; તેમાં ઉત્પન્ન થવાના સ્થાને જવામાં વળાંક લેવાના હોય છે; આ વળાંક જેટલા લેવા પડે તેટલા વિગ્રહ ગણાય. પ્રાયઃ જીવને એક, બે અથવા ત્રણ વિગ્રહ હોય છે અને ક્વચિત ચાર વિગ્રહ પણ હોઈ શકે છે.૧ એકરાજપ્રમાણ પહોળી અને ચૌદરાજપ્રમાણ લાંબી એવી ત્રસનાડીની અંદર કે બહાર જીવને દેહ તજવાનું અને તેનું નવીન ઉત્પત્તિસ્થાન એ બે વચ્ચે એવી કોઈ વિષમતા નથી કે જેથી જીવને પરભવ જતાં ચારથી અધિક વિગ્રહ આવશ્યક બને.

એક વિગ્રહની અંતરાલગતિમાં જીવને પૂર્વસ્થાને દેહ તજતાં અંત સમયે આહાર હોય છે; તેના વેગથી તે સરળ રેખાએ ગતિ કરે છે અને વળાંક લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં કાર્મણયોગ પ્રવૃત્ત બને છે; પરિણામે ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ નામકર્મ અનુસાર

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર અ. ૨ સૂ. ૨૯

બીજા સમયે વળાંક લઈ નવીન ઉત્પત્તિસ્થાને પહોંચી ત્યાં તેજ સમયે નવીન દેહરચનાર્થે પુદ્ગલગ્રહણ રૂપ આહાર તેને હોય છે. આમ એક વિગ્રહગતિ બે સમયની છે, જેમાં પ્રત્યેક સમયે જીવને આહાર હોય છે; (૧) પૂર્વદેહ તજતાં અંત સમયે અને (૨) નવીન ઉત્પત્તિસ્થાને નવીન દેહરચનાર્થે. બીજા સમયે વચ્ચેના વળાંકના સમયે તે અનાહારી હોય છે.

બે વિગ્રહગતિમાં પૂર્વસ્થાને દેહ તજી નવીન ઉત્પત્તિસ્થાને પહોંચતાં જીવને ત્રણ સમય લાગે છે; તેમાં પહેલા સમયે સરળ રેખાએ ગતિ, બીજા સમયે પહેલો વિગ્રહ અને ત્રીજા સમયે બીજો વિગ્રહ હોય છે. આ પ્રમાણે ત્રણ વિગ્રહગતિમાં ચાર અને કવચિત્ હોતી ચાર વિગ્રહગતિમાં પાંચ સમય લાગે છે. આ દરેક ગતિમાં જીવને (૧) પૂર્વસ્થાને પૂર્વદેહ તજતાં અંતિમ સમયે અને (૨) ઉત્પત્તિસ્થાને નવીન દેહરચનાર્થે છેલ્લા સમયે એમ આહાર–પુદ્ગલગ્રહણ હોય છે; બાકીના વચ્ચેના વળાંકવાળા દરેક સમયમાં જીવ અનાહારક હોય છે. આમ બે વિગ્રહગતિમાં એક સમય, ત્રણ વિગ્રહમાં બે સમય અને કવચિત્ હોતી ચાર વિગ્રહગતિમાં ત્રણ સમય જીવ અનાહારક હોય છે.[1]

સિદ્ધ જીવને અંતરારગતિ હોતી નથી. મુચ્યમાન જીવને અવિગ્રહ ગતિ હોય છે, તેમાં તે સિદ્ધાલયે પહોંચતાં અનાહારક બને છે.

સંસારી જીવને અવિગ્રહ અને વિગ્રહ એ બે પ્રકારની અંતરાલગતિ હોય છે. અવિગ્રહગતિમાં અને એક વિગ્રહગતિમાં જીવ આહારક છે; બે વિગ્રહગતિમાં એક સમય, ત્રણ વિગ્રહગતિમાં બે સમય અને કવચિત્ હોતી ચાર વિગ્રહગતિમાં ત્રણ સમય જીવ અનાહારક હોય છે.[3]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૩૧

૨ જુઓ બૃહત્ સંગ્રહિણી પૃ. ૪૧૬, ૧૭ પરના નકશા.

**આહાર–પુદ્ગલ :**

ઉપર જીવને હોતા પુદ્ગલગ્રહણરૂપ આહારની જે વાત કરી તે આહારનાપુદ્ગલના સ્વરૂપની વાત પણ વિચારવી રહી. પરભવમાં ઉત્પન્ન થતા જીવને સામાન્યતઃ જે પુદ્ગલગ્રહણરૂપ આહાર હોય છે તે પુદ્ગલના ત્રણ પ્રકાર છે :– (૧) ઓજસ-તૈજસવર્ગણા, (૨) લોમ–સ્પર્શન આદિ-ઇન્દ્રિયના સ્પર્શઆદિ કારણે અનુભવાતો સંતોષ અને (૩) કવલ–કોળિયા રૂપ.

સંસારી જીવને પૂર્વસ્થાને દેહ તજી ઋજુ અથવા વિગ્રહગતિએ નવીન ઉત્પત્તિસ્થાને પહોંચી તેજ સમયે કાર્મણયોગની સહાયથી ઔદારિક અથવા વૈક્રિય શરીરની રચનાર્થે તદ્યોગ્ય પુદ્ગલગ્રહણ હોય છે તે ઓજાહાર–તૈજસવર્ગણાના પુદ્ગલ છે. ઉત્તરવૈક્રિય અને આહારક શરીર એ દરેકની રચના પ્રસંગે લબ્ધિધરને પણ આ ઓજાહાર હોય છે.

આહારની ઇચ્છા થતાં સ્પર્શન આદિ ઇન્દ્રિયના સ્પર્શ આદિ દ્વારા શરીરને અનુભવાતો સંતોષ એ લોમાહાર છે. એકેન્દ્રિય, દેવ અને નારક એ ત્રણ પ્રકારના દેહપર્યાપ્ત જીવોને લોમાહાર હોય છે.

કોળિયારૂપ લેવાતો આહાર એ કવલાહાર છે. વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, અને પંચેન્દ્રિય મનુષ્ય એ ત્રણ પ્રકારના પર્યાપ્તજીવને કવલાહાર હોય છે.

સંસારી જીવને દેહરચના થતા સુધી કાર્મણયોગ અને ઓજાહાર હોય છે; ઓજાહાર પછીના સમયથી તેને કાર્મણયોગ ઉપરાંત તૈજસ અને રચાતા ઔદારિક અથવા વૈક્રિય શરીર અનુસાર એ બે વધારાના કાયયોગમાંનો કોઈ એક કાયયોગ હોય છે. દેહપર્યાપ્તા એકેન્દ્રિય, દેવ અને નારક એ દરેકને લોમાહાર હોય છે; વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય પર્યાપ્ત જીવને કવલાહાર હોય છે.

**યોનિ :**

ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ નામકર્મ અનુસાર નવીન દેહ-રચનાર્થે પુદ્ગલગ્રહણરૂપ આહાર જીવને જ્યાં હોય છે અને જ્યાં તેનું કાર્મણ શરીર ઔદારિક અથવા વૈક્રિય એ બે શરીરમાંના કોઈ એક સાથે ક્ષીરનીરની માફક ઓતપ્રોત બની જાય છે તે યોનિ કહેવાય છે; યોનિનું આધેય–આધાર પામનાર જીવ છે.

અનંત જીવોની યોનિ અસંખ્યાત છે; પરંતુ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ અનુસાર તે ૮૪,૦૦,૦૦૦ ગણાય છે

| | | | |
|---|---|---|---|
| સુક્ષ્મ અને | બાદર | પૃથ્વીકાયની | ૭,૦૦,૦૦૦ |
| ,, | ,, | અપકાયની | ૭,૦૦,૦૦૦ |
| ,, | ,, | તેઉકાયની | ૭,૦૦,૦૦૦ |
| ,, | ,, | વાયુકાયની | ૭.૦૦,૦૦૦ |
| ,, | ,, | સાધારણ વનસ્પતિકાયની | ૧૪,૦૦,૦૦૦ |
| ,, | ,, | પ્રત્યેક વનસ્પતિકાયની | ૧૦,૦૦,૦૦૦ |

આમ એકેન્દ્રિય જીવની ૫૨,૦૦,૦૦૦ યોનિ છે. બે ઇન્દ્રિયની ૨,૦૦,૦૦૦; ત્રણ ઇન્દ્રિયની ૨,૦૦,૦૦૦ અને ચતુરિન્દ્રિયની ૨,૦૦,૦૦૦ એ રીતે વિકલેન્દ્રિય જીવની ૬,૦૦,૦૦૦ યોનિ છે.

દેવની ૪,૦૦,૦૦૦; અસંજ્ઞી અને સંજ્ઞા પંચેન્દ્રિય તિર્યંચની ૪,૦૦,૦૦૦
નારકની ૪,૦૦,૦૦૦; ,, મનુષ્યની ૧૪,૦૦,૦૦૦
ઉપર પ્રમાણે પંચેન્દ્રિય જીવની ૨૬,૦૦,૦૦૦ યોનિ છે.

એકેન્દ્રિય જીવની ૫૨,૦૦,૦૦૦ વિકલેન્દ્રિય જીવની ૬,૦૦,૦૦૦ અને પંચેન્દ્રિયજીવની ૨૬,૦૦,૦૦૦ એમ સર્વ મલી ૮૪,૦૦,૦૦૦ જીવયોનિ ગણાય છે.[1]

અન્ય જીવના અસ્તિત્વ, તેના સ્પર્શ અને તેને હોતા આવરણ એમ જુદી જુદી અપેક્ષાએ યોનિના નવ પ્રકાર પણ છે:

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૪૫, ૪૬, ૪૭

(૧) સચિત, (૨) અચિત, (૩) સચિતાચિત; (૪) શીત, (૫) ઉષ્ણ, (૬) શીતોષ્ણ; (૭) સંવૃત, (૮) વિવૃત અને (૯) સંવૃતવિવૃત.૧

અચિત, સંવૃત અને શીતોષ્ણ એ પ્રકારની યોનિ દેવની છે.

અચિત, સંવૃત, શીત, ઉષ્ણ, અને શીતોષ્ણ એ પ્રકારની યોનિ નારકની છે.

ઉષ્ણ, સંવૃત, સચિત, અચિત, અને સચિતાચિત એ પ્રકારની યોનિ તેઉકાયની છે.

સંવૃત, સચિત, અચિત સચિતાચિત, શીત, ઉષ્ણ અને શીતોષ્ણ એ પ્રકારની યોનિ બાકીના એકેન્દ્રિય (પૃથ્વીકાય, અપકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ દરેક) ની છે.

વિવૃત, શીત, ઉષ્ણ, શીતોષ્ણ, સચિત, અચિત, અને સચિતાચિત એ પ્રકારની યોનિ વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યની છે.

સચિતાચિત, શીતોષ્ણ અને સંવૃતવિવૃત એ પ્રકારની યોનિ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યની છે.

સિદ્ધ જીવને યોનિ હોતી નથી.

**જન્મ :**

પૂર્વસ્થાને દેહ તજી ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ નામકર્મ અનુસાર નવીન ઉત્પત્તિસ્થાને પહોંચી નવીન દેહરચનાર્થે જીવને હોતું પુદ્‌ગલગ્રહણ-આહાર એજ જન્મ છે. જીવનું યોનિમાં ઉત્પન્ન થવું અથવા તેની આહારપર્યાપ્તિ એજ જન્મ છે.

જન્મના ત્રણ પ્રકાર છે:–(૧) સંમૂર્છિમ, (૨) ગર્ભજ અને (૩) ઔપપાતિક.૨

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ. ૩૨

૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨, સૂ. ૩૩

સંમૂર્ચ્છિમ જન્મના ચાર પ્રકાર છેઃ– (૧) રસજ–જુદાજુદા પ્રકારના રસમાં વિકાર થતાં કે ઉતરી જતાં (ચલિત થતાં) તેમાં તે રંગ અને તે પ્રકારના જે અન્ય જીવ ઉત્પન્ન થાય છે તે; (૨) સંસ્વેદજ–જુદા જુદા જીવોને થતા પરસેવામાં જે અન્ય જીવ ઉત્પન્ન થાય છે તે; (૩) ઉદ્‌ભિજ્જ–જુદા જુદા પ્રકારની આબોહવા અને ભોજનના કારણે જે નવા નવા જીવ ઉત્પન્ન થાય છે તે અને (૪) સંમૂર્ચ્છિમ–ઉપરોક્ત ત્રણ પદ્ધતિ સિવાય બીજા મલ અને મલસ્થાનોમાં સ્વયમેવ ઉત્પન્ન થતા અન્ય જીવ.

ગર્ભજન્મના ત્રણ પ્રકાર છે :–(૧) જરાયુ, (૨) અંડજ અને (૩) પોતજ.૧

ઔપપાતિક જન્મમાં જીવ પોતાના ઉત્પત્તિસ્થાનમાં દેવશય્યામાં અથવા કુંભિમાં સ્વયમેવ ઉત્પન્ન થાય છે.

ઉત્પત્તિસ્થાને એટલે યોનિમાં રહેલ ઔદારિક શરીર રચવા યોગ્ય પુદ્‌ગલને જીવ ગ્રહણ કરે એ સંમૂર્છિમ અથવા ગર્ભ જન્મ છે; ઉત્પત્તિ-સ્થાને રહેલ વૈક્રિય શરીર રચવા યોગ્ય પુદ્‌ગલને જીવ ગ્રહણ કરે એ ઔપપાતિક જન્મ છે.

દેવ અને નારક એ દરેકને ઉપપાતજન્મ હોય છે.૨ તિર્યંચ (એકેન્દ્રિય, દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય) એ દરેકને સંમૂર્ચ્છિમ જન્મ હોય છે.૩ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય એ દરેકને ગર્ભજન્મ હોય છે.

સિદ્ધ જીવને જન્મ હોતો નથી.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૨ સૂ. ૩૪
૨ ,, ,, ,, ,, ૩૫
૩ ,, ,, ,, ,, ૩૬

**પર્યાપ્તિ :**

શારીરિક વિકાસ પામવાની જીવની શક્તિ એ પર્યાપ્તિ છે. પર્યાપ્તિનું મૂલ કારણ કાર્મણયોગ અને નિમિત્તકારણ પુદ્‌ગલ છે.

પર્યાપ્તિ ૭ છેઃ—(૧) આહાર, (૨) શરીર, (૩) ઇન્દ્રિય, (૪) શ્વાસોશ્વાસ, (૫) ભાષા અને (૬) મન.

પૂર્વસ્થાને દેહ તજી નવીન ઉત્પત્તિસ્થાને પહોંચી નવીન દેહ-રચનાર્થે જીવને હોતું પુદ્‌ગલગ્રહણ એ આહારપર્યાપ્તિ અથવા જન્મ છે.

સંસારી જીવને કાર્મણ અને તૈજસ એ બે શરીર અનાદિ સંબંધવાળાં છે. તેમાંના કાર્મણશરીરના યોગથી આહારપર્યાપ્તિ જીવને હોય છે. તે પછીની પર્યાપ્તિમાં તેને તે ઉપરાંત તૈજસ અને રચાતા શરીર (ઔદારિક અથવા વૈક્રિય) એ એમાંનો કોઈ એક કાયયોગ હોય છે. જીવ જે સમયે પુદ્‌ગલગ્રહણ કરે છે તેનું પરિણમન થવા માંડે છે અર્થાત્ જીવને ૭ પર્યાપ્તિનું કાર્ય એકીસમયે જ શરૂ થાય છે; પરંતુ તેની પૂર્ણાહૂતિ જીવની યોગ્યતાનુસાર થાય છે.

આહારપર્યાપ્તિરૂપે ગ્રહણ કરેલ પુદ્‌ગલનું તૈજસ શરીરના કારણે પરિણમન થવા માંડે છે, તેના પરિણામે તેના બે ભાગ પડે છે: (૧) ખલ–નિરસભાગ કે જે એક યા બીજારૂપે દેહની બહાર નીકળી જાય છે અને (૨) રસ–કે જેનું સાત ધાતુ (રસ, લોહી, માંસ, મેદ–ચરબી, મજ્જા–તંતુ, અસ્થિ–હાડકાં, અને વીર્ય) રૂપે પરિણમન થાય છે; આ સાત ધાતુનું દેહરૂપે પરિણમન અને પરિણામે ઉદ્‌ભવતી દેહરચના એ શરીરપર્યાપ્તિ છે. શરીરના કારણે જ જીવ પ્રવૃત્તિ કરી શકે છે.

ઉપરોક્ત સાત ધાતુનું ઇન્દ્રિયરૂપે પરિણમન અને તેનાથી ઉદ્‌ભવતી ઇન્દ્રિયરચના અને એ દરેક ઇન્દ્રિયની ગ્રહણશક્તિ (પટુતા) એ ઇન્દ્રિયપર્યાપ્તિ છે.

ઉપરોક્ત સાત ધાતુમાંથી નિર્માણ થતી ઉચ્છવાસયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરવાની, અવલંબવાની અને શ્વાસરૂપે લઈ તેને નિઃશ્વાસરૂપે મૂકવાની જીવની શક્તિ એ શ્વાસોશ્વાસપર્યાપ્તિ છે.

ઉપરોક્ત સાત ધાતુમાંથી નિર્માણ થતી ભાષાયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરવાની, અવલંબવાની અને ભાષારૂપે તેને બહાર ફેંકવાની જીવની શક્તિ એ ભાષા પર્યાપ્તિ છે.

ઉપરોક્ત સાત ધાતુમાંથી નિર્માણ થતી મનયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરવાની, અવલંબવાની અને વિચારણા કરી તેને બહાર છુટા ફેંકવાની જીવની શક્તિ એ મનપર્યાપ્તિ છે.

ઉપરોક્ત દરેક પર્યાપ્તિ ઉત્તરોત્તર (ક્રમશઃ) સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ છે; તે કારણે એ દરેક એકીસાથે શરૂ થવા છતાં જીવ પહેલી પર્યાપ્તિ એક સમયમાં અને બાકીની દરેક પર્યાપ્તિ ક્રમશઃ અંત-મુંહૂર્તમાં પૂરી કરી શકે છે. છ પર્યાપ્તિનો સમગ્ર કાલ પણ અંત-મુંહૂર્ત છે.

ગતિ, જાતિ, અપર્યાપ્ત, પર્યાપ્ત આદિ નામકર્મ અનુસાર જીવને પર્યાપ્તિ અધૂરી રહે છે, અથવા પૂરી થાય છે. દરેક જીવ આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ તો પૂરી કરે જ છે; કારણ કે ત્રીજી ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી કર્યા વિના જીવ આગામી ભવનું આયુષ્ય બાંધી શકતો નથી. તે પછીની પર્યાપ્તિ કેટલાક જીવ પૂરી કરી શકે છે તે પર્યાપ્તજીવ છે અને જે તે પૂરી કરી શકતા નથી—ત્રીજી પર્યાપ્તિથી આગળ વધતા નથી તે અપર્યાપ્તજીવ છે.

એકેન્દ્રિય જીવને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ એ ચાર; વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને ભાષા સહિત પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવને મન સહિત છ પર્યાપ્તિની લાયકાત હોય છે.

સિદ્ધ જીવને પર્યાપ્તિ હોતી નથી.

આહાર પર્યાપ્ત કરતાં જ જીવને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ શરૂ થઈ જાય છે; તે કરતાં ત્રીજી પર્યાપ્તિ પૂરી કરી આગળની પર્યાપ્તિ પૂરી ન કરી શકતા અને મરણ પામતા એવા જીવ લબ્ધિઅપર્યાપ્ત કહેવાય છે. આવા જીવમાં અસંજ્ઞી મનુષ્ય મુખ્ય છે; જ્યારે ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ એ બન્ને પણ આવા હોઈ શકે છે.

લબ્ધિપર્યાપ્ત જીવ બે પ્રકારે છે: (૧) કરણઅપર્યાપ્ત અને (૨) કરણપર્યાપ્ત. સ્વયોગ્યપર્યાપ્તિ સંપૂર્ણ કરવાની જેની શક્તિ છે અને તે પર્યાપ્તિનું કાર્ય શરૂ કર્યું છે, પરંતુ હજીસુધી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરી નથી તેવા જીવ કરણઅપર્યાપ્ત છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરવાની જેની શક્તિ છે અને જેણે તે પર્યાપ્તિ શરૂ કરી સ્વયોગ્ય પર્યાપ્તિ સંપૂર્ણ કરી છે એ જીવ કરણપર્યાપ્ત છે.

અપર્યાપ્ત અને પર્યાપ્ત એ બે ભેદ ગણાય છે તે અપર્યાપ્તથી લબ્ધિઅપર્યાપ્ત અને પર્યાપ્તથી કરણઅપર્યાપ્ત અને કરણપર્યાપ્ત એ બંને પ્રકારે સમજવાના છે.

લબ્ધિઅપર્યાપ્ત જીવ શરીર અંગે અવિકસિત છે; કરણઅપર્યાપ્ત જીવ શરીર અંગે અર્ધ-અલ્પવિકસિત છે, જ્યારે કરણપર્યાપ્ત જીવ શરીર અંગે સંપૂર્ણવિકસિત છે.

**શરીર:**

જીવને યોગ-પ્રવૃત્તિ-ક્રિયા આદિ કરવાનું સાધન શરીર છે. શરીર પાંચ પ્રકારનાં છે:– (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ.૧

જીવને મોક્ષ સાધવાનું સાધન મનુષ્ય ભવ અને ઔદારિકશરીર છે. ઔદારિકશરીર સ્થૂલ પુદ્‌ગલનું બનેલું હોવાથી તે ઉદાર અને સ્થૂલ હોઈ ઇન્દ્રિયગમ્ય છે. વૈક્રિયશરીર નાનુંમોટું, સુરૂપકુરૂપ, સૌમ્ય-

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ.૨ સૂ ૩૭, ૩૮

બિહામણું આદિ પ્રકારે વિક્રિયા કરવાવાળું અને ઇન્દ્રિયગમ્ય છે. ઔદારિક અને વૈક્રિય એ બે શરીર જીવને જન્મથી હોતાં મૂળ શરીર છે. આહારક, તૈજસ, અને કાર્મણ એ દરેક શરીર સૂક્ષ્માતિસૂક્ષ્મ હોઇ ઇન્દ્રિયગમ્ય નથી.

ઔદારિકશરીરના અસંખ્યાત, તેનાથી અસંખ્યાતગુણ વૈક્રિય-શરીરના અને તેનાથી અસંખ્યાતગુણ આહારકશરીરના પ્રદેશ હોય છે;૧ તેનાથી અનંતગુણ તૈજસ શરીરના અને તેનાથી અનંતગુણ કાર્મણ શરીરના પ્રદેશ હોય છે.૧

આ પાંચ શરીર ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ છે; ઔદારિક-શરીરના પ્રદેશ સ્થૂલ, તેનાથી સૂક્ષ્મ વૈક્રિયશરીરના, તેનોથી સૂક્ષ્મ આહારક-શરીરના,તેનાથી સૂક્ષ્મ તૈજસશરીરના, અને તેનાથી પણ સૂક્ષ્મ કાર્મણ-શરીરના પ્રદેશ હોય છે.૨

તિર્યંચ અને મનુષ્ય એ દરેકને જન્મથી મૂળ ઔદારિકશરીર હોય છે.૩ દેવ અને નારક એ દરેકને જન્મથી મૂળ વૈક્રિયશરીર હોય છે.૩ સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય એ દરેકને લબ્ધિથી વૈક્રિયશરીર પણ હોઇ શકે છે. (ચૌદપૂર્વધર એવા મુનિને—સંયત મનુષ્યનેજ) આહારક-શરીર લબ્ધિથી હોઈ શકે છે.૪ આહારકશરીર શુભ, વિશુદ્ધ અને અપ્રતિઘાતી (ઉદ્દેશ સાધ્યા વગર પાછું ન ફરનાર) છે.૫

વૈક્રિયશરીર વિકુર્વતાં અને તેનો ઉપયોગ કરતાં એ બન્ને સમયે જીવને પ્રમતયોગ હોય છે; જ્યારે આહારકશરીર વિકુર્વતાં જીવને પ્રમતયોગ અને ઉપયોગ કરતાં તેને અપ્રમત્તયોગ હોય છે; કારણ કે ચૌદપૂર્વધર તેનો ઉપયોગ સૂક્ષ્મ વિષયમાં થતા સંશયના છેદન અર્થે અથવા તીર્થંકરભગવાનના સાક્ષાત દર્શન અર્થે કરે છે. તિર્યંચ અને

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સુ. ૩૯, ૪૦
૨ ,, ,, અ.૨ સૂ. ૩૮
૩ ,, ,, અ.૨ સૂ. ૪૬, ૪૭
૪ ,, ,, અ.૨ સૂ. ૪૮
૫ ,, ,, અ.૨ સૂ. ૪૯

મનુષ્યદ્વારા રચાતા વૈક્રિય અને ચૌદપૂર્વધરદ્વારા રચાતા આહારક એ દરેક શરીરની સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

તૈજસ અને કાર્મણ એ બે શરીર સંસારી જીવને અનાદિસંબંધવાળા છે, અને અપ્રતિઘાતી–ચૌદરાજ લોકમાં ગતિ કરતાં ન રોકી શકાય એવાં છે.૧ અહારપાચનમાં ઉપયોગી એવું તૈજસ શરીર છે અને કોઈકોઈ તેનો ઉપયોગ લબ્ધિથી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકવા પણ કરે છે. કાર્મણ શરીર કર્મપિંડરૂપ અને નિરૂપભોગ છે; કારણકે એકલા કાર્મણશરીર દ્વારા જીવ કર્મના રસવિપાક અનુભવી શકતો નથી.૨

એકી સમયે જીવને અધિકમાં અધિક ચાર શરીરદ્વારા ઉપભોગ –ઉપયોગ હોઈ શકે છે; જો કે લબ્ધિ તો પાંચે શરીરની એકી સમયે હોઈ શકે છે.૩ આનું કારણ એ છે કે વૈક્રિય શરીરના ઉપયોગ વખતે પ્રમત્તયોગ અને આહારક શરીરના ઉપયોગ વખતે અપ્રમત્તયોગ હોવાના કારણે એ બે શરીરના ઉપયોગ એકી સમયે હોઈ શકતા નથી.

**દેહમાનઃ**

ઔદારિકશરીરનું જઘન્ય દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ દેહમાન ત્રણ ગાઉ છે. મૂળ વૈક્રિયશરીરનું જઘન્ય દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ દેહમાન દેવના મૂળશરીરની અપેક્ષાએ સાત હાથ અને નારકના મૂળશરીરની અપેક્ષાએ ૫૦૦ ધનુષ્ય; દેવના ઉત્તરવૈક્રિયશરીરનું દેહમાન ૧૦૦,૦૦૦ યોજન, નારકના ઉત્તરવૈક્રિયનું દેહમાન તેના મૂળ વૈક્રિય કરતાં બમણું–૧૦૦૦ યોજન છે. સંજ્ઞી મનુષ્યના ઉત્તરવૈક્રિયનું ઉત્કૃષ્ટ દેહમાન ૧,૦૦,૦૦૦ યોજન સાધિક, અને સંજ્ઞી તિર્યંચના

---

૧. જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂ ૪૧,૪૨,૪૩

૨ ,, અ.૨ સૂ. ૪૫

૩ ,, ,, અ.૨ સૂ. ૪૪

ઉત્તરવૈક્રિયનું ઉત્કૃષ્ટ દેહમાન એક પૃથક્ત્વ (૨૦૦ થી ૯૦૦) યોજન છે.૧ ઉત્તરવૈક્રિયશરીરનું જઘન્ય દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે.

આહારકશરીરનું દેહમાન એક હાથ અને તૈજસ તેમજ કાર્મણ એ દરેક શરીરનું દેહમાન સંસારીજીવના મૂળ નિગોદમાંના સ્વદેહ પ્રમાણ હોય છે.

કેટલાક બાદર વાયુકાય જીવ પણ વૈક્રિયશરીરધારી હોય છે; આ વૈક્રિયશરીર જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે.૨

દેવ અને નારક એ દરેકને જન્મથી વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. ગર્ભજ તિર્યંચને જન્મથી ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે અને તે ઉપરાંત લબ્ધિથી ચોથું વૈક્રિયશરીર હોઈ શકે છે.

ગર્ભજ મનુષ્યને ઉપરોક્ત ત્રણ શરીર ઉપરાંત લબ્ધિથી ચોથું, વૈક્રિય અને પાંચમું આહારક એ બે શરીર પણ હોઈ શકે છે.

ગર્ભજ મનુષ્ય લબ્ધિથી પાંચ શરીરનો સ્વામી હોવા છતાં તેને એકી સમયે વધારેમા વધારે ચાર શરીર દ્વારા ઉપયોગ હોઇ શકે છે.૩

સિદ્ધજીવને શરીર હોતું નથી.

**ઇન્દ્રિય :**

ઇન્દ્ર્ય આત્મા; આત્માનું ચિન્હ એ ઇન્દ્રિય. છદ્મસ્થ જીવને ઇન્દ્રિય દ્વારા દર્શન અને જ્ઞાન એ બે ઉપયોગ હોઇ શકે છે. સામાન્ય જ્ઞાન એ દર્શનછે, જ્યારે વ્યકત એવું વિશેષ જ્ઞાન એ જ્ઞાન છે.

ઇન્દ્રિયના બે પ્રકાર છે: (૧) દ્રવ્ય અને (૨) ભાવ૪ દ્રવ્ય ઇન્દ્રિયના પણ બે પ્રકાર છે: (૧) નિવૃત્તિ અને (૨) ઉપકરણ. તેમાંની નિવૃત્તિના બે પ્રકાર છે: (૧) આભ્યંતર–અંતરંગ અને (૨) બાહ્ય.

---

૧ દ્રવ્ય લોક પ્રકાશ સર્ગ ૬ શ્લોક ૧૪૭

૨ જુઓ દ્રવ્ય લોક પ્રકાશ સર્ગ ૫ શ્લોક ૨૫૫

૩ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂત્ર ૪૧

૪ ,, અ. ૨ સૂત્ર ૧૫,૧૬,૧૭,૧૮

ઇન્દ્રિયનો આકાર એ નિવૃત્તિ છે. ઇન્દ્રિયનો અંતરંગ આકાર એ અભ્યંતરનિવૃતિ અને બાહ્ય આકાર એ બાહ્યનિવૃત્તિ છે.

ઇન્દ્રિયની પટુતા–તેની વિષયગ્રહણ કરવાની શક્તિ એ ઉપકરણ છે.

ભાવેન્દ્રિયના પણ બે પ્રકાર છે: (૧) લબ્ધિ અને (૨) ઉપયોગ.૧ જીવના જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ એ લબ્ધિ–શકિતવિશેષ છે. આ લબ્ધિ જ્ઞાન પ્રાપ્ત કરવાની જીવની લાયકાત વ્યકત કરે છે. જ્ઞાનપ્રાપ્તિ અર્થે જીવદ્વારા સધાતું ઇન્દ્રિયનું યોગ્ય સન્નિધાન–ક્રિયા એ ઉપયોગ છે.

ઇન્દ્રિય પાંચ છે:– (૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ, (૪) ચક્ષુ અને (૫) શ્રોત્રર. સ્પર્શનેન્દ્રિયનો વિષય આઠ સ્પર્શ (શીત, ઉષ્ણ, હલકું, ભારે, ચીકણું, લુખ્ખું, મૃદુ-સુવાળું અને ખર-ખરચડું) પારખવા અને અનુભવવાનો; રસનેન્દ્રિયનો વિષય પાંચ રસ (તીખો, કષાયેલો, કડવો, ખાટો અને મીઠો–ખારો) પારખવા અને અનુભવવાનો; ઘ્રાણેન્દ્રિયનો વિષય બે ગંધ (સુગંધ અને દુર્ગંધ) પારખવા અને અનુભવવાનો; ચક્ષુરિન્દ્રિયનો વિષય પાંચ વર્ણ (શુકલ, પીત, રકત, નીલ અને કૃષ્ણ), રૂપ, આકારાદિ પારખવા અને અનુભવવાનો અનો શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ સાંભળવા, પારખવા અનો અનુભવવાનો છે.૩

મન ઇન્દ્રિય નથી; પરંતુ અનિન્દ્રિય છે. સંજ્ઞી જીવને દ્રવ્યમન હોય છે; અસંજ્ઞી જીવને દ્રવ્યમન હોતું નથી.૪

ઉપરોક્ત પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન એ દરેક દ્વારા જીવને મતિજ્ઞાન થાય છે; જ્યારે તેને મનદ્વારા મતિપૂર્વક એવું શ્રુતિજ્ઞાન થાય છે.૫

---

૧. જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૨ સૂત્ર ૧૮
૨ ,, ,, અ. ૨ સૂ. ૨૦
૩ ,, ,, અ. ૨ સૂ. ૧૯,૨૧
૪ ,, ,, અ. ૨ સૂ. ૨૫
૫ ,, ,, અ. ૨ સૂ. ૨૨

સંસારી દરેક જીવને ભાવઇન્દ્રિય તો પાંચે હોય છે; જ્યારે દ્રવ્યેન્દ્રિય ન્યૂનાધિક હોય છે. દ્રવ્યેન્દ્રિયની ન્યૂનતા છતાં ભાવેન્દ્રિયના અસ્તિત્વના કારણે દરેક જીવ પોતાના જીવનસંવર્ધન–વ્યવહાર સરળતા અને સફળતાથી વહ્યા જાય છે. સંસારી દરેક જીવને ભાવ–મન પણ હોય છે; જ્યારે દ્રવ્યમનં માત્ર સંજ્ઞીજીવને હોય છે. દ્રવ્ય–મનની ન્યૂનતા છતાં ભાવમનની હસ્તિના કારણે અસંજ્ઞીજીવ પોતાની સંજ્ઞા પારખી શકે છે અને સંતોષી પણ શકે છે. એ રીતે એ દરેક પોતાનાં જીવનસંવર્ધન અને વ્યવહાર સરળતાથી, સફળતા-પૂર્વક વહ્યે જાય છે.

સિદ્ધ જીવને ઇન્દ્રિય કે મન હોતાં નથી.

**સંજ્ઞા :**

પૂર્વસંચિત કર્માનુસાર સંસારીજીવને તેના સંસ્કાર હોય છે; તદનુસાર તેને વાસના–તૃષ્ણા આદિ રહ્યા કરે છે. આ વાસના યા તૃષ્ણા એ સંજ્ઞા. સંજ્ઞા દશ છે: (૧) આહાર, (૨) નિદ્રા, (૩) ભય, (૪) મૈથુન, (૫) ક્રોધ, (૬) માન, (૭) માયા, (૮) લોભ અથવા પરિગ્રહ (૯) ઓઘ અને (૧૦) લોક.

ક્ષુધાવેદનીયના કારણે આહાર; દર્શનાવરણના ઉદયે નિદ્રા; ભયમોહનીયના ઉદયે ભય; પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ત્રણમાંના ગમે તેના ઉદયે મૈથુન; ક્રોધમોહનીયના ઉદયે ક્રોધ; માન-મોહનીયના ઉદયે માન, માયામોહનીયના ઉદયે માયા; લોભમોહનીયના ઉદયે લોભ અથવા પરિગ્રહ; મતિજ્ઞાનાવરણના ક્ષમોપશમે ઓઘદર્શન-સામાન્યજ્ઞાન અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય એ પ્રત્યેકના ક્ષમોપશમના કારણે લોક–વિશેષજ્ઞાન એમ સંસારીજીવને હોય છે.

ઉપરોક્ત દશ ઉપરાંત (૧) સુખ, (૨) દુઃખ, (૩) મોહ, (૪)

વિચિકિત્સા, (૫) શોક અને (૬) ધર્મ એ પણ સંજ્ઞા ગણાય છે. વેદનીયના ઉદયે સુખ અને દુઃખ; મોહનીયના ઉદયે મોહ; દર્શનમોહના ઉદયે વિચિકિત્સા; શોકમોહનીયના ઉદયે શોક અને દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય એ ત્રણમાંના કોઈપણ એકના કારણે ધર્મ સંજ્ઞા જીવને હોય છે.

બીજી રીતે સંજ્ઞા ત્રણ પ્રકારની છે; (૧) હેતુવાદિકી, (૨) દીર્ઘકાલિકી અને (૩) દૃષ્ટિવાદિકી. મિથ્યાદૃષ્ટિ જીવને હેતુવાદિકી સંજ્ઞા હોય છે; તે કારણે તે જીવ પોતાના ઇષ્ટ હેતુ અર્થે પ્રયત્નશીલ બને છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે; તે કારણે તે સંસારબંધનના કારણ વિચારી શકે છે; પરંતુ વીર્યના અભાવે તથાપ્રકારે તેનો અમલ કરી શકતો નથી. દેશવિરત, સર્વ-વિરત, અને અપ્રમત્ત આદિ આગળ વધેલ જીવને દૃષ્ટિવાદિકી સંજ્ઞા હોય છે, તે કારણે તે દરેક સંસારબંધન તોડવા પ્રયત્નશીલ બનેલા છે.

સિદ્ધ જીવને સંજ્ઞા હોતી નથી; બાકીના દરેક સંસારી જીવને સંજ્ઞા હોય છે.

**જીવનાં દેહમાન :-**

જીવના શરીરની ઉંચાઇ અથવા લંબાઇ એ તેનું દેહમાન છે. કેટલાંક જલચર અને ઉરઃપરિસર્પ એવા જીવોનું દેહમાન લંબાઇમાં અને બાકીના જીવોનું દેહમાન ઉંચાઇમાં ગણાય છે.

દેહમાનના ત્રણ પ્રકાર છે :- (૧) જઘન્ય, (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ. જઘન્ય એ ઓછામાં ઓછું, ઉત્કૃષ્ટ એ વધારેમાં વધારે અને મધ્યમ એ જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બે વચ્ચેનાં દેહમાન છે.

સર્વે સંસારી જીવનું જઘન્ય દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે, અને તે તેના નવીન ઉત્પત્તિસ્થાને આહારપર્યાપ્તિના સમયે હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાય સિવાયના દરેક સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય જીવનાં દેહમાન નીચેની તરતમતાનુસાર અંગુલના અસંખ્યાતમા ભાગનાં છે. [૧]

સૂક્ષ્મનિગોદ ( સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ ) નું જઘન્ય દેહમાન જઘન્યતમ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, તેનાથી અસંખ્યાતગુણ સૂક્ષ્મવાયુ, તેનાથી અસંખ્યાત ગુણ સૂક્ષ્મ અગ્નિ, તેનાથી અસંખ્યાતગુણ સૂક્ષ્મ જળ, તેનાથી અસંખ્યાતગુણ સૂક્ષ્મ પૃથ્વી, તેનાથી અસંખ્યાત ગુણ બાદર વાયુ, તેનાથી અસંખ્યાત ગુણ બાદર અગ્નિ, તેનાથી અસંખ્યાત ગુણ બાદર જળ, તેનાથી અસંખ્યાત ગુણ બાદર પૃથ્વી, અને તેનાથી અસંખ્યાત ગુણ બાદર સાધારણ વનસ્પતિકાય એ પ્રમાણે સ્થાવર એવા સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય જીવનાં દેહમાન છે. આમ તરતમતા હોવા છતાં એ દરેકના દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગે ગણાય છે; જ્યારે સ્થાવર એવા પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ દેહમાન ૧,૦૦૦ યોજન છે.

વિકલેન્દ્રિયમાંના બે ઇન્દ્રિયજીવનું ૧૨ યોજન, ત્રિઇન્દ્રિય જીવનું ૩ ગાઉ અને ચતુરિન્દ્રિય જીવનું ૧ યોજન એ પ્રમાણે ઉત્કૃષ્ટ દેહમાન છે,

પંચેન્દ્રિય જીવ અનેક પ્રકારે છે, તેમના દેહમાન નીચે મુજબ છે:

સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બે પ્રકારના જલચર તથા ગર્ભજ ઉરઃપરિસર્પ એ દરેકનું ૧,૦૦૦ યોજન; સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બે પ્રકારના ખેચર તથા સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ એ દરેકનું ૨ થી ૯ ધનુષ્ય; ગર્ભજ ભૂજપરિસર્પ અને સંમૂર્ચ્છિમ ચતુષ્પદ એ દરેકનું ૨ થી ૯ ગાઉ; સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પનું ૨ થી ૯ યોજન, ગર્ભજ ચતુષ્પદનું ૬ ગાઉ, સંમૂર્ચ્છિમ મનુષ્યનું અંગુલનો અસંખ્યાતમો ભાગ; ગર્ભજ મનુષ્યનું ૩ ગાઉ,[૨] ભવનપતિ, વ્યંતર,

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૨૦

૨ ,, ,, ,, ,, ,, ૨૮, ૩૦, ૩૧, ૩૨

જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઈશાન એ બે વૈમાનિક દેવો, એ દરેકનું ૭ હાથ; સાનતકુમાર અને માહેન્દ્ર એ બે વૈમાનિક દેવોનું ૬ હાથ, બ્રહ્મલોક અને લાંતક એ બે વૈમાનિક દેવોનું ૫ હાથ, મહાશુક્ર અને સહસ્ત્રાર એ બે વૈમાનિક દેવોનું ૪ હાથ, આનત–પ્રાણત–આરણ અને અચ્યૂત એ ચાર વૈમાનિક દેવોનું ૩ હાથ, નવગૈવેયક એ વૈમાનિક દેવોનું ૨ હાથ અને પાંચ અનુત્તર એ વૈમાનિક દેવોનું ૧ હાથ. રત્નપ્રભા નારકોનું ૭–૧૩/૧૬ ધનુષ્ય શર્કરાપ્રભાના નારકોનું ૧૫–૫/૮ ધનુષ્ય; વાલુકાપ્રભાના નારકોનું ૩૧ા ધનુષ્ય, પંકપ્રભાના નારકોનું ૬૨ાા ધનુષ્ય, ધુમ્રપ્રભાના નારકોનું ૧૨૫ ધનુષ્ય, તમઃપ્રભાના નારકોનું ૨૫૦ ધનુષ્ય, અને તમઃ–તમઃપ્રભાના નારકોનું ૫૦૦ ધનુષ્ય.[૧]

નારક અને દેવના ઉપર નિર્દેશ કરેલ દેહમાન એ તેમના મૂળ વૈક્રિય શરીરના દેહમાન છે; જ્યારે દેવના ઉત્તર વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ દેહમાન ૧,૦૦,૦૦૦ યોજન [૨] અને નારકના ઉત્તર વૈક્રિયનું દેહમાન તેનાં મૂળવૈક્રિય શરીરથી બમણું હોય છે. [૨] સંજ્ઞી મનુષ્યના ઉત્તર વૈક્રિય શરીરનું દેહમાન ૧,૦૦,૦૦૦ યોજન સાધિક અને સંજ્ઞી તિર્યંચના ઉત્તર વૈક્રિયનું દેહમાન એકસો પૃથકત્વ (૨૦૦ થી ૯૦૦) યોજન છે, દરેક જીવના ઉત્તર વૈક્રિયનું પ્રારંભિક દેહમાન જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગનું છે.

સિદ્ધ જીવને દેહ ન હોવાના કારણે દેહમાન નથી.

## સ્થિતિઃ

કાળમર્યાદા એ સ્થિતિ છે. તેના બે પ્રકાર છેઃ–(૧) આયુષ્ય અથવા ભવસ્થિતિ અને (૨) સ્વકાયસ્થિતિ–એકની એકજ જાતની

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૩૩
૨ „ „ ગા. ૨૯

કાયમાં, પરંતુ તેની જુદી જુદી પેટા જાતિમાં પણ પુનઃ પુનઃ ઉત્પન્ન થવું તે. ઉદા૦ પૃથ્વીકાયનો જીવ મૃદુમાંથી, ખરજાતિમાં, તેમાંથી કાંકરામાં, તેમાંથી શિલામાં એમ જુદી જુદી રીતે ઉત્પન્ન થવા છતાં તે પૃથ્વીકાયની સ્વકાયસ્થિતિમાં રહેલો ગણાય છે.

## આયુષ્ય અથવા ભવસ્થિતિ

અસંખ્યાત વર્ષાયુવાળા મનુષ્ય અને તિર્યંચ, દેવ અને નારક એ દરેક પોતાના આયુષ્યના છ માસ બાકી રહેતા નવીન ભવનું આયુષ્ય બાંધે છે; જ્યારે સંખ્યાત વર્ષના આયુવાળા મનુષ્ય અને તિર્યંચ એ દરેક ચાલુ ભવના ૧/૩ ભાગ આયુષ્ય બાકી રહેતાં બાંધે છે; તેમ ન બને તે બાકીના આયુષ્યના ૧/૩ ભાગ આયુષ્ય બાકી રહેતાં બાંધે છે......એ પ્રમાણે ૧/૩ ૧/૩ ના હિસાબે તેના ચાલુ ભવના છેલ્લા અંતર્મુહૂર્ત સુધી પણ આયુષ્ય ન બાંધ્યું હોય તો છેવટના તે અંતર્મુહૂર્તના પણ ત્રીજા ભાગે જીવ આયુષ્ય બાંધે છે.[1]

આયુષ્યના બે પ્રકાર છેઃ—(૧) અનપવર્ત્તનીય અને (૨) અપવર્ત્તનીય—અકસ્માત્ આદિથી ન તૂટી શકે તેવું અનપવર્ત્તનીય આયુષ્ય છે. જ્યારે અકસ્માત આદિથી તૂટી શકે તેવું અપવર્ત્તનીય આયુષ્ય છે. અપવર્ત્તનીય આયુષ્ય તેની કાલમર્યાદામાં ઘટી શકે તેવું છે; જ્યારે અનપવર્ત્તનીય આયુષ્ય કાલમર્યાદામાં ઘટી શકતું નથી, તે કારણથી અનપવર્ત્તનીય આયુષ્યવાળાને થતા અકસ્માત આદિના પરિણામે થતાં દુઃખ પૂરેપૂરાં અનુભવવાના હોય છે.

અપવર્ત્તનીય આયુષ્યના બે પ્રકાર છે. (૧) સોપક્રમ, (અકસ્માત આદિ નિમિત્તસહિત) અને (૨) નિરૂપક્રમ (નિમિત્ત વિનાનું)

આયુષ્ય બાંધતી વખતે જીવના મંદ અથવા ચલ–વિચલ, ડોળાયમાન પરિણામોના કારણે જીવ સોપક્રમ આયુષ્ય બાંધે છે,

---

૧ દ્રવ્યલોકપ્રકાશ સર્ગ–૩ શ્લોક ૮૯–૯૧

આવું આયુષ્ય કાળમર્યાદામાં ઘટી શકે છે. આયુષ્ય બાંધતી વખતે જીવના પરિણામ તીવ્ર, એકાગ્ર, અને ગાઢ હોય તો તેને નિરૂપક્રમ આયુષ્ય બંધાય છે, કે જેથી તેને અકસ્માત આદિથી આયુ તૂટતું નથી.

ઔપપાતિક જન્મવાળા એવા દેવ અને નારક એ દરેકને અનપવર્ત્તનીય આયુષ્ય હોય છે.[1] તે ઉપરાંત અસંખ્યાતવર્ષાયુ તિર્યંચ, અસંખ્યાત વર્ષાયુ યુગલિક મનુષ્ય, ચરમ શરીરી, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, પ્રતિવાસુદેવ એ દરેકને પણ અનપવર્ત્તનીય આયુષ્ય હોય છે. બાકીના તિર્યંચ અને મનુષ્ય એ દરેકને સોપક્રમ અપવર્તનીય આયુષ્ય હોય છે.

સિદ્ધ જીવને આયુષ્ય હોતું નથી. તે સાદિ અનંત છે.

**કાલમાન:**

| | |
|---|---|
| સૂક્ષ્માતિસૂક્ષ્મકાલ=૧ સમય | આવા એક સમયનો વિભાગ હોઈ શકતો નથી. |
| ૨ થી ૯ સમય=જઘન્ય અંતર્મુહૂર્ત્ત | ૪૮ મિનિટમાં ૧ સમય ન્યૂન=ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. |
| અસંખ્યાત સમય=૧ આવલી | ૨૫૬ આવલી=સૂક્ષ્મ નિગોદનો ૧ ક્ષુલ્લક ભવ |

સંખ્યાતા આવલી=૧ શ્વાસોશ્વાસ=૧૭$\frac{1}{2}$ ક્ષુલ્લક ભવ

૭ શ્વાસોશ્વાસ=૧ સ્તોક ૭ સ્તોક=૧ લવ

૭૭ લવ=૧ મુહૂર્ત્ત=૪૮ મિનિટ=૩૭૭૩ શ્વાસોશ્વાસ=૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ

૩૦ મુહૂર્ત્ત=૧ રાત્રિ દિવસ (અહોરાત્ર)

૧૫ રાત્રિદિવસ=૧ પક્ષ (પખવાડિયું)

---

૧ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૨ સૂ. ૫૨

| | |
|---|---|
| ૨ પક્ષ=૧ માસ | ૨ માસ=૧ ઋતુ |
| ૬ ઋતુ=૧ વર્ષ | ૫ વર્ષ=૧ યુગ |
| ૮૪,૦૦,૦૦૦ વર્ષ=૧ પૂર્વાંગ | ૮૪ પૂર્વાંગ=૧ પૂર્વ |

૧ પૂર્વ=૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ

અસંખ્યાત વર્ષ=૧પલ્યોમપમ ૧૦કોટાકોટીપલ્યોપમ=૧ સાગરોપમ

૧૦ કોટાકોટી સાગરોપમ=૧ ઉત્સર્પિણી અથવા અવસર્પિણી

૨૦ „ „ =૧ ઉત્સર્પિણી અને
૧ અવસર્પિણી=૧ કાલચક્ર

અનંત કાલચક્ર=૧ પુદ્ગલ પરાવર્ત્ત

**જીવનાં આયુષ્ય:**

આયુષ્યના ત્રણ પ્રકાર છે: (૧) જઘન્ય, (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ.

તિર્યંચ અને મનુષ્ય એ દરેકને જઘન્ય આયુષ્ય અંતુમુહૂર્ત્ત હોય છે. દેવ અને નારક એ દરેકને જઘન્ય આયુ. ૧૦,૦૦૦વર્ષનું છે.

સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મજલ, સૂક્ષ્મઅગ્નિ. સૂક્ષ્મવાયુ. સૂક્ષ્મસાધારણ વનસ્પતિ અને બાદરસાધારણ વનસ્પતિ એ દરેકનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતમુહૂર્ત્ત છે.[1] ૨ થી ૯ સમયનું જઘન્ય અંતમુહૂર્ત્ત અને ૪૮ મિનિટમાં એક સમય ન્યૂન એ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત-છે; એ બે વચ્ચેનું મધ્યમ અંતર્મુહૂર્ત્ત જાણવું.

દરેક જીવની અપર્યાપ્ત અવસ્થા પણ અંતર્મુહૂર્ત્તનીજ હોય છે.

બાદરપૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુ ૨૨,૦૦૦ વર્ષ છે. તેમાં સુંવાળી (મૃદુ) પૃથ્વીનું ૧.૦૦૦ વર્ષ, શુદ્ધપૃથ્વીનું ૧૨.૦૦૦, મનઃશીલનું ૧૬,૦૦૦ વર્ષ, કાંકરાનું ૧૮,૦૦૦ વર્ષ અને કઠણ પૃથ્વીનું ૨૨,૦૦૦ વર્ષ એ પ્રમાણે તરતમતા છે.

---

૧ જુઓ જીવવિચાર પ્રકરણ ગા. ૩૮

બાદર જળનું ૭,૦૦૦ વર્ષ, બાદર અગ્નિનું ૩ રાત્રિદિવસ, બાદરવાયુનું ૩,૦૦૦ વર્ષ અને પ્રત્યેક વનસ્પતિનું ૧૦,૦૦૦ વર્ષ એ પ્રમાણે ઉત્કૃષ્ટ આયુ છે.[1]

બે ઇન્દ્રિયનું ૧૨ વર્ષ, ત્રિ ઇન્દ્રિયનું ૪૯ દિવસ, ચતુરિન્દ્રિયનું ૬ માસ એ પ્રમાણે વિકલેન્દ્રિય જીવનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.[૨]

ગર્ભજ પંચેન્દ્રિય જલચર તિર્યંચ, ગર્ભજઉરઃપરિસર્પસ્થલચર-તિર્યંચ એ દરેકનું ઉત્કૃષ્ટ આયુ ૧ પૂર્વકોટીવર્ષ છે.

૧પૂર્વ=૭૦,૫૬૦,૦૦,૦૦ ૭૦૦,૦૦૦=(૮૪ ૦૦,૦૦૦×૮૪,૦૦,૦૦૦)

ગર્ભજપંચેન્દ્રિય ચતુષ્પદ સ્થલચર તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ દરેકનું ઉત્કૃષ્ટ આયુ ૩ પલ્યોપમ છે.

સંમૂચ્છિમ પંચેન્દ્રિય ચતુષ્પદ સ્થલચરતિર્યંચનું ૮૪,૦૦૦ વર્ષ; સંમૂચ્છિમ ઉરઃપરિસર્પ સ્થલચર તિર્યંચનું ૫૩૦૦૦ વર્ષ; સંમૂચ્છિમ પંચેન્દ્રિય ભુજપરિસર્પ સ્થલચરતિર્યંચનું ૪૨૦૦૦ વર્ષ, સંમૂચ્છિમ પંચેન્દ્રિય ખેચર તિર્યંચનું ૭૨૦૦૦ વર્ષ અને ગર્ભજ ખેચરતિર્યંચનું પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એ પ્રમાણે ઉત્કૃષ્ટ આયુ હોય છે. સંમૂચ્છિમ મનુષ્યનું જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ આયુ અંતર્મુહૂર્ત્તનું હોય છે.[૩]

ભવનપતિ દેવ, ભવનપતિ દેવી, વ્યંતરદેવ, વ્યંતરદેવી, એ દરેકનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે સાગરોપમ સાધિક.[૪] ૪ાા પલ્યોપમ, ૧ પલ્યોપમ[૫] અને ાા પલ્યોપમ એ પ્રમાણે હોય છે.

---

૧ જુઓ જીવવિચાર પ્રકરણ ગા. ૩૪
૨ ,, ગા. ૩૫-૩૬
૩ જુઓ જીવવિચાર પ્રકરણ ગા. ૩૮
૪ જુઓ તત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૪ સૂ૦ ૨૯, ૩૦, ૩૧, ૩૨
૫ ,, ,, અ૦ ૪ સૂ૦ ૪૬, ૪૭

જ્યોતિષ્ક દેવમાંના તારા દેવનું જઘન્ય આયુ $\frac{1}{8}$ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ આયુ $\frac{1}{4}$ પલ્યોપમ અને તારાદેવીનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ $\frac{1}{8}$ પલ્યોપમ હોય છે. [1] જ્યોતિષ્ક દેવમાંના સૂર્યદેવ, સૂર્યદેવી, ચંદ્રદેવ, ચંદ્રદેવી, ગ્રહદેવ, ગ્રહદેવી, નક્ષત્રદેવ, નક્ષત્રદેવી, એ દરેકનું જઘન્ય આયુ $\frac{1}{4}$ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અયુ અનુક્રમે ૧ પલ્યોપમ ૧૦૦૦ વર્ષ;[2] $\frac{1}{2}$ પલ્યોપમ ૫૦૦ વર્ષ, ૧ પલ્યોપમ ૧,૦૦,૦૦૦ વર્ષ, $\frac{1}{2}$ પલ્યોપમ ૫૦,૦૦૦ વર્ષ, ૧ પલ્યોપમ[3], $\frac{1}{2}$ પલ્યોપમ $\frac{1}{2}$ પલ્યોપમ અને $\frac{1}{4}$ પલ્યોપમ એ પ્રમાણે હોય છે.[4]

સૌધર્મ દેવલોકના દેવ, પરિગ્રહીતા દેવી અને અપરિગ્રહીતા દેવી એ દરેકનું જઘન્ય આયુ ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૨ સાગરોપમ[5], ૭ પલ્યોપમ, અને ૫૦ પલ્યોપમ એ પ્રમાણે છે.

ઈશાનદેવલોકના દેવ, પરિગ્રહીતા દેવી અને અપરિગ્રહીતા દેવી એ દરેકનું જઘન્ય આયુ ૧ પલ્યોપમ સાધિક, અને ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૨ સાગરોપમ સાધિક[6] ૯ પલ્યોપમ અને ૫૫ પલ્યોપમ હોય છે.

સાનતકુમાર દેવલોકના દેવનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૭ પલ્યોપમ અને ૨ સાગરોપમ એ પ્રમાણે છે;[7]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૪ સૂ૦ ૫૧, ૫૨
૨ „ „ અ૦ ૪ સૂત્ર૦ ૪૮, ૫૩
૩ „ „ અ૦ ૪ સૂ૦ ૪૯. ૫૩
૪ „ „ અ૦ ૪ સૂ૦ ૫૦, ૫૩
૫ „ „ અ૦ ૪ સૂ૦ ૩૩, ૩૪
૬ „ „ અ૦ ૪ સૂ૦ ૩૫
૭ „ „ અ૦ ૪ સૂ૦ ૩૬

| જાતિ | જઘન્ય આયુ | ઉત્કૃષ્ટ આયુ |
|---|---|---|
| માહેન્દ્ર દેવલોકનાદેવનું | ૭ પલ્યોપમ સાધિક | ૨ સાગરોપમ સાધિક |
| બ્રહ્મલોકના ,, | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| લાંતક દેવલોકના દેવનું | ૧૦ ,, | ૧૪ ,, |
| મહાશુક્ર દેવલોકના દેવનું | ૧૪ ,, | ૧૭ ,, |
| સહસ્રાર દેવલોકના દેવનું[1] | ૧૭ ,, | ૧૮ ,, |
| આનત દેવલોકના દેવનું | ૧૮ ,, | ૧૯ ,, |
| પ્રાણત દેવલોકના દેવનું | ૧૯ ,, | ૨૦ ,, |
| આરણ દેવલોકના દેવનું | ૨૦ ,, | ૨૧ ,, |
| અચ્યુત દેવલોકના દેવનું | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૪ સૂ૦ ૩૮

| જાતિ | જઘન્ય આયુ | ઉત્કૃષ્ટ આયુ (અનુક્રમે) |
|---|---|---|
| નીચેના ત્રણ ગ્રૈવેયક દેવનું | ૨૨, ૨૩, ૨૪ સાગરો૦ | ૨૩, ૨૪, ૨૫ સાગરો૦ |
| વચ્ચેના ત્રણ ,, | ૨૫, ૨૬, ૨૭ ,, | ૨૬, ૨૭, ૨૮ ,, |
| ઉપરના ત્રણ ,, | ૨૮, ૨૯, ૩૦ ,, | ૨૯, ૩૦, ૩૧ ,, |

વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજીત અનુઉત્તર એ દરેક દેવનું જઘન્ય આયુ ૩૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુ ૩૨ સાગરોપમ છે. સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનના દેવનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ ૩૩ સાગરોપમ છે. ૧

રત્નપ્રભા પૃથ્વીના નારક જીવનું જઘન્ય આયુ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ આયુ ૧ સાગરોપમનું છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શર્કરાપ્રભા | ,, | ,, | ૧ સાગરોપમ | ,, | ૩ | ,, |
| વાલુકાપ્રભા | ,, | ,, | ૩ ,, | ,, | ૭ | ,, |
| પંકપ્રભા | ,, | ,, | ૭ ,, | ,, | ૧૦ | ,, |
| ધૂમ્રપ્રભા | ,, | ,, | ૧૦ ,, | ,, | ૧૭ | ,, |
| તમઃપ્રભા | ,, | ,, | ૧૭ ,, | ,, | ૨૨ | ,, |
| મહાતમઃપ્રભા | ,, | ,, | ૨૨ ,, | ,, | ૩૩ | ,, ૨ |

સિદ્ધ જીવને આયુષ્ય હોતું નથી.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ અ૦૪-સુ-સૂત્ર૦૩૮

૨ ,, ,, ,, ,, સૂ૦૬

**સ્વકાયસ્થિતિઃ—**

એકને એકજ કાયમાં, પરંતુ કોઇ કોઈ જુદી જુદી જાતિમાં ફરી ફરી ઉત્પન્ન થવું એ સ્વકાયસ્થિતિ છે.

સૂક્ષ્મ અને બાદર એ દરેક સાધારણ વનસ્પતિકાયની સ્વકાય-સ્થિતિ ઓઘે રક્ પુદ્ગલપરાવર્તકાલ—એટલે અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાલની છે. [૧]

સૂક્ષ્મ પૃથ્વી, સૂક્ષ્મ જલ, સૂક્ષ્મ અગ્નિ, અને સૂક્ષ્મ વાયુ એ દરેકની સ્વકાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાલની છે [૨]

બાદર પૃથ્વી, બાદર જલ, બાદર અગ્નિ, બાદર વાયુ, અને પ્રત્યેક વનસ્પતિ એ દરેકની સ્વકાયસ્થિતિ ઓઘથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાલની છે. પર્યાપ્ત બાદરપૃથ્વીની ૧,૭૬,૦૦૦ વર્ષ; બાદરજલની ૫૬૦૦૦ વર્ષ, બાદરઅગ્નિની ૨૪ અહોરાત્ર, બાદર-વાયુકાયની ૨૪૦૦૦ વર્ષ અને પ્રત્યેક વનસ્પતિકાયની (૮ ભવ આશ્રયી) ૮૦,૦૦૦ વર્ષ સ્વકાયસ્થિતિ હોય છે. [૩]

બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય એ દરેકની સ્વકાય-સ્થિતિ સંખ્યાત હજાર વર્ષની છે. [૪]

સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બંને પ્રકારના તિર્યંચ અને મનુષ્ય એ દરેકની સ્વકાયસ્થિતિ સાતથી આઠ ભવ પ્રમાણ અર્થાત્ ૩ પલ્યોપમ અને ૨ થી ૯ પૂર્વકોટી વર્ષની છે. [૪]

---

૧ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૪૦
અને દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૫ શ્લોક ૨૪૦
૨ જુઓ દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૪ શ્લોક ૯૦–૯૧
૩ ,, ,, ,, સર્ગ ૫ શ્લોક ૪૨ થી ૪૭
૪ જુઓ જીવ વિચાર પ્રકરણ ગા. ૪૧

નારક અને દેવ એ દરેકને સ્વકાયસ્થિતિ હોતી નથી.

સંસારી જીવને હોતી સ્વકાયસ્થિતિ સિદ્ધ જીવને હોતી નથી; સિદ્ધાલયમાં સિદ્ધ જીવ સાદિ અનંત સ્થિતિવાળાજ છે.

**સંહનનઃ**

જીવના શરીરમાંના હાડકાંના પરસ્પર જોડાણના જુદા જુદા પ્રકાર એ સંહનન છે; તે સંઘયણ પણ કહેવાય છે. સંઘયણ ૭ છેઃ (૧) વજ્રઋષભનારાચ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ, (૪) અર્ધ-નારાચ, (૫) કિલિકા અને (૬) સેવાર્ત્ત અથવા છેવઠું.

જીવના હાડકાંને હોતો બંને બાજુ મર્કટબંધ, તે બંધ પર પાટો અને તે પાટા પર ખીલી એ પ્રકારનું હાડકાંનું જોડાણ એ વજ્રઋષભનારાચ સંહનન છે. બે બાજુ મર્કટબંધ અને તે પર પાટો એ પ્રકારનું હાડકાંનું જોડાણ એ ઋષભનારાચ સંહનન છે માત્ર બે બાજુ મર્કટબંધ એવું હાડકાનું જોડાણ એ નારાચ સંહનન છે, જીવનાં હાડકાંને હોતો એકજ બાજુનો મર્કટબંધ એ પ્રકારનું હાડકાંનું જોડાણ એ અર્ધનારાચ સંહનન છે. જીવના હાડકાંના છેડાના ખાડામાં પરસ્પર બેસાડેલ એ પ્રકારનું હાડકાંનું જોડાણ એ કિલિકા સંહનન છે. અને જીવના હાડકાંને ખાડા વિના માત્ર પરસ્પર સ્પર્શતું એવું હાડકાંનું જોડાણ એ સેવાર્ત્ત અથવા છેવઠું સંહનન છે.

અરિહંત, ચક્રવર્ત્તી, વાસુદેવ, બલદેવ અને અકર્મભૂમિના મનુષ્ય-ને વજ્રઋષભનારાચ સંહનન હોય છે. દેવ અને નારક સંહનન ન હોવા છતાં ઉપચારથી અનુક્રમે વજ્રઋષભનારાચ અને સેવાર્ત્ત સંહનનવાળા કહેવાય છે; બાકીના તિર્યંચ અને મનુષ્યને તેનાં સંહનન નામકર્મ અનુસાર ૭ પ્રકારમાંનું ગમે તે કોઈ એક સંહનન હોય છે.

સિધ્ધ જીવને સંહનન હોતું નથી.

**સંસ્થાનઃ**

શરીરનું બંધારણ અથવા રચનાવિશેષ એ સંસ્થાન છે. સંસ્થાન ૬ છેઃ-(૧) સમચતુરસ્ર, (૨) ન્યગ્રોધપરિમંડલ, (૩) સાદિ (૪) કુબ્જ, (૫) વામન અને (૬) હૂંડ અથવા હૂંડક.

પલાંઠી વાળી સીધા બેઠેલા જીવના જમણા ઢિંચણથી ડાબા ખભા સુધી, ડાબા ઢિંચણથી જમણા ખભા સુધી, બે ઢિંચણ વચ્ચેનું અને પોતાના આસનથી નાસિકા સુધીનું એ ચારે પ્રકારનાં અંતર સમાન હોય તે પ્રકારની અંગરચના એ સમચતુરસ્ર સંસ્થાન છે. જીવના નાભિ ઉપરના અંગો ભરાવદાર અને નીચેના અંગો સામાન્ય હોય તેવી અંગરચના એ ન્યગ્રોધ-પરિમંડલ સંસ્થાન છે. જીવના નાભિ ઉપરના અંગો પ્રશસ્ત અને તેની નીચેના અંગો અપ્રશસ્ત એવી અંગરચના સાદિ સંસ્થાન છે. હાથ, પગ, મસ્તક અને ડોક આદિ સુલક્ષણ અને હૃદય, પેટ, નાભિ આદિ કુલક્ષણ એવા અંગોવાળી અંગરચના કુબ્જ સંસ્થાન છે. હાથ, પગ, મસ્તક અને ડોક આદિ કુલક્ષણ અને હૃદય, પેટ, નાભિ, આદિ સુલક્ષણ એવા અંગોવાળી અંગરચના વામન સંસ્થાન છે. અને કુરૂપ, ઢંગઢડા વગરની અને અપ્રશસ્ત અંગરચના હૂંડ સંસ્થાન છે.

અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, અકર્મભૂમિના મનુષ્ય અને દેવ એ દરેકને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. ૧ નારકને હુંડક સંસ્થાન અને બાકીના તિર્યંચ અને મનુષ્યને તેના સંસ્થાન નામ કર્મ અનુસાર કોઈ એક સંસ્થાન હોય છે.

સિદ્ધ જીવને સંસ્થાન હોતું નથી.

---

૧ જુઓ બૃહત્સંગ્રહણી ગા. ૧૬૩ થી ૧૬૫ ની ટીકા

**જીવનાં સ્થાન:**

એકેન્દ્રિય અને પંચેન્દ્રિય એ બે પ્રકારના જીવ ઉર્ધ્વ, અધો અને મધ્ય-તિર્છા એ ત્રણે લોકમાં હોય છે. તેમાંના પંચેન્દ્રિય જીવ ત્રણેય લોકની ત્રસ નાડીમાં અને એકેન્દ્રિય જીવ ત્રણેય લોકની ત્રસ નાડીમાં અને તેની બહાર પણ હોય છે. બાદર તેઉકાય જીવ ત્રસ નાડીમાંના માત્ર અઢી દ્વીપમાંજ હોય છે; જ્યારે બાદર પૃથ્વી અને બાદરવાયુ એ તો ત્રસનાડીની અંદર અને બહાર ત્રણેય લોકમાં હોય છે. બાદર અપકાય અને સાધારણ તેમજ પ્રત્યેક વનસ્પતિકાય ત્રસનાડીમાં મધ્ય લોક અને બાર વૈમાનિક દેવ સુધી અને તેની બહાર પણ હોઈ શકે છે.

વિકલેન્દ્રિય જીવ મધ્ય લોકની ત્રસ નાડીમાં હોય છે એમ સૂત્રમાં તેના સ્થાન આશ્રયી કહ્યું છે; પરંતુ તે ઉપરાંત અધોલોકની વાવડીઓ આદિમાં અને ઉર્ધ્વલોકમાં પાંડુકવનની વાવડી તથા હ્રદ આદિમાં પણ હોય છે. [1]

સૂક્ષ્મ પૃથ્વી, સૂક્ષ્મ જલ, સૂક્ષ્મ અગ્નિ, સૂક્ષ્મ વાયુ, અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ એ પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવ તો ચૌદેય રાજલોકમાં તેની ત્રસ નાડીમાં અને તેની બહાર પણ હોઈ શકે છે.

સાત નારક ભૂમિ, આઠમી ઇષત્પ્રાગ્ભાર પૃથ્વી–સિદ્ધશિલા એ આઠેય પૃથ્વીમાં, પાતાલકળશોની ભીંતોમાં, અસુરના ભવન અને આવાસોમાં, નારકના પ્રતરોમાં, ઉર્ધ્વલોકનાં વિમાનોમાં, તેની પ્રતરોમાં, તિર્યંચ લોકના કૂટપર્વતોમાં, વક્ષસ્કાર પર્વતોમાં, વર્ષધર

---

૧ જુઓ દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩ શ્લોક ૪૦ થી
અને „ સર્ગ ૬ શ્લોક ૧૦

પર્વતોમાં, શેલા, જગતી (કોટ), વેદિકા (દ્વાર), સમુદ્ર આદિમાં બાદર પૃથ્વીકાય જીવનાં સ્વસ્થાનતઃ ઉત્પત્તિસ્થાન હોય છે.

સાત ઘનોદધિ, ઘનોદધિવલય, પાતાલકલશો, અસુરનાભવન અને આવાસ, ઉર્ધ્વમાં બાર દેવલોકના વિમાનની પુષ્કરણી વાવડીઓમાં તિર્યગલોકના સમુદ્ર, વાવ, કૂવા, તલાવ, નદી, દ્રહ, નદ, સરોવર, ખાઈ, ક્યારા, શાશ્વત અને અશાશ્વત જલાશય, દ્વીપ, સમુદ્ર, આદિમાં બાદર અપકાય અને બાદર વનસ્પતિકાય જીવનાં સ્વસ્થાનતઃ ઉત્પત્તિ-સ્થાન હોય છે.

લવણ અને કાલોદધિ એ બે સમુદ્ર; જંબુ, ધાતકી અને પુષ્કરાર્ધ એ અઢીદ્વીપ એવા મનુષ્યલોકમાં બાદર તેઉકાય જીવનાં સ્વસ્થાનતઃ ઉત્પત્તિસ્થાન છે. આમાં પણ પાંચ મહાવિદેહમાં તે નિરંતર અને પાંચ ભરત અને પાંચ ઐરવત એ દરેકમાં નિયતકાલે (અવ-સર્પિણીના ત્રીજા, ચોથા અને પાંચમા અને ઉત્સર્પિણીના બીજા, ત્રીજા અને ચોથા એ દરેક આરામાં એક સાગરોપમ અને ૮૪ લાખ પૂર્વમાં ૨૧૦૦૦ વર્ષ ઓછા કાલપ્રમાણ) હોય છે. અકર્મભૂમિ અને અંતર્દ્વીપમાં તેઉકાય હોતા નથી.

સાત ઘનવાતવલય, સાતતનવાતવલય, પાતાલકુંભ, અસુરના ભવન અને આવાસોમાં; તેના દ્વીપો, નિષ્કૂટો, વેદિકા આદિમાં; સર્વ-દેવલોકની શ્રેણિ, વિમાનપ્રતરો, તેના છિદ્રો-નિષ્કૂટો વેદિકા આદિમાં; તિર્યગલોકની દિશાવિદિશામાં, અધો અને ઉર્ધ્વદિશામાં, જગતીના ગવાક્ષોમાં, ગૃહઉદ્યાન આદિમાં બાદરવાયુકાય જીવનાં સ્વસ્થાનતઃ ઉત્પત્તિસ્થાન હોય છે. મેરૂપર્વતના અંતરાલ મધ્યભાગમાં વાયુકાય જીવ હોતા નથી; તે સિવાયના બાકીના દરેક ભાગમાં તે જીવ હોય છે.

દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવ મુખ્યત્વે અઢીદ્વીપ એવા મનુષ્યલોકમાં હોય છે.

અસંજ્ઞી અને સંજ્ઞી એવા તિર્યંચ જીવ મનુષ્યલોક અને તેની બહારના દ્વીપ સમુદ્રમાં હોય છે, આમ સમગ્ર મધ્ય-તિર્યંગલોકમાં તિર્યંચ જીવ હોય છે.

અસંજ્ઞી અને સંજ્ઞી એવા મનુષ્ય માત્ર મધ્યલોકના અઢીદ્વીપ માંજ હોય છે; તેની બહાર નહિ.

બે ઇન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના ત્રસ જીવ ચૌદરાજલોકની મધ્યમાં રહેલી ૧ રાજ પહોળી અને ચૌદરાજ લાંબી ઉંચી એવી ત્રસનાડીમાંજ હોય છે. અધોલોકની ઉપરની ૧૦૦૦ યોજન સુધીની ત્રસવાડીમાં મનુષ્ય અને તિર્યંચ હોય છે; તેમાંના ઉપરના ૧૦૦ યોજનમાંના ઉપર નીચેના દશ દશ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનમાં વાણુવ્યંતર, તે ૮૦૦ યોજનની નીચેના ૮૦૦ યોજનમાં વ્યંતર એ પ્રકારે ચારે ગતિના જીવ હોય છે.

રત્નપ્રભાની ઉપર અને નીચેના ૧૦૦૦, ૧૦૦૦ યોજન છોડતાં બાકીની ૧,૭૮૦૦૦ યોજન ભૂમિમાં [ ત્રસનાડીમાં ] ભવનપતિ અને પહેલી નારકના જીવ હોય છે. રત્નપ્રભાની નીચેની ૧૦૦૦ યોજન ભૂમિ ત્રસ જીવ વિનાની હોય છે. બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી એ દરેક નારક ભૂમિમાં ઉપર નીચે ૧૦૦૦, ૧૦૦૦ યોજન બાદ કરતાં બાકીની ત્રસનાડીમાં અનુક્રમે બીજી, ત્રીજી, ચોથી, પાંચમી. છઠ્ઠી અને સાતમી નારકના જીવ હોય છે.

મેરૂપર્વતની સમતલ ભૂમિથી ૧૦૦૦ યોજન ઉપરની ભૂમિના ૭૯૦ થી ૯૧૦ યોજન સુધીમાં ( ત્રસનાડીમાં ) અનિયતચારી અને નિયતચારી એવા બે પ્રકારના ચરજ્યોતિષ્ક અને એક પ્રકારના સ્થિર જ્યોતિષ્ક દેવ હોય છે.

સમભૂતલા પૃથ્વીથી ૧ રાજપ્રમાણ એવી ઉર્ધ્વલોકની ઉપર અને જ્યોતિષ્ક દેવોથી લગભગ એકથી અધિક રાજની ઉંચાઇએ ઉત્તરોત્તર

ઉપર ઉપર બાર વૈમાનિક, નવગ્રૈવેયક, અને પંચ અનુત્તર એ પ્રકારના દેવો ત્રસનાડીમાં હોય છે. અને તે સર્વથી ઉંચે મધ્યમાં ૮ યોજન જાડી અને વિષ્કંભમાં ૪૫,૦૦,૦૦૦ યોજન ગોળાકારે એવી ઇષત્પ્રાગ્ભારા-સિદ્ધશિલા પૃથ્વીના લોકાંતે સિદ્ધ જીવ હોય છે.

મધ્યલોકમાં ત્રસનાડી બહાર લોક વિભાગજ નથી; કારણ ત્યાં તે પછી અલોકાકાશજ છે. ત્રસવાડી બહારના લોકવિભાગ ઉર્ધ્વ અને અધો એ બે લોક પૂરતા છે.૧

ત્રસનાડી અને ત્રસનાડી બહારના ભાગોમાં એકેન્દ્રિય જીવ હોય છે. ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી ઉપર સિદ્ધસ્થાન સિવાયના ભાગમાં પણ એકેન્દ્રિય જીવ હોય છે.

**સમુદ્દઘાતઃ**

લાંબા ગાળે ભોગવવાના કર્મો ઉદીરણાકરણવડે ઉદયમાં લાવી આકર્ષી ભોગવી તેની નિર્જરા કરવાનું સાધન અથવા પ્રબળપણે કર્મોને ઘાત કરવાનું જીવનું કાર્ય એ સમુદ્દઘાત છે. સમુદ્દઘાત સાત પ્રકારે હોય છે .(૧) વેદના, (૨) કષાય, (૩) વૈક્રિય, (૪) આહારક, (૫) તૈજસ, (૬) મરણ અને (૭) કેવલી.

જીવ વેદના સમુદ્દઘાત કરતાં સ્વદેહ પ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશોવડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બની વેદનાના પ્રદેશોને અંતર્મુહૂર્ત માટે પોતાના દેહના પોલાણ ભાગમાં પૂરી તે પ્રમાણે રહી તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. આના પરિણામે જીવ તેના જુના કર્મની નિર્જરા કરે છે, આમ વેદનાનો અનુભવ

૧ જુઓ પરિશિષ્ટ નં. ૧

કરતાં જીવ જો વિષમભાવ–રાગદ્વેષમાં તલ્લીન બને તો જૂનાં કર્મોની નિર્જરા થવા સાથે નવાં ચીકણાં કર્મ તેની સ્થિતિ અને રસ સહિત બાંધે છે કે જે તેને ભાવિમાં ભોગવવાં રહે છે; આના બદલે આ સમયે જીવ સમભાવ રાખે તો તેનાં જૂનાં કર્મની નિર્જરા કરતાં તે સાથે તે જે નવાં કર્મ બાંધે છે તે પ્રકૃતિ અને પ્રદેશ બંધ પૂરતાં બાંધે છે. આનું કારણ કષાય અને લેશ્યાનો અભાવ એ છે; પરિણામે આવા નિરસ કર્મની નિર્જરા જીવ સહેલાઇથી કરી શકે છે.

જીવ કષાય સમુદ્ઘાત કરતાં સ્વદેહપ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશોવડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બની કષાયના પ્રદેશોને અંતર્મુહૂર્ત માટે પોતાના દેહના પોલાણમાં પૂરી તે પ્રમાણે રહી કષાયનો તીવ્ર અનુભવ કરે છે; આનાં પરિણામે જૂનાં કર્મની નિર્જરા થાય છે, પરંતુ તેને જે નવાં ચીકણાં કર્મ બંધાય છે તે તેને ભવિષ્યમાં ભોગવવાનાં રહે છે અને તેની પરંપરા પણ ચાલ્યા કરે છે.

ઉપરના વેદના અને કષાય એ બે સમુદ્ઘાતનો અનુભવ સંસારી જીવ પોતાના દરેક ભવમાં અનેક વખત કરે છે.

વૈક્રિય સમુદ્ઘાત કરતાં જીવ સ્વદેહ પ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશો વડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બની અંતર્મુહૂર્ત માટે સંખ્યાત, અસંખ્યાત યોજન લંબાઇનો દંડ બનાવી પોતાના જૂનાં વૈક્રિય કર્મ ખપાવતો અને વૈક્રિય દેહ યોગ્ય નવાં વૈક્રિય પુદ્ગલ ગ્રહણ કરતો વિશાળ ઉત્તર વૈક્રિય શરીરની રચના કરે છે. દેવ નારક, તિર્યંચ અને મનુષ્ય એ દરેકને ઉત્તર વૈક્રિય શરીર રચતાં આ સમુદ્ઘાત હોય છે.

આહારક સમુદ્ઘાત કરતાં જીવ સ્વદેહપ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશો વડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બની અંત-

મુંહૂર્ત માટે સંખ્યાત યોજન (મહાવિદેહ પર્યંત) લંબાઇનો દંડ બનાવી પોનાનાં જૂનાં આહારકકર્મ ખપાવતો અને આહારક દેહ યોગ્ય નવાં આહારક પુદ્‌ગલ ગ્રહણ કરતો અનુત્તર વિમાનના દેવોથી પણ અધિક કાન્તિવાળું, નિર્મળ અને ઉચ્ચ સ્ફટિક રત્ન કરતાં પણ સ્વચ્છ, એક હાથ પ્રમાણ એવા આહારક શરીરની રચના કરે છે. ચૌદપૂર્વી લબ્ધિધર મુનિ (મનુષ્ય) ને મહાવિદેહ ક્ષેત્રમાં શંકા સમાધાન આદિ અર્થે મોકલવા સારૂ આહારક શરીર રચતાં આ સમુદ્‌ઘાત હોય છે.

તૈજસ સમુદ્‌ઘાત કરતાં જીવ સ્વદેહપ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશો વડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બનતાં અંતર્મુહૂર્ત માટે સંખ્યાત યોજન લંબાઇનો દંડ બનાવી પોતાના જૂનાં તૈજસ કર્મ ખપાવતો અને નવાં તૈજસ વર્ગણાનાં પુદ્‌ગલ ગ્રહણ કરતો તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકે છે. તેજોલેશ્યા અથવા શીતલેશ્યા એ બે માંથી કોઇપણ લબ્ધિવાળા મનુષ્યને આ તૈજસ સમુદ્‌ઘાત હોય છે.

વૈક્રિય, આહારક, અને તૈજસ એ ત્રણ સમુદ્‌ઘાત શરીરને લગતા છે; તે કારણે તે તે શરીરની લબ્ધિવાળાને તે તે લબ્ધિઓના ઉપયોગ વખતે તે તે સમુદ્‌ઘાત હોય છે.

જીવ મરણ સમુદ્‌ઘાત કરતાં સ્વદેહપ્રમાણ ક્ષેત્રમાં પોતાના આત્મપ્રદેશો વડે વિસ્તૃત અને સ્થૂલ એ બે રીતે વ્યાપ્ત બની પોત પોતાના નવાં ગતિ, જાતિ, આનુપૂર્વી આદિ કર્માનુસાર સંખ્યાત અસંખ્યાત યોજનનો દંડ બનાવી પોતાના નવા ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે. એકભવમાં જીવને આ સમુદ્‌ઘાત જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી બે વખત હોઇ શકે છે.

આત્માને મોક્ષની સન્મુખ બનાવવાની ક્રિયા એ આવર્જીકરણ કહેવાય છે. આ આવર્જીકરણ કર્યા પછી અને ત્રણ યોગના નિરોધની શરૂઆત કરતાં પહેલાં વેદનીય, નામ, અને ગોત્ર એ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મની સ્થિતિ કરતાં અધિક હોય તેવા સયોગી કેવલી આ કેવલી સમુદ્‌ઘાત કરે છે.

આ સમુદ્‌ઘાત કરતાં જીવ પહેલા સમયે પોતાના આત્માના રૂચક પ્રદેશથી પોતાના આત્મપ્રદેશ જંબુદ્વીપના મેરૂ પર્વતના મધ્યભાગે રહેલા રૂચક પ્રદેશે લાવી તે આત્મપ્રદેશો વડે પોતાના શરીર પ્રમાણ જાડો–પહોળો અને ચૌદરાજ પ્રમાણ ઉંચો એવો દંડ બનાવે છે. બીજા સમયે તે પ્રદેશને વિસ્તારતાં પૂર્વ પશ્ચિમ તેટલોજ લાંબો પહોળો તે વડે કપાટ કરે છે; ત્રીજા સમયે આ આત્મપ્રદેશને ઉત્તર દક્ષિણ તેટલાજ પ્રમાણમાં લંબાવીને ચાર આંતરાવાળો મંથાન (રવૈયો) કરે છે અને ચોથા સમયે પોતાના આત્મપ્રદેશો વડે મંથાનના આંતરા પૂરે છે. આમ જીવ પોતાના અસંખ્યાત આત્મપ્રદેશ, લોકાકાશના અસંખ્યાત પ્રદેશ દરેક પર એક એક એ રીતે ગોઠવે છે, તે પછી પાંચમા સમયે મંથાનમાંના આંતરા સંહરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે અને આઠમા સમયે દંડ સંહરી લઇને પોતાના ફેલાવેલ તે આત્મપ્રદેશોને ત્યાં ત્યાંથી સંહરીને પોતાના દેહમાં સમાવી લે છે. (પછી અંતર્મુહૂર્ત્ત જીવી યોગનિરોધ કરી મુકત બને છે.)

કેવલી સમુદ્‌ઘાતમાં પહેલા અને છેલ્લા એ પ્રત્યેક સમયે જીવને ઔદારિક કાયયોગ; બીજા, છઠ્ઠા અને સાતમા એ પ્રત્યેક સમયે ઔદારિક મિશ્રકાયયોગ; અને ત્રીજા, ચોથા અને પાંચમા એ પ્રત્યેય સમયે કાર્મણકાયયોગ હોય છે.

કેવલી સમુદ્‌ઘાત કરતાં જીવ તેના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા એ એ સમયે અનાહારી હોય છે; બાકીના દરેક સમયે તે

આહારક હોય છે. બીજા સમયે અનાહારક હોવાનું કારણ મેરૂએ જતાં જીવની વક્રગતિ એ છે.

દરેક સંસારી જીવને દરેક ભવમાં અનેક વખત વેદના અને કષાય એ બે સમુદ્દ્ઘાત હોય છે. સંસારી જીવને એક અથવા બે વખત દરેક ભવમાં મરણ સમુદ્દ્ઘાત હોય છે. વૈક્રિયલબ્ધિના ઉપયોગ વખતે વૈક્રિય, આહારકલબ્ધિના ઉપયોગ વખતે આહારક અને તૈજસલબ્ધિના ઉપયોગ વખતે તૈજસ્ એ સમુદ્દ્ઘાત સંસારી જીવને હોય છે. આયુષ્યકર્મની સ્થિતિ કરતાં વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણમાંના કોઈની સ્થિતિ અધિક હોય તેવા સયોગી કેવલીને યોગ-નિરોધ કરતાં પહેલાં કેવલી સમુદ્દ્ઘાત હોય છે; કેવલી સમુદ્દ્ઘાત જીવને તેના સમસ્ત સંસાર કાલમાં એકજ વખત હોય છે.

સિદ્ધ જીવને સમુદ્દ્ઘાત હોતો નથી.

**અઢાર પાપસ્થાનકઃ**

સંજ્ઞાના પોષણ અર્થે જીવ અઢાર પ્રકારે પાપનાં કાર્યો કરે છે; તે અઢાર પાપસ્થાનક ગણાય છે.

(૧) પ્રાણાતિપાત=હિંસા, (૨) મૃષાવાદ—અસત્ય, (૩) અદત્તાદાન—ચોરી, (૪) મૈથુન—નરમાદા યુગલની પ્રવૃત્તિ, (૫) પરિગ્રહ—મૂર્છા—મમતા, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન—ખોટું આળ (૧૪) પૈશુન્ય—ચાડીચૂગલી, (૧૫) રતિ—હર્ષ, અરતિ—ખેદ, (૧૬) પરપરિવાદ—અન્યનો અવર્ણવાદ—નિન્દા, (૧૭) માયામૃષાવાદ—પાપકાર્ય ઢાંકવા છેતરપીંડી કરીને સાથે જુઠું બોલવું—છળકપટ—દંભ આદિ અને (૧૮) મિથ્યાત્વશલ્ય (મિથ્યાત્વરૂપ અજ્ઞાન).

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચની સમજુતી પાંચમા દેશવિરત અને છઠ્ઠા સર્વવિરત સંયત

એ બે ગુણસ્થાનની ચર્ચામાં આપી છે. પાપ અથવા દોષમય પ્રવૃત્તિ ત્યાગ કરવા અને પુણ્ય-શુભ પ્રવૃત્તિ આદરવા જીવને મોટાં પાપસ્થાનકોથી વિરત થવાનું હોય છે અર્થાત એ પાંચ ત્યાગવાના હોય છે. જીવ પોતાના વીર્યોલ્લાસાનુસાર ત્યાગ બે રીતે કરે છે. (૧) દેશતઃ અને (૨) સર્વતઃ

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે; તેની સમજુતી કષાયની ચર્ચામાં આપી છે. રાગ અને દ્વેષ એ બે સંસારી જીવના માનસિક ભાવ છે, તે કારણે એ બે જીવને બંધનાં કારણો બને છે. રાગથી માયા અને લોભ અને દ્વેષથી ક્રોધ અને માન એ પ્રકારની પ્રવૃત્તિ જીવ કરે છે. કલહ એ ક્રોધનાં ફલનું રૂપાંતર માત્ર છે.

કોઇના પર ખોટું આળ કે તહોમત મૂકવું એ અભ્યાખ્યાન છે. ચાડીચૂગલી, નિન્દા, કૂથલી આદિ પૈશૂન્ય-હલકટતા છે. અભ્યાખ્યાન અને પૈશૂન્ય એ દરેક દ્વેષના કારણે બને છે.

ઈષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટવિયોગ એ પર હોતી પ્રીતિ એ રતિ છે; જ્યારે અનિષ્ટપ્રાપ્તિ અને ઈષ્ટવિયોગ પ્રતિ હોતો ખેદ-અપ્રીતિ એ અરતિ છે. આ બંને ઇષ્ટ વિષયની આસકિતના કારણે જીવને હોય છે; એ બંને નોકષાય ગણાય છે.

પારકાના અવગુણ ગાવા, નિન્દા કરવી એ પરપરિવાદ છે; તે પણ ઇર્ષ્યાના કારણેજ બને છે.

છળ-કપટ-દંભ-ખોટી પ્રવૃત્તિને સાચી ઠરાવવારૂપે જૂઠ-અસત્યનો આશ્રય લેવો એ માયામૃષાવાદ છે. તે અભિમાનના કારણે બને છે.

નિગોદ આદિ જીવમાં હોતો અજ્ઞાનનો અનાદિસંસ્કાર એ અવ્યકત મિથ્યાત્વ છે; જ્યારે નિગોદઆદિ સિવાયના સજ્ઞાન જીવને

હોતો અનાદિ યા આદિ એવો અજ્ઞાનનો સંસ્કાર એ વ્યક્ત મિથ્યાત્વ છે. સજ્ઞાન મિથ્યાત્વ એ જીવને શલ્યરૂપ છે. કાંટો વાગતાં જીવ જેમ આકુલવ્યાકુલ બને છે અને તે તે સિવાય બીજો વિચાર કરી શકતો નથી તેમ જીવને મિથ્યાત્વરૂપ શલ્ય સંસારના વિષયની આસક્તિમાં આકુલવ્યાકુલ રાખ્યા કરે છે અને તેને નિજના આત્માના લાભકારી સદ્‌વિચાર કે સદ્‌પ્રવૃત્તિને થવા પણ દેતું નથી.

બારમા ક્ષીણમોહ ગુણસ્થાને અને તે પછી જીવન્મુક્ત જીવને અને સિદ્ધના જીવને પાપસ્થાનક હોતાં નથી; બાકીના સંસારી જીવને તેના સંસ્કાર અનુસાર ન્યૂનાધિક પાપસ્થાનકની પ્રવૃત્તિ હોય છે.

**લેશ્યા:**

વિચાર, વાણી અને વર્તન–આચાર એ દરેકની પ્રવૃત્તિના પરિણામે તથા પ્રકારના પુદ્‌ગલની સહાયથી ઉદ્‌ભવતી વિચારપરંપરા એ જીવને હોતી લેશ્યા છે. પુદ્‌ગલ સ્વરૂપ એવી આ લેશ્યા આત્માના પરિણામરૂપ છે. જે જે પ્રકારની વિચારપરંપરા જીવને ઉદ્‌ભવે છે તે તે પ્રકારે તેના પરિણામમાં પરિવર્તન થતું રહે છે. જીવને કોઈવાર અશુભ પ્રવૃત્તિના, તેમાં રાચીમાચી રહેવાના, તેમાં રમમાણ બનવાના અને તેમાં રત બનવા અંગે વિચારપરંપરા જાગે છે ત્યારે તેના આત્માના પરિણામ તે તે સ્વરૂપના બને છે; તેવીજ રીતે તેને કોઇ કોઇવાર શુભપ્રવૃત્તિના, તેમાં રાચવામાચવાના, તેમાં રમમાણ બનવાના અને તેમાં રત બનવાની વિચારપરંપરા જાગે છે ત્યારે પણ તેના આત્મપરિણામ તે સ્વરૂપના બને છે. આ ઉપરાંત શુભ અશુભપ્રવૃત્તિ વિના બીજાઓની પ્રવૃત્તિના દર્શનથી પણ જીવને આ પ્રકારની વિચારપરંપરા અને આત્માના પરિણામ બની રહે છે. જીવની માનસિક, વાચિક, અને કાયિક પ્રવૃત્તિના પ્રતિબિંબરૂપ આત્મપરિણામ જે પુદ્‌ગલ રૂપ છે તે લેશ્યા છે.

લેશ્યા ૭ છે:-(૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજ પીત, (૫) પદ્મ અને (૬) શુકલ. કૃષ્ણ લેશ્યા હીનતમ, નીલ લેશ્યા હીનતર, કાપોતલેશ્યા હીન, તેજો લેશ્યા શુભ, પદ્મ લેશ્યા શુભતર અને શુકલ લેશ્યા શુભતમ છે. અશુભ વિચાર, અશુભવાણી અને અશુભ-વર્તન એ દરેક અશુભ લેશ્યાના સહાયક છે; જ્યારે શુભવિચાર, શુભવાણી અને શુભવર્તન એ દરેક શુભલેશ્યાના સહાયક છે.

કાપોત, નીલ અને કૃષ્ણ એ ત્રણ લેશ્યા સ્વાર્થમય અને હીન-પ્રવૃત્તિ અંગેની વિચારપરંપરા દર્શાવે છે; એ દરેકની તરતમતામાં ફરક રહે છે, એટલે ઉત્તરોત્તર એ દરેક અશુભ, અશુભતર અને અશુભતમ હોય છે. તે પ્રમાણે તેજ:લેસ્યા, પદ્મલેસ્યા અને શુકલ લેશ્યા એ દરેક પરમાર્થ અને સત્પ્રવૃત્તિ અંગેની વિચારપરંપરા દર્શાવે છે, એ દરેકની તરતમતામાં પણ ફરક રહે છે; એટલે ઉત્ત-રોત્તર એ દરેક શુભ, શુભતર અને શુભતમ હોય છે. જીવને હોતા આર્ત અને રૌદ્ર એ બે ધ્યાન કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાના દ્યોતક છે; જ્યારે જીવને હોતા ધર્મ અને શુકલ એ બે ધ્યાન તેજ:, પદ્મ અને શુકલ લેક્ષ્યાના દ્યોતક છે.

નારક જીવને અશુભલેશ્યા હોય છે, કારણ કે તેને જે દુ:ખ-પરંપરા ભોગવવી પડે છે તે કારણે તેને તે અંગે મલીન વિચાર રહ્યા કરે છે, તેથી તેના આત્મપરિણામ તે સ્વરૂપના બને છે; ક્વચિત્ શુભલેશ્યા ઉદયમાં આવે તો તે અંતર્મુહૂર્ત પછી તરતજ બદલાઇ જાય છે દેવને શુભલેશ્યા હોય છે અને તે સુખમાં રમ-માણ રહે છે. તેથી તેના આંત્મપરિણામ તે સ્વરૂપના બને છે; ક્વચિત્ અશુભલેશ્યા ઉદયમાં આવે તો તે અંતર્મુહૂર્ત્ત પછી તરતજ બદલાઇ જાય છે. તિર્યંચ જીવને કિંચિત્ શુભ અને અધિકતર અશુભ લેશ્યા હોય છે; કારણકે અનેક ભયપ્રસંગોમાં તેનું જીવન વહેતું હોય છે. મનુષ્યને કોઇકને અશુભ લેશ્યા અધિક, કોઇકને

શુભ લેશ્યા અધિક એમ હોય છે. જીવને જેમ ભય અધિક તેમ તેની લેશ્યા કિલષ્ટ અને મલિન બનવાની; જેમ નિર્ભયતા સ્વસ્થતા, આદિ અધિક તેમ લેશ્યા શુભ રહેવાની. ચારેય ગતિના દરેક જીવને લેશ્યા તો છયે હોય છે; પરંતુ તેમાં અધિક પ્રમાણમાં હોતી લેશ્યાનું પ્રાધાન્ય ગણાય છે.

સિધ્ધ જીવને લેશ્યા હોતી નથી.

**કષાય:**

કષ=સંસાર અને આય=લાભ; જીવને સંસારનો લાભ એટલે વૃદ્ધિ કરાવનાર કષાય છે. તેની તરતમતા અનુસાર ચાર પ્રકાર છેઃ–(૧) અનંતાનુબંધી, (૨) અપ્રત્યાખ્યાનીય, (૩) પ્રત્યાખ્યાનીય અને (૪) સંજવલન.

બાતરતમ કષાય એ અનંતાનુબંધી, બાદરતર કષાય એ અપ્રત્યાખ્યાનીય, બાદર કષાય એ પ્રત્યાખ્યાનીય અને સૂક્ષ્મ–સૂક્ષ્મતમ એ સંજવલન કષાય છે.

અનંતાનુબંધી કષાય નારકગતિનું; અપ્રત્યાખ્યાનીય કષાય તિર્યંચ ગતિનું, પ્રત્યાખ્યાનીય કષાય મનુષ્યગતિનું અને સંજ્વલન-કષાય દેવગતિનું નિમિત્ત બને છે. જીવને કષાય થવાનું કારણ મૂર્છા અથવા મમત્વભાવ છે. કંચન, કામિની, કુટુંબ અને કાયા પર જીવને મૂર્છા–મોહ થાય છે અને તે કારણે તેને કષાય હોય છે

આવા કષાય ચાર છેઃ–(૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. અનંતાનુબંધી ચાર કષાય, અપ્રખ્યાતનીય ચાર કષાય, પ્રત્યાખ્યાનીય ચાર કષાય અને સંજવલન ચાર કષાય એમ ગણતાં સોળ કષાય થાય છે. એ વિભાગને ફરી પણ તે પ્રમાણે વિભાગ પાડીએ તો તેના ૬૪ પ્રકાર પણ થઇ શકે છે.

જીવમાં હોતા રાગદ્વેષ એ કષાયના મૂળ કારણ છે; રાગના કારણે માયા અને લોભ અને દ્વેષના કારણે ક્રોધ અને માન જીવને હોય છે.

કલહ-કજીયો, ઇર્ષ્યા, પરસ્પર મત્સર ખેદ, ઉગ્રરોષ, હૈયાનો-ઉકળાટ, રિસાળપણું, બળાપો, તિરસ્કાર, વિના કારણે ઠપકો આપવો, ઝગડવું, બીજાને ન અનુસરવું, કોઈની સાથે ન રહી શકવું, અકૃતજ્ઞતા (ઉપકારીના ઉપકારની અવજ્ઞા-ઉપેક્ષા), બીજાની સાથે અસમાન વર્તણુક આદિ ક્રોધનાં જુદાં જુદાં રૂપાંતરો છે. આવા કારણે જીવ કઠોર અને ચીકણાં કર્મ બાંધી સંસાર વધારે છે.

જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત (જ્ઞાન), તપ, લાભ અને ઐશ્વર્ય (સત્તા, પ્રતાપ, પ્રભાવ, સાહ્યબી) આદિ આઠ કારણે હોતો અહંકાર; બીજાને હલકા પાડવા, પોતાની પ્રશંસા કરવી, અન્યના પરાભવ ઇચ્છવા, પરનિંદા, બીજાની અસૂયા (ઇર્ષ્યા), બીજાનું વગોણું કરવું, કોઇ પર ઉપકાર ન કરવો, અક્કડ રહેવું, નમ્રતાનો અભાવ, અવિનય, બીજાના ગુણો ઢાંકવા આદિ માનનાં રૂપાંતર છે. આવા કારણે જીવ કઠોર અને ચીકણાં કર્મ બાંધતો સંસારવૃદ્ધિ કરે છે.

માયા-વક્રતા, પાપનાં ગુપ્ત આચરણ, કૂડકપટ, બીજાને ઠગવા, કોઇનો વિશ્વાસ ન કરવો, કોઇપર સદ્ભાવ ન રાખવો, ઉત્સૂત્ર બોલવું, પારકી થાપણ ઓળવવી, છળ કરવાં, છદ્મ-હૃદયના ભાવ છૂપા રાખતા રહેવું, સ્વાર્થ સાધવા મૂર્ખ દેખાવા સુધીની ચેષ્ટા કરવી, વક્રબુદ્ધિ રાખવી, વિશ્વાસઘાત કરવો, આદિ માયાનાં રૂપાંતર છે. આ પ્રમાણે વર્ત્તતાં જીવ અસંખ્યાત જન્મમરણની વૃદ્ધિ કરે છે.

અતિ સંચય કરવાની વૃત્તિ, કઠોરતા, અતિ મમતા, મૂર્ચ્છા, કૃપણતા (સંચિતમાંથી કંઇપણ વાપરવાની અનિચ્છા), છતી સામગ્રીએ અનુપભોગ-કંજુસાઇ; કોઇપણ વસ્તુનો નાશ થતાં-ચોરાઇ જતાં-

આપેલ વસ્તુ પાછી ન આવતાં મૂર્છિત બનવું, બિમાર પડી જવું, અધિકાધિક સામગ્રી ભેગી કરવાની વૃત્તિ, તે વૃત્તિના અમલ અંગે ચિંતન વિગેરે લોભનાં રૂપાંતર છે. આ પ્રકારે જીવ અનેક જન્મ-મરણ વધારે છે.

ઉપરોક્ત ચાર કષાય પોતાની અંદર, પારકાની અંદર, પોતાની અને પારકાની એમ બેની અંદર ઉદ્દીરણા કરનાર પોતાના સંયમરૂપ પ્રાણુનો પણ નાશ કરે છે.

ઉપશમકને નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાનના અંતે ચાર બાદરકષાય, સૂક્ષ્મક્રોધ, સૂક્ષ્મમાન અને સૂક્ષ્મમાયાનો ઉપશમ હોય છે અને દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનના અંતે સૂક્ષ્મ લોભનો પણ ઉપશમ હોય છે; જ્યારે ક્ષપકને નવમા અનિવૃત્તિબાદર ગુણ-સ્થાનાંતે ચાર બાદર કષાય, સૂક્ષ્મક્રોધ, સૂક્ષ્મમાન અને સૂક્ષ્મમાયાનો ક્ષય હોય છે; દસમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનાંતે સૂક્ષ્મ લોભનો પણ ક્ષય હોય છે. જીવને બારમા ક્ષીણમોહ, તેરમા સયોગી કેવલી અને ચૌદમા અયોગીકેવલી એ ત્રણ ગુણસ્થાને કષાય હોતા નથી. બાકીના સંસારી જીવને ક્ષયોપશમ અનુસાર ન્યૂનાધિક પ્રમાણમાં કષાય હોય છે.

સિદ્ધ જીવને કષાય હોતા નથી.

**નો કષાયઃ**

કષાય તરફ જીવને દોરનાર–ધકકેલનાર નોકષાય છે. આવા નોક-ષાય નવ છે, તેના બે પ્રકાર છેઃ (૧) હાસ્યષટ્ક અને (૨) ત્રણવેદ. હાસ્યષટ્કમાં નીચેના છ ગણાય છેઃ– (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા.

વિના કારણે ઠઠ્ઠામશ્કરી કરવી, હસવાની હરિફાઇ, ભાંડની માફક ચેનચાળા કરવા, વિષય આદિમાં રાગ વધે તેવાં ગીતો,

આખ્યાનોમાં પ્રીતિ રાખવી, સામાન્ય હસવું, હાંસી કરવી આદિ હાસ્યના રૂપાંતર છે.

ઇષ્ટ વિષયની પ્રાપ્તિ, અનિષ્ટ વિષયનો વિયોગ, આત્મશ્લાઘા, અતિહર્ષના નિમિત્ત એ વિગેરેમાં હોતી જીવની રૂચિ–પ્રીતિ એ રતિ છે.

અનિષ્ટ વિષયની પ્રાપ્તિ, ઇષ્ટ વિષયનો વિયોગ આદિ કારણે ઉદ્ભવતો ખેદ, ધર્મકાર્યમાં હોતો ઉદ્વેગ, ચિત્તના ચંચળભાવ, ધર્મધ્યાનનો અનાદર વિગેરે અરતિ છે.

સ્વજનના વિયોગનો શોક, અતિશોક–સંતાપ, અનિષ્ટ પ્રાપ્ત થતાં તેમાંથી છુટવાની તમન્ના (અધૈર્ય), અતિશોકથી પોતા ઉપર ગુસ્સો, અલ્પરૂદન, ઉગ્રરૂદન, આપઘાતની ભાવના આદિ શોક છે.

નિઃસત્વતાના કારણે અકસ્માતભય, ચોર આદિનો ભય, દીનતા, હિંસક પશુનો ભય, ભૂતનો ભય આદિ ભય છે.

દુર્ગંધી મડદાં, મેલાં વસ્ત્ર, મેલાં શરીર, અનિષ્ટ પદાર્થો આદિનાં દર્શન થતાં આંખ મીંચવી, મુખ ફેરવવું, મુખ મરડવું, નાકપર હાથ દેવો વગેરે જુગુપ્સા છે.

વેદ એ ચિન્હ છે; તેના બે પ્રકાર છેઃ (૧) દ્રવ્ય અને (૨) ભાવ.

વેદ ત્રણ છેઃ (૧) પુરૂષવેદ, (૨) સ્ત્રીવેદ અને (૩) નપુંસકવેદ. પુરૂષચિન્હ એ દ્રવ્ય અને સ્ત્રીસંસર્ગની ઇચ્છા એ ભાવ પુરૂષવેદ છે. સ્ત્રીચિન્હ એ દ્રવ્ય અને પુરૂષસંસર્ગની ઇચ્છા એ ભાવ સ્ત્રીવેદ છે. કેટલાંક પુરૂષના અને કેટલાંક સ્ત્રીના એ બે પ્રકારના ચિન્હ એ દ્રવ્ય અને પુરૂષ તથા સ્ત્રી એ બંનેના સંસર્ગની ઇચ્છા એ ભાવ નપુંસકવેદ છે.

નારક અને દરેક સંમૂચ્છિમ જીવ નપુંસક હોય છે.[૧] દેવો નપુંસક હોતા નથી;[૨] એટલે દેવોમાં પુરૂષ અને સ્ત્રી એ બે વેદ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૨ સૂ૦૫૦

૨ ,, ,, અ૦ ૨ સૂ૦૫૧

**ઉપયોગઃ**

હોય છે. સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય એ દરેકમાં પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ત્રણ વેદ હોય છે.

ઉપરના હાસ્યષટક અને ત્રણ વેદ એ નવ નોકષાય થયા.

ઉપશમકને નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાને નવ નોકષાયને ઉપશમ અને ક્ષપકને તેનો ક્ષય હોય છે. દશમા સૂક્ષ્મસંપરાય, બારમા ક્ષીણમોહ, તેરમા સયોગીકેવલી અને ચૌદમા અયોગીકેવલી એ એ ગુણસ્થાને જીવને નોકષાય હોતા નથી. બાકીના જીવોને ક્ષયો-પશમ અનુસાર ન્યૂનાધિક પ્રમાણમાં નોકષાય હોય છે.

સિદ્ધ જીવને નોકષાય હોતા નથી.

ઉપર નિર્દેશ કરેલ સોળ કષાય અને નવ નોકષાય એ પચ્ચીશ ચારિત્રમોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિ છે.

**ઉપયોગઃ**

જીવનું અસાધારણ એવું લક્ષણ ઉપયોગ છે.૧ ઉપયોગનું કારણ જીવમાં રહેલ અનાદિઅનંત એવું ચેતનતત્ત્વ છે. સિદ્ધ અને સંસારી એ બંને પ્રકારના જીવને બંધબેસતું એવું અદ્વિતીય લક્ષણ ઉપ-યોગ છે. જાગૃતિ, એકાગ્રતા, તલ્લીનતા, યતના, જયણા, સન્નિધાન આદિ ઉપયોગના પર્યાય શબ્દો છે.

કાલનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ માપ 'સમય' છે; એકી સમયે જીવને એકજ ઉપયોગ હોઇ શકે છે.

ઉપયોગના બે પ્રકાર છેઃ-(૧) નિરાકાર-સામાન્ય જ્ઞાનરૂપ દર્શન અને (૨) સાકાર-વિશેષજ્ઞાન રૂપ જ્ઞાન.[૨]

નામ, જાતિ આદિ જાણ્યા વિના 'કાંઇક' છે એવું સામાન્ય જ્ઞાન એ નિરાકાર ઉપયોગ-દર્શન છે. નામ, જાતિ આદિ જાણવા પૂર્વક વ્યકતજ્ઞાન એ સાકાર ઉપયોગ-જ્ઞાન છે.

## નિરાકાર ઉપયોગ-દર્શન:

નિરાકાર ઉપયોગ-દર્શનના ચાર પ્રકાર છેઃ (૧) ચક્ષુર્દર્શન, (૨) અચક્ષુર્દર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન.[૧] ચક્ષુદ્વારા થતું પ્રાથમિક દર્શન અથવા અર્થાવગ્રહનો આદ્યઅંશ એ ચક્ષુર્દર્શન છે. સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર એ પ્રાપ્યકારી ઇન્દ્રિયો દ્વારા થતો વ્યંજનાવગ્રહ અને મનમાં સ્ફુરતો પ્રાથમિક વિચાર અથવા અર્થાવગ્રહનો આદ્યઅંશ એ અચક્ષુર્દર્શન છે. રૂપી પદાર્થનું આત્મ-પ્રત્યક્ષ દર્શન એ અવધિદર્શન છે. રૂપી અરૂપી એવા પદાર્થનું આત્મપ્રત્યક્ષ દર્શન એ કેવલદર્શન છે.

## સાકાર ઉપયોગ જ્ઞાન:

સાકાર ઉપયોગ-જ્ઞાનના આઠ પ્રકાર છેઃ-(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યાયજ્ઞાન, (૫) કેવલજ્ઞાન, (૬) મતિઅજ્ઞાન, (૭) શ્રુતઅજ્ઞાન અને (૮) વિભંગજ્ઞાન-વિપરીત અવધિજ્ઞાન.[૨]

## મતિજ્ઞાન:

ઈન્દ્રિય અને મન એ દરેક દ્વારા મતિજ્ઞાન થાય છે,[૩] પાંચ ઇન્દ્રિયમાંની કોઈપણ એક અને એ સર્વેદ્વારા દ્રવ્ય યા વિષયના પર્યાયોનું અને તે દ્વારા દ્રવ્ય યા વિષયનું જીવને મતિજ્ઞાન થાય છે.

(૧) અવગ્રહ, (૨) ઇહા, (૩) અપાય અને (૪) ધારણા એ ક્રમે જીવને દ્રવ્ય યા વિષયનું જ્ઞાન થાય છે.[૪]

પ્રાપ્યકારી ઇન્દ્રિય (સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર) સાથે દ્રવ્ય યા વિષયોના પર્યાયોનો પ્રત્યક્ષ સંપર્ક-સંબંધ એ વ્યંજન

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૨ સૂ૦૮
૨ ,, અ૦૨ સૂ૦૯
૩ ,, અ૦૧ સૂ૦૧૪
૪ ,, અ૦૧ સૂ૦૧૫

અવગ્રહ છે. આવો પ્રત્યક્ષ સંબંધ અવ્યકતતમથી શરૂ થઇ તેની માત્રા વધતાં વધતાં અવ્યકતતર થતાં અટકે છે કે જ્યાં તેને 'આ કંઇક છે' એવું ભાન થાય છે. નામ, જાતિ આદિની કલ્પના રહિત દ્રવ્ય યા વિષયના પર્યાયનું ભાન-જ્ઞાન એ વ્યંજન અવગ્રહ.૧

ઉપરોકત વ્યંજન અવગ્રહ પછી તેને ઇન્દ્રયદ્વારા અર્થાવગ્રહ થાય છે. વ્યંજન અવગ્રહ દ્વારા થએલ 'આ કાંઈક દ્રવ્ય યા વિષયના પર્યાય છે' એવું ભાન-જ્ઞાન એ અર્થાવગ્રહ છે. અપ્રાપ્યકારી ઈન્દ્રિય (ચક્ષુ અને મન) દ્વારા વ્યંજન અવગ્રહ હોતો નથી; એ બે ઇન્દ્રિય દ્વારા સીધોજ અર્થાવગ્રહ થાય છે. ૨

દ્રવ્ય યા વિષયના પર્યાય અને પ્રાપ્યકારી ઇન્દ્રિય એ બેનો પ્રત્યક્ષ (સીધો) સંબંધ વ્યંજન અવગ્રહમાં આવશ્યક છે જ્યારે અર્થાગ્રહમાં અપ્રાપ્યકારી ઇન્દ્રિય માટે તેમ નથી; યોગ્ય સન્નિધાન (ક્રિયા) દ્વારા અપ્રાપ્યકારી ઇન્દ્રિય ( ચક્ષુ અને મન ) દ્વારા સીધો અર્થાવગ્રહ હોય છે. આમ પ્રાપ્યકારી ચાર ઇન્દ્રિય ( સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર ) દ્વારા વ્યંજન અવગ્રહ અને પ્રાપ્યકારી અને અપ્રાપ્યકારી એમ છ ઇન્દ્રિય દ્વારા અર્થાવગ્રહ એમ અવગ્રહના દશ પ્રકાર છે.

અવગ્રહ દ્વારા કરેલ દ્રવ્ય યા વિષયનો નિર્ણય કરવા કરાતો ઉહાપોહ યા ચિંતન કરતાં પૃથક્કરણ દ્વારા નિર્ણય તરફનો વળાંક એ ઇહા છે. પાંચ ઇન્દ્રિય અને મન એ છ દ્વારા અવગ્રહ કરેલ વિષય યા દ્રવ્ય અંગે ઇહા હોવાથી તેના છ પ્રકાર છે.

ઈહા દ્વારા કરેલ પૃથક્કરણના પરિણામે કરાતો અંતિમ નિર્ણય એ અવાય-અપાય છે; પાંચ ઇન્દ્રિય અને મન એ છ દ્વારા અવગ્રહ અને ઈહા કરેલ વિષય યા દ્રવ્ય અંગે તે હોવાથી તેના છ પ્રકાર છે.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ૦૧૮

૨ ,, ,, અ૦૧ સૂ૦૧૭-૧૮-૧૯

ઉપરોક્ત કરેલ અંતિમ નિર્ણય સ્મરણમાં ધારી રાખવો તે ધારણા છે; પાંચ ઇન્દ્રિય અને મન એ છ દ્વારા અવગ્રહ, ઇહા, અપાય કરેલ વિષય યા દ્રવ્ય અંગે તે હોવાથી તેના છ પ્રકાર છે

ઉપર નિર્દેશ કર્યા અનુસાર ૪ વ્યંજન અવગ્રહ, ૬ અર્થાવગ્રહ, ૬ ઇહા, ૬ અવાય અને ૬ ધારણા એ પ્રકારે મતિજ્ઞાનના ૨૮ પ્રકાર થાય છે.

મતિજ્ઞાન મેળવતાં પહેલી પ્રવૃત્તિ ઈન્દ્રિયથી શરૂ થાય છે; તેમાં પ્રાપ્યકારી ઈન્દ્રિયનો દ્રવ્ય યા વિષય સાથે સીધો સંબંધ થાય છે ત્યારે અવ્યક્તતમ–અવ્યક્તતર જ્ઞાનરૂપે વ્યંજન અવગ્રહ થાય છે. આ વ્યંજન અવગ્રહને પુષ્ટ બનાવતો એવો અર્થાવગ્રહ છે; આ ઉપરાંત અપ્રાપ્યકારી ઇન્દ્રિયના યોગ્ય સન્નિધાનથી સીધો અર્થાવગ્રહ પણ થાય છે. ત્યાર પછી મનની પ્રવૃત્તિ શરૂ થતાં ઇહા, અપાય અને ધારણામાં તેનો અંત આવે છે; ઈહા, અપાય અને ધારણા એ દરેક વ્યંજન અવગ્રહ અને અર્થાવગ્રહ ઉપર અવલંબતા હોવાથી એ દરેક પણ સર્વ ઇન્દ્રિય અને મન એ છ દ્વારા થતા ગણાય છે.

ઉપર જણાવેલ મતિજ્ઞાનના ૨૮ ભેદમાંના દરેક ભેદના બહુ, અલ્પ, બહુવિધ, અલ્પવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, નિશ્રિત, અનિશ્રિત, સંદિગ્ધ, અસંદિગ્ધ, ધ્રુવ અને અધ્રુવ એ બાર પ્રકાર હોઇ શકે છે.[૧] આ રીતે ૨૮ ને ૧૨ વડે ગુણતાં ૨૮×૧૨=૩૩૬ ભેદ મતિજ્ઞાનના થાય છે.

અનેક દ્રવ્ય યા વિષય એ બહુ, એક દ્રવ્ય યા વિષય એ અલ્પ; દ્રવ્ય યા વિષયના અનેક પ્રકાર એ બહુવિધ, દ્રવ્ય યા વિષયનો એક પ્રકાર એ અલ્પવિધ, જલ્દી પ્રાપ્ત થઇ શકતું એ ક્ષિપ્ર, વિલંબથી પ્રાપ્ત થઈ શકતું એ અક્ષિપ્ર; હેતુ યા લિંગદ્વારા નિર્ણિત એ નિશ્રિત, હેતુ યા લિંગદ્વારા અનિર્ણિત એ અનિશ્રિત; સંશયયુક્ત

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ અ૦ ૧ સૂ૦૧૬

એ સંદિગ્ધ, સંશય વિનાનું એ અસંદિગ્ધ; અવશ્યંભાવિ એ ધ્રુવ અને કદાચિતભાવિ એ અધ્રુવ આ બાર ભેદમાંના બહુ, અલ્પ, બહુવિધ અને અલ્પવિધ એ ચાર દ્રવ્ય યા વિષયની વિવિધતા પર અવલંબે છે; જ્યારે બાકીના આઠ જીવના મતિજ્ઞાનવરણ કર્મના ક્ષયોપશમ પર અવલંબે છે.

મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અભિનિબોધ આદિ મતિજ્ઞાનના પર્યાય શબ્દો છે. ૧ મતિ એ વર્તમાનકાલવિષયક જ્ઞાન છે. પૂર્વે અનુભવેલ દ્રવ્ય યા વિષયનું સ્મરણ એ સ્મૃતિ છે; તે અનુભવમાં ભૂતકાલીન હોવા છતાં પ્રવૃત્તિમાં વર્તમાનકાલીન છે. પૂર્વે અનુભવેલ અને વર્તમાનમાં અનુભવાતા દ્રવ્ય યા વિષયનું અનુસંધાન એ સંજ્ઞા અથવા પ્રત્યભિજ્ઞાન છે. દ્રવ્ય યા વિષય અંગે ભાવિ વિચારણા એ ચિંતા છે; તે ભવિષ્યકાલીન દેખાવા છતાં પ્રવૃત્તિમાં વર્તમાન-કાલીન છે. ઉપરના ચાર શબ્દના સમાન અર્થમાં વપરાતો સામાન્ય શબ્દ 'અભિનિબોધ' છે. આમ શબ્દાર્થમાં વિષય, દ્રવ્ય અને નિમિત્ત ભેદ દેખાવા છતાં એ દરેક પ્રવૃત્તિમાં તો વર્તમાનકાલીન છે; અને તે ઉપરાંત એ દરેક પ્રકારે થતા જ્ઞાનનું સામાન્ય એવું કારણ મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ છે તે કારણે એ દરેક મતિજ્ઞાનમાં ગણાય છે.

મતિજ્ઞાન માત્ર વર્તમાનકાલીન છે અને તે ઉપરાંત શબ્દોલ્લેખ વિનાનું અર્થાત શબ્દમાં ઉતાર્યા વિનાનું છે; તેનો વિષય સર્વદ્રવ્ય અને દરેક દ્રવ્યના મર્યાદિત પર્યાય એ પ્રમાણે છે.૧

**શ્રુતજ્ઞાનઃ**

મતિજ્ઞાનને શબ્દમાં ઉતારતાં તે મતિજ્ઞાન મટી જાય છે અને શ્રુતજ્ઞાન બને છે; આ કારણે શ્રુતજ્ઞાન મતિપૂર્વક અને શબ્દોલ્લેખ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ર સૂ૦૧ર

સહિત હોય છે, તેના બે પ્રકાર છે: (૧) અંગપ્રવિષ્ટ અને (૨) અંગબાહ્ય, અંગપ્રવિષ્ટના બાર અને અંગબાહ્યના અનેક પ્રકાર છે.[1]

શ્રુતજ્ઞાનનું કારણ મતિજ્ઞાનમાં હોવાથી તે મતિપૂર્વક ગણાય છે; જે દ્રવ્ય યા વિષયનું મતિજ્ઞાન હોય તેનું જ શ્રુતજ્ઞાન થઇ શકે છે. શ્રુતજ્ઞાનનું અંતરંગ કારણ શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ છે, જ્યારે તેનું બહિરંગ કારણ મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ત્રિકાલવિષયક છે; તે મતિજ્ઞાન કરતાં અધિક સ્પષ્ટ અને વિશુદ્ધ પણ છે, તેનો વિષય સર્વ દ્રવ્ય અને દરેક દ્રવ્યના મર્યાદિત પર્યાય એ પ્રમાણે છે.[2]

ઉપર દર્શાવેલ શ્રુતજ્ઞાનના બે પ્રકાર વકતાના ભેદની અપેક્ષાએ છે. તીર્થંકર ભગવંત પ્રરૂપિત તત્ત્વો તેમના સાક્ષાત્ ગણધરોએ ગ્રહણ કરેલ શ્રુત (જે તેમણે દ્વાદશાંગીમાં સૂત્રબદ્ધ કર્યું) એ અંગપ્રવિષ્ટ શ્રુત છે. ગણધર ભગવંત અને તે પછીના આચાર્યોએ પ્રરૂપેલ તેમના શિષ્યોએ ગ્રહણ કરેલ અને તેમના દ્વારા રચાયેલ ગ્રંથ એ અંગબાહ્ય શ્રુત છે.

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અથવા ભગવતીસૂત્ર, (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃદ્દશાંગ, (૯) અનુત્તરૌપપાતિકદશા, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાકસૂત્ર અને (૧૨) દ્રષ્ટિવાદ. આ બાર અંગ અંગપ્રવિષ્ટ શ્રુત છે. તેમાંના પહેલા અગિયાર હાલમાં લભ્ય છે.

(૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદનક, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન, એ ૭ આવશ્યક; (૭) દશવૈકાલિક, (૮) ઉત્તરાધ્યયન, (૯) દશાશ્રુતસંધ, (૧૦) કલ્પ-

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૧ સૂ-૨૭

૨ ,, ,, અ૦ ૧ સૂ-૨૦

સૂત્ર, (૧૧) વ્યવહાર સૂત્ર, (૧૨) નિશીથસૂત્ર અને (૧૩) ઋષિભાષિત આદિ અનેક અંગબાહ્ય શ્રુતના ગ્રંથ છે.

શાસ્ત્ર અનેક છે; ઉપર આપેલ નામ લાક્ષણિક છે કે જેના પર જૈન સંસ્કૃતિ નિર્ભર છે. નિર્ગ્રન્થોની શુદ્ધબુદ્ધિ અને સમતાપૂર્વક થયેલ વચનરચના એ શ્રુતજ્ઞાનમાં સમાવેશ પામી શકે છે.

**અવધિજ્ઞાનઃ—**

રૂપી દ્રવ્ય અને એ દરેકના મર્યાદિત પર્યાયનું આત્મપ્રત્યક્ષ જ્ઞાન એ અવધિજ્ઞાન છે. ૧ તેના બેપ્રકાર છેઃ (૧) ભવપ્રત્યય અને (૨) ગુણપ્રત્યય [૧] ક્ષયોપશમજન્ય.

ઉપરના બંને પ્રકારના અવધિજ્ઞાનમાં અવધિજ્ઞાનવરણ કર્મનો ક્ષયોપશમ સમાન કારણ છે. ભવપ્રત્યય અવધિજ્ઞાનમાં જન્મ થતાંજ જીવને તે પ્રકારનો ક્ષયોપશમ હોય છે; જ્યારે જન્મ પછી તપ આદિ વિશિષ્ટ પ્રકારે તે પ્રકારનો ક્ષયોપશમ જીવમાં પ્રકટ થાય છે ત્યારે તેને ગુણપ્રત્યય અવધિજ્ઞાન થાય છે.

દેવ અને નારક એ દરેકને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે; જ્યારે સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય એ દરેકને ગુણપ્રત્યગ અવધિજ્ઞાન હોય છે.[૨]

ગુણપ્રત્યય અવધિજ્ઞાનના છ પ્રકાર છેઃ- [૨] (૧) અનુગામિક, (૨) અનનુગામિક, (૩) વર્ધમાન, (૪) હીવમાન, (૫) અવસ્થિત અને (૬) અનવસ્થિત.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ–૨૧, ૨૨, ૨૩

૨ ,, ,, અ૦૧ સૂ– ૨૨, ૨૩

ઉત્પત્તિ ક્ષેત્ર ઉપરાંત અન્ય ક્ષેત્રમાં પણ કાયમ રહેતું એવું અનુગામિક અવધિજ્ઞાન છે. ઉત્પત્તિ ક્ષેત્ર પૂરતું મર્યાદિત એવું અનનુગામિક અવધિજ્ઞાન છે. ઉત્પત્તિ સમયે અલ્પ યા અલ્પવિષયક હોવા છતાં જીવની અધ્યવસાય વિશુદ્ધિ વધતી રહેતાં વિષય અને પર્યાય એ બન્નેમાં વિકાસ પામતું રહેતું એવું વર્ધમાન અવધિજ્ઞાન છે. ઉત્પત્તિ સમયે અધિક યા અધિક વિષયક હોવા છતાં જીવની અધ્યવસાય વિશુદ્ધિ ઘટતી રહેતાં વિષય અને પર્યાય એ બંનેમાં ઘટતું રહેતું એવું હીયમાન અવધિજ્ઞાન છે. ઉત્પત્તિ પછી જીવન પર્યંત, કેળવજ્ઞાનની પ્રાપ્તિ પર્યંત અથવા બીજા જન્મમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ પર્યંત કાયમ રહેવાવાળું એવું અવસ્થિત અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાન થાય, ચાલ્યું જાય, થાય એ રીતે હોતું અનવસ્થિત અવધિજ્ઞાન છે

અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ક્ષેત્ર સમસ્ત લોક છે. ચારે ગતિના સંજ્ઞી જીવ અવધિજ્ઞાનના અધિકારી છે. અવધિજ્ઞાનનો વિષય માત્ર રૂપી દ્રવ્ય અને તેના પરિમિત પર્યાય એ પ્રમાણે છે. મતિ અને શ્રુત એ બે જ્ઞાન કરતાં અવધિજ્ઞાન આત્મપ્રત્યક્ષ હોઈ સ્પષ્ટતર, સૂક્ષ્મતર અને વિશુદ્ધતર હોય છે.

**મનઃપર્યાય જ્ઞાનઃ**

સંજ્ઞી જીવના મનના વિચારની આકૃતિઓના આત્મસાક્ષાત્કાર દ્વારા વિષય યા દ્રવ્ય જણાવનાર મનઃપર્યાયજ્ઞાન છે. તેના બે પ્રકાર (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ. ૧

વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં વિશુદ્ધતર, સૂક્ષ્મતર, સ્ફુટતર હોય છે. આ ઉપરાંત ઋજુમતિ પ્રતિ-

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ૦૨૪, ૨૫

પાતી (આવીને અલોપ પામનારૂં) છે જ્યારે વિપુલમતિ અપ્રતિપાતી (આવીને કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં સુધી રહેનારૂં) છે. ઋજુમતિ સામાન્યતઃ અને વિપુલમતિ વિશેષતઃ વિષય, દ્રવ્ય અને તેના મર્યાદિત પર્યાય જાણી શકે છે.[૧]

મનઃપર્યાયજ્ઞાન અવધિજ્ઞાન કરતાં વિશુદ્ધતર, સૂક્ષ્મતર, અને સ્ફુટતર હોય છે. મનઃપર્યાયજ્ઞાનનું ક્ષેત્ર મનુષ્યલોક (માત્ર અઢીદ્વીપ) પૂરતું મર્યાદિત છે; કારણ કે સંજ્ઞી જીવ ત્યાંથી આગળ હોતા નથી. મનઃપર્યાયજ્ઞાન આવા સંજ્ઞી જીવના મનના ભાવો આત્મપ્રત્યક્ષ કરી શકે છે અને તેના દ્વારા ચિંતવેલ દ્રવ્ય વા વિષયને પણ જાણી શકે છે. સમ્યગ્દ્રષ્ટિ એવો સંયત મનુષ્ય એ એકજ માત્ર મનઃપર્યાય જ્ઞાનનો અધિકારી છે. મનઃપર્યાયજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષયના અનંતમા ભાગનો છે, અને દરેકનાં પરિમિત પર્યાય પૂરતો છે.[૨] અધ્યવસાયની શુદ્ધિરૂપ મનઃપર્યાયજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મનઃપર્યાયજ્ઞાન થાય છે.[૨]

**કેવલજ્ઞાનઃ—**

સર્વ દ્રવ્ય અને દરેક દ્રવ્યના સર્વ પર્યાય આત્મપ્રત્યક્ષ જાણવા તે કેવલજ્ઞાન છે. કેવલજ્ઞાનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન થાય છે. હાથમાં રહેલ આમલાની માફક કેવલજ્ઞાની ચરાચર વિશ્વના સર્વ દ્રવ્ય અને એ દરેકના સર્વપર્યાય જાણે છે.[૩]

### જીવને એકી સમયે હોઈ શકતાં જ્ઞાનઃ

ઉપરોક્ત પાંચ જ્ઞાનમાંના ચાર સુધીના જ્ઞાન જીવને એકી સમયે હોઈ શકે છે.[૪] જીવને એકજ જ્ઞાન હોય ત્યારે તે કેવલજ્ઞાનજ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૧ સૂ-૨૪, ૨૫

૨ „ „ અ૦ ૧ સૂ-૨૬

૩ „ „ અ૦ ૧ સૂ-૩૦

૪ „ „ અ૦ ૧ સૂ-૩૧

હોય છે. જીવને બે જ્ઞાન હોય ત્યારે તે મતિ અને શ્રુત એ પ્રમાણે હોય છે. જીવને ત્રણ જ્ઞાન હોય ત્યારે તે મતિ, શ્રુત અને અવધિ અથવા મતિ, શ્રુત અને મનઃપર્યાય એ પ્રમાણે હોય છે, અને જીવને જ્યારે ચાર જ્ઞાન હોય છે ત્યારે તેને મતિ, શ્રુત અવધિ અને મનઃ-પર્યાય હોય છે. આમ જીવને એક કરતાં અધિક જ્ઞાનની શકિત હોવા છતાં પ્રવૃત્તિમાં એકી સમયે એકજ જ્ઞાન હોય છે.

એકી સમયે જીવને પાંચ જ્ઞાન હોઈ શકતા નથી.

જીવને કેવલજ્ઞાન એ એકજ હોય છે તે બાબત બે માન્યતા પ્રવર્ત્તે છેઃ (૧) ક્ષયોપશમજન્ય એવા મતિ શ્રુત, અવધિ અને મનઃ પર્યાય એ ચાર જ્ઞાન ક્ષાયયિકભાવજન્ય કેવલજ્ઞાનની સાથે ન હોઈ શકે તે એકમત અને (૨) ક્ષયયોપશમજન્ય જ્ઞાનો પણ ક્ષાયિક-ભાવજન્ય કેવળજ્ઞાન સાથે હોય છે પરંતુ તે દરેક કાર્યકર નથી હોતાં એ બીજોમત.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનપર્યાયજ્ઞાન એ દરેક જ્ઞાન તે તે પ્રકારના જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમના કારણે થાય છે, જયારે કેવલજ્ઞાન, તે પ્રકારના જ્ઞાનાવરણના ક્ષયથી થાય છે. ક્ષયો-પશમભાવ અને ક્ષાયિકભાવ એ બે પરસ્પર વિરોધીભાવ છે તે સાથે રહી ન શકે તે કારણે ક્ષાયીકભાવે જીવને કેવલજ્ઞાન થતાં ક્ષયોપશમ જન્ય મતિ, શ્રુત. અવધિ અને મનઃપર્યાયજ્ઞાન કેવલજ્ઞાન સાથે હોઇ શકતાં નથી એ પહેલા મતનું પ્રતિપાદન છે.

જેમ દિવસે સૂર્યના અસ્તિત્વમાં તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્ર આદિ આકાશમાં વિદ્યમાન હોવા છતાં પ્રકાશ માટે કાર્યકર બનતાં નથી અને માત્ર સૂર્યજ પ્રકાશ આપવામાં કાર્યકર બને છે તેમ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય એ ચારે અસ્તિત્વમાં હોવા છતાં કેવલજ્ઞાનરૂપ સૂર્યના અસ્તિત્વમાં જ્ઞાન આપવામાં એ દરેક કાર્યકર

બની શકતા નથી, માત્ર કેવલજ્ઞાન એ એકજ જ્ઞાનપ્રકાશમાં કાર્યકર બને છે એ બીજા મતનું પ્રતિપાદન છે.

**ત્રણ અજ્ઞાન:**

મિથ્યાજ્ઞાન, અસમ્યગજ્ઞાન, અજ્ઞાન એ સમાનાર્થક શબ્દો છે. ઉન્મત મનુષ્ય સારાસાર, હિતાહિત, હેયજ્ઞેય, ઉપાદેય આદિનો વિવેક કરી શકતો નથી તેમ મિથ્યાત્વના કારણે મિથ્યાદ્રષ્ટિ (અજ્ઞાન) જીવ પણ આત્મહિત અને આત્મઅહિત વચ્ચેનો વિવેક કરી શકતો નથી. તેવો જીવ આત્મહિતની અવજ્ઞા–અવગણના કરતો હોવાથી તેવા જીવના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ દરેક અજ્ઞાન કોટીના લેખાય છે.૧ મનઃપર્યાય જ્ઞાન અજ્ઞાન કોટીમાં આવતુ નથી; કારણકે તેનો અધિકારી સંયત મનુષ્યજ હોય છે કે જે સમ્યગદષ્ટિ જીવજ હોય છે.

આનું કારણ એ છે કે મિથ્યાદષ્ટિજીવ મોહથી મૂઢ બનેલ હોય છે તેથી પોતાનાં તે તે જ્ઞાનનો ઉપયોગ આત્માના મૂળ ગુણ એવા દર્શન, જ્ઞાન અને ચારિત્ર, તેની શુદ્ધિ અર્થે કરવાના બદલે પોતાનાં સાંસારિક સુખના પોષણ અર્થે અર્થાત સંસારની ઘટમાળ વૃદ્ધિ અર્થે કર્યે જાય છે. આ કારણે આધ્યાત્મિક દષ્ટિ મિથ્યાદષ્ટિ–ના ગમે તેવા વિશાલ જ્ઞાનને પણ અજ્ઞાન ગણે છે અને સમ્યકદષ્ટિના અલ્પજ્ઞાનને પણ જ્ઞાન ગણે છે, કારણ કે તે પોતાના જ્ઞાનનો ઉપયોગ આત્મગુણના પોષણ અને શુદ્ધિ અર્થે કરે છે.

**સમ્યગ્દર્શન:**

અનાકાર ઉપયોગ રૂપ દર્શન અને સમ્યગદર્શન એ બન્ને જુદા વિષય છે. દ્રવ્ય યા વિષયને તેના સાચા સ્વરૂપે જાણવા અને ઓળખવાની દષ્ટિ, નિર્વિકલ્પ દષ્ટિ અથવા શ્રદ્ધા એ સમ્યગદર્શન છે. 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'૨ અર્થાત્ દ્રવ્ય યા વિષય તેના જે

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ–૩૨, ૩૩

૨ ,, ,, અ૦૧ સૂ–૨

સ્વરૂપે છે તેને તે જાણવા, ઓળખવા અને તેમાં નિર્વિકલ્પનિષ્ઠા અને શ્રદ્ધા કરવી એ સમ્યગદર્શન છે. જિનપ્રણિત તત્ત્વ (જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ) માં રૂચિ, નિર્વિકલ્પનિષ્ઠા અને શ્રદ્ધા એ સમ્યગદર્શન. અરિહંત એ મહાન્દેવ, સુસાધુ એ ગુરૂ, જિનપ્રણીત તત્ત્વમાં શ્રદ્ધા અને કેવલપ્રણીત ધર્મમાં રુચિ અને તેના અમલની તમન્ના એ સમ્યગદર્શન અથવા સમકીત છે.

(૧) નિસર્ગ–સ્વાભાવિક અને (૨) અધિગમ–ઉપદેશ આદિ-નિમિત્ત એ બે પ્રકારે સમ્યગ્દર્શન જીવને થાય છે.[૧] સમ્યગ્દર્શનના પાંચ પ્રકાર છેઃ (૧) ઔપશમિક, (૨) ક્ષાયોપશમિક, (૩) ક્ષાયિક, (૪) સાસ્વાદન અને (૫) વેદક. અનંતાનુબંધીકષાયચતુષ્ક (ક્રોધ માન, માયા અને લોભ) અને દર્શનત્રિક (મિથ્યાત્વમોહ, મિશ્રમોહ અને સમકીતમોહ) એ બે પ્રકારના મોહનીયકર્મના ઉપશમના કારણે જીવને થતું ઔપશમિક સમ્યગ્દર્શન છે.

અનંતાનુબંધી કષાય ચતુષ્ક અને દર્શનત્રિક એ બે પ્રકારના મોહનીયકર્મના ક્ષયોપશમના કારણે જીવને થતું ક્ષાયોપશમિક સમ્યગ્-દર્શન છે.

અનંતાનુબંધીકષાયચતુષ્ક અને દર્શનત્રિક એ બે પ્રકારના મોહનીય કર્મના ક્ષયના કારણે જીવને થતું ક્ષાયિક સમ્યગદર્શન છે.

ક્ષાયિક સમ્યગદર્શન પ્રાપ્ત કરતાં તેના પૂર્વ સમયે જીવને વર્ત્તતું વેદક સમ્યગદર્શન છે.

અકામનિર્જરા દ્વારા જીવ પોતાના આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય એ દરેક) કર્મની સ્થિતિ એક કોટાકોટી સાગરો-

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ–૩

પમમાં કંઈક ન્યૂન જેટલી કરે છે ત્યારે તેને સમ્યગદર્શન માટેની લાયકાત સિદ્ધ થાય છે. જીવની આ સ્થિતિ સુધી પહોંચવાની પ્રવૃત્તિ 'યથાપ્રવૃત્તિકરણ' કહેવાય છે.

આટલે આવ્યા પછી કેટલાક જીવના અધ્વસાય પાછા પડે છે તે ત્યાંથી પાછા ફરે છે; કેટલાક જીવના અધ્યવસાય સ્થિર રહે છે અને કાલે કરીને તે પાછા પડે છે; તે જીવ ત્યાં કેટલોક કાલ સ્થિર રહે છે અને પછી પાછા ફરે છે, જ્યારે બીજા કેટલાક જીવો પોતાના અધ્યવસાય વિશુદ્ધ કરતા રહીને તે સ્થિતિને આગળ ધપાવનાર એવું અપૂર્વકરણ કરે છે અર્થાત આત્માના અધ્યવસાય એટલા પ્રબલ રીતે વિશુદ્ધ બનાવે છે કે એ વિશુદ્ધિ તે તે જીવોએ તેમના આખા સંસારકાલમાં કદી પણ અનુભવી હોતી નથી; આના પ્રતાપે જીવ પોતાની રાગદ્વેષરૂપ ગાઢ ગાંઠને ભેદે છે. રાગદ્વેષની ગાઢ ગાંઠને ભેદવી એ 'અપૂર્વકરણ'. અપૂર્વકરણ કર્યા પછી જીવ પોતાના અધ્યવસાય તેથી પણ અધિક વિશુદ્ધ કરતો રહે છે અને પાછો પડતો નથી; આ સ્થિતિ તે 'અનિવૃત્તિકરણ'. જેના પરિણામે અંતે જીવ સમ્યગદર્શન (ઔપશમિક સમ્યકત્વ) પ્રાપ્ત કરે છે.

આ ઔપશમિક સમ્યગદર્શનની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત છે. ક્ષાયોપશિક સમ્યગદર્શનની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ સાધિક છે. ક્ષાયિક સમ્યગ્દર્શનની સ્થિતિ સાદિ અનંત છે. સાસ્વાદન સમ્યગ્દર્શનની જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ છ આવલીપ્રમાણ છે. વેદક સમ્યગ્દર્શનની સ્થિતિ એકજ સમયની છે.

સમગ્ર સંસારકાલમાં જીવ ઔપશમિક સમ્યગ્દર્શન પાંચ વખત, ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન અસંખ્યાત વખત, સાસ્વાદન સમ્યગ્દર્શન ચાર વખત, જ્યારે ક્ષાયિક અને વેદક એ દરેક સમ્યગ્દર્શન એકજ વખત પ્રાપ્ત કરી શકે છે.

જીવને ગુણસ્થાન ૪, ૫, ૬ અને ૭ માંના કોઇપણ ગુણસ્થાને ઔપશમિક અને વેદક સમ્યગદર્શન હોઇ શકે છે; સાસ્વાદન સમ્યગદર્શન બીજા સાસ્વાદન ગુણસ્થાને હોઇ શકે છે, ક્ષાયિક સમ્યગદર્શન ગુણસ્થાન ૪ થી ૧૪ સુધીના કોઇપણ ગુણસ્થાને હોઇ શકે છે જ્યારે ઔપશમિક અને ક્ષાયોપશમિક એ બે સમ્યગદર્શન ૪ થી ૧૧ સુધીના કોઇપણ ગુણસ્થાને હોઇ શકે છે.

**ચારિત્ર:**

જીવે પ્રાપ્ત કરેલ આધ્યાત્મિક વિશુદ્ધિને ટકાવવાનો અને વિકસાવવાનો પ્રયત્ન એ ચારિત્ર છે. જીવના અધ્યવસાય (પરિણામ ભાવ) વિશુદ્ધિની તરતમતાના કારણે તેના પાંચ પ્રકાર છે: (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપનીય (૩) પરિહારવિશુદ્ધિ, (૪) સૂક્ષ્મસંપરાય અને (૫) યથાખ્યાત. ૧

સમભાવમાં સ્થિર રહેવાનો પ્રયત્ન એ સામાયિક છે. તેના બે પ્રકાર છે: (૧) ઇત્વરિક અને (૨) યાવત્કથિત. સમભાવ કેળવવા ગૃહસ્થ બે ઘડીનું સામાયિક સ્વીકારે છે, તે ઇત્વરિક–ઇત્વરકાલિક સામાયિક છે આજીવન કાલ માટે સમભાવ કેળવવા, ટકાવવા અને વિકસાવવા સાધુ જે જીવનભરનું સામાયિક સ્વીકારે છે, તે યાવત્કથિત સામાયિક છે. સંસારિકવાસના જીતવા, સમભાવની માત્રા કેળવવા, ટકાવવા અને વિકસાવવાની તાલીમ જીવને આ સામાયિક દ્વારા મળતી રહે છે.

સાધુની પ્રાથમિક દીક્ષા પછી જ્ઞાનપ્રાપ્તિ અને દશવૈકાલિકગ્રંથ વાંચવાની યોગ્યતા પ્રાપ્ત કરવા સારૂ કરવા જોઇતા યોગ–જોગ પૂરા થતાં વિશિષ્ટ શુદ્ધિ અર્થે પુનઃ–ફરીથી આજીવન સામાયિકનું ઉચ્ચારણ એ છેદોપસ્થાપનીય ચારિત્ર છે. પ્રાથમિક દીક્ષા અને આ

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૯ સૂ–૧૮

ચારિત્રઉચ્ચારણ એ સમય દરમિયાન જે કાંઈ દોષ યા અતિચાર લાગ્યા હોય તે આ ચારિત્રના પુનઃ ઉચ્ચારણ દ્વારા છેદ કરવા રૂપે ફરી દીક્ષાનું આરોપણ આ ચારિત્ર દ્વારા થાય છે. આ છેદોપસ્થાપનીય ચારિત્રના પણ બે પ્રકાર છેઃ (૧) સાતિચાર અને (૨) નિરતિચાર. સાતિચાર ચારિત્રના દોષ દુર કરવા અને જીવનને વિશેષ શુદ્ધ કરવા આ ચારિત્ર એક કરતાં અધિક વખત આપી શકાય છે. જીવનશોધન એ ચારિત્રમાં મુખ્ય છે; જીવનમાં થતાં સ્ખલનો શોધતાં રહેવું અને તેને શુદ્ધ કરતા રહેવું એ સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રનો ઉદ્દેશ છે.

વિશેષ પ્રકારના તપ અથવા યોગ કરવામાં આવે તે પ્રકારનું ચારિત્ર એ પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. વિષયોના આકર્ષણ પર વિજય મેળવવા અને ઈન્દ્રિય તેમજ મન પર કાબુ પ્રાપ્ત કરવા માટે તપ એ સાધન છે; આ ઉપરાંત વિશિષ્ટ કર્મની નિર્જરા માટે પણ તપ આવશ્યક છે.

સામાયિક, છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ એ દરેક ચારિત્ર ચોથા યા નવમા ગુણસ્થાન સુધી જીવને હોય છે.

બાદરક્રોધ, બાદરમાન, બાદરમાયા, બાદરલોભ, સૂક્ષ્મક્રોધ, સુક્ષ્મમાન, અને સૂક્ષ્મમાયા એ સાતનો ઉપશમ અથવા ક્ષય કર્યો છે અને સૂક્ષ્મ લોભનો ઉપશમ અથવા ક્ષય કરવાનો બાકી છે તે સ્થિતિમાં સૂક્ષ્મ લોભના પૂર્વ રસસ્પર્દ્ધકોના રસવિપાક અનુભવતો અને તેના અપૂર્વરસસ્પર્દ્ધકોનો ઉપશમ અથવા ક્ષય કરતો જીવ, સૂક્ષ્મસંપરાયચારિત્ર સંપન્ન છે. આ ચારત્રિનો કાલ માત્ર અંતર્મુહૂર્તનો છે; તેના અંતે જીવ સૂક્ષ્મલોભનો ઉપશમ અથવા ક્ષય કરે છે. ઉપશમ અથવા ક્ષપક શ્રેણિ એ બે પ્રકારે શ્રેણી કરનારમાંના કોઇપણ એક પ્રકારના જીવને સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે.

સર્વ મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય કરનાર એવા બે પ્રકારના જીવને યથાખ્યાત ચારિત્ર હોય છેઃ (૧) ઉપશમશ્રેણિ કરી મોહનીય કર્મની ૨૮ ઉત્તર પ્રકૃતિનો ઉપશમ કરનાર ઉપશમકને અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને અંતર્મુહૂર્ત કાલનું છદ્મસ્થવીતરાગ યથાખ્યાત ચારિત્ર હોય છે. આવા ઉપશમકને મોહનીયની સર્વપ્રકૃતિ સત્તામાં છે, પરંતુ તે સર્વપ્રકૃતિનો ઉપશમ કર્યો હોવાથી ઉદયમાં નથી; ઉપશમકને આ ગુણસ્થાનથી પતન નિશ્ચિત છે. ક્ષપકશ્રેણિ કરતો ક્ષપક મોહનીયની ૨૮ ઉત્તરપ્રકૃતિનો ક્ષય કરી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનેથી બારમા ક્ષીણમોહ ગુણસ્થાને આવે છે, ત્યાં શુકલ ધ્યાનના બીજા પાયાનું ધ્યાન ધ્યાતાં અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય કરતાં ચારે ઘાતીકર્મનો ક્ષય થતાંની સાથે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રકટ કરે છે. આમ બારમા ક્ષીણમોહ, તેરમા સયોગી અને ચૌદમા અયોગી એ ત્રણ ગુણસ્થાને જીવને વીતરાગ યથાખ્યાત ચારિત્ર હોય છે.

**પચાચાર–પાંચ આચાર:**

દેશવિરત શ્રાવક શ્રાવિકા અને સર્વવિરત સાધુ સાધ્વી એ દરેકને પોતાને પ્રાપ્ત થયેલ વિરતિ ગુણને ટકાવવા અને વિકસાવવા અર્થે પાંચ પ્રકારના આચાર છે :–(૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

જીવે પ્રાપ્ત કરેલા સમ્યગ્જ્ઞાન આદિના રક્ષણ અને વિકાસ અર્થે જ્ઞાનાચાર છે. તેના આઠ પ્રકાર છે; (૧) કાલચાર–નિયત કાલે કાલિકશ્રુત ભણવું; નિયતકાલે ઉત્કાલિકશ્રુત ભણી શકાય છે. (૨) વિનય–ગુરુ આદિના વિનયપૂર્વક શ્રુત અભ્યાસ કરવો, (૩) બહુમાન–આગમ, શ્રુત અને ગુરૂ એ દરેક પ્રતિ પૂજ્યભાવ અને આદર રાખવો અને અંતરંગ પ્રેમપૂર્વક શ્રુત ભણવું; (૪) ઉપધાન ચારિત્ર તથા શ્રુતને પુષ્ટ કરનાર ઉપધાન છે; આગાઢ-કારણ છતાં

પણ વચ્ચે ન તજી શકાય તેવા અને અનાગાઢ (સકારણ તજી શકાય તેવા) યોગ-તપપૂર્વક શ્રુતનો અભ્યાસ કરવો; (૫) આનન્દજ્ઞાન આપનાર ધર્મગુરૂને કદીપણ છુપાવવા નહિ; (૬) વ્યંજન-શુદ્ધ ઉચ્ચારપૂર્વક શ્રુત સૂત્ર ભણવું; (૭) અર્થ-શ્રુત અને સૂત્રના અર્થ શુદ્ધ ઉચ્ચારપૂર્વક અવધારવા અને (૮) વ્યંજન અને અર્થ-સૂત્ર અને અર્થ એ બંને શુદ્ધ ઉચ્ચારપૂર્વક ભણવા અને અવારવવા.

જીવે પ્રાપ્ત કરેલ સમ્યગ્‌દર્શન આદિ ગુણને ટકાવવા અને વિકસાવવા અર્થે દર્શનાચાર છે. તેના આઠ પ્રકાર છેઃ (૧) નિઃશંક બનવું–જીનકથિત તત્ત્વ અને આચાર એ બેમાં દેશતઃ (અંશતઃ) અને સર્વતઃ (સમૂળ) શંકા થતાં તે ગુરૂને પૂછી નિર્મૂળ કરવી, પણ તેને સંગ્રહવી નહિ; (૨) નિઃકાંક્ષા-જીનકથિત દર્શન સિવાય અન્ય દર્શનની અભિલાષા ન કરવી; (૩) વિચિકિત્સા-ભ્રમનો ત્યાગ કરવો અથવા સહધર્મીના મલીન શરીર, વેષાદિ જોઈને તેના પ્રતિ દુર્ગંચ્છા લાવવી નહિ; (૪) અમૂઢદષ્ટિ-મૂઢતાનો ત્યાગ કરવો; (૫) ઉપબૃંહણ-સ્વધર્માના ગુણોની પ્રશંસા કરવી; (૬) વાત્સલ્ય-ગાય-પોતાના વાછરડા પ્રતિ જે પ્રેમ રાખે છે તે પ્રકારે સ્વધર્મી પ્રતિ વાત્સલ્ય રાખવું; (૭) સ્થિરીકરણ–સિદાતા ધર્મીઓને તેમને યોગ્ય અન્ન, વસ્ત્ર, પુસ્તક, ઓષધ આદિ આપી તેમને ધર્મમાં સ્થિર રહી શકે તેમ કરવું અને (૮) ભાવના–જીનશાસનની મહત્તા અને આકર્ષણ વધે તેવા જિન-દ્રવ્યવૃદ્ધિ, તીર્થસેવા, તીર્થયાત્રા, રથયાત્રા, સ્નાત્રમહોત્સવ આદિ કરવા કરાવવા.

જીવે પ્રાપ્ત કરેલ દેશવિરત અથવા સર્વવિરત એ દરેક પ્રકારનો ચારિત્રધર્મ ટકાવવા અને વિકસાવવા અર્થે ચારિત્રાચાર છે; તેના પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપે આઠ પ્રકાર છેઃ (૧) ઈર્યાસમિતિ-જયણાપૂર્વક ગમનાગમન અર્થાત્ ચાર હાથ આગળની ભૂમિ પર દષ્ટિ કરતાં ગમનાગમન કરવું, (૨) ભાષાસમિતિ–સાવદ્ય [ આરંભ

સમારંભ પ્રવૃત્તિ] ને પોષણ ન આપે તેવાં હિત મિત પ્રિય સત્ય વચન બોલવાં; (૩) એષણાસમિતિ-બેંતાલીસ દોષ રહિત આહાર આદિ જોઈને તે સામગ્રી પ્રાપ્ત કરવી; (૪) આદાનભંડનિપેક્ષણા સમિતિ-જમીન સારી રીતે જોઈ, પ્રમાર્જી તે પર આવશ્યક વસ્તુ પ્રમાર્જીને લેવી મૂકવી; (૫) પારિષ્ઠાપનિકા સમિતિ-જમીન સારી રીતે જોઈ પ્રમાર્જી તે પર આવશ્યક પરઠવવા યોગ્ય વસ્તુ પરઠવવી; (૬) મનોગુપ્તિ-અનાવશ્યક, અનિષ્ટ, દોષમય વિચારો રોકવા; (૭) વચનગુપ્તિ-તે બે પ્રકારે છે (૧) વચન બોલવું નહિ અને (૨) અનાવશ્યક અનિષ્ટ, દોષમય વચન રોકવા અને (૩) કાયગુપ્તિ-અનાવશ્યક અનિષ્ટ, દોષમય કાયાની થતી પ્રવૃત્તિ રોકવી.

પૂર્વસંચિત કર્મની નિર્જરા કરવા અર્થે જીવને તપાચાર છે; તે ઉપરાંત દેહપરની મૂર્ચ્છાત્યાગની કેળવણી પણ તે દ્વારા પ્રાપ્ત થાય છે. તેના બે પ્રકાર છે: (૧) અભ્યંતર અને (૨) બાહ્ય-અભ્યંતર તપના છ અને બાહ્ય તપના છ એમ તપના બાર પ્રકારની સંક્ષિપ્ત સમજણ અવિરત ગુણસ્થાનમાં સામાન્ય ધર્મની ચર્ચામાં તપની ચર્ચા કરતાં આપી છે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, અને તપાચાર એ દરેક પ્રવૃત્તિમાં આભ્યંતર અને બાહ્ય એ બે પ્રકારની શકિત જરા પણ ગોપવ્યા-છુપાવ્યા વિના પોતા વીર્ય-પરાક્રમને ફોરવવું, ઉપયોગમાં લેવું એ વીર્યાચાર છે.

ઉપશમક અને ક્ષપક એવા સંસારી જીવને તેના મોહનીય કર્મનો ક્ષય થતાં સુધી દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધી પંચાચારનો આશ્રય હોય છે; તેમાં પણ સાતમા અપ્રમત્તસંયત ગુણસ્થાન સુધી તો તેને પંચાચારની બાહ્ય પ્રવૃત્તિ પણ હોય છે અને તે પછી અંતરંગ સૂક્ષ્મ પ્રવૃત્તિ હોય છે. બારમા, તેરમા અને ચૌદમા એ ત્રણ ગુણસ્થાને અંતરંગ એવી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ

પંચાચારની પ્રવૃત્તિ હોય છે. બાકીના સંસારી જીવને કર્મ અનુસાર ન્યૂનાધિક પંચાચાર પ્રવૃત્તિ હોય છે.

સિદ્ધ જીવને પંચાચાર પ્રવૃત્તિ હોતી નથી.

**ભાવ અથવા આધ્યાત્મિક વિકાસની તુલનાત્મક અવસ્થા:**

ભાવ એ આત્માના પરિણામ છે. ભાવ બે પ્રકારના છે: (૧) પર્યાય અથવા રૂપાંતર અવસ્થા અને (૨) જીવની આધ્યાત્મિક વિકાસદર્શક અવસ્થા. ભાવના સ્વરૂપમાં આ બંનેનો વિચાર છે. ભાવ પાંચ પ્રકારે છે: (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) ઔદયિક અને (૫) પારિણામિક. [૨] એ પ્રત્યેકના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદ છે. [૧]

મેલ સત્તામાં હોવા છતાં તે ઠરી જવાથી તેની ઉપરનું પાણી કાંઈક સ્વચ્છ જણાય છે તેમ મોહનીયકર્મ સત્તામાં હોવા છતાં તેનો ઉપશમ થવાથી જીવની ઉધામા વિનાની શાંત અવસ્થારૂપ જીવનો પરિણામ એ ઔપશમિક ભાવ છે. આ ભાવે જીવને (૧) સમ્યગ્દર્શન અને (૨) સમ્યગ્ચારિત્ર એ બેમાંના એક કે અધિક ગુણ હોઈ શકે છે. [૨]

પ્રક્રિયા દ્વારા મેલનો નાશ કર્યો હોય તેવું પાણી પૂર્ણ સ્વચ્છ અને સ્વાદુ હોય છે તેમ પ્રક્રિયા દ્વારા મોહનીયકર્મનો ક્ષય કરતાં તેની સત્તા કે ઉદય એ કાંઇ હોતાં નથી એ પ્રકારનો જીવનો પરિણામ એ ક્ષાયિક ભાવ છે. આ ભાવે જીવને (૧) સમ્યગદર્શન, (૨) સમ્યગ્ચારિત્ર, (૩) જ્ઞાન (વ્યકત), (૪) દર્શન (સામાન્ય) (૫) દાન (૬) લાભ, (૭) ભોગ, (૮) ઉપભોગ અને (૯) વીર્ય એ નવ ગુણ હોઈ શકે છે. આ ભાવે (અનંતાનુબંધીકષાયચતુષ્ક અને દર્શનત્રિકનો ક્ષય કરનાર) ક્ષાયિક સમ્યગ્દર્શનીને માત્ર એક

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૨ સૂ૦૧

૨ ,, ,, અ૦૨ સૂ-૩

સમ્યગ્દર્શન અને ક્ષાયિકભાવના (અનંતાનુબંધીકષાયચતુષ્ક, અપ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક, પ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક, સંજવલનકષાયચતુષ્ક, દર્શનત્રિક અને નવ નોકષાય એમ મોહનીયની ૨૮ ઉત્તર પ્રકૃત્તિનો ક્ષય કરનાર) ચારિત્રીને ઉપરોકત્ત નવે ગુણ હોઈ શકે છે.૧

અધૂરી પ્રક્રિયા દ્વારા ઉપરછલ્લો મેલ અંશતઃ નાશ થયો છે અને અંશતઃ મેલ નીચે ઠરેલ છે તેવું પાણી ઉપર ઉપરથી સ્વચ્છ જણાય છે તેમ કેટલાક મોહનીયકર્મનો ક્ષય અને કેટલાક સત્તામાં રહેલ મોહનીયકર્મનો ઉપશમ થતાં ઉદ્ભવતો જીવનો પરિણામ એ ક્ષાયોપશમિક ભાવ છે. આ ભાવે ત્રણ અજ્ઞાનઃ (૧) મતિ, (૨) શ્રુત અને (૩) અવધિ; ચાર જ્ઞાનઃ (૪) મતિ, (૫) શ્રુત, (૬) અવધિ, અને (૭) મનઃપર્યાય; ત્રણ દર્શન (૮) ચક્ષુ, (૯) અચક્ષુ, (૧૦)અવધિ; પાંચ અંતરાય (૧૧) દાન, (૧૨) લાભ, (૧૩) ભોગ, (૧૪) ઉપભોગ, અને (૧૫) વીર્ય, (૧૬)સમ્યગદર્શન; (૧૭)દેશવિરતિ-સંયમાસંયમ અને (૧૮) સંયમ-સર્વવિરતિ એ અઢારમાંના ન્યૂનાધિક ગુણ જીવને હોય છે. ૨

ડોળાયેલ, મેલવાળું પાણી જેમ સ્પષ્ટ મેલવાળું હોય છે તેમ મોહનીયકર્મ સત્તામાં અને ઉદયમાં હોતાં હોતો જીવનો પરિણામ એ ઔદયિક ભાવ છે, આ ભાવે જીવને ચારગતિઃ (૧) તિર્યંચ, (૨) મનુષ્ય, (૩) દેવ અને (૪) નારક; ચાર કષાયઃ (૫) ક્રોધ, (૬) માન, (૭) માયા અને (૮) લોભ; ત્રણ વેદઃ (૯) પુરૂષ, (૧૦) સ્ત્રી, (૧૧) નપુંસક; (૧૨) અજ્ઞાન, (૧૩) અસંયમ-અવિરતભાવ, (૧૪) મિથ્યાત્વ (વ્યકત અથવા અવ્યકત), (૧૫) અસિદ્ધત્વ (દેહધારીપણું) અને છ લેશ્યાઃ-(૧૬) કૃષ્ણ, (૧૭) નીલ, (૧૮) કાપોત,

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૧ સૂ-૪
૨ ,, ,, અ૦૧ સૂ-૫

(૧૯) તેજ, (૨૦) પદ્મ અને (૨૧) શુકલ. આ એકવીશમાંના ન્યૂનાધિક બંધના સાધન હોઇ શકે છે. ૧

જીવના ગુણ અને એ દરેક ગુણમાં રૂપાંતર (પર્યાય) થવાની શકિત એ પરિણામિક ભાવ છે. આ ભાવે જીવને (૧) જીવત્વ (ચેતન), (૨) ભવ્યત્વ (મોક્ષની લાયકાત), અને (૩) અભવ્યત્વ ૨ (મોક્ષની લાયકાતનો અભાવ) એ ત્રણમાંના પહેલા અને બીજા અથવા ત્રીજા એ બે ગુણ હોઈ શકે છે. જીવનાં આ બે લક્ષણ અનાદિસિદ્ધ છે અને તે બદલાતાં નથી; જો કે તેના પર્યાયમાં પરિવર્તન-રૂપાંતર થયા કરે છે.

જીવને અનાદિસિદ્ધ એવા આ બે ગુણ ઉપરાંત જીવ અજીવના સમાન ગણાતા એવા (૧) અસ્તિત્વ, (૨) અન્યત્વ, (૩) ભોકતૃત્વ, પ્રદેશત્વ, (૫) રૂપત્વ, (૬) અરૂપત્વ, (૭) અસર્વગત્વ આદિ પારિણામિક ભાવો પણ હોય છે.

જીવના બે પ્રકાર છેઃ-(૧) સિદ્ધ અને (૨) સંસારી. સિદ્ધ અથવા મુકત જીવને ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવ હોય છે. જીવન્મુકત એવા કેવલીને અઘાતીકર્મની સત્તાના કારણે ઔદયિક સહિત ક્ષાયિક અને પરિણામિક એ ત્રણ ભાવ હોય છે. બાકીના સંસારી જીવને ત્રણ, ચાર, અને પાંચ એ પ્રમાણે ભાવો હોઇ શકે છે

અજીવમાંના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ દરેકને ઔદયિક ભાવ હોતો નથી; માત્ર પૌદ્ગલિક સ્કંધને ઔદયિક ભાવ હોય છે. સર્વ અજીવ દ્રવ્યને પારિણામિક ભાવ તો હોય છે. દરેક પ્રકારના અજીવને ક્ષાયિક, ક્ષાયોપશિક અને ઔપશમિક એ ત્રણ ભાવ હોતા નથી.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૨ સૂ-૬

૨ ,, ,, અ૦ ૨ સૂ-૭

**ગુણસ્થાનઃ**

અવ્યવહાર રાશિના જીવની સ્વકાયસ્થિતિ તેમજ મિથ્યાત્વની સ્થિતિની ગણના કરવામાં આવતી નથી; વ્યવહાર રાશિમાં આવેલ જીવની સ્વકાયસ્થિતિ અને મિથ્યાત્વની સ્થિતિની ગણના થાય છે. આમાં પણ સંજ્ઞી જીવના મિથ્યાત્વની સ્થિતિની ગણના મુખ્ય બને છે; કારણ કે તેને સુકૃતબંધનો અવકાશ હોય છે.

જીવને હોતા કર્મબંધના પાંચ હેતુ–કારણ છેઃ (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) યોગ. [૧] જીવ જેમ જેમ એ દરેકને જે જે પ્રમાણમાં ક્રમશઃ તજતો જાય છે તેમ તેમ તેનો વિકાસ થતો રહે છે. આ સ્થિતિની સમજ સારૂ આપણે ગુણસ્થાનનો વિચાર કરવો રહે છે.

પૂર્વ પ્રાપ્તગુણનો ક્રમશઃ વિકાસ અથવા જીવના આધ્યાત્મિક વિકાસનો ક્રમ એ ગુણસ્થાનં છે.

ગુણસ્થાન ચૌદ છેઃ-(૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર–સામ્યગ્મિથ્યાદ્રષ્ટિ, (૪) અવિરતસમ્યગ્દ્રષ્ટિ, (૫) દેશવિરત, (૬) સર્વવિરત–પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) અપૂર્વકરણ, (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગીકેવલી, અને (૧૪) અયોગીકેવલી.[૨]

**મિથ્યાત્વઃ**

મિથ્યાત્વ બે પ્રકારના છેઃ-(૧) અવ્યકત અને (૨) વ્યકત.

મિથ્યાત્વમોહનીય કર્મના ગાઢ ઉદયરૂપ અવ્યકત મિથ્યાત્વ છે; અસંજ્ઞી જીવને આવું અવ્યકત મિથ્યાત્વ હોય છે.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૮ સૂ૦૧

૨ ,, ગુણસ્થાનક્રમારોહ સૂ૦૧ ગા. ૨ થી ૫

કુદેવમાં દેવ, કુગુરૂમાં ગુરૂ અને કુધર્મમાં ધર્મ એ પ્રકારની માન્યતાયુક્ત બુદ્ધિ એ વ્યક્ત મિથ્યાત્વ છે.૧ બીજી રીતે કહેતાં (૧) જિનપ્રણીત તત્ત્વમાં અશ્રદ્ધા, (૨) જિનપ્રણીત તત્ત્વથી વિપરીતમાં શ્રદ્ધા, (૩) તે તે પ્રકારે કરાતી પ્રરૂપણા, (૪) જિનપ્રણીત તત્ત્વમાં શંકા, (૫) ઉપરોક્ત શંકાની ઉપેક્ષા આદિ વ્યક્ત મિથ્યાત્વ છે; સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્ય, દેવ અને નારક એ દરેકને વ્યક્ત મિથ્યાત્વ હોઈ શકે છે.

મિથ્યાત્વના પાંચ પ્રકાર છેઃ-(૧) આભિગ્રાહિક, (૨) અનાભિગ્રાહિક, (૩) આભિનિવેશિક, (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

પરંપરાથી ચાલી આવતી અસત્ય માન્યતાને સત્ય ધર્મરૂપ માનવી એ આભિગ્રાહિક મિથ્યાત્વ છે. સર્વ માન્યતાઓ ધર્મપરંપરાઓને સત્ય ધર્મરૂપ માનવી એ અનાભિગ્રાહિક મિથ્યાત્વ છે. 'હું અને કહું આચરૂં એજ ધર્મસત્ય, બીજા કરે અને આચરે એ ધર્મ અસત્ય' આ પ્રકારની કદાગ્રહપૂર્વક માન્યતા એ આભિનિવેશિક મિથ્યાત્વ છે. જુદી જુદી ધર્મ પરંપરા જોઈ મુંઝવણ અનુભવવી, પરંતુ પુરૂષાર્થ કરી તેમાંથી માર્ગ ન કાઢવો અને સંશયનો સંગ્રહ કરી રાખવો એ સાંશવિક મિથ્યાત્વ છે. અનાદિકાલિન મિથ્યાત્વમોહનીય કર્મનો ગાઢ ઉદય એ અનાભોગિક મિથ્યાત્વ છે.

જ્યાંસુધી પ્રાથમિક એવું સમ્યગ્દર્શન જીવને સ્પર્શ્યું નથી ત્યાંસુધી સર્વ સંસારી જીવને અવ્યક્ત એવું અનાભોગિક મિથ્યાત્વ હોય છે. એક વખત સમ્યગ્દર્શન સ્પર્શ કર્યા પછી તે વમ્યા બાદ વ્યક્ત એવાં (૧) આભિગ્રાહિક, (૨) અનાભિગ્રાહિક, (૩) આભિનિવેશિક અને (૪) સાંશયિક એ ચાર પ્રકારના મિથ્યાત્વમાંનું કોઈ પણ એક પ્રકારનું મિથ્યાત્વ જીવને હોય છે. અવ્યવહાર રાશિ અને અસંજ્ઞી જીવના મિથ્યાત્વની ગણના મિથ્યાત્વના ગુણસ્થાનમાં ગણાતી નથી; કારણ કે તે સ્થિતિમાં જીવને સુકૃતબંધનો અભાવ હોય છે.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમરોહ ગા. ૬

સંજ્ઞી જીવના મિથ્યાત્વનીજ માત્ર મિથ્યાત્વ ગુણુસ્થાનમાં ગણના થાય છે; કારણુ કે તેવા જીવને સુકૃતબંધનો લાભ હોઈ શકે છે. ૧

અભવ્ય જીવને આશ્રયી મિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત છે; જ્યારે ભવ્ય જીવને આશ્રયી અવ્યકત મિથ્યાત્વની સ્થિતિ અનાદિ સાન્ત છે; ૨ અનાદિકાલથી ઉદયમાં રહેલ મિથ્યાત્વમોહનીયકર્મનો ઉપશમ થતાં જીવને પ્રાથમિક ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે ત્યારે જીવને અનાદિ સાન્ત એ ભાંગો ઘટી શકે છે.૩ આ ઔપશમિક સમ્યગ્દર્શન વમી મિથ્યાત્વમાં ગયા પછી ફરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતા જીવને સાદિ સાન્ત એ બીજો ભાંગો પણ ઘટી શકે છે; કારણુ કે તેના ફરી વખતના આ મિથ્યાત્વના આદિ અને અંત એ બંનેય હોય છે. આ ગુણુસ્થાને જીવને—

| બંધ | ઉદય | સત્તા |
| --- | --- | --- |
| (૧) આહારક શરીર, (૨) આહારક અંગોપાંગ અને (૩) તીર્થંકર નામકર્મ એ ત્રણુ પ્રકૃતિનો બંધ આ ગુણુસ્થાને હોતો નથી. તેથી (૧૨૦–૩)૧૧૭ કર્મ પ્રકૃતિનો બંધ. ૪ | (૧) મિશ્રમોહ, (૨) સમકીતમોહ, (૩) આહારક શરીર, (૪)આહારક અંગોપાંગ અને (૫) તીર્થંકર નામકર્મ એ પાંચ પ્રકૃતિનો ઉદય આ ગુણુસ્થાને હોતો નથી. તેથી ૧૨૨–૫)=૧૧૭ પ્રકૃતિનો ઉદય ૪ | આ ગુણુસ્થાને ૧૪૮ કર્મપ્રકૃતિની સત્તા ૪ |

૧ જુઓ ગુણુસ્થાનક્રમારોહ ગા. ૭ થી ૮
૨ ,, ગા. ૯, ૧૦
૩ ,, ગા. ૧૦, ૧૧, ૧૨
૪ જુઓ પરિશિષ્ટ નં. ૮

**સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ:**

સાસ્વાદન સમ્યગ્દર્શનનું મૂળ કારણ ઔપશમિક સમ્યગ્દર્શન છે. અનંતાનુબંધીકષાયચતુષ્ક અને અનાદિકાલીન મિથ્યાત્વમોહનો ઉપશમ થતાં જીવને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. ઔપશમિક સમ્યગ્દર્શન જીવને બે પ્રકારે થાય છે: (૧) અનાદિકાલીન મિથ્યાત્વમોહનો ઉપશમ થતાં અને અધ્યવસાયવિશુદ્ધિ અપૂર્વ બનતાં રાગદ્વેષરૂપ દોષનો ગ્રંથીભેદ થતાં અનિવૃત્તિકરણના પરિણામે થતું પ્રાથમિક ઔપશમિક સમ્યગ્દર્શન. (૨) ઉપશમશ્રેણિગત ગુણસ્થાન ૪ થી ૭ માંના અંતે ઉપશમશ્રેણિ કરતી વખતે હોતું. આ ઉપશમશ્રેણિગત સમ્યગદર્શન જીવને તેના સમસ્ત સંસારકાલમાં ચાર વખત પ્રાપ્ત થઇ શકે છે.

ઉપશાંત કાળમાં વર્ત્તતો, મિથ્યાત્વને નહિ પામેલ, પરંતુ મિથ્યાદષ્ટિ સન્મુખ બનેલ અને મિથ્યાત્વમાં જવા ઉદ્યમશીલ એવો જીવ કે જેને સમ્યગ્દર્શનનો અનુભવ છે અને વર્ત્તમાનમાં તેનો ભોગવટો ચાલુ છે તેવો જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ જીવ છે.

જીવને તેના સમસ્ત સંસારકાળમાં ઔપશમિક સમ્યગ્દર્શન પાંચ વખત અને સાસ્વાદન સમ્યગ્દર્શન ચાર વખત હોઇ શકે છે. સાસ્વાદન સમ્યગ્દર્શનની જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૭ આવલી પ્રમાણ હોય છે. ૧

અભવ્ય જીવને સાસ્વાદન સમ્યગ્દર્શન હોતું નથી; માત્ર ભવ્ય જીવનેજ હોય છે. આ ગુણસ્થાન પતનસ્થાન હોવા છતાં તેને ગુણસ્થાન ગણવાનું કારણ એ છે કે અહીંથી સંસારી જીવની ઉત્કૃષ્ટ કાલમર્યાદા અપાર્ધ્ધપુદ્ગલ પરાવર્ત્ત પ્રમાણ નિયત થઇ ગઇ તે છે. આ ગુણસ્થાને જીવને—

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૧૦, ૧૧, ૧૨

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| (૧) મિથ્યાત્વ, (૨) નારકગતિ, (૩) નારકઆયુ, (૪) નારકાનુપૂર્વી, (૫) એકેન્દ્રિય, (૬) દ્વિઇન્દ્રિય (૭) ત્રિઇન્દ્રિય, (૮) ચતુરિન્દ્રિય, (૯) સ્થાવર (૧૦) સૂક્ષ્મ, (૧૧) અપર્યાપ્ત, (૧૨) સાધારણ, (૧૩) આતપ, (૧૪) હૂંડકસંસ્થાન, (૧૫) સેવાર્તસંહનન (૧૬) નપુંસકવેદ એ સોળનો બંધવિચ્છેદ (૧૧૭-૧૬)=૧૦૧ પ્રકૃતિનો બંધ ૧ | (૧) સૂક્ષ્મ, (૨) અપર્યાપ્ત, (૩) સાધારણ (૪) આતપ, (૫) મિથ્યાત્વ એ ૫ નો ઉદય-વિચ્છેદ તેમજ (૧) નરકાનુ-પૂર્વીનો અનુદય (૧૧૭-૫-૧) =૧૧૧ પ્રકૃતિનો ઉદય ૧ | (૧) તીર્થંકર નામકર્મ સિવાય બાકીની (૧૪૮-૧) ૧૪૭ પ્રકૃતિની સત્તા ૧ |

## મિશ્ર-સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ:

મિશ્ર મોહનીય કર્મના ઉદયના કારણે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ એના મિશ્રણરૂપ એવી સ્થિતિ એ સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ અથવા મિશ્ર ગુણસ્થાન છે. તેની સ્થિતિ અંતર્મુહૂર્તની છે.[૨] આ ગુણસ્થાને જીવ આયુષ્ય બાંધતો નથી. તેમજ મરણ પામતો નથી; મરણ પામતાં પહેલાં જીવ મિથ્યાદર્શન અથવા સમ્યગ્દર્શન એ એમાંની કોઈપણ એક સ્થિતિ પ્રાપ્તકરી લે છે.[૩] મિશ્ર ગુણસ્થાન પામતાં પહેલાં સમ્યગ્દર્શન અથવા મિથ્યાંત્વ એ એમાંની કોઈ એક સ્થિતિમાં જીવે જે આયુષ્ય બાંધ્યું હોય તદનુસાર જીવને ગતિ પ્રાપ્ત થાય છે.

---

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

૨ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા.-૧૩, ૧૪, ૧૫

૩ ,, ગા. ૧૬-૧૭

જેમ મિશ્ર ગુણસ્થાને જીવને મરણ થતું નથી તેમ બારમા ક્ષીણમોહ, તેરમા સયોગી એ બે ગુણસ્થાનમાં પણ જીવને મરણ હોતું નથી. બાકીના અગીયાર ગુણસ્થાનમાં જીવને મરણ હોઇ શકે છે.

મિથ્યાત્વ, સાસ્વાદન સમ્યગ્દર્શન, ક્ષાયિકસમ્યગ્દર્શન અને અવિરતિ એ ચાર જીવની સાથે પરભવમાં જાય છે; બાકીના ગુણસ્થાનમાંનો કોઇપણ ભાવ જીવની સાથે પરભવમાં જતો નથી. આ ગુણ સ્થાને—

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| (૧) તિર્યંચગતિ, (૨) તિર્યંચ આયુ (૩) તિર્યંચઆનુપૂર્વી. (૪) નિદ્રા–નિદ્રા, (૫) પ્રચલા–પ્રચલા, (૬) સત્યાનર્દ્ધિ, (૭) દુર્ભગ. (૮) દુઃસ્વર, (૯) અનાદેય, (૧૦ થી ૧૩) અનંતાનુબંધીકષાયચતુષ્ક, (૧૪) ન્યગ્રોધ-પરિમંડલ, (૧૫) સાદિ, (૧૬) વામન, (૧૭) કુબ્જ આદિ સંસ્થાન; (૧૮) ઋષભનારાચ, (૧૯) નારાચ, (૨૦) અર્ધ-નારાચ, (૨૧) કિલિકા, આદિ સંહનન, (૨૨) નીચગોત્ર, (૨૩) ઉદ્યોત, (૨૪) અશુભવિહાયોગતિ અને (૨૫) સ્ત્રીવેદ એ પચીસનો બંધ- | (૧ થી ૪) અનંતાનુબંધીકષાયચતુષ્ક, (૫) સ્થાવર, (૬) એકેન્દ્રિય, (૭) બે-ઇન્દ્રિય (૮) ત્રણ ઇન્દ્રિય, (૯) ચતુરિન્દ્રિયએ નવનો ઉદયવિચ્છેદ અને (૧) દેવાનુપૂર્વી, (૨) તિર્યંચાનુપૂર્વી અને (૩) મનુષ્યાનુ પૂર્વી એ ત્રણનો અનુદય (૧) મિશ્રમોહનીયનો ઉદય. (૧૧૧+૧–૯–૩)=૧૦૦ પ્રકૃતિનો ઉદય ૧ | સાસ્વાદન ગુણ સ્થાનાનુસાર ૧૪૭ પ્રકૃતિની સત્તા હોય છે. ૧ |

વિચ્છેદ અને (૧) દેવ અને (૨)મનુષ્ય એ બે
આયુનો અબંધ (૧૦૧-૨૫-૨)=૭૪ પ્રકૃતિનો
બંધ ૧

**અવરિત સમ્યગદ્રષ્ટિ :**

જીનપ્રણીત તત્ત્વમાં રૂચિ અને શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. જીવને સમ્યગ્દર્શન બે પ્રકારે પ્રકટે છેઃ (૧) નિસર્ગ-સ્વભાવ અને (૨) અધિગમ–નિમિત્ત દ્વારા. [2] અપ્રત્યાખ્યાની કષાયના ઉદયે જીવને આ ગુણસ્થાને વિરતિ હોતી નથી; પરંતુ દેવ, ગુરૂ, ધર્મ, સંઘ આદિની ભકિત, પ્રભાવના આદિમાં તેને રસ હોય છે. આમ વ્રત, પચ્ચખાણુ આદિ ન હોવા છતાં જીવને કેવલીપ્રણીત ધર્મ પ્રતિ વાત્સલ્ય હોય છે.

**સામાન્ય ધર્મ:**

દુર્ગતિમાં પડતા બચાવી જીવને ધારણ કરી શુભસ્થાને સ્થાપનાર ધર્મ છે. આવા કેવલીપ્રણીત ધર્મના ચાર પ્રકાર છેઃ (૧) દાન, (૨) શીલ, (૩) તપ અને (૪) ભાવ

**દાન:**

પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો યથાશકિત ત્યાગ એ દાન છે. [3] દાન સર્વગુણોનું ઉદ્ભવસ્થાન છે; કારણુ કે તેના પર જીવના બીજા ગુણોનો વિકાસ અવલંબે છે. સામાજિક સમાનતા સ્થાપવાનું સાધન પણુ દાન છે. આ દાન ધન પરની ભવભ્રમણકારી મૂર્ચ્છા–મમતા ઉતારવાનું સબલ સાધન છે.

---

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮
૨ ,, તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૧ સૂ–૩
૩ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૧૮, ૧૯, ૨૦
૪ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૩૩–૩૪

વિધિ દ્રવ્ય, દાતા અને પાત્ર એ એ વિશેષતા પર દાનના તરતમ ફળનો આધાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ દરેક વિચારી પોતાના સિદ્ધાંત સાચવી કલ્પતી વસ્તુ વિવેકપૂર્વક યોગ્ય પાત્રને આપવી તે વિધિ છે. કલ્પતી ન્યાયોપાર્જિત વસ્તુ સ્વીકારનાર પાત્રને તેની જીવનયાત્રામાં પોષક બની તેના ગુણવિકાસનું સાધન બને તે દ્રવ્યની વિશેષતા છે. પાત્ર પ્રતિ શ્રદ્ધા, આદર, પ્રેમ, માન અને વાત્સલ્ય સહિત ભાવપૂર્વક આપવું અને આપ્યા પછી ખેદ ન કરવો એ દાતાની વિશેષતા છે. સત્પુરૂષાર્થ અથવા ગુણવિકાસ માટે ઉદ્યમશીલ બનવું એ પાત્રની વિશેષતા છે. આ સુપાત્ર દાન અંગે સમજવું.

ચાર પ્રકારના ધર્મમાં દાન પહેલું છે; કારણ કે તે સ્હેલો હોવા છતાં તેમાં સુપાત્ર આદિના પોષણનો અપૂર્વ લાભ અને ધનપરની મમતાનો ત્યાગ રહેલ છે. દાનના પાંચ પ્રકાર છેઃ–(૧) અભય, (૨) સુપાત્ર, (૩) ઉચિત, (૪) અનુકંપા, અને (૫) કીર્તિ.

મૃત્યુના ભયમાંથી પ્રાણીને બચાવવા એ અભયદાન છે. સુપાત્રદાનની વિગત ઉપર આપી છે. ઉચિત દાનમાં જ્ઞાન, દર્શન, અને ચારિત્રના ઉપકરણ આદિનો સમાવેશ થઈ શકે છે. ગરીબગુરબાંને અનુકંપાપૂર્વક આપવું એ અનુકંપાદાન છે. કીર્તિ અર્થે આપવું એ કીર્તિદાન છે. બીજી રીતે દાનના ચાર પ્રકાર પણ કહ્યા છેઃ- (૧) અભયદાન, (૨) જ્ઞાનદાન, (૩) ધર્મોપષ્ટંભદાન અને (૪) ઈતરદાન. જ્ઞાન ભણવાના સ્થાન, પુસ્તક, નવકારવાળી આદિની સગવડ કરવી એ જ્ઞાનદાન છે. ધર્મનિર્વાહ અર્થે સાધુ શ્રાવકને અન્ન, વસ્ત્ર, પાત્ર, દવા આદિ આપવાં એ ધર્મોપષ્ટંભદાન છે. અનુકંપા, કીર્તિ, ઔચિત્ય આદિ અન્ય પ્રકારે કરાતું ઇતરદાન છે.

**શીલ :**

શીલના બે પ્રકાર છેઃ (૧) દેશતઃ, અને (૨) સર્વતઃ બ્રહ્મ: અથવા મૈથુન ત્યાગ એ શીલ છે. સ્વદાર સંતોષ, પરસ્ત્રીત્યાગ, પર્વ

દિવસોએ મૈથુનત્યાગ આદિ દેશતઃ શીલધર્મ છે. સર્વાંશ મૈથુન-ત્યાગ એ સર્વતઃ શીલધર્મ છે. ગૃહસ્થ પુરૂષ અને સ્ત્રીને દેશથી અને સર્વથી એ બંને પ્રકારે શીલ હોય છે અને સાધુ સાધ્વીને સર્વથી શીલ હોય છે.

આ ઉપરાંત પાંચ ઇન્દ્રિયને અનુકૂળ છતાં આત્માને પ્રતિકુળ એવા વિષયોનો ત્યાગ પણ શીલ છે. આમ શીલદ્વારા જીવ વાસના અને વિષયોની આસકિત પર કાબુ મેળવવાની તાલિમ મેળવે છે.

સામાન્ય સદાચાર ઉપરાંત બીજી અનેક રીતે સાધુજીવનમાં આચરવામાં આવતી જીવનશુદ્ધિ જીવનશોધનને નજર સમક્ષ રાખી પોતાના જીવનમાં હોતી સ્ખલના શોધવી અને તેને શુદ્ધ કરતા જવી એને પણ શીલ ધર્મમાં સ્થાન છે.

**તપઃ**

ધનપરની મૂર્ચ્છા અને વિષયપરની આસકિત તજવાની તાલીમ પછી દેહપરની મૂર્ચ્છા ત્યાગવાનો પ્રશ્ન રહે છે, તે માટે કર્મની નિર્જરા કરવાનુ અને દેહપરની મૂર્ચ્છાનો સમભાવે ત્યાગ કરવાનું સાધન તપ છે. તપના બે પ્રકાર છેઃ (૧) બાહ્ય અને (૨) આભ્યંતર.

બાહ્ય તપના છ પ્રકાર છેઃ (૧) અનશન, (૨) ઉણોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) વિવિકત શય્યાસન અને (૬) કાયક્લેશ.[1] અનશનવ્રતના બે પ્રકાર છે. (૧) ઇત્વરિક અને (૨) યાવત્કથિત. મર્યાદિત સમય માટે આહારનો ત્યાગ એ ઇત્વરિક અને જીવન પર્યંત આહારનો ત્યાગ એ યાવત્કથિત અનશન તપ છે. પોતાના સામાન્ય આહાર કરતાં કાંઇક બે, પાંચ કોળિયા ઓછો આહાર લેવો એ ઉણોદરી તપ છે. વિવિધપદાર્થોની સંગ્રહવૃત્તિ-

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૯ સૂ-૧૯

મમતા તજતા રહેવી એ વૃત્તિસંક્ષેપ તપ છે. દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલા પદાર્થ એ છ વિકૃતિમાંની કોઇ એક કે અનેકનો ત્યાગ એ રસત્યાગ તપ છે. મધ, માંસ, માખણ અને મદ્ય એ ચાર મહાવિકૃતિનો ત્યાગ તો જૈનકુલમાં જન્મથીજ સ્વીકાર્ય છે. સ્ત્રી, પશુ, નપુંસક આદિ બાધક વસ્તુના અભાવવાળા નિર્દોષ એકાન્ત સ્થાને વસતિ-જગ્યાએ રહી અથવા ધર્મકાર્યના આધાર માટે બાજોઠ, પાટિયું વિગેરે રાખી શય્યા અને આસનયુક્ત રહેવું એ વિવિક્ત શય્યાસન તપ છે. પદ્માસન, વજ્રાસન, વીરાસન, ઉત્કટાસન, કેશલુંચન, ઠંડી, ગરમી આદિ દ્વારા શારીરિક કષ્ટ સહન કરવું એ કાયક્લેશ તપ છે.

આભ્યંતર તપના પણ છ પ્રકાર છેઃ (૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ત્ય, (૪) સ્વાધ્યાય, (૫) વ્યુત્સર્ગ અને (૬) ધ્યાન.[૧] વ્રત, નિયમ આદિમાં થયેલ સ્ખલન શોધવાં અને દોષનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું એ પ્રાયશ્ચિત તપ છે. જ્ઞાન, વ્રત આદિમાં વડીલ હોય તેમનું સન્માન, બહુ માન આદિ વિનય તપ છે તે માનસિક ક્રિયારૂપ છે. નિર્દોષ સાધન દ્વારા વડીલ, વૃદ્ધ, રોગી, ગ્લાન આદિ સહધર્મી સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકા વિગેરેની સેવા શુશ્રુષા એ વૈયાવૃત્ત્ય તપ છે. તે બાહ્ય આચારરૂપ છે. જ્ઞાનવૃદ્ધિ અને કરેલ શાસ્ત્રાભ્યાસનો અમુક કાલ પૂરતો નિયમિત અભ્યાસ એ સ્વાધ્યાય તપ છે. સંસક્ત અને વધેલ આહારાદિ પરઠવી દેવારૂપ જે પરિત્યાગ એ વ્યુત્સર્ગ તપ છે. ચિત્તની ચંચલતા ત્યાગી એકાગ્રતા કેળવી અંતે તે દ્વારા કાયાની નિષ્પ્રકંપતા સાધવી એ ધ્યાન તપ છે.

**ભાવઃ**

આત્મપરિણામની વિશુદ્ધિ કેળવવી એ ભાવ છે. દાન, શીલ, અને તપ એ ત્રણ દ્વારા ભાવની વિશુદ્ધિ કેળવાય છે. તે પછી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થ એ ચાર ભાવનાથી શરૂ કરી

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૯ સૂ૦ ૨૦

બાર ભાવનામાંની કોઇપણ એક કે અનેક દ્વારા જીવ પોતાના દેહાધ્યાસને તજતો જાય છે.

(૧) જગતના સર્વ જીવ પ્રતિ મૈત્રીભાવ, (૨) પોતાના કરતાં દાન, શીલ, તપ, વ્રત, જ્ઞાન, ક્રિયા આદિમાં વડીલ એવા વિશિષ્ટ ગુણીજન પ્રતિ પ્રમોદ-હર્ષોલ્લાસ, (૩) દુઃખી જીવો પ્રતિ અનુકંપા-કરૂણા દયા અને (૪) અવિનેય-સંસ્કારહીન પ્રતિ મધ્યસ્થ-ઉપેક્ષા-તટસ્થવૃત્તિ એ ચાર ભાવના છે. ૧

તે ઉપરાંત હિંસા, અનૃત, અસ્તેય, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપસ્થાનોના સેવનમાં રહેલ આલોક અને પરલોક ભય એ એ પ્રકારની આપત્તિ પણ વિચારવાની રહે છે; એ દરેકના સેવનમાં પરિણામે દુઃખ છે, અથવા તે તે પ્રકારના આચાર કોઇ આપણા પ્રતિ આચરે તો આપણને કેવી લાગણી થાય તે વિચારી બીજા પ્રતિ તેવું વર્તન અટકાવવું રહે છે. આત્માના સંવેગ-મોક્ષાભિલાષ અને વૈરાગ્ય-જન્મ મરણની ઘટમાળની ખટક એ બે ગુણ ટકાવવા અને વિકસાવવા જગતસ્વભાવ અને કાયસ્વભાવ એ દરેકની ક્ષણ-ભંગુરતા વિચારવાની રહે છે. પ્રાણી માત્ર દુઃખ અનુભવે છે. જીવન ડાભની અણીપર બાઝેલ ઝાકળના બિંદુ માફક અશાશ્વત છે. પ્રત્યેક પદાર્થ ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવત્વ એ ત્રણ ગુણવાળા છે. આ વિચાર દ્વારા જીવને સંસારની આસક્તિ ન્યૂન ન્યૂનતર ન્યૂનતમ થતી જાય છે; પરિણામે સંવેગ અને વૈરાગ્ય વિકસે છે. ૧

ભાવના એ આત્મપરિણામ છે, અને તેનો અર્થ વિષયનું ઉંડું ચિંતન છે. તાત્ત્વિક ઉંડા ચિંતનથી રાગદ્વેષ રોકી શકાય છે. ભાવના બાર છે. (૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪)

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૭ સૂ-૪, ૫, ૬, ૭

એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિત્વ, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોકાનુપ્રેક્ષા, (૧૧) બોધિદુર્લભત્વ, અને (૧૨) ધર્મ. ૧

દ્રવ્ય યા વિષયની ક્ષણભંગુરતા ચિંતવવી એ અનિત્ય ભાવના છે તે દ્વારા આસકિતનો ત્યાગ કેળવાય છે. ધર્મ સિવાયના વિષય અને દ્રવ્ય અસાર હોઇ એ કોઇ શરણ બનતાં નથી એ અશરણ ભાવના છે. જન્મ-મરણની રેંટ એ સંસાર છે અને તેનાં દુઃખ અચિંત્ય છે તેવું ચિંતન એ સંસારભાવના છે તે દ્વારા સાંસારિક દ્રવ્ય યા વિષય પર ઉદાસિનતા કેળવાય છે. 'હું એકલો આવ્યો છું, એકલો જવાનો છું; પાપ અને પુણ્યના રસ મારે એકલાનેજ ભોગવવાના છે' આદિ ચિંતન એ એકત્વ ભાવના છે. આત્મા અને દેહ જુદા છે; આત્મા અવિનાશી અને દેહ વિનાશી છે આદિ ચિંતન એ અન્યત્વ ભાવના છે. દેહ અશુચિમાં ઉત્પન્ન થાય છે, તેમાંથી પોષણ મેળવે છે અને તે અશુચિનું કારણ પણ બને છે આદિ ચિંતન એ અશુચિભાવના છે તે દ્વારા દેહપરની મૂર્ચ્છા દૂર કરી શકાય છે. ઈન્દ્રિયના અનુકૂળ વિષય પર આસકિત, અનિષ્ટ પરિણામરૂપ છે અને તેના દ્વારાજ આશ્રવ થાય છે તેવું ચિંતન એ આશ્રવ ભાવના છે; તે દ્વારા આસકિતત્યાગની કેળવણી મેળવી શકાય છે. દોષમય પ્રવૃત્તિ ત્યાગ કરવા તેના દોષ વિચારવા અને નિર્દોષ પ્રવૃત્તિ આચરી આત્મગુણમાં આગળ વધવા માટે આત્માના ગુણોનું ચિંતન એ સંવર ભાવના છે. કર્મના રસવિપાક અને તેની સ્થિતિ વિચારી દોષમય પ્રવૃત્તિ સ્વેચ્છાએ તજવી એ નિર્જરાભાવના છે. બે પગ પહોળા કરી કેડે હાથ રાખી સ્થિર ઉભેલ પુરૂષ સદશ ચૌદ રાજલોક છે અને તે છ દ્રવ્યથી વ્યાપ્ત હોઇ વિવિધપરિણામી છે; તે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહતિના સ્વભાવવાળો છે, તેમ છતાં પણ

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૯ સૂ-૭

આત્માને સ્વ સ્વરૂપ પ્રાપ્ત કરવાના વ્યવહારનું સાધન છે તેમાંથી તરવા શું કરવા યોગ્ય છે તેનું ચિંતન લોકસ્વરૂપ ભાવના છે. અનાદિ સંસાર પ્રવાહમાં આત્માના ગુણસ્વરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દુર્લભ છે તેવું ચિંતન એ બોધિદુર્લભ ભાવના છે. સત્પુરૂષની પ્રરૂપણા એ સદ્‌ભાગ્ય છે કારણ કે જીવનશોધન અને જીવન-વિકાસના જે માર્ગો તેમણે આચરી બતાવ્યા તે એકાંત હિતકારી છે તેને જીવનમાં ઉતારવા અર્થે કરાતું ચિંતન એ ધર્મભાવના છે.

જીવ દાન દ્વારા ધનપરની મૂર્ચ્છાને, શીલ દ્વારા ઇષ્ટવિષય-સંસર્ગની આસક્તિને અને તપ દ્વારા કાયા પરના અહમ અને મમત્વનો ત્યાગ કરવાની તાલીમ મેળવે છે; તે તાલીમ અને અનુભવ જીવને તેના દેહપરની મૂર્ચ્છા ઉતારી તેના આધ્યાત્મિક વિકાસમાં ભાવશુદ્ધિ કરવામાં મદદગાર બને છે. એ રીતે ભાવવિશુદ્ધિની ટોચ પર પહોંચતાં જીવ પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે.

**સમ્યગ્દર્શન**

એક વખત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં જીવ તેના સંસારની અનંતાનંત કાળમર્યાદા હતી તે ઘટાડીને જઘન્યથી અંતર્મૂહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્‌ગલપરાવર્ત્ત પ્રમાણ પરિમિત-મર્યાદિત બનાવી દે છે. આ ગુણસ્થાનની જઘન્ય સ્થિતિ અંતર્મૂહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ સાધિક છે.

જીવના ભાવ–આત્મપરિણામ અનુસાર સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર છે. (૧) ઔપશમિક, (૨) ક્ષાયોપશમિક અને (૩) ક્ષાયિક. ૧

જીવ જે પ્રકારે સમ્યગદર્શન પ્રાપ્ત કરે છે તેના પણ ત્રણ પ્રકાર છે: (૧) અનાદિ મિથ્યાત્વમાંથી પ્રાથમિક સમ્યગ્દર્શનની

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા–૨૦

પ્રાપ્તિ, (૨) સમ્યગદર્શન વમી મિથ્યાત્વમાં ગયા પછી ફરી ફરી સમ્યગદર્શનની પ્રાપ્તિ અને (૩) શ્રેણિગત શમ્યગ્દર્શનની પ્રાપ્તિ.

## પ્રાથમિક સમ્યગ્દર્શન

પર્વતની ટોચ પરથી નીકળતી નદીના જલપ્રવાહના કારણે તેની આજુબાજુની પથ્થરની કરાડો જેમ જેમ પોચી પડે છે તેમ તેમ તે ઘસીને તેના જુદા જુદા ટૂકડા બની જાય છે અને તે જલપ્રવાહ જેમ જેમ વહેતો જાય છે તેમ તેમ તે જુદા જુદા ટૂકડા તણાતા રહી તે વિષમ પત્થરના ટૂકડા ક્રમશઃ ગોળગોળ બનતા જાય છે અને તે પણ જળપ્રવાહમાં આગળ તણાઇ ઘસાતાં ઘસાતાં પીસાઇને પાલીસ કર્યાં હોય તેવા સુંવાળા ગોળ બની જાય છે. આ નદીપાષાણન્યાયે અકામનિર્જરા દ્વારા જીવની પોતાની જાણ કે ઇચ્છા વિના કવચિત્ કવચિત્ તેનામાં અજાણપણે ઉદ્‌ભવ પામતા સમભાવના કારણે તેના આયુષ્ય સિવાયના બાકીના સાત (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય) પ્રકારના દરેક કર્મની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમમાં કાંઇક ન્યૂન એ પ્રમાણે બને છે. આમ થતાં જીવની યથાપ્રવૃત્તિકરણની ક્રિયા સંપૂર્ણ બને છે; તેથી તે મોહનીયકર્મની ગાંઠ-રાગદ્વેષનીગાંઠ ભેદવાની અર્થાત્ ગ્રંથીભેદ કરવાની લાયકાત સિદ્ધ કરે છે. જીવમાં અકામનિર્જરા દ્વારા પ્રકટતી અધ્યવસાયની વિશુદ્ધિ એજ તેના યથાપ્રવૃત્તિકરણમાં કારણ છે.

યથાપ્રવૃત્તિકરણ વડે જીવ આટલે ઉંચે આવ્યા બાદ તેમાંના કેટલાક જીવ તે અધ્યવસાયની વિશુદ્ધિ ટકાવી ન શકતા હોવાથી ત્યાંથી પાછા પડે છે; કેટલાક જીવ તે અધ્યવસાયની વિશુદ્ધિ ટકાવી રાખે છે, પરંતુ તેમાં વિકાસ ન કરી શકતાં અમુક કાળે તે વિશુદ્ધિથી પાછા પડે છે તે જીવ કેટલાક કાલ સુધી ત્યાંને ત્યાં રહે છે; જ્યારે કેટલાક જીવ તે વિશુદ્ધિ ટકાવી રાખે છે એટલુંજ નહિ પણ

તેને વિકસાવતા પણ રહે છે, તેના પરિણામે તેવા જીવો પોતાના અનંતાનુબંધીકષાયચતુષ્ક (ક્રોધ, માન, માયા, લોભ) અને દર્શન-ત્રિક (મિથ્યાત્વમોહ, મિશ્રમોહ અને સમકીતમોહ) એ સાતનો ઉપશમ (શાંત) કરી રાગદ્વેષની કઠીનતર ગ્રંથી (ગાંઠ) ભેદે છે અર્થાત ગ્રંથીભેદ કરે છે. જીવની ગ્રંથિભેદ કરતી વખતની અધ્યવ-સાયવિશુદ્ધિ એ પ્રકારની હોય છે કે તે તેના સમસ્ત સંસારકાળમાં અપૂર્વ–અદ્વિતિય હોય છે કે જેનો અનુભવ તેને પૂર્વે કદી કર્યો હોતો નથી; આ કારણે આ ગ્રંથિભેદ એજ અપૂર્વકરણ કહેવાય છે. તેવા જીવો એ રીતે ગ્રંથિભેદ કરીને અટકી જતા નથી, પરંતુ તે અધ્ય-વસાયની વિશુદ્ધિને હજી પણ વિકસાવતા રહે છે તે કારણે અપૂર્વ કરણની પછીની ક્રિયા અનિવૃત્તિકરણ છે. ગ્રંથિભેદ કર્યા પછી પોતાના તે અધ્યવસાયની વિશુદ્ધિ જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની સતત પ્રવૃત્તિ કરાવ્યા વિના અટકતીજ નથી એ કારણે એ અનિવૃત્તિકરણ કહેવાય છે. આ અનિવૃત્તિકરણના અંતે જીવને પ્રાથમિક એવું ઔપશમિક સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. યથાપ્રવૃત્તિકરણ સિવાયના અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ દરેકની સ્થિતિ અંતર્મૂહૂર્ત્ત છે; જ્યારે યથાપ્રવૃત્તિકરણની સ્થિતિ અનંતકાલ છે.

આવું ઔપશમિક સમ્યગ્દર્શન જીવ પોતાના સમસ્ત સંસાર કાળમાં પાંચ વખત પ્રાપ્ત કરી શકે છે; તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મૂહૂર્ત્ત એ પ્રમાણે છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારક એ ચાર ગતિના જીવ સમ્યગ્દર્શનના અધિકારી છે.

**પુનઃ પુનઃ સમ્યગ્દર્શન**

કોઇ કોઇ જીવ અપૂર્વકરણ કર્યા પછી અનિવૃત્તિકરણ કરતાં કરતાં અંતરકરણ પણ કરે છે. અંતરકરણ કરતાં જીવ મિથ્યાત્વ પુદ્ગલના ત્રણ પૂંજ–ઢગલી (૧) મિથ્યાત્વ, (૨) મિશ્ર અને (૩) સમકીતમોહ એમ વિભાગ કરે છે. તે આ પ્રમાણેઃ–ઉદયમાં રહેલ મિથ્યાત્વનો ક્ષય કરી અનુદય મિથ્યાત્વનો ઉપશમ (શાંત) કરે છે.

આમ અંતરકરણુ કર્યા પછી અનિર્વૃત્તિકરણુ પૂરૂં થતાં જીવને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પ્રકટે છે. ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતા જીવને અનંતાનુબંધીકષાયચતુષ્ક અને દર્શનત્રિક એ સાત મોહનીય પ્રકૃત્તિનો ક્ષયોપશમ (કેટલાકનો ક્ષય અને કેટલાકનો ઉપશમ) હોય છે.

આવા ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનની જઘન્ય સ્થિતિ અંતર્મૂહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમ સાધિક છે. જીવ પોતાના સમસ્ત સંસારકાળમાં આવું ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન અસંખ્યાતવાર પ્રાપ્ત કરી શકે છે.

કોઇ કોઇ જીવ કષાયચતુષ્ક અને દર્શનત્રિક એ સાત મોહનીય પ્રકૃત્તિનો ક્ષય કરી ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. આ સમ્યગ્દર્શન જીવને તેના સમસ્ત સંસારકાળમાં એકજ વખત પ્રાપ્ત થાય છે; અને તેની સ્થિત્તિ સાદિઅનંત છે. આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય તો જીવ તેજ ભવે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે અને તે પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તો ત્રીજે ભવે (ચાલુભવ, દેવભવ, અને મનુષ્યભવ) અથવા યુગલિકનું આયુષ્ય બાંધ્યું હોય તો ચોથે ભવે (ચાલુભવ, યુગલિકભવ, દેવભવ અને મનુષ્યભવ) મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.[1] આવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધનું પહેલું કારણુ મિથ્યાત્વ નષ્ટ થયું હોય છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં તેના પૂર્વ સમયે જીવ વેદક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે; તેની સ્થિતિ એકજ સમયની છે. જીવને તે તેના સમસ્ત સંસારકાળમાં એકજ વખત હોય છે.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા—૨૨

**શ્રેણિગત સમ્યગ્દર્શન**

જીવ જ્યારે ઉપશમ અથવા ક્ષપક એ બેમાંની કોઈ શ્રેણિ કરવા ઉદ્યમશીલ બને છે ત્યારે પ્રાપ્ત સમ્યગ્દર્શન વમ્યો હોય તો પહેલાં તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પ્રાપ્ત શ્રેણિગત સમ્યગ્દર્શન છે.

જીવને ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા એ ચારમાંના કોઇ પણ કે એ સર્વ ગુણસ્થાનોમાં ઔપશમિક અને વેદક એ બે; ચોથાથી અગિયારમા એ આઠ ગુણસ્થાનમાંના કોઇપણ કે એ સર્વેમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક એ બે; બીજા ગુણસ્થાને સાસ્વાદન અને ચોથાથી ચૌદમા ગુણસ્થાનોમાંના કોઇપણ કે એ સર્વેમાં ક્ષાયિક એ પ્રમાણેના સમ્યગ્દર્શન હોઇ શકે છે.

આ ગુણસ્થાને જીવને સંસાર જન્મ-મરણની ઘટમાળ ખટકવા માંડે છે; ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ તે ઘટમાળની ભયંકરતા પર પૂરતી જાગૃત્તિ રાખી શકે છેઃ જ્યારે ઔપશમિક અને ક્ષાયોપશમિક એ દરેક સમ્યગ્દૃષ્ટિ તેવી જાગૃતિ રાખવા પ્રયત્ન કરવા છતાં તે પ્રમાણે રાખી શકતા નથી, તેના પરિણામે એ બે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા છતાં અલોપ પણ થવા પામે છે.

સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ છેઃ (૧) ઉપશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા અને (૫) આસ્તિકય. ૧ સમ્યગ્દર્શનના પરિણામે જીવમાં થતા ભવવર્ધક ઉધામા એકદમ શાંત થાય છે એ ઉપશમ છે. મોક્ષની અભિલાષા અને પરિણામે ધાર્મિક પ્રવૃત્તિ પર આદર અને પ્રેમ એ સંવેગ છે. સંસારની જન્મમરણની પરંપરા કઠવી એ નિર્વેદ છે. દુઃખી જીવના દુઃખ દૂર કરવાની ભાવના એ

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૨૧

અનુકંપા છે. અને ઇન્દ્રિયથી ન જાણી શકાય એવા પરોક્ષ વિષય સમજવા પ્રયત્ન કરવા છતાં તે ન સમજી શકાય તો પણ તે સર્વજ્ઞકથિત માની શ્રદ્ધા રાખવી એ આસ્તિકય છે.

જિનપ્રણિત તત્ત્વમાં શંકા, તેના આચારના ફળની ઇચ્છા એ કાંક્ષા, સાધુસાધ્વીના મલીન વસ્ત્રાદિ દેખી તેની દુર્ગંચ્છા એ વિચિકિત્સા, મિથ્યાદષ્ટિનો પરિચય અને મિથ્યાદ્રષ્ટિની પ્રશંસા એ પાંચ સમ્યગ્દર્શન અથવા સમ કીતના અતિચાર છે. ૧ આ ગુણસ્થાને જીવને–

**બંધ**

(૧) દેવઆયુ, (૨) મનુષ્યઆયુ, અને (૩) તીર્થંકર એ ત્રણ પ્રકૃતિનો બંધ વધે છે. તેથી–(૭૪+૩)=૭૭ પ્રકૃતિનો બંધ ૨

**ઉદય**

(૧) તિર્યંચાનુપૂર્વી (૨) મનુષ્યાનુપૂર્વી;(૩) દેવાનુપૂર્વી, (૪) નરકાનુપૂર્વી, અને (૫) સમકીતમોહ એ પાંચનો વધારાનો ઉદય; અને (૧) મિશ્રમોહનો ઉદયવિચ્છેદ તેથી–(૧૦૦–૧+૫)=૧૦૪ પ્રકૃતિનો ઉદય ૨

**સત્તા**

તીર્થંકરનામ કર્મની સત્તા વધતાં ઔપશમિક અને ક્ષાયોપશમિક એ બે સમ્યગ્દ્રષ્ટિને ૧૪૮ પ્રકૃતિની સત્તા.

ક્ષાવિક સમ્યગ્દ્રષ્ટિને ૧૪૧ અથવા ૧૩૮ પ્રકૃતિની સત્તા. પૂર્વબદ્ધાયુ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનત્રિક એ સાતનો ક્ષય થતાં (૧૪૮–૭)=

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૭ સૂ–૧૮ ૨ જુઓ પરિશિષ્ટ નં.૮

૧૪૧ પ્રકૃતિ સત્તામાં.
અબદ્ધાયુ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને
વધારામાં આયુષ્યત્રિક (તિ-
ર્યંચ, દેવ, અને નારકનો) નો
ક્ષય થતાં (૧૪૧−૩)=૧૩૮
સત્તામાં [3]

સમ્યગ્દ્રષ્ટિ જીવ પ્રાયઃ દેવ આયુષ્ય બાંધે છે; સમ્યગ્દર્શન પહેલાં અને સમ્યગ્દર્શન વમ્યા પછી જીવ મનુષ્ય, તિર્યંચ અને નારક એ ત્રણ ગતિમાંનું કોઇપણ એક ગતિનું આયુષ્ય બાંધે છે.

## દેશવિરત સમ્યગ્દ્દષ્ટિ

અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવને સંસાર જન્મ-મરણની પરંપરા પ્રતિ માન્યતા પૂરતો નિર્વેદ હોય છે. જ્યારે તેને તેમાં શ્રદ્ધા જાગે છે ત્યારે તે તે પરંપરા તોડવા પ્રવૃત્તિ કરવાની તમન્નાવાળો બને છે. આ માટેનો પ્રાથમિક પ્રયત્ન એ દેશવિરત ગુણુસ્થાન અન અધિકતર અધિકતમ વીર્યોલ્લાસ જાગતાં કરાતાં સર્વતઃ પ્રયત્ન એ સર્વવિરત ગુણસ્થાન છે.

આ ગુણુસ્થાને જીવને અપ્રત્યાખ્યાની કષાયચતુષ્કનો ઉપશમ ક્ષયોપશમ ક્ષય એ ત્રણમાંનો કોઇ એક ભાવ હોય છે અને તે સાથે પ્રત્યાખ્યાની કષાયચતુષ્કનો ઉદય હોય છે.૧ આના પરિણામે જીવ દેશવિરત બને છે. આ ગુણુરરાનની સ્થિતિ ઉત્કૃષ્ટથી દેશોના પૂર્વકોટી વર્ષ પ્રમાણ છે. ૨

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮
૨ ,, નં. ૭

દેશવિરત ગુણસ્થાને જીવને જઘન્યથી મદ્ય, માંસ આદિનો ત્યાગ, સ્થૂલહિંસાનો ત્યાગ, દેવપૂજા, ગુરૂપાસના, સ્વાધ્યાય આદિ-ષટકર્મ અને નવકારસ્મરણ; મધ્યમથી શ્રાવકના ૨૧ ગુણ, ૧ ઉભયટંક-આવશ્યક, અભક્ષ્ય અનંતકાયનો પરિહાર-ત્યાગ, સદાચાર, બારવ્રત કે તેમાંનું કોઇ એક કે અધિકવ્રત; અને ઉત્કૃષ્ટથી ભાવ શ્રાવકના ૧૭ ગુણ, ૧ સચિત દ્રવ્યનો ત્યાગ, શ્રાવકની અગિયાર પડિમા-પ્રતિમા, એકાશન આહાર, નવવાડપૂર્વક શ્રેષ્ટ બ્રહ્મચર્ય, ગ્રહવ્યાપાર-ત્યાગ, બારવ્રત, મહાવ્રતનો ઇચ્છુક, ષડ્ આવશ્યક આદિ હોય છે. [૧] આમ ધર્મપ્રવૃત્તિનો આશ્રય મળતાં જીવને આ ગુણસ્થાને મુખ્ય ગણાતાં આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાન ક્રમશઃ મંદ, મંદતર, મંદ-તમ બનતા જાય છે.

શ્રાવકના એકવીશ ગુણ જીવનમાં ઉતારતાં અને ભાવ શ્રાવકના સત્તર ગુણ અનુસાર જીવન જીવતાં જીવને મુનિજીવનના ઉત્કટ સદા-ચાર પ્રતિ રૂચિ થાય છે; પરિણામે તેનો વિકાસ સાધવા સાધુપણું લેવાની ભાવના થાય છે.

### વિશેષ ધર્મ અથવા બારવ્રતઃ

બારવ્રતના બે વિભાગ છેઃ (૧) અણુવ્રત, અને (૨) શીલવ્રત. અણુવ્રત પાંચ છે; અને શીલવ્રતના બે વિભાગ છેઃ (૧) ત્રણ ગુણ-વ્રત અને (૨) ચાર શિક્ષાવ્રત. આ બારવ્રત સમ્યગ્દર્શન સહિત લેવામાં આવે છે.

ઉપરના બારવ્રતના દરેકના પાંચ અતિચાર છે. વ્રતપાલનમાં અનાભોગે-અનિચ્છાએ અજાણતાં સંભવતી સ્ખલના એ અતિચાર છે. આવી સ્ખલના અનિચ્છાએ હોવા છતાં તે સ્વીકૃતવ્રતને મલીન કરે છે. આ અતિચાર જાણવા યોગ્ય છે; પરંતુ આચરવા યોગ્ય

---

૧ જુઓ પરિશિષ્ટ નં. ૭

નથી. જાણી જોઈને અતિચાર આચરવામાં આવે તો તે અનાચાર-વ્રતભંગજ ગણાય છે.

### પાંચ અણુવ્રત:

અણુવ્રત પાંચ છે: (૧) સ્થૂલપ્રાણિપાતવિરમણ, (૨) સ્થૂલ-મૃષાવાદવિરમણ, (૩) સ્થૂલઅદત્તાદાનવિરમણ, (૪) સ્થૂલમૈથુન-વિરમણ અથવા પુરૂષ માટે સ્વદારાસંતોષ અને પરદારાવિરમણ અને સ્ત્રી માટે પરદારવિરમણ અને (૫) પરિગ્રહપરિમાણ. ૧

### હિંસાની તરતમતા:

જીવ બે પ્રકારના છે: (૧) સ્થાવર અને (૨) ત્રસ. સ્થાવર જીવના બે પ્રકાર છે: (૧) સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મસ્થાવરજીવની હિંસા હોઈ શકતી નથી; કારણ કે અગ્નિ, હથિયાર કે કોઈપણ અંતરાય તેને હણી કે રોકી શકતું નથી એવા તે સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. આથી બાદરસ્થાવર જીવની હિંસા હોય છે; સાધુસાધ્વીને તેવા સ્થાવર અને ત્રસ એ બંને પ્રકારના જીવની હિંસા ત્યાજ્ય હોય છે. જ્યારે ગૃહસ્થને આરંભસમારંભ હોવાના કારણે બાદર સ્થાવર જીવની હિંસા ત્યાગી શકાતી નથી; આમ ગૃહસ્થને સ્થાવરની હિંસા ત્યાજ્ય ન થઈ શકવાના કારણે માત્ર ત્રસ જીવ પૂરતો હિંસા-ત્યાગ હોવાથી સાધુ કરતાં તેની અહિંસા અર્ધી થઈ જતાં ૫૦ ટકા થઈ જાય છે. આ ઉપરાંત આરંભ પરિગ્રહ આદિ કારણે તે ત્રસ જીવની હિંસા પણ તેને મર્યાદિત બને છે.

ત્રસ જીવની હિંસાના પણ બે પ્રકાર છે: (૧) આરંભ અને (૨) સંકલ્પ (કલ્પના–ઇચ્છા) દ્વારા. ગૃહસ્થ આરંભસમારંભદ્વારા થતી ત્રસ જીવની હિંસા તજી શકતો નથી; પરંતુ હિંસા કરવાનો સંકલ્પ-ઈચ્છા ન કરે. $\frac{૫૦}{૨}$=૨૫ ટકા

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ ૧–૨

સંકલ્પથી તજવાની હિંસાના પણ બે પ્રકાર છેઃ (૧) સાપરાધ અને (૨) નિરપરાધ. સાપરાધ જીવની હિંસા (તાડન આદિ) ગૃહસ્થ તજી શકતો નથી; પરંતુ નિરપરાધ ત્રસજીવની હિંસાનો સંકલ્પ ન કરે. ૨૫/૨=૧૨ ૧/૨ ટકા

નિરપરાધ ત્રસજીવની હિંસાના પણ બે પ્રકાર છેઃ (૧) સાપેક્ષ (સકારણ) અને (૨) નિરપેક્ષ (કારણવિના). પ્રમાદી એવા પુત્ર કે નોકરને, તોફાની પુત્ર યા આશ્રિતને, આરંભસમારંભમાં વપરાતા પશુઆદિને સકારણ શિક્ષા કરવી પડે છે; આમ સાપેક્ષ–સકારણ હિંસા ગ્રહસ્થ તજી શકતો નથી; પરંતુ નિરપેક્ષ ત્રસ જીવની હિંસા તે તજી શકે છે. આમ ૧૨ ૧/૨ ટકાના અર્ધા થતાં ૬ ૧/૪ ટકા.

આમ સાધુની ૨૦ વસા દયાની અપેક્ષાએ ગ્રહસ્થને માત્ર ૧ ૧/૪ વસા દયા ઉત્કૃષ્ટથી પાળી શકાય છે; અર્થાત સાધુની દયા ૧૬ આના અથવા ૧૦૦/૦ તો ગ્રહસ્થની દયા ૧ આનો અથવા ૬ ૧/૪ ટકા ગણાય.

**પાંચ અણુવ્રતઃ**

(૧) કોઇપણ નિરપરાધી ત્રસ જીવને કારણ વિના સંકલ્પ દ્વારા ઇજા ન પહોંચાડવી એ સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વ્રત છે.

જીવનો વધ, જીવને બંધન બાંધવા, જીવના અંગઉપાંગ છેદવાં, જીવ ખેંચી શકે તેથી અધિકભાર તેની પાસે ખેંચાવવો અને જીવના અન્નપાણી રોકવાં એ પાંચ સ્થૂલપાણાતિપાતવિરમણ વ્રતના અતિચાર છે. ૧

(૨) બેપગાં જીવ સંબંધી, ચારપગાં જીવ સંબંધી, જમીનસ્થ વરમિલ્કત સંબંધી, થાપણ–જંગમમિલ્કત સંબંધી અને કોઇની

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૨૦

સાક્ષી પૂરવા સંબંધમાં જૂઠું ન બોલવું  એ મૃષાવાદવિરમણ વ્રત છે.

ખોટી સલાહ આપવી, કોઇની ગુપ્તવાત પ્રકટ કરવી, ખોટા લેખ લખાવવા, થાપણ ઓળવવી ઓળવાવવી અને ગુપ્ત મંત્રણાને જાહેર કરવી એ પાંચ સ્થૂલ મૃષાવાદવિરમણવ્રતના અતિચાર છે. ૧

(૩) લોક ચોર કહી આળ ચડાવે અથવા રાજ્ય શિક્ષા કરે તે પ્રકારે પારકી માલિકીના ધન યા વસ્તુ ન લેવી એ સ્થૂલ અદત્તાદ ાનવરમણ વ્રત છે.

ચોરી કરનારને મદદ કરવી, તેનો ચોરેલ માલ વેચાણ રાખવો, પ્રતિબંધિત રાજ્યવિસ્તારમાં ગમનાગમન યા માલ લાવવો મોકલવો, ઓછાવત્તાં તોલમાપ રાખવાં અને વાપરવાં અને અસલમાલના બદલે નકલી માલ આપવો એ પાંચ સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રતના અતિચાર છે. ૨

(૪) સ્વસ્ત્રીથી સંતોષ માનવો અને પરસ્ત્રીનો ત્યાગ કરવો એ ગૃહસ્થ માટે અને પરપુરૂષનો ત્યાગ કરવો એ સ્ત્રી માટે સ્થૂલ મૈથુનવિરમણ વ્રત છે. આ ઉપરાંત પર્વ આદિ તિથિએ બ્રહ્મચર્ય પાળવું એનો પણ તેમાં સમાવેશ થાય છે.

પોતાના કુટુંબ સિવાય અન્યના વિવાહ કરવા કરાવવા, ઇત્વરપરિગ્રહીતાગમન, અપરિગ્રહિતાગમન, કામચેષ્ટા અને

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સુ-૨૧
૨ ,, ,, ,, અ૦ ૭ સુ-૨૨

તીવ્રકામાભિનિવેશ એ પાંચ સ્થૂલ મૈથૂનવિરમણ વ્રતના અતિચાર છે. ૧

(૫) ધન, ધાન્ય, ક્ષેત્ર ( ખેડાણ જમીન ), વાસ્તુ ( મકાન યા મકાન માટેની જમીન ), રૂપુ, સોનું, રાચરચીલું અથવા ઘરવખરી દ્વિપદ ( નોકર ચાકર ), ચતુષ્પદ (ઢોરઢાંખર) એ દરેકની મર્યાદા બાંધવી એ પરિગ્રહપરિમાણ વ્રત છે.

શરતચુકથી ઉપરોક્ત નવ પ્રકારના પરિગ્રહની સ્વીકારેલ મર્યાદા ઉલ્લંઘવી એ પરિગ્રહપરિમાણ વ્રતના અતિચાર છે. ૨

**ત્રણ ગુણવ્રત:**

અણુવ્રતને ગુણ કરનાર અથવા તેનું વિશિષ્ટ રીતે પોષણ કરનાર ગુણવ્રત ત્રણ છે; (૧) દિક્પરિમાણ (૨) ભોગ ઉપભોગપરિમાણ અને (૩) અનર્થદંડવિરમણ.

(૧) ચાર દિશા (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ), ચાર વિદિશા (અગ્નિ, નૈઋત્ય, ઇશાન અને વાયવ્ય), ઉર્ધ્વદિશા અને અધોદિશા એ દશ દિશમાં ગમનાગમન કરવાની કે ત્યાં વ્યાપાર આદિ કરવાની મર્યાદા બાંધવી તે દિક્પરિમાણ વ્રત છે.

શરતચૂકથી દિશા, વિદેશા, ઉર્ધ્વ અને અધોદિશાની સ્વીકારેલ મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ દિક્પરિમાણ વ્રતના અતિચાર છે.૩

(૨) અધર્મનો સંભવ હોય તેવાં ખાનપાન, વસ્ત્ર, આભૂષણ અને સાધન આદિનો ત્યાગ કરી માત્ર આવશ્યક હોય એવાં સાદાં ખાનપાન, વસ્ત્ર, આભૂષણ, સાધન આદિની મર્યાદા બાંધવી એ ભોગોપભોગપરિમાણ વ્રત છે. આ વ્રતમાં અંગાર, વન, શકટ, ભાડી અને સ્ફોટક એ પાંચકર્મ; હાથીદાંત, લાખ, રસ, (ઘી, તેલ, દુધ, દહીં), કેશ અને ઝેર એ પાંચ વેપાર અને યંત્રપિલ્લણ, નિર્લાંછન,

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૨૩

૨ „ „ અ૦ ૭ સૂ–૨૪

૩ „ „ અ૦ ૭ સૂ–૨૫

દવદાહ, જલાશયશોષણ અને અસતીપોષણ એ પાંચ સામાન્ય એ પંદર કર્માદાનનો પણ ત્યાગ કરવામાં આવે છે. આ વ્રતઅંગે ચૌદ નિયમ રોજ ધારવા અને સંક્ષેપવામાં આવે છે.

સચિત્ત આહાર, સચિત્તસંબંદ્ધ આહાર, સચિત્તસંમિશ્ર આહાર, અભિષવ (કાચોપાકો) આહાર અને દુષ્પક્વ આહાર એ પાંચ ભોગોપભોગ પરિમાણ વ્રતના અતિચાર છે.[1]

(૩) નિરૂપયોગી એવી નિરર્થક પ્રવૃત્તિથી વિરમવું–અટકવું એ અનર્થદંડવિરમણ વ્રત છે.

કંદર્પ (તિખલ), કૌત્કુચ્ય (તુચ્છ પ્રવૃત્તિ), મૌખર્ય (વાચાળતા), અસમીક્ષ્યાકરણ (આરંભસમારંભની વસ્તુની લેવડદેવડ) અને ઉપભોગાધિકત્વ ( આરંભસમારંભની વસ્તુ જરૂર કરતાં અધિક સંગ્રહવી) એ પાંચ અનર્થદંડવિરમણ વ્રતના અતિચાર છે.[2]

**ચાર શિક્ષાવ્રત:**

ઉપરોકત પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત એ દરેકને શુદ્ધ બનાવનાર, સમભાવની તાલિમ આપનાર અને તેમાં સ્થિર કરનાર એવાં ચાર શિક્ષાવ્રત છે: (૧) સામાયિક, (૨) દેશાવકાસિક. (૩) પૌષધોપવાસ અને (૪) અતિથિસંવિભાગ.[3]

(૧) નિયત સમય (૪૮ મિનિટ) માટે આરંભસમારંભ રૂપ સદોષ પ્રવૃત્તિનો ત્યાગ કરી ધર્મ પ્રવૃત્તિમાં સ્થિર બની સમભાવ કેળવવા અર્થે સામાયિક વ્રત છે.

મનની અધર્મપ્રવૃત્તિનો ત્યાગ, વચનની અધર્મપ્રવૃત્તિનો ત્યાગ, કાયાની અધર્મપ્રવૃત્તિનો ત્યાગ, અનાદર અને વિસ્મરણ એ પાંચ સામાયિક વ્રતના અતિચાર છે.[4]

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૭ સૂ–૩૦
૨ ,, ,, અ૦૭ સૂ–૨૭
૩ ,, ,, અ૦૭ સૂ–૧૬
૪ ,, ,, અ૦૭ સૂ-૨૮

(૨) છઠ્ઠા દિક્પરિમાણુ વ્રતમાં સ્વીકારેલ દિશાની મર્યાદા, હંમેશ માટે ધારવાના ચૌદ નિયમને વિષે રોજબરોજ રાત્રીદિવસ ટુંકાવવી અને આ વ્રતમાં દશ સામાયિક કરી તેને વિશેષ પ્રમાણમાં ટૂંકાવવી એ દેશાવકાશિક વ્રત છે.

(મર્યાદા બહારથી) મંગાવવું મોકલવું, શબ્દથી સૂચના કરવી, રૂપ દેખાડી સૂચના કરવી અને પુદ્‌ગલ ફેંકી સૂચન કરવું આદિ પાંચ દેશાવકાશિક વ્રતના અતિચાર છે. ૧

(૩) પર્વ તેમજ અન્ય તિથિએ ઉપવાસ આદિ વ્રત લઇ શરીરવિભૂષા આદિનો ત્યાગ કરી ધર્મમય પ્રવૃત્તિ કરવી એ પૌષધોપવાસ વ્રત છે. તેના ત્રણ પ્રકાર છેઃ (૧) અહોરાત્ર, (૨) દિવસ અને (૩) રાત્રિ એ એ પૂરતો.

સ્થાન જોયા પ્રમાર્જ્યા વિના કાંઈ મૂકવું, લેવું, સંથારો કરવો બીનજરૂરી વસ્તુનું પરઠવવું અને અનાદર એ પાંચ પૌષધવ્રતના અતિચાર છે. ૨

(૪) ન્યાયોપાર્જિત દ્રવ્યથી કલ્પનીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, ઔષધિ આદિ ભક્તિભાવપૂર્વક સુપાત્ર એવા સાધુસાધ્વીને દાન આપવું અને પછી તેમને જે જે વસ્તુ આપેલ હોય તેજ વસ્તુ વાપરવી એ અતિથિસંવિભાગ વ્રત છે. આ વ્રત આગળના દિવસે ઉપવાસથી રાત્રિદિવસનો પૌષધ કરી વળતે દિવસે શ્રાવક શ્રાવિકાએ એકાશન કરવાપૂર્વક આચરવાનું છે.

સચિત્તનિક્ષેપ, સચિતપિધાન, પરવ્યપદેશ; માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિથિસંવિભાગ વ્રતના અતિચાર છે. ૩

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ-૨૬

૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ-૨૯

૩ „ „ અ૦ ૭ સૂ-૩૧

**સંલેખનાવ્રતઃ**

ઉપરના બારવ્રત ઉપરાંત મરણ નજિક આવતાં આદરવા યોગ્ય એવું સંલેખના વ્રત છે, કષાયને પાતળા પાડી તેનો પરાભવ કરવા મરણને નજીક જાણનારા જીવને આ સંલેખના વ્રત હોય છે. પોતાના જીવનનો અંત જાણી શકતા હોય તે આ વ્રત લઈ શકે છે; સામાન્ય જીવો તો આ પ્રસંગે દુષ્કૃત્યોને નિંદે છે, સત્કાર્યોની અનુમોદના કરે છે અને એ રીતે સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરે છે.

આ સંલેખના વ્રતના પાંચ અતિચાર છેઃ (૧) વ્રત લીધા પછી જીવવાની ઈચ્છા કરવી, (૨) મરવાની ઇચ્છા કરવી, (૩) મિત્ર, સગાસંબંધી પર અનુરાગ કરવો, (૪) સુખના બંધની ઇચ્છા કરવી અને (૫) નિદાન (નિયાણું) કરવું અર્થાત પોતાના તપ અને ધાર્મિક કાર્યના ફળ તરીકે અમુક ઇચ્છા કરવી. ૧

ઉપર વ્રતના જે જે અતિચાર જણાવ્યા તે તે તેટલાજ છે એમ નથી; તે સર્વ માત્ર ઇશારા પૂરતા છે. તેના પરથી તે પ્રમાણેના બીજા અતિચારોનો જીવે ગુરૂગમ આદિથી વિચાર કરી લેવો રહે છે.

આવા દેશવિરત જીવને નિત્યના કાર્ય ૬ છે. (૧) દેવપૂજા, (૨) ગુરૂપર્યુપાસના, (૩) સ્વાધ્યાય, (૪) સંયમ, (૫) તપ અને (૬) દાન. આ ઉપરાંત પ્રતિક્રમણના પણ છ આવશ્યક છેઃ (૧) સામાયિક, (૨) ચતુર્વિંશનિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન-પચ્ચકખાણ.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૭ સૂ-૩૨

શ્રાવકની પડીમા (પ્રતિમા) ૧૧ છે: (૧) દર્શન, (૨) વ્રત. (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) કાયોત્સર્ગ, (૬) બ્રહ્મચર્ય, (૭) સચિતવર્જન, (૮) આરંભવર્જન, (સાવદ્ય આરંભસમારંભનો ત્યાગ.) (૯) પ્રેષ્યવર્જન, (કામ માટે કોઇને બહાર મોકલવાનો ત્યાગ) (૧૦) ઉદ્દિષ્ટવર્જન (પોતાના માટે તૈયાર કરેલ આહારપાણીનો ત્યાગ) અને (૧૧) શ્રમણભૂત–સાધુમાફક જીવનચર્યા.

આ ગુણસ્થાને જીવ જેમ જેમ જઘન્યથી મધ્યમ અને મધ્યમથી ઉત્કૃષ્ટ દેશવિરત બનવા ડગ ભરતો જાય છે તેમ તેમ તેના આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાન મંદ મંદતર મંદતમ થતાં જાય છે. અને મંદ મંદતર મંદતમ ધર્મધ્યાન પ્રવર્ત્તવા માંડે છે.[૪]

આર્ત્તધ્યાન ચાર પ્રકારે છે: (૧) અનિષ્ટસંયોગાર્ત્ત–અનિષ્ટ પ્રાપ્ત થતાં ઉદ્ભવતું, (૨) ઇષ્ટવિયોગાર્ત્ત–ઇષ્ટનો વિયોગ થતાં ઉદ્ભવતું. (૩) રોગાર્ત્ત–વ્યાધિની વેદનાના કારણે ઉદ્ભવતું અને (૪) નિદાનાર્ત્ત–નિયાણું કરવાના કારણે ઉદ્ભવતું. આવું આર્ત્તધ્યાન અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને પ્રમત્તસંયત એ ત્રણ ગુણસ્થાને જીવને હોય છે.[૫]

રૌદ્રધ્યાનના પણ ચાર પ્રકાર છે: (૧) હિંસાનંદી–હિંસક પ્રવૃત્તિમાં રાચતું. (૨) મૃષાનંદી–જૂઠ બોલવાની પ્રવૃત્તિમાં રાચતું. (૩) ચૌર્યાનંદી–ચોરી લુંટફાટ આદિ પ્રવૃત્તિમાં રાચતું અને (૪) સંરક્ષણાનંદી–કંચન, કામિની, કુટુંબ અને કાયા આદિના સંરક્ષણમાં રાચતું. આવું રૌદ્ર ધ્યાન અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરત એ બે ગુણસ્થાને જીવને હોય છે.[૬] આ ગુણસ્થાને જીવને–

---

૪ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૨૫

૫ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૯ સૂ–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫

૬ „ „ અ૦ ૯ સૂ–૩૬

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| (૧ થી ૪) અપ્રત્યાખ્યાનીકષાય-ચતુષ્ક, (૫) મનુષ્યગતિ, (૬) મનુષ્યઆયુ. (૭) મનુષ્યઆનુપૂર્વી, (૮) વજ્રઋષભનારાચસંહનન, (૯) ઔદારિક શરીર, (૧૦) ઔદારિક અંગોપાંગ એ દશનો બંધવિચ્છેદ થતાં (૭૭-૧૦)=૬૭ પ્રકૃત્તિનો બંધ. ૧ | (૧ થી ૪) અપ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક (૫) મનુષ્યાનુપૂર્વી, (૬) તિર્યંચાનુપૂર્વી, (૭) નારકગતિ, (૮) નારકઆયુ, (૯) નારકાનુપૂર્વી, (૧૦) દેવગતિ, (૧૧) દેવ-આયુ, (૧૨) દેવાનુપૂર્વી, (૧૩) વૈક્રિય શરીર, (૧૪) વૈક્રિય અંગોપાંગ, (૧૫) દુર્ભાગ્ય, (૧૬) અપયશ અને (૧૭) અનાદેય એ સત્તરનો ઉદયવિચ્છેદ થતાં-(૧૦૪-૧૭)=૮૭ પ્રકૃત્તિનો ઉદય ૧ | ઔપશમિક અને ક્ષાયોપશમિક એ દરેક સમ્યગ્દૃષ્ટિને ૧૪૮ પ્રકૃત્તિ; પૂર્વબદ્ધાયુ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ૧૪૧ પ્રકૃત્તિ અને અબદ્ધાયુ ક્ષાયિક સમ્ય-ગ્દૃષ્ટિને ૧૩૮ પ્રકૃત્તિની સત્તા ૧ |

## સર્વવિરત અથવા પ્રમત્તસંયત:

સંસાર પર નિર્વેદ જણાતાં જન્મમરણની ઘટમાલ તોડવા જીવ પાંચ મહાવ્રત પાળી જીવન જીવવાનો પ્રયત્ન આદરે છે ત્યારે તેને આ ગુણસ્થાન હોય છે.

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

જીવને કર્મબંધનું બીજું કારણ અવિરતિ છે; અવિરતિના ત્યાગની કેળવણી અર્થે દેશવિરતિ છે અને અવિરતિનો સંપૂર્ણ ત્યાગ એ સર્વવિરતિ છે.

સર્વવિરત એવા જીવને પાંચ મહાવ્રત હોય છે: (૧) પ્રાણાતિપાતવિરમણ, (૨) મૃષાવાદવિરમણ, (૩) અદત્તાદાનવિરમણ, (૪) મૈથુનવિરમણ અને (૫) પરિગ્રહવિરમણ ૧

સાધુ જીવનના આ પાંચ મહાવ્રતમાં પણ પ્રાણાતિપાતવિરમણ એ મુખ્ય મહાવ્રત છે. તે વ્રતના સંપૂર્ણ પાલન અને રક્ષા અર્થે બાકીના વ્રત છે. ઉપરોક્ત પાંચ મહાવ્રત ઉપરાંત સાધુને રાત્રિભોજન–વિરમણ એ છઠ્ઠું વ્રત પણ હોય છે.

**પ્રણાતિપાતવિરમણ વ્રત:**

પ્રમાદસહિત યોગ અર્થાત્ સપ્રમાદ પ્રવૃત્તિદ્વારા થતો પ્રાણીવધ એ પ્રણાતિપાત અથવા હિંસા છે. [૨] હિંસાના બે પ્રકાર છે: (૧) દ્રવ્ય અને (૨) ભાવ. જીવને હણવાની બુદ્ધિએ તેને ઇજા પહોંચાડતાં દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારની હિંસા ગણાય છે. પ્રાણરક્ષણાર્થે યોગ્ય સાવચેતી–યતનાપૂર્વક વર્તતાં પ્રાણવધ થઇ જાય તો તે દ્રવ્ય હિંસા છે; પરંતુ તેમાં ભાવ હિંસા નથી. આવી દ્રવ્ય હિંસા દોષરૂપ નથી. યતના–જયણા રાખવી જોઇએ એટલે પ્રમાદ ન સેવવો. હિંસામાં પ્રાણવધ થવોજ જોઇએ તેમ પણ નથી; માનસિક, વાચિક, અને કાયિક એ ત્રણ પ્રકારની પ્રવૃત્તિદ્વારા અન્ય જીવને અપાતો સંતાપ, છેદ, કીલામણા, વધ આદિથી અટકવાનો સતત ઉપયોગ એ પ્રાણાતિપાતવિરમણ વ્રત છે. ૨

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ ૧–૨

૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૮

**મૃષાવાદવિરમણ વ્રતઃ**

પ્રમાદથી વર્ત્તતા જીવની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ દ્વારા અયોગ્ય વચનોચ્ચાર એ અસત્ય છે.[૧] સત્ય હોય એ બોલવું એમ નહિ, પરંતુ અસત્યથી વિરમવું એ મૃષાવાદ વિરમણ વ્રત છે. સતદ્રવ્ય યા વિષયનો નિષેધ, સતદ્રવ્ય યા વિષયને વિપરીત રીતે રજુ કરવો, કોઇને દુઃખ થાય તેવું નગ્ન સત્ય યા ગર્હિત વચન બોલવાં આદિનો આ મહાવ્રતમાં ત્યાગ હોય છે. આ વ્રતપાળનારે હિત, મિત. પ્રિય પથ્ય અને પ્રમાણોપેત વચન બોલવના હોય છે.

**અદત્તાદાનવિરમણ વ્રતઃ**

પ્રમાદમાં વર્ત્તતા જીવની માનસિક, વાચિક, અને કાયિક પ્રવૃત્તિદ્વારા બીજાની માલિકીની કોઇપણ વસ્તુ તેને આપ્યા વિના લેવી એ અદત્તાદાન વિરમણવ્રત છે.[૨] માલિકની રજા સિવાય તુચ્છ વસ્તુ પણ ન લેવીતેમજ લાલચનો ત્યાગ કરી સંયમ પાલન અર્થે જરૂરી વસ્તુ યાચના કરી મેળવવી એમાં અદત્તાદાનવિરમણ વ્રતનું પાલન રહેલું છે.

**મૈથુનવિરમણ વ્રતઃ**

સ્ત્રીપુરૂષના યુગલની પ્રવૃત્તિ એ મૈથુન અથવા અબ્રહ્મ છે[૩] કામરાગના આવેશથી માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ એ પણ મૈથુન છે. વિજાતીય યુગલની પ્રવૃત્તિનો પણ આમાં સમાવેશ કરવાનો છે. આ જાતની મૈથુન પ્રવૃત્તિ માત્ર પ્રમત્તયોગમાંજ હોય છે; તેમાં અપ્રમત્ત યોગ હોતો નથી. જેના પાલનથી સદ્ગુણ વધે એ બ્રહ્મ અને જે પ્રવૃત્તિથી દોષોનું પોષણ થાય એ અબ્રહ્મ છે. પ્રમત્તદશામાં વર્ત્તતા જીવની માનસિક, વાચિક, અને કાયિક કામરાગજનિત પ્રવૃત્તિ એ મૈથુન છે અને તેનો ત્યાગ એ મૈથુનવિરમણ વ્રત છે.

---

૧ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ ૯

૨ ,, અ૦ ૭ સૂ-૧૦

૩ ,, ,, અ૦ ૭ સૂ-૧૧

**પરિગ્રહવિરમણ વ્રતઃ**

મૂર્ચ્છા અથવા મમત્વ એ પરિગ્રહ છે.૧ દ્રવ્ય યા વિષયમાં આસક્તિ એ મૂર્ચ્છા છે. આવી આસક્તિ જીવને વિવેકભ્રષ્ટ કરે છે. પ્રમાદમાં વર્તતા જીવની મમત્વભાવે થતી માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિદ્વારા જે કંઇ સાધનસામગ્રી એકઠી કરવામાં આવે એ પરિગ્રહ છે. આવા પરિગ્રહનો ત્યાગ એ પરિગ્રહવિરમણ વ્રત છે.

ઉપરના પાંચ વ્રતના અતિચાર દેશવિરત અણુવ્રત અનુસાર સમજી લેવાના છે.

અણુવ્રત અને મહાવ્રત લેનારે નિઃશલ્ય બનવું જોઇએ. શલ્ય ત્રણ છેઃ (૧) મિથ્યાત્વ, (૨) માયા અને (૩) નિદાન.

સત્યની ઉપેક્ષા અને અસત્યનો આગ્રહ એ મિથ્યાત્વ છે. દંભ, કપટ, છળ, ઠગવાની વૃત્તિ આદિ માયા છે. કરેલ ધર્મ--તપ આદિના ફલની ઈચ્છા કરવી એ નિદાન છે; ભોગની લાલસા એ પણ નિદાન છે. આ ત્રણ શલ્ય–કાંટારૂપ માનસિક દોષ જીવની માનસિક અને શારીરિક એ બે પ્રકારની શાન્તિનો નાશ કરે છે તે કારણે વ્રત લેનારે શલ્ય રહિત બનવું જોઇએ. ૨

દેશવિરત ગુણસ્થાનમાં જણાવેલ સંલેખના વ્રત પણ સર્વવિરત જીવને આવશ્યક છે.

ઉપરોક્ત વ્રતપાલનમાં જીવનો જેવો ઉપયોગ–યતના–જયણા તે તે પ્રમાણમાં તેનો વિકાસ અથવા અધ્યવસાયવિશુદ્ધિ હોય છે. વ્રતપાલનમાં સતત જાગ્રતિ યા ઉપયોગ રહી શકે તદર્થે સ્વાશ્રયી જીવન આવશ્યક છે. કષાય અને નોકષાય એ બે મોહનીયકર્મના ઉદયે જીવને આ ગુણસ્થાને મંદ મંદતર આર્ત્તધ્યાન હોય છે; તે દુર કરવા તે ધર્મધ્યાનનો આશ્રય લે છે.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૧૨

૨ ,, ,, ,, અ૦ ૭ સૂ–૧૫

ધર્મ ધ્યાનના ચાર પ્રકાર છે: (૧) આજ્ઞાવિચય-જિનેશ્વરની આજ્ઞાની વિચારણા, (૨) અપાયવિચય-સંસારના દુઃખની વિચારણા, (૩) વિપાકવિચય-કર્મના રસવિપાકની વિચારણા અને (૪) સંસ્થાન-વિચય-ચૌદરાજલોકના સ્વરૂપનો વિચાર. ૧ આ ગુણસ્થાને જીવને સાવલંબન ધ્યાન ઉપકારક છે; નિરાવલંબન ધ્યાન નહિ. ૨ ધર્મ-ધ્યાનના બીજી રીતે પણ ચાર પ્રકાર છે: (૧) પિંડસ્થ, (૨) પદસ્થ, (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત. ૩ આત્મા અને શરીર એ દરેકના સમ વિષમ ગુણની તુલના અને ચિંતન પિંડસ્થ ધર્મધ્યાન છે. નવ-પદમાંના કોઇ એક કે અધિકપદના ગુણોનું ચિંતન એ પદસ્થ ધર્મ-ધ્યાન છે. કોઈપણ પદના રૂપ કે વર્ણની કલ્પના કરી તેના ગુણનું ચિંતન એ રૂપસ્થ ધર્મધ્યાન છે અને કલ્પનાતીત એવા શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન એ રૂપાતીત ધર્મધ્યાન છે; એવા છેલ્લા રૂપાતીત ધર્મધ્યાનમાં શુક્લધ્યાનનો અંશ હોય છે અને તે પ્રમત્ત-સંયતને હોય છે. ૪

આ ગુણસ્થાને જીવ અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આદિના ત્યાગની શરૂઆત કરતો હોવાથી તે યથાખ્યાતચારિત્રરૂપ વિરતજીવનનો અભ્યાસી વિદ્યાર્થી એવો મુનિ છે. પૂર્વકર્મજન્ય વાસના અને સંજ્વલન કષાયના ઉદયે વ્રતપાલનની ઇચ્છા અને એકાગ્રતામાં રહેવાનો પ્રયત્ન હોવા છતાં તેને પ્રમાદ સહજ બને છે. ૫

પ્રમાદના પાંચ પ્રકાર છે: (૧) મદ્ય-મદ, અભિમાન, (૨) વિષય-ઈષ્ટભોગઉપભોગનું આકર્ષણ, (૩) કષાય, (૪) નિદ્રા અને (૫) વિકથા-અનાવશ્યક ચર્ચા અને અનર્થકારી વાર્તાલાપ.

---

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૯ સૂ-૩૭
૨ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૨૯, ૩૦
૩ ,, ,, ગા. ૩૫
૪ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૯ સૂ-૩૭
૫ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૨૬

પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ, અનિર્વૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, અને ક્ષીણમોહ એ દરેક ગુણુસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અપ્રમત્તથી ઉપશાંતમોહ અને અપ્રમત્તથી ક્ષીણમોહ એ સર્વેની સમગ્ર સ્થિતિ પણ અંતર્મુહૂર્ત્તની છે. ચારિત્રપર્યાયની અપેક્ષાએ પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત એ બે ગુણસ્થાનની સંયુક્ત સ્થિતિ કાંઇક ન્યૂન એક પૂર્વક્રોટાક્રોટી વર્ષની છે. આ ગુણસ્થાને જીવને—

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| (૧ થી ૪) પ્રત્યાખ્યાનીકષાય-ચતુષ્કનો બંધવિચ્છેદ થતાં (૬૭-૪)=૬૩ પ્રકૃત્તિનો બંધ ૧ | (૧) તિર્યંચગતિ, (૨) તિર્યંચઆયુ (૩) નીચગોત્ર, (૪) ઉદ્યોત, (૫ થી ૮) પ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક એ આઠનો ઉદયવિચ્છેદ થતાં અને— (૧) આહારકશરીર અને (૨) આહારક અંગોપાંગ એ બે નો ઉદય ગણતાં— (૮૭-૮+૨)=૮૧ પ્રકૃત્તિનો ઉદય. ૧ | આગળના ગુણુસ્થાન અનુસાર ૧૪૮, ૧૪૧ અને ૧૩૮ પ્રકૃત્તિની સત્તા. ૧ |

**અપ્રમત્તસંયતઃ**

આગળના સર્વવિરત–પ્રમત્તસંયત ગુણસ્થાને જીવ વિરતિ જીવનમાં ઉતારવા ઉદ્યમ કરે છે અને તેમ કરતાં પ્રમાદને જીતવા પણ પ્રયત્નશીલ રહે છે. આમ છતાં પૂર્વકર્મજન્ય વાસના, સંજ્ઞા, સંસ્કાર આદિ તેને પોતાના પ્રતિ આકર્ષે છે અને પ્રમાદશીલ બનાવે છે. ૨

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮
૨ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા.–૨૦

જીવની પ્રમાદને વશ કરવાની તમન્ના અને પ્રમાદની જીવને વશ કરવાની તમન્ના એ બે વચ્ચે ગજગ્રાહ ચાલે છે; આમાં કોઈ કોઈ વખત જીવ ફાવે છે અને કોઈ કોઈ વખત પ્રમાદ ફાવે છે. આ પ્રકારના આકર્ષણ પ્રતિઆકર્ષણના ગજગ્રાહના પરિણામે જીવ અસંખ્યાતવાર પ્રમત્તમાંથી અપ્રમત્તમાં અને અપ્રમત્તમાંથી પ્રમત્તમાં આવે જાય છે; પરંતુ અંતે સતત જાગૃતિ, ઉપયોગ, યતના આદિના પરિણામે જીવ વાસનાના આકર્ષણ પ્રતિઆકર્ષણથી પર બની પ્રમત્તના અંતર્મુહૂર્ત્ત કરતાં પણ વધુ સમય અપ્રમત્ત રહે છે ત્યારે તે કાયમ માટે અપ્રમત્ત ગુણસ્થાન પ્રાપ્ત કરે છે.

આ અપ્રમત્ત ગુણસ્થાને જીવે પ્રમાદ પર વિજય તો મેળવ્યો છે; પરંતુ સંજવલન કષાયના કારણે તેને મંદ મંદ કષાય પ્રવર્તે છે. આ સંજવલન કષાયનો ઉપશમ અથવા ક્ષય કરવા તત્પર બનતાં જીવ ઉત્તમ ધ્યાન માટે યોગ્ય બને છે; પ્રમત્તસંયત ગુણસ્થાને જીવને મધ્યમ ધર્મધ્યાન હતું તે આ અપ્રમત્ત ગુણસ્થાને ઉત્કૃષ્ટ અને મુખ્ય બને છે.

વ્રત, શીલ, જ્ઞાનાર્જનમાં તત્પરતા, ધ્યાન માટે ઉદ્યમશીલતા, અને મૌન ( સાવદ્ય વચનવ્યાપારનો ત્યાગ ) એ ધ્યાન માટેની લાયકાત છે.[1] આવો ઉપશાંત જીવ અનંતાનુબંધીકષાયચતુષ્ક અને દર્શનત્રિક એ સાત સિવાયની બાકીની કષાયમોહનીય અને નોકષાય મોહનીયની ૨૧ પ્રકૃતિનો પોતાની યોગ્યતાનુસાર ઉપશમ અથવા ક્ષય કરવા માટે શ્રેષ્ઠ એવા ધ્યાનનો આશ્રય કરે છે. આવું ધર્મધ્યાન શરૂ કરતાં પહેલાં (૧) સર્વ જીવ પ્રતિ મૈત્રી, (૨) અધિક ગુણવાન પ્રતિ હર્ષોલ્લાસ (૩) દુઃખી જીવ પ્રતિ કરૂણા અને (૪) વિપરીત મતિ અને વૃત્તિવાળા પ્રતિ ઉપેક્ષા એ ચાર ભાવના વડે ધ્યાનની શરૂઆત કરે છે[2] અને તેના પરિણામે ઉપશમ અથવા ક્ષપક શ્રેણિ માટે તત્પર બને છે.[3] આ ગુણસ્થાને જીવને—

---

૧ જુઓ ગુણસ્થાન ક્રમારોહ ગા. ૩૧ થી ૩૩

૨ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦ ૭ સૂ–૬

૩ ,, ગુણસ્થાનક્રમારોહ ગા–૩૪, ૩૫, ૩૬

| બંધ | ઉદય | સત્તા |
| --- | --- | --- |
| (૧) શોક (૨) અરતિ, (૩) અસ્થિર, (૪) અશુભ, (૫) અપયશ અને (૬) અશાતાવેદનીય એ છનો બંધવિચ્છેદ થતાં અને (૧) આહારકશરીર અને (૨) આહારક અંગોપાંગ એ બે નો વધારાનો બંધ થતાં (૬૩+૨−૬)=૫૯ પ્રકૃતિનો બંધ. અને દેવઆયુ ન બાંધે તો (૫૯−૧)= ૫૮ પ્રકૃતિનો બંધ. ૧ | (૧) નિદ્રાનિદ્રા, (૨) પ્રચલાપ્રચલા, (૩) સત્યાનર્દ્ધિ, (૪) આહારકશરીર અને (૫) આહારક અંગોપાંગ એ પાંચનો ઉદયવિચ્છેદ થતાં (૮૧−૫)=૭૬ પ્રકૃતિનો ઉદય ૧ | આગળના ગુણસ્થાનમાં કરેલ નિર્દેશ અનુસાર ૧૪૮, ૧૪૧, ૧૩૮ પ્રકૃત્તિની સત્તા. ૧ |

**અપૂર્વકરણ:**

જીવે પૂર્વે જેનો કદી પણ અનુભવ કર્યો નથી તેવી અધ્યવસાયવિશુદ્ધિના લાભના કારણે આ ગુણસ્થાન અપૂર્વકરણ કહેવાય છે.૨ આ અધ્યવસાયવિશુદ્ધિના બળે આ ગુણસ્થાને જીવ પોતાના પૂર્વસંચિત કર્મનો (૧) સ્થિતિઘાત, (૨) રસઘાત, (૩) ગુણશ્રેણિ, (૪) ગુણસંક્રમ અને (૫) અભિનવસ્થિતિબંધ આદિ કરતો જાય છે; આ ઉપરાંત આ ગુણસ્થાનના આદ્યઅંશથી સ્વયોગ્ય એવી ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ અને સાથેજ સપૃથકત્વસવિતર્કસવિચાર એ પહેલા શુકલધ્યાનનો પણ જીવ તે સાથે આરંભ કરે છે ૩ આ ગુણસ્થાને જીવની અધ્યવસાય વિશુદ્ધિ પ્રતિ સમય અનંત ગુણ પ્રમાણ વધતી રહે છે એ કારણે આ ગુણસ્થાને વર્તતા જુદા જુદા જીવોના અસંખ્યાત અધ્યવસાય સ્થાન ગણાય છે.

શ્રુતજ્ઞાનનું ચિંતન એ વિતર્ક; ચિંતનમાંથી સંક્રમણ કરવું એ વિચાર અને દ્રવ્યના ગુણ અને પર્યાય રૂપ વિષયની ભિન્નતા એ સપૃથકત્વ; દ્રવ્ય તેના ગુણ અને તેના પર્યાય એ દરેકની ભિન્નતાનો વિચાર કરતું શ્રુતજ્ઞાનાનુસાર ચિંતન અને તે ચિંતનમાં થતાં

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

૨ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૩૭

૩ ,, ગા. ૩૯, ૪૦

સંક્રમણ એવું જે ધ્યાન એ સપૃથકત્વસવિતર્કસવિચાર એવું પહેલું શુકલધ્યાન છે. આ ધ્યાનમાં એક શબ્દ પરથી બીજા શબ્દ પર, એક અર્થપરથી બીજા અર્થપર, એક શબ્દાર્થપરથી બીજા શબ્દાર્થપર, એક દ્રવ્યથી બીજા દ્રવ્ય પર, દ્રવ્યના એક ગુણ પરથી બીજા ગુણ પર, ગુણના એક પર્યાયપરથી બીજા પર્યાય પર આ રીતે ભેદની, સંક્રમણની અને વિચારની એ એ પ્રકારે પ્રધાનતા અનુસાર જીવ ધ્યાન કરતો હોય છે; અથવા બીજી રીતે એક દ્રવ્યને વિષે તેની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એ તેની ત્રિવિધ અવસ્થાનું વિવિધ નય અનુસાર ચિંતન પણ હોઈ શકે છે. ભેદ, સંક્રમણ, અને વિચાર એ દરેકનું સાધન પૂર્વગત જ્ઞાન છે; આ કારણે શુકલધ્યાન પૂર્વધરને હોય છે. [1]

શ્રુતના અભાવે મરૂદેવામાતા, ભરતમહારાજા, માષતુષમુનિ આદિ જે પૂર્વધર ન હતા, તેમને શુકલધ્યાનના બદલે શુકલધ્યાનના અંશવાળુ એવું રૂપાતીત ધર્મધ્યાન હોય છે. આ ધ્યાનમાં જીવને ત્રણે યોગ પ્રવર્ત્તે છે. આ ગુણસ્થાને જીવને–

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| આ ગુણસ્થાનના ૧ લા ભાગે ૫૮ પ્રકૃતિનો બંધ. બીજાથી છઠ્ઠા ભાગે (૧) નિદ્રા અને (૨) પ્રચલા એ બે નો બંધવિચ્છેદ થતાં (૫૮–૨)=૫૬ પ્રકૃતિનો બંધ. સાતમા ભાગે (૧) દેવગતિ, (૨) દેવ- | (૧) સમ્યકત્વમોહ, (૨) સેવાર્ત્ત, (૩) કિલિકા અને (૪) અર્ધનારાચ-સંહનન એ ચારનો ઉદય-વિચ્છેદ થતાં (૭૬–૪)= | ઉપશમકને ૧૪૮ અને ક્ષપકને ૧૩૮ પ્રકૃતિ સત્તામાં હોય છે. [2] |

૧ જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ૦૯ સૂ–૩૮ થી ૪૬.
૨ જુઓ પરિશિષ્ટ નં. ૮

આયુ, (૩) પંચેન્દ્રિય જાતિ, (૪) શુભ-વિહાયોગતિ, (૫) ત્રસ, (૬) બાદર, (૭) પર્યાપ્ત, (૮) પ્રત્યેક, (૯) સ્થિર, (૧૦) શુભ (૧૧) સુસ્વર, (૧૨) સૌભાગ્ય, (૧૩) આદેય, (૧૪) વૈક્રિય શરીર, (૧૫) વૈક્રિય અંગો-પાંગ, (૧૬) આહારક શરીર, (૧૭) આહા-રક અંગોપાંગ, (૧૮) સમચતુરસ્રસંસ્થાન, (૧૯) નિર્માણ, (૨૦) તીર્થંકર, (૨૧) વર્ણ, (૨૨) ગંધ, (૨૩) રસ, (૨૪) સ્પર્શ, (૨૫) અગુરુલઘુ, (૨૬) ઉપઘાત, (૨૭) પરાઘાત, (૨૮) શ્વાસોશ્વાસ, (૨૯) તૈજસ, અને (૩૦) કાર્મણ એ બે શરીર એમ ત્રીસનો બંધવિચ્છેદ થતાં (૫૬–૩૦)=૨૬ પ્રકૃતિનો બંધ. ઉપશમક અને ક્ષપક એ દરેકને હોય છે. ૧

૭૨ પ્રકૃતિનો ઉદય ઉપ-શમક અને ક્ષપક એ દરેકને હોય છે. ૧

**અનિવૃત્તિબાદર:**

અપૂર્વકરણ ગુણસ્થાને પ્રાપ્ત થએલ અધ્યવસાયવિશુદ્ધિ અને આત્માનો વીર્યોલ્લાસ આ નવમા ગુણસ્થાને રોકાતો નથી; પરંતુ તે ક્રમશઃ વધતો રહે છે; આ કારણે જીવ બાહ્યપુદ્ગલ કે તેના રંગરા-ગમાં અટવાઇ પડતો નથી, તેના પરિણામે આ ગુણસ્થાન અનિવૃત્તિબાદર છે. ૨ અપૂર્વકરણ ગુણસ્થાને

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮ ૨ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૬૦ થી ૬૫

શરૂ કરેલ (૧) સ્થિતિઘાત, (૨) રસઘાત, (૩) ગુણશ્રેણિ, (૪) ગુણસંક્રમ, અને (૫) અભિનવસ્થિતિબંધ તેમજ ઉપશમ અથવા ક્ષપકશ્રેણિ તથા સપૃથકત્વસવિતર્કસવિચાર શુકલધ્યાન એ સર્વે આ ગુણસ્થાને ચાલુ રહે છે.

આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને જીવના કર્મના રસ, સ્થિતિ આદિ બાદર હોવાના કારણે તે ગુણસ્થાને એકજ સમયે વર્ત્તતા જુદા જુદા જીવોના અધ્યવસાયસ્થાન અસંખ્યાત હતા તે આ નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાને જીવના કર્મના રસ, સ્થિતિ આદિ ક્રમશઃ સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ બનતાં એકજ સમયે વર્ત્તતા જુદા જુદા જીવોના અધ્યવસાયસ્થાન એક અથવા સમાન ગણાય છે આ ગુણ-સ્થાને કોઈ કોઈ જીવ અંતકરણ પણ કરે છે.

આ ઉપરાંત આ ગુણસ્થાને જીવ બાદર કષાયને સૂક્ષ્મ બના-વવાનો આરંભ પણ કરે છે; તેમાં તે જુદા જુદા કષાયના રસસ્પ-ર્દ્ધકોને હીન રસ કરતા જઈ તેના અપૂર્વ એવા રસસ્પર્દ્ધકો બનાવે છે. આ રસસ્પર્દ્ધકોમાંના કેટલાક એવા હોય છે કે જે પોતાની પૂર્વસ્થિતિ તજતા નથી અર્થાત હીનરસ થતા નથી; આવા રસસ્પર્દ્ધક પૂર્વરસસ્પર્દ્ધક કહેવાય છે. અપૂર્વરસસ્પર્દ્ધકો હીન હીનતર હીનતમ એમ જુદા જુદા પ્રકારે હીનરસવાળા હોય છે. આવા હીન હીનતર હીનતમ રસવાળા રસસ્પર્દ્ધકોના સંક્રમને છિન્નભિન્ન કરી તેને અસ્તવ્યસ્ત કરવા એ કિટ્ટીકરણ છે. આ ગુણસ્થાને જીવ બાદર-ક્રોધ.બાદરમાન, બાદરમાયા, બાદરલોભ, તેમજ સંજવલન (સૂક્ષ્મ)-ક્રોધ, સંજવલમાન અને સંજવલનમાયા એ સાતનો સ્વ સ્વ યોગ્ય શ્રેણિ અનુસાર ઉપશમ અથવા ક્ષય કરે છે અને ઉપર દર્શાવ્યાનુસાર સંજવલન લોભનું કિટ્ટીકરણ કરે છે. આમ કરતાં જીવ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ નવમા ગુણસ્થાને જીવને—

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| આ ગુણુસ્થાનના ૧ લા ભાગે (૧) હાસ્ય, (૨) રતિ, (૩) ભય અને (૪) જુગુપ્સા એ ચારનો બંધવિચ્છેદ થતાં (૨૬–૪)=૨૨ પ્રકૃતિનો બંધ.<br>૨ જા ભાગે (૧) પુરૂષવેદનો બંધવિચ્છેદ થતાં (૨૨–૧)=૨૧ પ્રકૃતિનો બંધ.<br>૩ જા ભાગે (૧) સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થતાં (૨૧–૧)=૨૦ પ્રકૃતિનો બંધ.<br>૪ થા ભાગે (૧) સંજ્વલનમાનનો બંધવિચ્છેદ થતાં (૨૦–૧)=૧૯ પ્રકૃતિનો બંધ.<br>૫ મા ભાગે (૧) સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ થતાં (૧૯–૧)=૧૮ પ્રકૃતિનો બંધ–આ પ્રમાણે ઉપશમકને હોય છે. જ્યારે ક્ષપકને (૧) હાસ્ય, (૨) રતિ, (૩) ભય અને (૪) જુગુપ્સા એ ચારનોજ માત્ર બંધવિચ્છેદ થતાં (૨૬–૪)=૨૨ પ્રકૃતિનો બંધ. ૧ | (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ. (૪) શોક, (૫) ભય, અને (૬) જુગુપ્સા એ ૬ નો ઉદયવિચ્છેદ થતાં (૭૨–૬)=૬૬ પ્રકૃતિનો ઉદય ઉપશમક અને ક્ષપક એ દરેકને હોય છે. ૧ | આ ગુણુસ્થાને ઉપશમકને ૧૪૮ પ્રકૃતિની સત્તા.<br>આ ગુણુસ્થાનના ૧ લા ભાગે ક્ષપકને (૧) નારકગતિ, (૨) નારકાનુપૂર્વી. (૩) તિર્યંચગતિ, (૪) તિર્યંચાનુપૂર્વી, (૫) સાધારણ, (૬) સૂક્ષ્મ, (૭) ઉદ્યોત.(૮) એકેન્દ્રિય, (૯) દ્વિઇન્દ્રિય,(૧૦)ત્રિઇન્દ્રિય, (૧૧) ચતુરિન્દ્રિય, (૧૨) આતપ, (૧૩) સ્થાવર, (૧૪) નિદ્રાનિદ્રા, (૧૫) પ્રચલાપ્રચલા, (૧૬) સત્યાનર્દ્ધિ, એ સોલનો ક્ષયથતાં-(૧૩૮-૧૬) =૧૨૨ પ્રકૃતિની સત્તા.<br>૨ જા ભાગે (૧) ૧થી૪ અપ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક અને |

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

(૫ થી ૮) પ્રત્યાખ્યાનીકષાય-ચતુષ્ક એ આઠનો ક્ષય થતાં (૧૨૨−૮)=૧૧૪ પ્રકૃતિની સત્તા.

૩ જા ભાગે (૧) નપુંસક-વેદનો ક્ષય થતાં (૧૧૪−૧)= ૧૧૩ પ્રકૃતિની સત્તા.

૪ થા ભાગે (૧) સ્રીવેદનો ક્ષય થતાં (૧૧૩−૧)=૧૧૨ ની સત્તા.

૫ મા ભાગે (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય અને (૬) જુંગુપ્સા એ છ નો ક્ષય થતાં (૧૧૨−૬)=૧૦૬ પ્રકૃતિની સત્તા.

૬ઠ્ઠા ભાગે (૧) પુરૂષવેદનો ક્ષય થતાં (૧૦૬−૧)= ૧૦૫ પ્રકૃતિની સત્તા.

૭ મા ભાગે (૧) સંજ્વલન ક્રોધ નો ક્ષય થતાં (૧૦૫-૧)= ૧૦૪ પ્રકૃતિની સત્તા.

૮ મા ભાગે (૧) સંજ્વલન માનનો ક્ષય થતાં (૧૦૪ -૧)=૧૦૩ પ્રકૃતિની સત્તા.

૯ મા ભાગે (૧) સંજ્વલન માયાનો ક્ષય થતાં (૧૦૩-૨) =૧૦૨ પ્રકૃતિની સત્તા. ૧

**સૂક્ષ્મસંપરાય:**

સૂક્ષ્મ લોભના અસ્તિત્વના કારણે આ ગુણસ્થાન સૂક્ષ્મસંપરાય કહેવાય છે. આ ગુણસ્થાને પણ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને શરૂ કરેલ ઉપશમ અથવા ક્ષપક એ બે શ્રેણિ અને સપૃથકત્વસવિતર્ક-સવિચાર એ શુકલધ્યાન ચાલુ પ્રવર્ત્તે છે. આ ગુણસ્થાને જીવ સંજ્વલનલોભના પૂર્વ રસસ્પર્દ્ધકોનો અનુભવ કરતો અને અપૂર્વરસસ્પર્દ્ધકોને સૂક્ષ્માતિસૂક્ષ્મ બનાવતો એ રીતે અંતે સંજ્વલનલોભનો ઉપશમ અથવા ક્ષય કરે છે.

સંજ્વલનલોભનો ઉપશમ થતાં ઉપશમક, અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે જ્યારે ક્ષપક સંજ્વલનલોભનો ક્ષય કરી અગિયારમું ઉપશાંતમોહ ગુણસ્થાન છોડી-ઓળંગી સીધોજ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ ગુણસ્થાને જીવને—

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૬૮ થી ૭૨ અને પરિશિષ્ટ નં. ૮

### બંધ

આ ગુણસ્થાને (૧) સૂક્ષ્મલોભનો બંધવિચ્છેદ થતાં ઉપશમકને (૧૮-૧)=૧૭ પ્રકૃતિનો બંધ.

આ ગુણસ્થાનાંતે (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪ મનઃપર્યાયજ્ઞાનાવરણ, (૫) કેવળજ્ઞાનાવરણ, (૬) ચક્ષુદર્શનાવરણ, (૭) અચક્ષુદર્શનાવરણ, (૮) અવધિદર્શનાવરણ, (૯) કેવળદર્શનાવરણ, (૧૦) દાનાંતરાય, (૧૧) લાભાંતરાય, (૧૨) ભોગાંતરાય, (૧૩) ઉપભોગાંતરાય, (૨૪) વીર્યાંતરાય, (૧૫) ઉચ્ચગોત્ર અને (૧૬) યશઃકીર્તિ એ સોળનો બંધવિચ્છેદ થતાં ઉપશમકને (૧૭-૧૬)= ૧ (શાતાવેદ) પ્રકૃતિનો બંધ.

ક્ષપકને (૧ થી ૪) સંજવલનકષાયચતુષ્ક અને (૫) પુરૂષવેદ એ પાંચનો બંધવિચ્છેદ થતાં (૨૨-૫)= ૧૭ પ્રકૃતિનો બંધ. ૧

### ઉદય

આ ગુણસ્થાને (૧) પુરૂષવેદ, (૨) સ્ત્રીવેદ, (૩) નપુંસકવેદ, (૪) સંજવલનક્રોધ, (૫) સંજવલનમાન અને (૬) સંજવલનમાયા એ છનો ઉદયવિચ્છેદ થતાં ક્ષપકને (૬૬-૬)=૬૦ પ્રકૃતિનો ઉદય.

આ ગુણસ્થાનાંતે (૧) સંજવલન લોભ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ એ ત્રણ વધારે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થતાં ઉપશમકને (૬૦-૩) =૫૭ પ્રકૃતિનો ઉદય. ૧

### સત્તા

ઉપશમકને ૧૪૮ પ્રકૃતિની સત્તા.

ક્ષપકને (૧) સંજવલન લોભનો ક્ષય થતાં (૧૦૨-૧)= ૧૦૧ પ્રકૃતિની સત્તા. ૧

---

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

**ઉપશાંતમોહ:**

ઔપશમિક, ક્ષાયોપશમિક અનેક ક્ષાયિક ભાવમાંના કોઈપણ એક ભાવે ઉપશમશ્રેણિ કરતા ઉપશમકને આ અગિયારમાં ગુણસ્થાને અનંતાનુબંધીકષાયચતુષ્ક, દર્શનત્રિક, અપ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક, પ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક, સંજ્વલનકષાયચતુષ્ક અને નવ નોકષાય એ મોહનીયની ૨૮ પ્રકૃતિનો ઉપશમ વર્ત્તતો હોવાથી આ ગુણસ્થાન ઉપશાંતમોહ કહેવાય છે. ૧ ક્ષપકને આ ગુણસ્થાન હોતું નથી ૨

આ ગુણસ્થાને ઉપશમકને ૧૪૮ કર્મપ્રકૃતિ સત્તામાં છે. તેમાંની મોહનીયની ૨૮ પ્રકૃતિનો ઉપશમ પ્રવર્તે છે ત્યાંસુધી (અંતર્મુહૂર્ત્ત) જીવ છદ્મસ્થવીતરાગભાવ અનુભવે છે; અને મોહનીય કર્મપ્રકૃતિનો ઉપશમ પૂરો થતાં મોહનીય કર્મનો ઉદય થતાં જીવ પાછો પડવા માંડે છે. પાછા પડતાં કોઇ કોઈ જીવ ઉપશાંતમોહથી સૂક્ષ્મસંપરાય, સૂક્ષ્મસંપરાયથી અનિવૃત્તિબાદર, અનિવૃત્તિબાદરથી અપૂર્વકરણ અને અપૂર્વકરણથી અપ્રમત્ત ગુણસ્થાને; કોઇ કોઇ અપ્રમત્તગુણસ્થાનેથી સર્વવિરત, સર્વવિરતથી દેશવિરત, દેશવિરતથી અવિરતસમ્યગદષ્ટિ ગુણસ્થાને અને ઘણા ખરા તો અવિરત સમ્યગ્દ્રષ્ટિથી મિશ્ર, મિશ્રથી સાસ્વાદન, અને સાસ્વાદનથી મિથ્યાત્વ ગુણસ્થાને આવે છે.

ઉપશાંતમોહ ગુણસ્થાન પ્રાપ્ત કરનાર ઉપશમકનું પતન નિશ્ચિત છે. જીવ ગુણસ્થાન ઉપર ચઢતાં ચઢતાં જે બંધવિચ્છેદ, ઉદયવિચ્છેદ, અને સત્તાવિચ્છેદ કરતો ગયો હતો તદનુસાર ઉપશાંતમોહ ગુણસ્થાનેથી પડતાં તદ્દ તદ્દ ગુણસ્થાન યોગ્ય બંધ, ઉદય અને સત્તા વધારતો જાય છે.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૩૮

૨ ,, ગા. ૭૩

દર્શનમોહસપ્તક ક્ષયકરનાર એવો ક્ષાયિકસમકિતી જીવ, ઉપશમશ્રેણિ કરે તો તેને ક્ષાયિક ભાવે સમ્યગ્દર્શન હોય એટલે કે તેને અનંતાનુબંધીકષાયચતુષ્ક અને દર્શનત્રિક એમ દર્શનમોહ-સપ્તકનો ક્ષય હોય છે અને બાકીની એકવીશ મોહનીય પ્રકૃતિનો ઉપશમ હોય છે. ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવે ઉપશમશ્રેણિ કરનાર ઉપશમકને તે દર્શનસપ્તક સહિત મોહની અઠ્ઠાવીસ પ્રકૃતિનો ઉપશમ હોય છે. આવા ક્ષાયિક સમકિતી ઉપશમકને ઉપશાંતમોહ ગુણસ્થાને મોહનો ઉદય થતાં ચારિત્રમોહની ૨૧ પ્રકૃતિમાંથી કોઇક એક પ્રકૃતિ ઉદયમાં આવે છે; જ્યારે ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવે શ્રેણિ કરતા ઉપશમકને મોહનો ઉદય થતાં દર્શનમોહ અથવા ચારિત્રમોહ એ બેની ૨૮ પ્રકૃતિમાંથી કોઇ એક ઉદયમાં આવે છે.

સપૃથકત્વસવિતર્કસવિચાર એ પહેલું શુકલધ્યાન પ્રતિપાતી છે અર્થાત્ પડી જાય તેવું છે જ્યારે બાકીના ત્રણ શુકલધ્યાન અપ્રતિપાતી છે. પહેલું શુકલધ્યાન પ્રતિપાતી હોવા છતાં તે શરૂ કરનાર આત્મા વિશુદ્ધ બનવાથી પુનઃ પુનઃ ગુણસ્થાન ચઢવાની અભિલાષાવાળો હોય છે. આ ગુણસ્થાને જીવને—

| બંધ | ઉદય | સત્તા |
|---|---|---|
| શાતાવેદનીય એ એકજ પ્રકૃતિનો બંધ. ૧ | અસ્થિરનો ઉદયવિચ્છેદ થતાં (૫૭–૧)=૫૬ પ્રકૃતિનો ઉદય. ૧ | ઔપશમિક અને ક્ષાયોપશમિક એવા દરેક ઉપશમકને ૧૪૮ કર્મપ્રકૃતિની સત્તા. ક્ષાયિકસમકિતી ઉપશમકને ૧૪૧ કર્મપ્રકૃતિની સત્તા. ૧ |

૧ જુઓ પરિશિષ્ટ નં. ૮

**ક્ષીણમોહ:**

દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનના અંતે ક્ષપક મોહનીયની ૨૮ કર્મપ્રકૃતિનો ક્ષય કર્યો હોવાથી આ ગુણસ્થાન ક્ષીણમોહ ગણાય છે. ક્ષપક જીવ દશમા ગુણસ્થાનેથી સીધોજ બારમા ગુણસ્થાને આવે છે; તેમાં પ્રવેશ કરતાંની સાથેજ અપૃથક્ત્વસવિતર્ક અવિચાર એ બીજું શુકલધ્યાન આરંભે છે. ૧ ત્રણે પ્રકારના સમ્યગ્દર્શની જીવ ક્ષપક શ્રેણિ કરી શકે છે.

અપૃથક્ત્વ=ભિન્નતા વિનાની—અભેદ સવિતર્ક,=સંક્રમણસહિતર્ક અને અવિચાર=વિચારરહિત, વિચારરહિત સંક્રમણયુક્ત એવું અભેદનું ધ્યાન એ અપૃથક્ત્વસવિતર્કઅવિચાર શુકલધ્યાન છે. આ ધ્યાનમાં જીવ નિશ્ચલભાવે પોતાના આત્મ દ્રવ્યનું, તેના ગુણનું, ગુણના કોઇ પર્યાયનું અભેદભાવે ચિંતન કરતાં સમતા રસને અનુભવતા પોતાના આત્મતત્ત્વદ્વારા પરમાત્મતત્ત્વનો અનુભવ કરે છે.૨ તેના પરિણામે ધ્યાન પૂરું થતાં બાકીના પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય એ ચારઘાતી કર્મનો (મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય) ક્ષય થતાં અંતર્મુહૂર્ત્તમાંજ આ જીવ કેવલજ્ઞાન અને કેવળદર્શન પ્રકટ કરે છે—પામે છે. ૨

બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરતાં જીવને કર્મબંધના ત્રણ કારણ એવાં અવિરતિ, પ્રમાદ અને કષાય એ સર્વનો ક્ષય થઈ ગયો હોય છે; હવે તેને કર્મબંધનું એકજ કારણ એવો યોગ રહે છે. આ ગુણસ્થાને જીવને—

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૭૪. થી ૭૯

૨ જુઓ ,, ગા.૮૦થી૮૨ અને જુઓ પરિશિષ્ટ નં.૮

**બંધ**

આ ગુણસ્થાનના ઉપાંત્ય સમયે (અંતના પૂર્વ સમયે) (૧) યશઃકીર્તિ અને (૨) ઉચ્ચગોત્ર એ બેનો બંધ-વિચ્છેદ થતાં ક્ષપકને (૧૭-૨)= ૧૫ પ્રકૃતિનો બંધ.

અને અંત્ય સમયે (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ. (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યાયજ્ઞાનાવરણ, (૫) કેવળજ્ઞાનાવરણ, (૬) ચક્ષુર્દર્શન, (૭) અચક્ષુર્દર્શન, (૮) અવધિદર્શન, (૯) કેવળદર્શન, (૧૦) દાનાન્તરાય, (૧૧) લાભાંતરાય, (૧૨) ઉપભોગાંતરાય, (૧૩) ભોગાંતરાય, (૧૪) વીર્યાંતરાય એ ચૌદનો બંધ-વિચ્છેદ થતાં ક્ષપકને (૧૫-૧૪)= ૧ શાતાવેદ પ્રકૃતિનો બંધ. ૧

**ઉદય**

આ ગુણસ્થાનાંતે (૧) સંજ્વલન લોભ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ અને (૪) અર્ધનારાચ સંહનન એ ચારનો ઉદયવિચ્છેદ થતાં (૬૦-૪) =૫૬ પ્રકૃતિનો ઉદય.

અને અંત્ય સમયે (૧ થી ૫) જ્ઞાનાવરણ, (૬ થી ૯) દર્શનાવરણ અને (૧૦ થી ૧૪) અંતરાય. એ ચૌદનો ઉદયવિચ્છેદ થતાં-(૫૬-૧૪)= ૪૨ પ્રકૃતિનો ઉદય. ૧

**સત્તા**

આ ગુણસ્થાનાંતે (૧) નિદ્રા, (૨) પ્રચલા, (૩ થી ૭) જ્ઞાનાવરણ, (૮ થી ૧૧) દર્શનાવરણ (૧૨ થી ૧૬) અંતરાય એ સોલનો સત્તાવિચ્છેદ થતાં (૧૦૧-૧૬)=૮૫ પ્રકૃતિની સત્તા. ૩

ઉપશમ અને ક્ષપક એ દરેક શ્રેણિ તુલનાત્મક દ્રષ્ટિએ વિચાર કરી શકાય એ દ્રષ્ટિએ તેને સામસામા આપવા પ્રયાસ કર્યો છે; વાચકને તે ઉપયોગી નીવડવા સંભવ છે.

## ઉપશમશ્રેણિ

લાયકાતઃ-(૧) ચૌદ પૂર્વનું જ્ઞાન, (૨) નિરતિચાર વિશુદ્ધ ચારિત્ર, (૩) વજ્રવૃષભનારાચ, ઋષભનારાચ, અને નારાચ એ ત્રણ સંહનનમાંનું કોઇ એક, (૪) નિષ્પ્રકંપદૃઢઆસન, (૫) નાસિકાના અગ્રભાગે દૃષ્ટિસ્થાપન, (૬) ઇન્દ્રિયોના વિકારોથી અલિપ્તતા, (૭) આર્ત્ત અને રૌદ્ર એ બે દુર્ધ્યાનથી મુકિત અને (૮) ધર્મ અને શુકલ એ બે શુભ ધ્યાનમાં ઉદ્યમશીલ.

આવો જીવ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનના આદ્યઅંશથી સપૃથકત્વ-સવિર્તકસવિચાર શુકલ ધ્યાન ધ્યાતાં ઉપશમશ્રેણિ શરૂ કરે.

ઉપશમશ્રેણિનો અંત અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને હોય છે. ૧

શ્રુતકેવળી, આહારકશરીરી, ઋજુ-મતિમનઃપર્યાયજ્ઞાની, અને ઉપશાન્ત-મોહી એ દરેક જો પ્રમાદવશ બને તો અનંતભવ પણ ભ્રમણ કરે; અને અનંતરભવથી (એક ભવ પછી) ચારે ગતિમાં જાય.

## ક્ષપકશ્રેણિ

લાયકાતઃ (૧)ચૌદપૂર્વનું જ્ઞાન, (૨) નિરતિચાર વિશુદ્ધ ચારિત્ર, (૩) વજ્રઋષભનારાચ સંહનન,(૪) નિષ્પ્રકંપ દૃઢઆસન. (૫) નાસિકાના અગ્રભાગે દૃષ્ટિસ્થાપન, (૬) ઇન્દ્રિયના વિકારોથી અલિપ્તતા, (૭) આર્ત્ત અને રૌદ્ર એ બે દુર્ધ્યાનથી મુકિત, (૮) ધર્મ અને શુકલ એ બે શુભધ્યાનમાં ઉદ્યમશીલ, અને (૯) સંસાર-જન્મ મરણની ઘટમાળ તોડવા ઉત્સુક-ઇચ્છુક.

આવો જીવ આઠમા અપૂર્વ-કરણ ગુણસ્થાનના આદ્યઅંશથી સપૃથકત્વસવિતર્કસવિચાર શુકલ ધ્યાન ધ્યાતાં ક્ષપકશ્રેણિ શરૂ કરે.

ક્ષપકશ્રેણિનો અંત બારમા ક્ષીણમોહ, તેરમા સયોગી અને ચૌદમા અયોગી ગુણસ્થાને છે.

ક્ષપક પ્રમાદવશ બનતો નથી; તેને ભવભ્રમણ હોતું નથી અને કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવી સિદ્ધિપદ મેળવે છે.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૩૯, ૪૦.

શ્રેણિ ચઢતાં કે શ્રેણિ ઉતરતાં ઉપશમકને મરણ હોઇ શકે છે. વજ્રઋષભસંહનનવાળા ઉપશમક સર્વાર્થસિદ્ધ વિમાનમાં અને ઋષભનારાચ તેમજ નારાચસંહનનવાળા ઉપશમકને નવ ગ્રૈવેયક વિમાનમાં અહમિન્દ્ર બને છે. ૧

ક્ષપકશ્રેણિ કરતાં મરણ હોતુંજ નથી.

(ઉપશમ શ્રેણિ સંપૂર્ણ કરનાર) અખંડશ્રેણિ ઉપશમકને ઉપશાંત મોહ ગુણસ્થાને પહોંચ્યા પછી પતન નિશ્ચિત છે; તેને ઉપશાંત દશા પૂરી થતાં નિશ્ચયથી મોહનો ઉદય હોય છે.

ક્ષપકશ્રેણિ કરનારને પતન હોતું નથી.

વજ્રઋષભનારાચ સંહનનવાળા (ઉપશમશ્રેણિ કરનાર) ઉપશમકને જો સાત લવ પ્રમાણ આયુષ્ય વધુ હોય તો તે નિશ્ચયથી મોક્ષપદ મેળવી શકે છે; આમ કેમ બની શકે તે પ્રશ્ન ઉદ્ભવે છે. તેનો ઉત્તર એ છે કે ૭૭ લવ=૧ મુહૂર્ત; એટલે ૭ લવ= $\frac{૧}{૧૧}$ મુહૂર્ત આટલા આયુષ્ય દરમિયાન આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને ઉપશમશ્રેણિ માંડી અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને પહોંચી અખંડશ્રેણિ કરવાના બદલે નવમા અનિવૃત્તિબાદર અથવા દશમા સૂક્ષ્મસંપરાય એ બેમાંના કોઇપણ ગુણસ્થાનેથી ખંડશ્રેણિ (અધૂરી શ્રેણિ) કરી પાછા ફરી સાતમા અપ્રમત્તગુણસ્થાને

ક્ષપકશ્રેણિ કરનારને ખંડશ્રેણિ હોતી નથી.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૪૧

આવી ત્યાંથી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને ફરી ક્ષપક શ્રેણિ આરંભી તે પૂરી કરી બારમા ક્ષીણમોહ ગુણસ્થાને પહોંચી ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શન પામી અંતકૃત કેવળી બની સિદ્ધ થઈ શકે છે. આમ ખંડશ્રેણિ એ ઉપમશ્રેણિ કરનાર કોઇ કોઇ જીવ તેજ ભવે ક્ષપકશ્રેણિ માંડી શકે છે.

ઉપશમક આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને ઉપશમશ્રેણિ શરૂ કરી અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય અને ઉપશાંતમોહ ગુણસ્થાને ક્રમશઃ આવે છે. ૧ આવો ઉપશમક ઉપશાંતમોહ ગુણસ્થાને અંતર્મુહૂર્ત્ત છદ્મસ્થવીતરાગ ભાવ અનુભવી સમકીતમોહ કે ચારિત્રમોહ એ બેમાંના કોઈ એકનો ઉછાળો આવતાં ઉપર ચઢવાના ઉલટા ક્રમથી પાછો પડે છે ૨ આમ થતાં કોઈ કોઇ જીવ ઉપશાંતમોહથી સૂક્ષ્મસંપરાય, ત્યાંથી અનિવૃત્તિબાદર, ત્યાંથી અપૂર્વકરણ અને ત્યાંથી અપ્રમત્તગુણસ્થાને; કોઇ કોઇ જીવ ત્યાંથી પ્રમત્તગુણસ્થાને; કોઇ કોઇ જીવ ત્યાંથી દેશવિરતિ અને ત્યાંથી

ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાને ક્ષપકશ્રેણિ શરૂ કરી, ત્યાંથી અનિવૃત્તિબાદર, ત્યાંથી સૂક્ષ્મસંપરાય, અને ત્યાંથી ક્ષીણમોહ એ પ્રમાણે ગુણસ્થાન ચઢતો રહે છે; અ ત્યાં પણ ન અટકતાં સયોગી અને અયોગી ગુણસ્થાને થઇ સિદ્ધ બને છે.

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા—૪૬.

૨ ,, ગા—૪૨ થી ૪૪

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને આવે
છે અને ઘણા ખરા તો ત્યાંથી
મિશ્ર, ત્યાંથી સાસ્વાદન અને ત્યાંથી
મિથ્યાત્વ ગુણસ્થાને આવે છે. ઉપર
ઉપર ગુણસ્થાને ચઢતાં જીવ જે જે
બંધવિચ્છેદ, ઉદયવિચ્છેદ અને સત્તા-
વિચ્છેદ કરતો ગયો હતો તે રીતે નીચે
નીચે ગુણસ્થાને પડતાં તે તદ્ તદ્
ગુણસ્થાન યોગ્ય કર્મના બંધ, ઉદય
અને સત્તા એ દરેકમાં વૃદ્ધિ કરતો
જાય છે.

ઉપરોક્ત ઉપશમ અને ક્ષપક એ દરેક શ્રેણિમાં આસન, પ્રાણાયામ આદિ આવશ્યક છે તેમ નથી; છતાં રૂઢિ તરીકે તેની સમજુતી આપવી જરૂરી છે. આત્માનો નિશ્ચલ ભાવ એ ક્ષપકશ્રેણિમાં મુખ્ય ભાગ ભજવે છે. ૧

**નિષ્પ્રકંપ આસન:**

(૧) પર્યંકાસન, (૨) પદ્માસન, (૩) સિદ્ધાસન, (૪) કાયોત્સર્ગાસન. (૫) એકાંહ્રિઆસન, (૬) દ્વિહ્રિ આસન અને (૭) વજ્રાસન, એ સાતમાનું કોઇ એક એ નિષ્પ્રકંપ આસન ગણાય છે.

યોગના આઠ અંગ છે તેથી અષ્ટાંગયોગ કહેવાય છે. (૧) ઉત્સાહ, (૨) નિશ્ચય, (૩) ધૈર્ય, (૪) સંતોષ, (૫) તત્વજ્ઞાન, (૬) દેશત્યાગ-દેશવિરત, (૭) સર્વત્યાગ-સર્વવિરત અને (૮) પ્રાણાયામ.

**પ્રાણાયામ:**

ગુદાદ્વારા નિકળતા વાયુને રોકી તેને ઉર્ધ્વગામી બનાવવો તે અપાનવાયુ અથવા પ્રાણાયામ છે. પગની એડી વડે ગુદા અને લિંગ

---

૧ જુઓ ગુણસ્થાન ક્રમારોહ ગા. ૫૯

એ બે વચ્ચેના ભાગને દબાવી ગુદાદ્વારને સંકોચી અપાનવાયુ ઉર્ધ્વ ખેંચવો એ મૂળબંધ પ્રાણાયામ છે. તેના ત્રણ ભેદ છેઃ (૧) પૂરક, (૨) રેચક અને (૩) કુંભક.

શરીરવ્યાપી નાડીસમૂહ એ ઉદર છે. બાર આંગળ પવન ઉદરમાં ખેંચવો એ પૂરક પ્રાણાયામ છે. યોગશકિત દ્વારા નાભિના મધ્ય ભાગથી પવન બહાર કાઢવો એ રેચક પ્રાણાયામ છે. યોગ-શકિત દ્વારા પવનને નાભિકમલમાં સ્થિર કરવો એ કુંભક પ્રાણાયામ છે. આ પ્રક્રિયા દ્વારા જીવ એકાગ્ર અને નિશ્ચલ બની પોતાની ઇન્દ્રિયોને વિશુદ્ધ બનાવે છે.

| ઉપશમશ્રેણિમાં ઉપશમ પામતી પ્રકૃતિ | ક્ષપકશ્રેણિમાં ક્ષય થતી પ્રકૃતિ | |
|---|---|---|
| (૧) ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિ અથવા સાતમા અપ્રમત્તસંયત ગુણસ્થાને | (૧) ચોથા અવિરત સમ્યગ્-દૃષ્ટિ અથવા સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાને | |
| (૧ થી ૪) અનંતાનુબંધીકષાય-ચતુષ્ક (ક્રોધ, માન, માયા અને લોભ (૫ થી ૭) દર્શનત્રિક (મિથ્યાત્વ મોહ, મિશ્રમોહ, સમકીતમોહ) | સામે મુજબ | ૭ |
| (૨) નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાને. | (૨) નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાને | |
| (૧થી૪) અપ્રખ્યાનીકષાયચતુષ્ક, (૫થી૮) પ્રત્યાખ્યાનીકષાયચતુષ્ક, (૯થી૧૧) સંજ્વલનત્રિક (ક્રોધ,-માન અને માયા) (૧૨ થી ૧૭) હાસ્યષટ્ક (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા) અને (૧૮થી૨૦)ત્રણવેદ સ્ત્રી–પુરૂષનપુંસક) | સામે મુજબ | ૨૦ |

| | |
|---|---|
| (૩) દશમા સૂક્ષ્મસંપરાય ગુણ-સ્થાનાંતે | દશમા સૂક્ષ્મસંપરાય ગુણ-સ્થાનાંતે |
| (૧) સંજ્વલનલોભ. | |
| ઉપશમ કરેલ મોહની પ્રકૃતિ ૨૮ | ક્ષય કરેલ મોહની પ્રકૃતિ ૨૮ |

**નોંધઃ-** ચોથા અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને અબદ્ધાયુ ક્ષપક (૧) જીવને નારકઆયુ, (૨) તિર્યંચઆયુ, અને (૩) દેવાયુ એ ત્રણ વધારાની પ્રકૃતિને ા ક્ષય કર્મગ્રંથકારને માન્ય છે; અબદ્ધાયુ ક્ષપક લઘુકર્મી અને ચરમશરીરી હોય છે, તેને અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને (૧) નરકાયુ, પાંચમા દેશવિરત ગુણસ્થાને (૨) તિર્યંચાયુ અને સાતમા અપ્રમત્ત ગુણસ્થાને (૩) દેવાયુ એ ત્રણને ા ક્ષય એમ સિદ્ધાંતકારને ા મત છે. ૧

**સયોગીકેવલી**

કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બેના કારણે આ ગુણસ્થાને જીવ ચરાચર વિશ્વના સર્વદ્રવ્ય અને દરેક દ્રવ્યના સર્વ પર્યાય હાથમાં રહેલ આમળાની માફક પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે. ૨ બારમા ગુણસ્થાનના અંતે કેવળજ્ઞાન થવાથી જીવ કેવલી બનતાં જીવન્મુકત દશા અથવા સર્વજ્ઞવીતરાગભાવ અનુભવે છે. ચાર ઘાતીકર્મને ા ક્ષય થવાથી તેને અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિક સમ્યગ્દર્શન (સમકીત) સહિત અનંત યથાખ્યાતચારિત્ર અને અનંતવીર્ય હોય છે.

આ ગુણસ્થાને જીવને ક્ષાયિકભાવે હોતા નવે ગુણ; પરિણામિક ભાવે હોતા બે ગુણ (ચેતન–જીવત્વ અને ભવ્યત્વ) અને ઔદયિક ભાવે ચાર અઘાતીકર્મ (વેદનીય, આયુ, નામ, ગોત્ર) ને ા ઉદય હોય છે. દ્રવ્ય અથવા વિષયના પર્યાયો પરિણમનશીલ હોવાથી કેવ-લીને હોતું કેવલજ્ઞાન અને કેવલદર્શન પણ પરિણમનશીલ છે.

---

૧ જુએ ા ગુણસ્થાનક્રમારોહ ગા. ૪૮ થી ૫૦

૨ ,, ,, ગા. ૮૪

આ ગુણસ્થાનની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટસ્થિતિ એકપૂર્વકોટી વર્ષમાં નવ વર્ષ ન્યૂન હોય છે. ૧

કષાયનો ક્ષય થવાથી આ ગુણસ્થાને જીવને ઈર્યાપથબંધ હોય છે; અને તે પણ માત્ર શાતાવેદનીય એ એકજ કર્મપ્રકૃતિનો હોય છે. આ ઇર્યાપથબંધમાં જીવને પહેલા સમયે કર્મ બંધાય છે, બીજા સમયે તે વેદાય છે—અનુભવાય છે અને ત્રીજા સમયે તે નિર્જરાય છે—આત્માથી સ્વતઃ છૂટું પડી જાય છે. ૨

આ ગુણસ્થાને જીવને ૮૫ કર્મપ્રકૃતિ સત્તામાં છે; પરંતુ તે માત્ર જીર્ણવસ્ત્ર તુલ્ય છે. ૨

આ ગુણસ્થાને જીવને (૧) ઔદરિકશરીર, (૨) ઔદરિક-અંગોપાંગ, (૩) સ્થિર, (૪) અસ્થિર, (૫) શુભવિહાયોગતિ, (૬) અશુભવિહાયોગતિ, (૭) પ્રત્યેક, (૮) ત્રસ, (૯) બાદર; (૧૦) વજ્ર-ઋષભનારાચ, (૧૧) ઋષભનારાચ, (૧૨) નારાચ, (૧૩) અર્ધનારાચ, (૧૪) કિલિકા, (૧૫) સેવાર્ત્ત આદિ સંહનન, (૧૬) અગુરુલઘુ, (૧૭) ઉપઘાત, (૧૮) પરાઘાત, (૧૯) શ્વાસોશ્વાસ, (૨૦) વર્ણ, (૨૧) ગંધ, (૨૨) રસ, (૨૩) સ્પર્શ, (૨૪) નિર્માણ; (૨૫) તૈજસ, (૨૬) કાર્મણ શરીર, (૨૭) સમચતુરસ્રસંસ્થાન, (૨૮) સુસ્વર, (૨૯) દુઃસ્વર, (૩૦) શાતા અથવા અશાતાવેદનીય એ ત્રીશ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થતાં (૪૨-૩૦)=૧૨ પ્રકૃતિનો માત્ર ઉદય હોય છે. ૨

સયોગીકેવળી એ ગુણસ્થાને જીવને મન વચન અને કાયા એ ત્રણે પ્રકારના યોગ-પ્રવૃત્તિ હોય છે; આ કારણે આ ગુણસ્થાન

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા.–૮૮

૨ જુઓ પરિશિષ્ટ નં. ૮

સયોગી કહેવાય છે. આ ગુણસ્થાને જીવને ધ્યાન હોતું નથી; પરંતુ ધ્યાનાંતરિકા એવી અવસ્થા હોય છે.

યથાખ્યાત ચારિત્રના બે પ્રકાર છેઃ (૧) છદ્મસ્થવીતરાગ અને (૨) સર્વજ્ઞવીતરાગ. ઉપશમક જીવને–અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને અંતર્મુહૂર્ત્ત સ્થિતિનું એવું છદ્મસ્થવીતરાગચારિત્ર હોય છે; જ્યારે ક્ષપક જીવને બારમા ક્ષીણમોહ, તેરમા સયોગી અને ચૌદમા અયોગી એ એ ગુણસ્થાને અનંતસ્થિતિવાળું સર્વજ્ઞવીતરાગ ચારિત્ર હોય છે.

આવા સયોગીકેવલીના બે પ્રકાર છેઃ (૧) તીર્થંકરનામકર્મવાળા અરિહંત અને (૨) સામાન્યકેવલી.

સામાન્યકેવલી ધર્મોપદેશ આપતા તત્ત્વબોધ કરે છે અને ભવ્ય જીવોને તારે છે; જ્યારે તીર્થંકર એવા અરિહંતની કેટલીક વિશેષતા હોય છે. તીર્થંકરનામકર્મના વિપાક અનુભવતા અરિહંત પ્રથમ દેશના આપી ગણધર સહિત ચતુર્વિધસંઘની સ્થાપના કરે છે કે જે તીર્થ કહેવાય છે.

તીર્થંકર એવા અરિહંત ભગવંતને આઠ મહાપ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશય અને વાણીના પાંત્રીશ ગુણ હોય છે;૧ એટલું જ નહિ પરંતુ જઘન્યથી એક કોટાકોટી દેવો તો તેમની સેવાસુશ્રુષા કરવા તત્પર હોય છે.

જન્મથી ચાર, ઘાતીકર્મના ક્ષયથી અગિયાર અને દેવકૃત ઓગણીશ એમ ચોત્રીશ અતિશય છે. જન્મથી હોતા ૪ મૂળ અતિશય આ પ્રમાણે છેઃ (૧) મેલ, પ્રસ્વેદ અને રોગરહિત દેહ, (૨) દુધ જેવા ઉજ્જવલ રંગના લોહી અને માંસ, (૩) ચર્મથી અગોચર એવી આહાર–નિહાર પ્રવૃત્તિ અને (૪) કમલસદશ સુગંધવાળો શ્વાસોશ્વાસ.

---

૧ જુઓ પરિશિષ્ટ નં. ૭

ઘાતીકર્મનો ક્ષય થવાથી હોતા ૧૧ અતિશય આ પ્રમાણે છેઃ (૧) યોજનપ્રમાણ સમવસરણમાં ચારે ગતિના કોટાકોટી જીવોનો બાર પર્ષદામા સમાવેશ, (૨) અર્ધમાગધીભાષામાં અપાતા ઉપદેશને સર્વગતિના જીવ પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી શકિત, (૩) રોગ અને વેરઝેરનો ઉપશમ, (૪) નવા રોગ અને નવાં વેર ઉત્પન્ન ન થાય, (૫) દુષ્કાળ ન પડે, (૬) ભય ન હોય, (૭) મરકી ન પ્રવર્તે (૮) ૭ પ્રકારની ઇતિ-ઉપદ્રવ (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, શલભ, શૂક અને પ્રત્યાસન્ન રાજા) ન હોય, (૯) અતિવૃષ્ટિ, ન હોય (૧૦) અનાવૃષ્ટિ ન હોય અને (૧૧) બાર સૂર્યની પ્રભાવાળું ભામંડલ.

દેવકૃત ૧૯ અતિશય નીચે પ્રમાણે છેઃ (૧) પાદપીઠયુકત સિંહાસન, (૨) પ્રથમ નાનું, પછી મોટું, અને તેની ઉપર તેથી પણ મોટું એવી છત્રાતિછત્રરચના, (૩) ઇન્દ્રધ્વજ, (૪) બાર જોડ ચામરનું સ્વતઃ વિંઝાયા કરવું, (૫) આકાશે પ્રભાવાન ધર્મચક્રનું ચાલવું, (૬) સ્થિરતાના સમયે પ્રભુની કાયાથી બાર ગુણો ઉંચો અશોકવૃક્ષ, (૭) ચતુર્મુખ ધર્મદેશના, (૮) સમવસરણરચના, (૯) નવસુવર્ણ-કમલની રચના, (૧૦) કાંટા અધોમુખ બને, (૧૧) કેશ, રોમ, નખ, દાઢી અને મૂંછ દીક્ષા લીધા પછી વધે નહિ, (૧૨) વિષયસાનુકૂળ વર્તે, (૧૩) વિહારભૂમિમાં ૬ ઋતુ પ્રવર્તે, (૧૪) ગંધોદકવૃષ્ટિ, (૧૫) પંચવર્ણપુષ્પવૃષ્ટિ, (૧૬) વનપક્ષીની પ્રદક્ષિણા, (૧૭) સાનુકૂળ વાયુ, (૧૮) વૃક્ષો નમન કરે અને (૧૯) આકાશમાં દેવદુંદુભિ.

આ ગુણસ્થાને વર્ત્તતા એવા તીર્થંકરનો ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાય એક લાખપૂર્વવર્ષ અને સામાન્ય કેવલીનો ચારિત્રપર્યાય એક પૂર્વકોટીવર્ષમાં આઠવર્ષ ન્યૂન એ પ્રમાણે હોય છે.

અઘાતી કર્મમાંના વેદનીય, નામ અને ગોત્ર એ દરેક કે તેમાંના કોઇ એકની સ્થિતિ આયુષ્યની સ્થિતિ કરતાં અધિક હોય તો તેવા કેવલીને તે અધિક સ્થિતિ આયુષ્ય સમપ્રમાણ કરવા આ ગુણસ્થા-

નના પ્રાંત ભાગે કેવલીસમુદ્ઘાત કરવાનો હોય છે. ૭ માસથી ન્યૂન કેવલીપર્યાયવાળાને આવો કેવલીસમુદ્ઘાત હોય અને ન પણ હોય; અને ૭ માસ કે તેથી અધિક આયુષ્યવાળા કેવલીને આ સમુદ્ઘાત અવશ્ય હોય છે,[૧] કવલી સમુદ્ઘાતની સમજ સમુદ્ઘાતના વિષયમાં આવી ગઇ હોવાથી તેનું પનરાવલોકન કરવાની જરૂર નથી.

સયોગીકેવલી પોતાનો સમુદ્ઘાત પૂરો કર્યાં પછી પોતાના ત્રણ યોગ (મન, વચન, અને કાયા) પ્રવૃત્તિનો નિરોધ શરૂ કરવા સૂક્ષ્મક્રિયાઅનિર્વૃત્તિ એવું ત્રીજું શુકલધ્યાન શરૂ કરે છે. બાદર સ્વરૂપ ફરી પ્રાપ્ત ન થાય તેવું અને સૂક્ષ્મ આત્મસ્પંદન માત્ર જેમાં છે એ સૂક્ષ્મક્રિયાઅનિર્વૃત્તિ ધ્યાન અપ્રતિપાતી છે. તેમાં સયોગી કેવલી આત્માના યોગનો નિરોધ કરતાં પોતાના બાદર યોગોને સૂક્ષ્મ બનાવે છેઃ (૧) બાદર કાયયોગના આશ્રયે મન અને વચન એ બે બાદરયોગને સૂક્ષ્મ બનાવે છે અને (૨) સૂક્ષ્મ મન અને વચન એ બે યોગના આશ્રયે બાદર કાયયોગને પણ સૂક્ષ્મ બનાવે છે ને પછી (૩) સૂક્ષ્મ કાયયોગના આશ્રયે સૂક્ષ્મ મન અને વચન એ બે યોગનો નિરોધ કરે છે, અને સૂક્ષ્મ કાયયોગના આશ્રયે સૂક્ષ્મ આત્મસ્પંદન રૂપ યોગ–પ્રવૃત્તિવાળા પોતાના આત્મસ્વરૂપનો અનુભવ કરતા એવા સયોગીકેવલી આ ત્રીજું શુકલધ્યાન તેમજ આ સયોગીકેવલી ગુણસ્થાન એ બંને આ તબકકે પૂરાં કરે છે;[૨] હજી સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરવાનો બાકી રહ્યો છે. આ સમયે શરીર નામકર્મનો ઉદય પૂરો થતાં તે જીવના આત્મપ્રદેશનું ઘનત્વ સંકોચાઇને તેના મૂળદેહના ૧/૩ ભાગ ઘટીને ૨/૩ ભાગ પ્રમાણ બની જાય છે.[૩]

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૮૯ થી ૯૪

૨ ,, ,, ગા. ૯૫ થી ૧૦૦

૩ ,, ,, ગા. ૧૦૨, ૧૦૩

મનની સ્થિરતા એ છદ્મસ્થનું ધ્યાન છે; જ્યારે કાયાની નિશ્ચલતા–નિષ્પ્રકંપતા એ કેવલીનું ધ્યાન છે.[૪]

**અયોગીકેવલી:**

આ ગુણસ્થાને બાકી રહેલ સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરી અયોગી બનવાનું હોવાથી આ ગુણસ્થાન અયોગીકેવલી કહેવાય છે. આ ગુણસ્થાનમાં પ્રવેશ કરતાંજ જીવ સમુચ્છિન્ન–વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ એવું ચોથું શુકલધ્યાન શરૂ કરે છે. જેમાં ક્રિયા શૂન્ય બનવાની છે કે જે ફરી પાછી ફરવાની નથી એવું વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ ધ્યાન છે. આ દયાન પાંચ (અ, ઈ, ઉ, ઋ, અને ऌ) ઉચ્ચારપ્રમાણ કાલનું અર્થાત અસંખ્યાતસમયપ્રમાણ છે: આ ધ્યાનમાં જીવ શૈલેશીકરણ–મેરૂપર્વતની માફક અચલ અને નિષ્પ્રકંપ બને છે. પાંચ હ્રસ્વાક્ષર કાલપ્રમાણ ધ્યાનમાં જીવને સૂક્ષ્મ કાયયોગનો નિરોધ થતાં અંતે સૂક્ષ્મકાયપ્રવૃત્તિરૂપ સૂક્ષ્મ આત્મસ્પંદન પણ બંધ પડી જાય છે, આ કારણે ચોથું શુકલધ્યાન મોક્ષના દ્વારરૂપ છે.[૫]

આ ગુણસ્થાને જીવને કોઇપણ કર્મપ્રકૃતિનો બંધ, ઉદય અને સત્તા એ કાંઇ હોતાં નથી.

આ ગુણસ્થાનના ઉપાન્ત્ય સમયે (અંત સમયના પૂર્વ સમયે) (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ. (૫) કાર્મણ એ શરીર; (૬) ઔદારિક, (૭) વૈક્રિય, (૮) આહારક, (૯) તૈજસ, (૧૦) કાર્મણ એ બંધન; (૧૧) ઔદારિક, (૧૨) વૈક્રિય, (૧૩) આહારક, (૧૪) તૈજસ, (૧૫) કાર્મણ એ સંઘાત; (૧૬) ઔદારિક, (૧૭) વૈક્રિય, (૧૮) આહારક એ અંગોપાંગ; (૧૯) વજ્રઋષભનારાચ, (૨૦) ઋષભનારાચ, (૨૧) નારાચ, (૨૨) અર્ધ-

૪ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૧૦૧

૫ ,, ,, ગા. ૧૦૪ થી ૧૧૦

નારાચ, (૨૩) કિલિકા, (૨૪) સેવાર્ત્ત એ સંહનન; (૨૫) સમચ-તુરસ્ર, (૨૬) ન્યગ્રોધપરિમંડલ, (૨૭) સાદિ, (૨૮) વામન, (૨૯) કુબ્જ. (૩૦) હૂંડ એ સંસ્થાન; (૩૧) કૃષ્ણ, (૩૨) નીલ, (૩૩) તેજ, (૩૪) પદ્મ, (૩૫) શુકલ એ વર્ણ, (૩૬) મીઠો, (૩૭) ખાટો, (૩૮) તૂરો, (૩૯) કડવો, (૪૦) તીખો એ રસ, (૪૧) શીત, (૪૨) ઉષ્ણ, (૪૩) સ્નિગ્ધ-ચીકણો, (૪૪) રૂક્ષ-લુખ્ખો, (૪૫) મૃદુ-સુંવાળો, (૪૬) ખર-ખરબચડો, (૪૭) હલકો, (૪૮) ભારે એ સ્પર્શ; (૪૯) સુરભિ, (૫૦) દુરભિ એ બંધ; (૫૧) નીચગોત્ર, (૫૨) અનાદેય, (૫૩) દૌર્ભાગ્ય, (૫૪) અગરૂલધું, (૫૫) ઉપઘાત, (૫૬) પરાઘાત, (૫૭) શ્વાસોશ્વાસ, (૫૮) નિર્માણ, (૫૯) અપર્યાપ્ત, (૬૦) અપયશ; (૬૧) અશુભ, (૬૨) શુભ એ વિહાયોગતિ; (૬૩) શુભ, (૬૪) અશુભ એ નામ, (૬૫) સ્થિર, (૬૬) અસ્થિર, (૬૭) દેવગતિ, (૬૮) દેવાનુપૂર્વી, (૬૯) પ્રત્યેક, (૭૦) સુસ્વર, (૭૧) દુ:સ્વર, અને (૭૨) શાતા અથવા અશાતા વેદનીય એ બોંતેર પ્રકૃતિનો ક્ષય થતાં (૮૫-૭૨)=૧૩ કર્મપ્રકૃતિ સત્તામાં રહે છે. [૧]

આ ગુણસ્થાનના અંત્યસમયે (૧) શાતા અથવા અશાતાવેદ-નીય, (૨) આદેય, (૩) પર્યાપ્ત, (૪) બાદર, (૫) ત્રસ, (૬) મનુષ્ય-આયુ, (૭) મનુષ્યગતિ, (૮) મનુષ્યાનુપૂર્વી, (૯) યશ:કીર્તિ, (૧૦) સૌભાગ્ય, (૧૧) ઉચ્ચ ગોત્ર, (૧૨) પંચેન્દ્રિય જાતિ, અને (૧૩) તીર્થં-કરનામકર્મ એ તેર કર્મપ્રકૃતિનો ક્ષય થતાં (૧૩-૧૩)=૦ એટલે કોઇપણ કર્મપ્રકૃતિ સત્તામાં રહેતી નથી. [૨] સામાન્ય કેવલીને તીર્થં-કરનામકર્મ સત્તામાં ન હોવાથી તેમને અંત્યસમયે ૧૩ ના બદલે ૧૨ પ્રકૃતિ સત્તામાં હોવાથી તે ૧૨ પ્રકૃતિનો ક્ષય હોય છે.

---

૧ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૧૧૧ થી ૧૧૬

૨ ,, ,, ગા. ૧૧૭, ૧૧૮, ૧૧૯

છઠ્ઠા ગુણસ્થાન પ્રમત્તસંયત, સાતમા અપ્રમત્તસંયત, આઠમા અપૂર્વકરણ, નવમા અનિર્વૃત્તિબાદર અને દશમા સૂક્ષ્મસંપરાય એ એ ગુણસ્થાને જીવને અષ્ટાંગ યોગપ્રવૃત્તિરૂપ ધ્યાન હોય છે. (૧) પાંચ મહાવ્રત, (૨) પાંચ યમનિયમ, (આત્મવિશુદ્ધિરૂપ શૌચ જીવન શોધન–સ્ખલના શોધવી અને શુદ્ધ કરતા જવી, સંતોષ, તપ, અને ઇશ્વરપ્રણિધાન–સાવલંબન ધ્યાન) (૩) દઢઆસન. (૪) આસનજય-દ્વારા પ્રાણવાયુનો નિરોધ, (૫) પ્રત્યાહાર--પ્રાણવાયુને ઉર્ધ્વ ખેંચવો, (૬) સાધના–આત્માના કોઈપણ ભાગને ધ્યેય બનાવી એકાગ્રતા કેળવવી. (૭) ધ્યાન (બારમાત્રા કાલપ્રમાણ એકાગ્રતા ટકાવવી), અને (૮) સમાધિ (ધ્યેય, ધ્યાન અને ધ્યાતા એ ત્રણની એકરૂપતા સાધવી.

આઠમા અપૂર્વકરણ, નવમા અનિર્વૃત્તિબાદર અને દશમા સૂક્ષ્મ-સંપરાય એ એ ગુણસ્થાને જીવને સપૃથકત્વસવિતર્કસવિચાર એ પહેલું શુકલધ્યાન, બારમાક્ષીણમોહ ગુણસ્થાને અપૃથકત્વસવિતર્ક અવિચાર એ બીજું શુકલધ્યાન; તેરમા સયોગીકેવલી ગુણસ્થાનના પ્રાંત ભાગે સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ એ ત્રીજું શુકલધ્યાન અને ચૌદમા અયોગીકેવલી ગુણસ્થાને વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ એ ચોથું શુકલ-ધ્યાન એ પ્રમાણે ધ્યાન જીવને હોય છે.

જીવને આ છેલ્લા ગુણસ્થાને હોતું ધ્યાન નિશ્ચય નય અનુસાર ગણાય છે; અર્થાત્ ધ્યાન કરનાર આત્મા, આત્મારૂપ સાધન વડે આત્માનું ધ્યાન કરે છે, અર્થાત્ ધ્યાન ધ્યેય અને ધ્યાતા એ દરેક એકરૂપ બને છે. ૩

જીવને સત્તામાં રહેલ સર્વકર્મોનો ક્ષય થતાં તે પોતાની સ્વાભાવિક એવી ઋજુ–સરલરેખાએ ઉર્ધ્વગતિ કરતાં ઇષત્પ્રાગ્ભારા સિદ્ધશિલાપૃથ્વીના અંત પર રહેલ સિદ્ધાલયમાં એકજ સમયમાં પહોંચી નિરંતર જ્યોતિર્મય સ્વરૂપે સાદિ અનંતકાલ રહે છે.

---

૩ જુઓ ગુણસ્થાનક્રમારોહ ગા. ૧૧૦

જીવની આ સિદ્ધગતિનાં ચાર કારણ છે: (૧) પૂર્વયોગ, (૨) અસંગત્વ, (૩) બંધમોક્ષ અને (૪) જીવનો સ્વાભાવિકગતિપરિણામ. ૧ છેલ્લા અયોગી ગુણસ્થાનના ઉપાંત્ય અને અંત્યસમયે જીવે જે યોગ પ્રયોજેલ હોય છે તે પૂર્વયોગ છે. કર્મથી વિમુખ બનવાની જીવની વૃત્તિ, ઉલ્લાસ, પ્રવૃત્તિ અને પરિણામે જીવની કર્મથી મુક્તિ એ અસંગત્વ છે. ઉદય, બંધ અને સત્તા એ ત્રણે પ્રકારે કર્મનો અભાવ એ જીવનો બંધથી મોક્ષ છે. જીવની સ્વાભાવિક ઉર્ધ્વગતિ એ જીવનો સ્વભાવ ગતિપરિણામ છે.

આઠમી ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી, મનુષ્યલોકની જેમ ૪૫,૦૦,૦૦૦ યોજનપ્રમાણ ગોળાકારે છે. તે સિદ્ધાલય–સિદ્ધશિલા નીચેથી આકારે ઉલટા જેવો હોઈ મથાળે સપાટ છે. સર્વાર્થસિદ્ધવિમાનની ધ્વજાથી તે બાર યોજન ઉંચે છે. મધ્યમાં સર્વ બાજુએ આઠ આઠ યોજન જાડાઇ છે અને તે પછીથી સર્વ બાજુએ આગળ આગળ પાતળી પાતળી બનતાં સર્વ બાજુના છેડે માંખીની પાંખ કરતાં પણ અધિક પાતળી રેખાસમાન હોય છે. ૨

સિદ્ધ જીવની ઉત્કૃષ્ટ અવગાહના પ્રથમ તીર્થંકર આદિના દેહની અપેક્ષાએ (૫૦૦ ધનુષ્ય×૨/૩)=૩૩૩ ૧/૩ ધનુષ્ય અથવા ૧/૬ ગાઉ હોય છે; મધ્યમ અવગાહના (૭હાથ×૨/૩)=૪ ૨/૩ હાથ અથવા ૪ હાથ ને ૧૬ આંગળ હોય છે અને કુર્માપુત્રની અપેક્ષાએ જઘન્ય અવગાહના (૨ હાથ×૨/૩)=૧–૧/૩ હાથ અથવા ૧ હાથ અને આઠ આંગળ હોય છે. ૩

---

૧ „ „ ગા. ૧૨૦ થી ૧૨૭

૨ જુઓ બૃહત્સંહણી ગા. ૨૮૧

૩ „ „ ગા. ૨૮૨, ૨૮૩

સિદ્ધ જીવ ત્રણેયલોકના સર્વ દ્રવ્ય, દરેક દ્રવ્યના અનંતગુણ અને દરેક ગુણના અનંતપર્યાય હાથમાં રહેલ આંમળાની માફક જાણે અને દેખે છે.

સિદ્ધ જીવને જન્મ નથી, જરા નથી મરણ નથી......... આદિ; તેમને અવિચલ અને અક્ષય સુખ હોય છે. ચક્રવર્ત્તી અને ઈન્દ્ર એ એના કરતાં પણ અધિક સુંખ–અનંતસુખ સિદ્ધ અનુભવે છે; તેની તુલના કોઇ સાથે થઈ શકે તેમ નથી તેમજ કેવલી ભગવાન તે સાક્ષાત્ જાણે અને દેખે છે છતાં તે તેનું વર્ણન કરી શકતા નથી:

**ઉપસંહાર:**

સંસારમાં જીવને ચાર વસ્તુ દુર્લભ છે. (૧) મનુષ્યજન્મ, (૨) શ્રદ્ધા, (૩) સંયમ અને (૪) તપ.

આ પુસ્તિકામાં આપણે ચારે ગતિના જીવ ઉપરાંત પાંચમી સિદ્ધગતિના જીવના સ્વરૂપની પણ કાંઈક વિચારણા કરી; તેમાં એ જોયું કે અસંજ્ઞી જીવ દ્રવ્ય મન વિનાનો હોવાથી હિત અહિત, સાર અસાર, હેયજ્ઞેય ઉપાદેય આદિ જાણી, વિચારી, સમજી શકતો નથી; જ્યારે સંજ્ઞી જીવ દ્રવ્ય મનવાળો હોવાથી હિત અહિત. સાર અસાર, હેય જ્ઞેય ઉપાદેય આદિજાણી, વિચારી, સમજી વિવેક વાપરે તો હેય તજી ઉપાદેયનું આચરણ કરી શકે છે.

આવા સંજ્ઞી જીવ ચાર પ્રકારના છે: (૧) નારક, (૨) તિર્યંચ, (૩) દેવ અને (૪) મનુષ્ય. પોતાને પડતા ત્રિવિધ દુઃખના કારમા અનુભવ કરવાની હાયવોયમાં પડેલો નારક જીવ સંજ્ઞી હોવા છતાં હેય, જ્ઞેય, અને ઉપાદેય જાણવા, વિચારવા, સમજવા કે તેનો

અમલ કરવા શક્તિમાન નથી. તિર્યંચગતિના જીવો ઘણા ખરા તો પરવશ હોય છે અને જે સ્વતંત્ર હોય છે તે એટલા કર્મવશ બનેલા છે કે તે પોતાની સંજ્ઞા–વાસના સંતોષવાથી અધિક કંઇ પણ કરવા શક્તિમાન નથી. દેવ જીવ એટલા ભોગપ્રધાન છે કે તેને પોતાના ભોગમાંથી મુક્ત બનવું દુષ્કર છે તે કારણે સમજવા છતાં વ્રત, નિયમ આદિની તેને વૃત્તિજ નથી. આમ આ ચાર પ્રકારના સંજ્ઞી જીવમાં માત્ર એક મનુષ્ય જ એવો છે કે જે હિત અહિત, સાર અસાર, હેય જ્ઞેય ઉપાદેય આદિ જાણી, વિચારી, સમજી, વિવેક વાપરી હેયને ત્યાગી ઉપાદેયને અંગીકાર કરવાને તક મેળવી શકે છે. જે આવી તક મેળવી લ્યે છે તે શ્રદ્ધા, સંયમ અને તપ આદિનો લાભ પણ ઉઠાવી શકે છે.

પુરૂષાર્થ ચાર છે: (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. આ ચારમાંના કામ અને મોક્ષ એ બે પુરૂષાર્થ સાધ્ય છે; જ્યારે અર્થ એ કામનું અને ધર્મ એ મોક્ષનું સાધન છે. વિવેકી જીવ આ વસ્તુ સહજ સમજી શકે તેમ છે.

સંસાર–જન્મમરણની રેંટ–ઘટમાળ જીવને કઠવા–ખટકવા માંડતાં તેને સંસારની અસારતાનું ભાન થાય છે અને એ તેના વિકાસનું બીજ છે. આ બીજને પોષણ મળતાં તેની આ માન્યતા તેને શ્રદ્ધારૂપે પરિણમે છે. અર્થાત તેને તેની પ્રતીતિ થાય છે, ત્યારે તે ઉપશમ અને વધીને ક્ષાયિક અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ બને છે. જીવ ક્ષાયિક સગમ્યદૃષ્ટિ બનતાં કર્મબંધનું પહેલું કારણ મિથ્યાત્વ નષ્ટ થતાં તેનામાં રહેલ અલ્પ યા વિશેષ જ્ઞાન સમ્યગ્ બનાવે છે. તેની શ્રદ્ધાના કારણે તેને સંસાર પર સંસારની અસારતા નિર્વેદ–ખેદ ઉદાસીનતા જાગે છે, પરિણામે તેને કર્મબંધનથી છૂટવાની–મુક્ત બનવાની તમન્ના જાગે છે.

આ તમન્ના જીવનો સ્વભાવ બની જતાં તે કર્મબંધન તોડવાનો લાંબો માર્ગ દેશવિરતિ અથવા માર્ગ ટૂંકો સર્વવિરતિ એ બેમાંના કોઇ એક માર્ગને આચારમાં મૂકે છે. લાંબા ટૂંકા માર્ગની પસંદગીનો આધાર તેની તમન્નાની તરતમતા પર નિર્ભર રહેલો છે. દેશવિરત બનેલ જીવનું લક્ષ્ય તો સર્વવિરત બનવા તરફજ રહે છે.

દેશવિરત અથવા સર્વવિરત બનતાં જીવને કર્મબંધનથી છૂટવાની તમન્ના અને પૂર્વકર્મજન્યવાસના સંસ્કાર વચ્ચે ગજગ્રાહ ચાલે છે અર્થાત ઇન્દ્રિયના ઇષ્ટ વિષયનું આકર્ષણ અને તે પ્રતિ ન ખેંચાવાની વૃત્તિ એ બે વચ્ચે ગજગ્રાહ ચાલે છે. આવા ચાલતા ગજગ્રાહમાં સર્વવિરત એવો જીવ પણ અસંખ્યાતવાર મોહના દબાણમાં આવી જવા પામે, અસંખ્યાતવાર તેના પર વિજય પણ મેળવવા પામે એવો સંભવ રહે છે. આ પ્રકારની સ્થિતિ પ્રમત્તસંયતની છે. સતત જાગૃતિ, ઉપયોગ, યતના આદિના પરિણામે આખરે જીવ અંતર્મુહૂર્ત્તથી પણ વધુ સમય સુધી એકધાર્યો મોહને વશ બનતો નથી અને અપ્રમત્તસંયત બને છે.

પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય અને ઉપશાંતમોહ અથવા ક્ષીણમોહ એ દરેક ગુણસ્થાન અંતર્મુહૂર્ત્તના છે; એ સાતે ગુણસ્થાનની સમગ્ર સ્થિતિ પણ અંતર્મુહૂર્ત્તની છે. સૂક્ષ્મસંપરાય સુધીના ગુણસ્થાનોમાં વર્ત્તતો જીવ પૂર્વના સંચિત કર્મોનો (૧) સ્થિતિઘાત, (૨) રસઘાત, (૩) ગુણશ્રેણિ, (૪) ગુણસંક્રમણ અને (૫) અભિનવસ્થિતિબંધ કરતાં કરતાં પોતાના કષાયોને પણ નિર્મૂળ કરવા ઉદ્યમશીલ બને છે, અને તે સારૂ સ્વયોગ્ય એવી ઉપશમ અથવા ક્ષપક શ્રેણિ કરતાં 'સપૃથકત્વસવિતર્કસવિચાર' એ પહેલું શુક્લધ્યાન શરૂ કરીને પૂરૂં પણ કરે છે.

કોઇ કોઇ ઉપશમક, ખંડશ્રેણિ કરી સાતમા અપ્રમત્તગુણસ્થાને પાછા આવી ફરી ક્ષપકશ્રેણિ કરી દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને

કષાયનો ક્ષય પણ કરે છે; જ્યારે બાકીના ઉપશમક દશમા સુક્ષ્મ-સંપરાયગુણસ્થાને સર્વમોહનીય કર્મનો ઉપશમ કરી અખંડ શ્રેણિએ અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે, ત્યાં તે અંત-ર્મુહૂર્ત્ત સુધી છદ્મસ્થવીરાગ દશાનો સનુભવ કરતાં તે ઉપશમનો અંત આવતાં દર્શનમોહ અથવા ચારિત્રમોહના ઉદયે પડતાં પડતાં કોઇ કોઇ સાતમા, કોઇ કોઈ છઠ્ઠા, કોઇ કોઇ ચોથા અને ઘણા ખરા પહેલા ગુણસ્થાને પણ આવે છે.

ક્ષપકશ્રેણિ કરનારને તો અખંડશ્રેણિજ હોય છે અને તેને પતન પણ હોતું નથી. આવો ક્ષપક દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને સર્વમોહનીય કર્મનો ક્ષય કરી સીધોજ બારમા ક્ષીણમોહ ગુણસ્થા-નમાં પ્રવેશે છે અને તરત 'અપૃથકત્વસવિતર્કઅવિચાર' એ શુકલધ્યાન શરૂ કરે છે; અંતર્મુહૂર્ત્તમાં મોહનીય ઉપરાંત જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ચારઘાતીકર્મોનો ક્ષય થતાં તેને કેવલ-જ્ઞાન અને કેવલદર્શન થાય છે. આ બારમા ક્ષીણમોહગુણસ્થાનની શરૂઆતમાંજ તેને કર્મબંધના અવિરતિ, પ્રમાદ, અને કષાય એ ત્રણ કારણ પણ નષ્ટ થયાં હોય છે; હવે તેને કર્મબંધનું યોગ એ એકજ કારણ બાકી રહે છે.

કેવલજ્ઞાની બનતાં જીવ સયોગીકેવલી કહેવાય છે; તેના ચાર-ઘાતીકર્મનો ક્ષય થયો છે, છતાં ચાર અઘાતીકર્મ (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) ક્ષય કરવાના બાકી છે. આ ગુણસ્થાને તેને ત્રણ યોગ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ હોય છે; પણ ધ્યાન હોતું નથી. આ અવસ્થામાં કેવલી ભવ્ય જીવોને પ્રતિબોધ આપી તારતો વિહરે છે. આ ગુણસ્થાનના પ્રાંતભાગે આવશ્યક હોય તો કેવલી સમુદ્ઘાત કરી અંત્ય ભાગે 'સૂક્ષ્મક્રિયા-અનિર્વૃત્તિ' એ ત્રીજું ધ્યાન ધ્યાતાં મન, વચન અને કાયા એ

દરેકના બાદરયોગ અને મન અને વચન એ દરેકના સૂક્ષ્મ યોગનો નિરોધ કરે છે. સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરવા તત્પર બનેલો છે અને તેનો નિરોધ બાકી છે તે અરસામાંજ આ ગુણસ્થાન અને ત્રીજું શુકલ-ધ્યાન એ બે પૂર્ણ થાય છે.

અયોગી અવસ્થામાં જીવ સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરવા 'વ્યુ-પરતક્રિયાઅનિવૃત્તિ' એ ચોથું શુકલધ્યાન ધ્યાય છે; કે જે પાંચ હ્રસ્વાક્ષરઉચ્ચારકાલપ્રમાણ છે. આ ધ્યાન ધ્યાતાં શૈલેશીકરણ–મેરૂ પર્વતસદશ નિષ્પ્રકંપ અવસ્થા પ્રાપ્ત થતાં જીવને કર્મબંધનું પાંચમું કારણ એવો યોગ પણ નષ્ટ બને છે. આમ ક્રમશઃ કર્મબંધના પાંચ કારણ (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ) નષ્ટ થતાં જીવ પોતાની સહજ સ્વાભાવિક ઋજુ સરલરેખાએ ઉર્ધ્વગતિ કરતાં સિદ્ધાલયમાં પહોંચી સાદિ અનંત સ્થિતિએ જ્યોતિર્મય સ્વરૂપે બિરાજે છે,

ગુણસ્થાનનો આ વિષય જીવને સ્વાત્માનુભવનો વિષય છે; વિવેચનનો નથી. આ કારણે આ વિષયની ચર્ચા કરતાં ભાષા અને આવશ્યક શબ્દોની મુશ્કેલી રહ્યાજ કરે છે, આમ છતાં પણ તેને બની શકે તેમ સુવાચ્ય, સરળ અને સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે. આશય એ છે કે ભવ્ય જીવ આ વિષયની યથાસ્થિતમાં શ્રદ્ધા કરે અને તેને અમલમાં મૂકવા પ્રયાસ આદરે તો તેને આ સ્વઅનુ-ભવદ્વારા તેની જરૂર પ્રતીતિ થઈ શકે તેમ છે.


'જીવતત્ત્વ વિચાર' જે જીવ સમજવા પ્રયાસ કરી સમજી તેનો અમલ કરવા 'પ્રાણાતિપાતવિરમણ' આદિ વ્રત લઇ તેનું યથાર્થ પાલન કરી જાગ્રતિથી જીવનશોધન કરતો રહેશે અર્થાત જીવનમાં થતાં સ્ખલનો શોધતો અને તેને શુદ્ધ કરતો રહેશે તો

તેને ગુણસ્થાનની ઉપરોક્ત ચર્ચા જે શબ્દમાં ઉતારી છે તેનો અનુભવ થયા વિના રહેશે નહિ એ નિર્વિવાદ વાત છે.

'सर्वे सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखमाप्नुयात्॥'


# સ મા પ્ત

# વિશ્વદર્શન





ચૌદ રાજલોક

# જંબુદ્વીપ


ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
મહાવિદેહ ક્ષેત્ર ૬૪
નિષધ પર્વત ૩૨
હરિવર્ષ ક્ષેત્ર ૧૬
મહા હિમવંત પર્વત ૮
હિમવંત ક્ષેત્ર ૪
લઘુ હિમવંત પર્વત ૨
વૈતાઢ્યપર્વત
ઉત્તરભરત
દક્ષિણભરત ૧
દક્ષિણ

# અઢી દ્વીપ



# ચૌદ રાજલોક વીષે માહિતી.

(૧) મોટા ચોરસ=૧ રાજપ્રમાણુ. (૨) દરેક મોટા ચોરસમાં જણાની નાની લીટી=૧ ખંડૂક. (૩) મધ્યનો એક રાજપ્રમાણુ પહોળો અને ચૌદ રાજપ્રમાણુ ઉત્તર દક્ષિણુ ઊંચો ભાગ=ત્રસનાડી. (૪) તિર્છા—મધ્યલોકની વચ્ચે મેરૂનું ચિન્હ છે તેની આજુબાજુ અનુક્રમે જંબુદ્વીપ, લવણુસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર, અર્ધપુષ્કરવરદ્વીપ, માનુષોત્તરપર્વત, અર્ધ પુષ્વરવરદ્વીપ, સમુદ્ર દ્વીપ એમ છેલ્લે સ્વયંભૂરમણુ સમુદ્ર. (૫) રત્નપ્રભા પૃથ્વીથી ૧૦૦૦ યોજન નીચે સાત નારકપૃથ્વીઓ. (૬) રત્નપ્રભા પૃથ્વીથી ૯૦૦ યોજન ઉંચેથી ઉર્ધ્વલોક. તેમાં જ્યોતિષ્ક, વૈમાનિક દેવોનો વાસ, તેની ઉપર સિદ્ધશિલા—ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, તેની ટોચે સિદ્ધાલય. (૭) ત્રસ નાડીમાં બેઇન્દ્રિય, ત્રણુઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, આદિ ત્રસ જીવોનો વાસ. (૮) ત્રસનાડી બહારના લોકભાગમાં સ્થાવર એવા સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય જીવનો વાસ. (૯) ચૌદલોકની બહાર અલોક.

## જંબુદ્વીપ વિષે માહિતી.

(૧) જંબુદ્વીપ ગોળ હોઇ તેમાં દર્શાવેલ ક્ષેત્ર, પર્વત આદિનાં માપ સચવાયાં નથી. (૨) ક્ષેત્ર, પર્વત આદિમાં દર્શાવેલ અંક ખંડૂકનું માપ દર્શાવે છે. (૩) ભરત અને ઐરવત એ દરેક વચ્ચે વૈતાઢ્ય પર્વત હોવાથી એ દરેકના ઉત્તર અને દક્ષિણુ એમ બે ભાગ થાય છે. એ દરેક ક્ષેત્રનું માપ=૧ ખંડૂક, (૪) લઘુહિમવંત અને શિખરી એ દરેક પર્વતનું માપ=૨ ખંડૂક. (૫) હિમવંત અને હિરણ્યવંત એ દરેક ક્ષેત્રનું માપ=૪ ખંડૂક (૬) મહાહિમવંત અને રૂકિમ એ દરેક પર્વતનું માપ=૮ ખંડૂક, (૭) રમ્યક્ અને હરિવર્ષ એ દરેક ક્ષેત્રનું માપ=૧૬ ખંડૂક. (૮) નિષધ અને નીલ એ દરેક પર્વતનું માપ=૩૨ ખંડૂક (૯) મહાવિદેહનું માપ=૬૪ ખંડૂક અને (૧૦) મહાવિદેહની મધ્યમાં મેરૂ પર્વત છે.

## પરિશિષ્ટ નં. ૪

# સાનુવાદ જીવવિચાર પ્રકરણ.

મૂળકર્તા

વાદિવેતાલ શ્રીશાંતિસૂરીશ્વરજી મહારાજ.

卐 卐 卐

અનુવાદકર્તા

શાસનસમ્રાટ્ તપાગચ્છાધિપતિ—ભારતીયભવ્યવિભૂતિ–મહાતીર્થોદ્ધારક પ૦ પૂ૦ આ૦ **શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ૦**-શ્રીના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ–કવિરત્ન–શાસ્ત્રવિશારદ-શાસનપ્રભાવક પ૦ પૂ૦ આ૦ **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ સા૦** ના મુખ્ય શિષ્યરત્ન વ્યાકરણરત્ન–કવિદિવાકર–શાસ્ત્રવિશારદ પૂ૦ મહોપાધ્યાય **શ્રી દક્ષવિજયજી મહારાજ.**

# સાનુવાદ જીવવિચાર પ્રકરણ.

॥ ॐ अर्हंनमः ॥

॥ सलावण्य-सूरीश्वर-श्रीनेमीश्वराय नमः ॥

## मूल

भुवण-पईवं वीरं, नमिऊण भणामि अबुह-बोहत्थं ।
जीव-सरूवं किंचि वि, जह भणियं पुव्व-सूरीहिं ॥१॥

## પદ્યમય ભાષાનુવાદ.

(મંગલાચરણ અને ગ્રંથનો વિષય વગેરે)

ત્રણ[1] ભુવનમાં દીપ[2]સમ શ્રીવીરને વંદન કરી,
અબુધ[3] જીવના બોધ માટે પૂર્વ સૂરિ અનુસરી;
સ્વરૂપ [4]જીવનું હું કહું તે સાંભળો હેજે[5] જરી,[6]

---

(૧) *૧ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ, અથવા ઊર્ધ્વલોક, અધોલોક ને તિર્ચ્છાલોક રૂપ ઘરમાં. ૨ ભુવનનો અર્થ ઘર હોવાથી દીપકની ઉપમા છે, નહિંતર સૂર્યની ઉપમા ઘટી શકત. ૩ જીવ-સ્વરૂપથી અજાણ. ૪ પ્રાણોને ધારણ કરે તે, ચૈતન્ય લક્ષણવાળો અથવા જ્ઞાનાદિ ગુણવાળો જે હોય તે જીવ કહેવાય, તેનું. ૫ હર્ષથી. ૬ કંઈક.

---

* આ અંક ગુજરાતી પદ્યની-કવિતાની તે તે કડી ઉપરની ટિપ્પણી બતાવે છે.

## मूल

जीवा मुत्ता संसा,-रिणो य तस थावरा य संसारी ।
पुढवी-जल-जलण-वाउ, वणस्सइ थावरा नेया ॥२॥
फलिह-मणि-रयण-विद्दुम,-हिंगुल-हरियाल-मणसील-
रसिंदा ।
कणगाइ-धाऊ सेढी,-वन्निय-अरणेट्टय-पलेवा ॥३॥

[ જીવના મુખ્ય ભેદો ]

મુક્ત[1] ને સંસારી[2] છે જીવભેદ બે મુખ્યે કરી. (૧)

[સંસારી જીવોના સામાન્ય ભેદ અને સ્થાવરના ભેદ ]

[3]ત્રસ અને સ્થાવર મળી સંસારીના બે ભેદ છે,
પૃથ્વી પાણી અગ્નિ વાયુ ને વનસ્પતિકાય છે;
એ પાંચ ભેદો થિર રહે તે [4]સ્થાવરોના થાય છે,

( બાદર પૃથ્વીકાયના ભેદ )

ફટિક મણિઓ રત્ન પરવાળાં અને હિંગળોક છે. (૨)

---

૧ સિદ્ધ અથવા કર્મ રહિત. ૨ ચાર ગતિરૂપ સંસાર જેને હોય તે સંસારી. ॥ ૧ ॥

(૩) ૧ સુખદુઃખની પ્રવૃત્તિ નિવૃત્તિ માટે સ્થાનાંતર પ્રાપ્તિની શક્તિવાળા જીવો ત્રસ કહેવાય. અર્થાત્ ગરમી વગેરેથી દુઃખિયા જે જીવો, છાયા વગેરેમાં સ્વયં જાય તે ત્રસ કહેવાય.

૪ એકેન્દ્રિયોના ( જે એકેન્દ્રિય તે સ્થાવર ને સ્થાવર તે એકેન્દ્રિય, બન્ને એક જ છે. ) ॥ ૨ ॥

## मूल

अब्भय-तूरी-ऊसं,-मट्टी-पाहाण-जाईओ-णेगा ।
सोवीरंजण-लुणाइ, पुढवी-भेयाइ इच्चाइ ॥४॥
भोमंतरिक्खमुदगं, ओसा-हिम-करग-हरितणू-महिया ।
हुंति घणोदहिमाई, भेयाणेगा य आउस्स ॥५॥

[1]હડતાલ ને [2]મણુસીલ પારો [3]સ્વર્ણ આદિ ધાતુઓ,
ખડી લાલ ધોળી માટી ને પાષાણ [4]પારેવો જુઓ;
અબરખ [5]તુરી માટી અને પત્થરતણી ઘણી જાતિઓ,
ખાર [6]સૂરમો [7]મીઠું આદિ[8] ભેદ પૃથ્વીના જુઓ. (૩)

---

(૩) ૧ હડતાલ એ રસાયણી ખનીજ પદાર્થ છે. ૨ એ પણ રસાયણી ખનીજ પદાર્થ છે. ૩ સોનું-રૂપુ-તાંબુ-લોઢું-જસત-સીસુ અને કલાઈ વગેરે ધાતુઓ કહેવાય છે. ૪ પારેવા જાતિનો પત્થર. ૫ એક જાતની માટી છે, જે કાપડને પાસ દેવામાં વપરાય છે; અથવા તુરી એટલે તેજંતુરી, કે જે લોઢાના રસમાં નાખવાથી લોઢું સોનું બની જાય છે. ૬ આંખમાં આંજવાનો. ૭ દરેક જાતનું નીમક યા લવણ, જેવા કે સીંધવ-વડાગરૂ-ઘેંસીયું-બીડલવણ-કાચલવણ વગેરે. ૮ ઉપયોગમાં આવતી એ સર્વ વસ્તુઓ, અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના પીંડરૂપ છે. એક પૃથ્વીજીવ બહુ બારીક હોવાથી ઉપયોગમાં ન આવી શકે એ સ્વાભાવિક છે. ॥ ૩ ॥

## મૂલ

**इंगाल-जाल-मुम्मुर, उक्कासणि--कणग-विज्जुमाईया ।**
**अगणि जियाणं भेया, नायव्वा निऊण-बुद्धिए ॥६॥**

[ બાદર અપ્કાયના ભેદ ]

[1]ભૂમિનું ને [2]ગગનનું જળ [3]હીમ ઝાકળ ને [4]કરા,
લીલી વનસ્પતિ ઉપરે જામેલ [5]જળબિંદુ ખરા;
ધુમસ [6]ઘનોદધિ આદિ **જળના ભેદ** ભાખે જિનવરા,

[ બાદર અગ્નિકાયના ભેદ ]

જાણ અંગારા અને [7]જ્વાલા તણો અગ્નિ જરા. (૪)
અગ્નિ કણિયાવાળો [8]ભાઠો અગ્નિ [9]વજ્રતણો વળી,
ઉત્પાતહેતુ જાણ [10]ઉલ્કાપાત ને વળી વીજળી;
છે અગ્નિ તારાના સમા ખરતા કણો [11]નભથી વળી,
[12]અરણિ [13]ભાનુકાંત [14]ચકમક વાંસ ઘર્ષણનો મળી. (૫)

---

(૪) ૧ કુવા, વાવ તથા ડુંગરાળ નદી વગેરેનું. ૨ વર્ષાદનું. ૩ વનસ્પતિ સૂકાઇ જાય અથવા બળી જાય એવું અતિશય ઠંડુ જળ, કે જે હાર તથા ઝાકળ કહેવાય છે. ૪ કૃત્રિમ અને કુદરતી બરફ. ૫ ભૂમિના ભેજનું. ૬ પૃથ્વીઓ અને વિમાનોની નીચે રહેલું નક્કર જળ. ૭ અગ્નિની શિખા. ॥ ૪ ॥

(૫) ૮ ભઠ્ઠી યા ભરસાડનો. ૯ શત્ર પર ફેંકાતા વજ્રમાંથી અગ્નિ ઝરે તે. ૧૦ ઉત્પાતના કારણરૂપ ૧૧ આકાશમાંથી ૧૨ અરણિ વગેરેના સ્વજાતીય બે કકડાના ઘસારાથી ઉત્પન્ન થતો અગ્નિ. ૧૩ સૂર્યકાંત-મણિથી ઉત્પન્ન થતો અગ્નિ. ૧૪ ચકમક એ એક જાતનો પત્થર છે, તેને લોખંડ સાથે ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે. ॥ ૫ ॥

## मूल

**उब्भामग-उक्कलिया, मंडलि-मह-सुद्ध-गुंजवाया य।**
**घण-तणु-वायाईया. भेया खलु वाउ-कायस्स ॥७॥**
**साहारण-पत्तेया, वणस्सइजीवा दुहा सुए भणिया।**
**जेसिमणंताणं तणू, एगा साहारणा ते उ ॥८॥**

**ભેદ** ઇત્યાદિક **અગ્નિકાય જીવના** જાણવા,

[ બાદર વાઉકાયના ભેદ ]

તે વાત [1]ઉદ્‌ભ્રામક કહ્યો ઊંચે **ભમાવે** જે હવા;
રેખા પડે ધુળમાંહિ જેથી વાય જે [2]નીચે રહી,
તે જાણ ઉત્કલિકા વળી [3]વંટોળીયો વાયુ સહી. (૬)
[4]મહાવાયુ ને [5]શુદ્ધ વાયુ ને [6]ગુંજશબ્દ કરતો વાયુ છે,
[7]ઘનવાત ને [8]તનવાત આદિ **વાયુના** બહુ **ભેદ** છે;

[વનસ્પતિના બે મુખ્ય ભેદ અને સાધારણ વનસ્પતિની વ્યાખ્યા ]

સાધારણ અને પ્રત્યેક બે **ભેદો વનસ્પતિના** ગણો,
જે અનંત જીવની એક કાયા તેહ સાધારણ [9]મુણો. (૭)

---

(૬) ૧ ભૂમિથી આકાશમાં તિર્છો ચઢતો વાયુ. ૨ આકાશમાંથી તિર્છો ભૂમિ પર ઉતરતો. ૩ ભૂમિથી સીધો આકાશમાં ચક્રાકારે ચઢતો વાયરો. ॥ ૬ ॥

(૭) ૪ ઘણા ગાઉ સુધી આકાશમાં ધૂળ ચડે છે તે આંધિ. ૫ મંદ વાયુ ૬ ધુધવાટા કરતો વાયુ. ૭ પૃથ્વીઓની નીચેનું ઘન વાયુમંડલ. ૮ પૃથ્વીઓની નીચેનું પાતળું વાયુમંડલ. ૯ જાણો ॥ ૭ ॥

## मूल

**कंदा अंकुर-किसलय,-पणगा-सेवाल-भूमिफोडा य ।**
**अल्लयतिय-गज्जर-मोत्थ,-वत्थुला-थेग-पल्लंका ॥९॥**
**कोमलफलं च सव्वं, गूढ-सिराइं सिणाइ-पत्ताइं ।**
**थोहरि-कुंआरि-गुग्गुलि,-गलो य पमुहाइ छिन्नरुहा ॥१०॥**

( સાધારણ વનસ્પતિનાં કેટલાંક નામો )

[1]કંદ [2]અંકુર [3]કુંપલો ને પંચવરણી નીલ ફુગ,
સેવાલ ગાજર મોથ વત્થુલ શાક પાલખું જાણુ થેગ;
લીલી હળદર લીલો કચુરો આદુ લીલું જાણીએ,
[4]ટોપ બીલાડી તણા સર્વે [5]કુણાં ફળ માનીએ. (૮)

( સાધારણ વનસ્પતિનાં નામો અને તેના ભેદોનો ઉપસંહાર)

તે પાંદડાં [6]શિણ આદિનાં જેની નસો છાની હુએ,
થોર [7]કુંવર ગળો [8]ગુગ્ગળ આદિ ચિત્ત આણીએ;
છેદ્યા છતાં ઊગે ફરી તેવાં વળી જે હોય છે,
[9]અનંતકાય તણા જ [10]ઇત્યાદિક ભેદ અનેક છે. (૯)

---

(૮) ૧ સુરણ આદિ વજ્રકંદ, પદ્મિનીકંદ વગેરે જમીનકંદો. ૨ ફણગા. ૩ ટીશીઓ. ૪ દંડયુક્ત છત્રાકાર વનસ્પતિ. ૫ સર્વ જાતિનાં કુણાં ફળ—જેમાં બીજ ન થયાં હોય તેવાં. ॥ ૮ ॥

(૯) ૬ પીલુડી. ૭ કુમારી, કુમારીપાઠું—કુમારીલાઞરુ. ૮ એનું અમુક અંગ. ૯ સાધારણ વનસ્પતિકાય. ૧૦ સક્કરિયાં, મૂળાનો કંદ, લસણ, ડુંગળી, બટાટા, વાંસકારેલાં, કુણી આંબલી, શતાવરી, કઠોળના અંકુરા યાને અંકુરા ફુટેલ કઠોળ, પિંડાળુ અને કાકડાશિંગિ વગેરે ॥ ૯ ॥

## मूल

इच्चाइणो अणेगे, हवंति भेया अणंतकायाणं ।
तेसिं परिन्नाणणत्थं, लक्खणमेयं सूए भणियं ॥११॥
गूढ-सिर-संधि पव्वं, समभंगमहीरुगं च छिन्नरुहं ।
साहारणं सरीरं, तव्विवरियं च पत्तेयं ॥ १२ ॥

( સાધારણ વનસ્પતિનાં એકાર્થક ત્રણ નામો અને તેને પારખવાનાં વિશેષ લક્ષણો )

અનંતકાય નિગોદ સાધારણ ત્રણે એક માનવા,
આ ભાખ્યું લક્ષણ સૂત્રમાં તેને વિશેષે જાણવા;
જેની [1]નસો [2]સાંધા અને [3]ગાંઠાઓ ગુપ્ત જણાય છે,
ભાગ [4]સરખા ભાંગતાં બે જેહના ઝટ થાય છે. (૧૦)

( સાધારણ વનસ્પતિને પારખવાનાં બાકીનાં વિશેષ લક્ષણો )

જે છેદીને વાવ્યું છતું ફરી [5]ઉગનારૂં હોય છે,
ભંગ સમયે [6]તાંતણા વિણ કાય જેની જણાય છે;
શરીર સાધારણ વનસ્પતિકાયનું તે જાણવું,
વિપરીત તેથી હોય તે [7]પ્રત્યેકનું [8]તનુ માનવું. (૧૧)

---

(૧૦) ૧ ગુપ્તનસ. ૨ ગુપ્તસંધિ ૩ ગુપ્તગ્રંથિ અર્થાત્ ગુપ્તપર્વ. ૪ સમભંગ, એ ચાર લક્ષણ ॥ ૧૦ ॥

(૧૧) ૧ છિન્નરૂહ. ૨ અહિરૂક (તાંતણારહિત). એ રીતે અનંતકાયને ઓળખવાનાં છ લક્ષણ થયાં. ૩ પ્રત્યેક વનસ્પતિકાયનું. ૪ શરીર. ॥ ૧૧ ॥

## मूल

**पगसरीरे पगो, जीवो जेसिं तु ते य पत्तेया ।**
**फल-फूल-छल्लि-कट्ठा, मूलग पत्ताणि बीयाणि ॥१३॥**
**पत्तेयतरुं मुत्तुं पंचवि पुढवाइणो सयल-लोप ।**
**सुहुमा हवंति नियमा, अंतमुहुत्ताऊ अद्दिसा ॥ १४॥**

( પ્રત્યેક વનસ્પતિકાયનું લક્ષણ અને તેના જીવો )

પ્રત્યેક છે જીવ એક તનુમાં એક જેને હોય તે,
જાણ ફલ ફુલ છાલ ને મૂલ કાષ્ઠ પત્ર ને બીજ તે;
આ[1] સાતમાં જુદા જુદા પ્રત્યેકના જીવ હોય છે,
આખા તરૂમાં તો ય પણ જીવ એક જુદો હોય છે. (૧૨)

( પાંચ સૂક્ષ્મ સ્થાવરોનું સ્વરૂપ )

પ્રત્યેકતરૂ વિણ પૃથવી આદિ પાંચ સ્થાવર જેહ છે,
[2]અંતર્મુહૂર્ત પ્રમાણના આયુષ્યવાળા તેહ છે;

---

(૧૨) ૧ મૂળ-કંદ-સ્કંધ (થડ)-શાખા-પ્રશાખા-છાલ-પત્ર-પુષ્પ-ફળ-બીજ એ વનસ્પતિનાં દસ અંગ છે; છતાં અહીં કંદને મૂળ સાથે અને શાખા—પ્રશાખાને કાષ્ઠ સાથે ગણીને પ્રત્યેક વનસ્પતિકાયનાં સાત અંગ ગણ્યાં છે. એમાં પ્રત્યેક વનસ્પતિનાં પુષ્પ, પત્ર, ફળ ને બીજ એ દરેક અમુક રીતે એકએક જીવયુક્ત છે. શેષ ૭ અંગમાં દરેકમાં અસંખ્યાત, સંખ્યાત અને એકેક જીવ પણ જુદી જુદી વનસ્પતિઓને આશ્રયી હોય છે. અસંખ્યાત જીવની ગણત્રી પણ એક શરીરમાં એક જીવ ગણીને જ છે. ।। ૧૨ ।।

(૧૩) ૨ અંતર્મુહૂર્ત એટલે એક સમય ન્યૂન બે ઘડી ( ૪૮ મીનીટ ), આ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. જઘન્ય તો ૨ થી ૯ સમય સુધીનું હોય છે: અને બન્નેની વચ્ચેનું મધ્યમ કહેવાય છે.

## मूल

**संख-कवड्डय-गंडुल,-जलोय-चंदणग-अलस-लहगाई ।**
**मेहरि-किमि-पूयरगा, बेइंदिय माइवाहाई ॥ १९ ॥**

વળી આંખથી દેખાય ના તેવા જ સૂક્ષ્મ હોય છે,
[1]સર્વત્ર ચૌદે રાજલોકે તેહ નિશ્ચે હોય છે. (૧૩)

( બે ઇંદ્રિયવાળા જીવોના પ્રકાર )
શંખ [2]અંડોલા [3]જળો કોડા અળસિયા [4]લાળીયા,
જાણ [5]આયરિયા [6]પુરા ને [7]કાષ્ઠકીડા કરમિયા;
[8]ચુડેલ [9]છીપ વાળા વગેરે જીવ છે બેઇંદ્રિયા,

---

૧ જે વજ્ર જેવી અતિ ઘન વસ્તુઓમાં પણ હોય છે. આ પાંચે સૂક્ષ્મ સ્થાવરો સૂક્ષ્મ એકેન્દ્રિય પણ કહેવાય છે. જે આ ૧૪ રાજલોક પ્રમાણુ લોકાકાશમાં સઘળે ઠેકાણે ડાભડામાં કાજળ ઠાંસીને ભર્યો હોય તેમ રહેલા છે; તેમને અસ્ત્રો, શસ્ત્રો કે અગ્નિ જેવાં મારણુ પણ કશી અસર કરી શકતાં નથી. ॥ ૧૩ ॥

(૧૪) ૨ પેટના મોટા કૃમિ અર્થાત્ ઉદરમાં થતા મોટા કરમીયા. ૩ વિકૃત લોહી ચૂસનાર જંતુ. ૪ રાંધેલા વાસી અન્નમાં લાળરૂપે ઉત્પન્ન થતા જીવો; તથા મુહપત્તિ મોઢે બાંધી રાખવાથી લાંબા વખતે ઉત્પન્ન થતા જીવો;તથા એંઠા અન્ન-પાણીમાં અંતર્મુહૂર્ત્તબાદ ઉત્પન્ન થતા અસંખ્ય જીવો.

(૧૪) ૫ સમુદ્રમાં નિપજતા ચંદનક, જે નિર્જીવ થયા પછી સ્થાપનાચાર્ય તરીકે વપરાય છે. ૬ જળના પોરા. ૭ મેર. ૮ ચુડેલીયા જંતુ. ૯ મોતી નીકળે છે તે છીપ, જેને વર્તમાનમાં લોકો કાલુ માછલી કહે છે, તે તથા મોતિ વિનાની છીપ પણ બેઇંદ્રિય જીવ કહેવાય છે.

## मूल

**गोमी-मंकण-जूआ, पिपीलि उद्देहिया य मक्कोडा, ।**
**इल्लिय-घय-मिल्लीओ, सावय-गोकीड-जाईओ ॥ १६ ॥**
**गद्दय-चोर-कीडा, गोमय-कीडा य धन्न-कीडा य ।**
**कुंथु-गोवालिय-इलिया, तेइंदिय इंदगोवाई ॥ १७ ॥**

( ત્રણ ઇંદ્રિયવાળા જીવોના પ્રકાર )

જૂ લીખ માંકડ કાનખજુરા કંથવા [૧]ઉત્તિંગિયા (૧૪)
[૨]સાવા કીડી ઉધેઈ ને [૩]ઘીમેલ ઇયળ ધાન્યની,
ચાંચડ ધનેડા ને મકોડા ને ઇયળ ગુડ ખાંડની;

છાણુ ને વિષ્ટાતણા કીડા [૪]ગીંગોડા જાતિઓ,
તેઇંદ્રિ ગોપાલિક [૫]ગોકળગાય આદિને જુઓ. (૧૫)

---

૧ ગધેયા, જે અનાવરૂ ભેજવાળી જમીન તેમ જ ગાય વગેરેના વાડાઓમાં ઉત્પન્ન થાય છે. ॥ ૧૪ ॥

(૧૫) ૧ ૨ આ ચામડીની જુ પણ કહેવાય છે, જે પ્રાયઃ માનવના વાળના મૂળમાં ભાવી કષ્ટ આવવાનું હોય ત્યારે પ્રથમથી જ ઉપજે છે; તેથી તે ભાવી કષ્ટસૂચક હોય છે. ૩ ખરાબ ઘીમાં થાય છે તે.

૪ કુતરા વગેરેના કાનમાં ગવારના દાણા સરખા જંતુ થાય છે તે. ૫ ઇંદ્રગોપ, ચોમાસાના પહેલા જ વરસાદમાં લાલ રંગના કીડા જેવા થાય છે તે, જે લોકમાં ઈન્દ્રની ગાય,—ગોકળગાય-અમોલા અને મામણમુંડા એવા વિવિધ નામોથી પણ ઓળખાય છે. ॥ ૧૫ ॥

## मूल

**चउरिंदिया य विच्छू, ढिंकुण-भमरा य भमरिया तिड्डा।**
**मच्छिय डंसा मसगा, कंसारी-कविल-डोलाई ॥ १८ ॥**
**पंचिंदिया य चउहा, नारय-तिरिया मणुस्स-देवा य ।**
**नेरइया सत्त--विहा, नायव्वा पुढवी—भेएणं ॥ १९ ॥**

( ચાર ઇંદ્રિયવાળા જીવોના પ્રકાર )

વીંછી [1]બગાઈ ભમરી ભમરા તીડ [2]માંખી ડાંસ ને,
કરોળીયા ખડમાંકડી કંસારી મચ્છર જંતુ ને;
ભણુકુત્તિકા [3] ઢિંઢણુ [4]પતંગાદિક **ચઉરિંદ્રિય** છે,

( પાંચ ઇન્દ્રિયવાળા જીવોના ચાર પ્રકાર )

નારકી તિરિયંચ માનવ દેવ **પંચેંદ્રિય** છે. (૧૬)
[5]ચઉવિહ પંચેંદ્રિયમાં [6]સગ-વિહ **નારક** જાણવા,
રત્નપ્રભાદિ[7] પૃથવીના ભેદે કરી પિછાણવા;

---

(૧૬) ૧ ભમરી-ભમરા કહેવાથી જાતિભેદ જાણવો; પરંતુ નરમાદા નહિ. ૨ મધમાંખ પણ લેવી. ૩ બગતરાં. ૪ પતંગિયા વગેરે ॥ ૧૬ ॥

(૧૭) ૫ ચાર પ્રકારના. ૬ સાત પ્રકારના. ૭ રત્નપ્રભા વગરે સાત નારક પૃથ્વીનાં નામો—

| ગુણાનુસારી નામ | રત્ન-પ્રભા ૧ | શર્કરા-પ્રભા ૨ | વાલુકા-પ્રભા ૩ | પંક-પ્રભા ૪ | ધૂમ-પ્રભા ૫ | તમઃ-પ્રભા ૬ | તમસ્તમ-પ્રભા ૭ |
|---|---|---|---|---|---|---|---|
| સાત નરકનાં નામ | ધમ્મા | વંશા | સેલા | અંજના | રિષ્ટા | મઘા | માઘવતી |

## मूल

**जलयर-थलयर-खेयरा, तिविहा पंचिंदियाऽतिरिक्खा य ।**
**सुसुमार-मच्छ-कच्छव,-गाहा मगरा य जलचारी ॥२०॥**
**चउपय-उरपरिसप्पा, भुयपरिसप्पा य थलयरा तिविहा ।**
**गो-सप्प-नउल-पमुहा, बोधव्वा ते समासेणं ॥ २१ ॥**

( તિર્યંચ પંચેંદ્રિયના ત્રણ અને જળચરના પાંચ પ્રકાર )

ત્રિવિધ પંચેંદ્રિય તિરિયંચો જ **જલ-થલ-ખેચરા,**[1]
ઝુંડ[2] માછલાં[3] ને કાચબા સુસુમાર[4] મગરો **જલચરા** (૧૭)

( ત્રણ પ્રકારના સ્થલચર તિર્યંચ )

ગાય આદિ ચઉપગાં પ્રાણી ચતુષ્પદ જાણવાં,
ઉરપરિસર્પ પેટે ચાલનારા સાપ આદિ માનવા;
ભુજપરિસર્પ હાથે ચાલનારા [5]નોળિયાદિ પિછાનવા,
એમ ત્રણ ભેદે કરી તિરિયંચ **થલચર** ભાવવા.[6] ~~(૧૮)~~

---

૧ જલચર=પાણીમાં ચાલનાર (જીવનાર), થલચર=જમીન ઉપર ચાલનાર, ખેચર=આકાશમાં ઉડનાર પક્ષીઓ; એમ ત્રણ પ્રકારે તિરિયંચ-પંચેંદ્રિય જીવો છે.

૨ જળતંતુ=તાંતણા જેવા આકારે આ જંતુ હોય છે. જળમાં તેનું ઘણું જોર હોવાથી, હાથી જેવાને પણ અંદર ખેંચી જાય છે. ૩ વલયાકાર ( ચૂડાના આકાર ) સિવાયના સર્વ આકારના માછલાંઓ હોય છે. સ્વયંભૂરમણ-સમુદ્રમાં તો પ્રતિમાજીના આકારવાળા મત્સ્યો જોઇને, કોઈકોઈ તિર્યંચો વગર ઉપદેશે, જાતિ-સ્મરણ જ્ઞાન પામી સમ્યક્-જ્ઞાન, દર્શન અને દેશવિરતિ ધર્મને પ્રાપ્ત કરે છે. ૪ પાડા જેવા મત્સ્ય. ॥ ૧૭ ॥

(૧૮) ૫ નોળિયા વગેરે. ૬ વિચારવા. ॥ ૧૮ ॥

## મૂલ

**खेयरा रोमय-पक्खी, चम्मय-पक्खी य पायडा चेव।**
**नर-लोगाओ बोहिं; समुग्ग-पक्खी वियय-पक्खी ॥२२॥**

( બે પ્રકારના પક્ષી (અઢી દ્વીપમાં અને બહાર પણ. )
રૂવાંટિઓની પાંખવાળા હંસ આદિ પક્ષિઓ,
ચામડાની પાંખવાળા વાગોળ આદિ પક્ષિઓ;
ક્રમથી રોમજ પક્ષિ ચર્મજ પક્ષિઓ તે જાણવા,
આ ભેદ બે પ્રખ્યાત છે અઢી દ્વીપમાં[1] તે માનવા. (૧૯)
બીડાયેલ પાંખો હોય જેને તે સમુદ્દગ પક્ષિઓ,
પહોળી કરેલી પાંખવાળા જાણ વિતત પક્ષિઓ;
[2]બહાર માનવ લોકથી આ ભેદ બે જ પિછાણવા,
તિરિયંચ ખેચર સર્વના ઈમ [3]ચાર ભેદો જાણવા. (૨૦)

---

(૧૯) ૧ જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ અડધો મળી અઢીદ્વીપ થાય છે, એમાં જંબુદ્વીપની ફરતો ચૂડાકારે લવણ-સમુદ્ર છે. અને ધાતકીખંડની ચોગરદમ કાલોદધિ સમુદ્ર છે. એ સર્વેને સુવર્ણમય માનુષોત્તર પર્વતે ઘેરી લીધેલ છે. આ રીતે ૪૫ લાખ યોજનના વિસ્તારવાળું, અઢીદ્વીપના નામથી ઓળખાતું મનુષ્યક્ષેત્ર જાણવું. મનુષ્યોનાં જન્મ મરણ અઢીદ્વીપમાં જ થાય છે, અન્યત્ર નહિ. માટે તે મનુષ્યક્ષેત્ર અથવા નરલોક કહેવાય છે. ॥ ૧૯ ॥

(૨૦) ૨ મનુષ્યલોકથી બહાર. ૩ પક્ષિઓના પ્રથમથી જ ચાર ભેદ નથી. પરંતુ રોમજ પક્ષીના આ ભેદ અઢી દ્વીપની બહારના છે; તેથી પ્રતિભેદ સહિત ત્રણ ભેદ ગણવા. વાસ્તવિક તો રોમજ અને ચર્મજ એ બે ભેદ જ છે. ॥ ૨૦ ॥

## मूल

सव्वे जल-थल-खेयरा, समुच्छिमा गब्भया दुहा हुंति ।
कम्मा-कम्मग-भूमी, अंतरदीवा मणुस्सा य ॥ २३ ॥
दसहा भवणाहिवइ, अट्ठविहा वाणमंतरा हुंति ।
जोइसिया पंच विहा, दुविहा वेमाणिया देवा ॥ २४ ॥

( સંમૂર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય )

સર્વ જળચર થળચરોને ખેચરોને જાણીએ,
¹સંમુર્ચ્છિમ ગર્ભજ એમ એ બે ભેદવાળા માનીએ;
( મનુષ્યના ત્રણ પ્રકાર )
²કર્મભૂમિ ને ³અકર્મભૂમિ ⁴અંતરદ્વીપના,
મનુષ્ય સઘળા ભેદ ત્રણવાળા જ સમજો સજ્જના. (૨૧)

---

(૨૧) ૧ માતાપિતાના સંયોગ વિના, પૃથ્વી જળ આદિ પદાર્થોના આશ્રયે ઉપજતા જીવો તે સંમૂર્ચ્છિમ. એકેન્દ્રિય જીવોથી માંડીને ચઉરિંદ્રિય સુધીના તિર્યંચો સંમૂર્ચ્છિમ જ હોય છે.

૨ અસિ, મષી અને કૃષી આદિ વ્યવહારવાળાં ક્ષેત્રો તે કર્મભૂમિ કહેવાય; અને તે ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ—

૩ એ વ્યવહાર વિનાનાં યુગલિક ક્ષેત્રો તે અકર્મભૂમિ છે. ૫ હિમવંત, ૫ હિરણ્યવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ દેવકુરૂ અને ૫ ઉત્તરકુરૂ એમ ૩૦ છે.

૪ છપ્પન અંતર્દ્વીપ પણ યુગલિકોનાં જ ૫૬ ક્ષેત્રો છે. તે સમુદ્રમાં છે માટે જુદાં ગણ્યાં છે. નહીંતર એ પણ અકર્મભૂમિજ છે, ॥ ૨૧ ॥

## मूल

**सिद्धा पनरस-भेया, तित्थातित्थाइ-सिद्ध-भेएणं ।**
**एए संखेवेणं, जीव विगप्पा समक्खाया ॥ २५ ॥**
**एएसिं जीवाणं सरीरमाऊ ठिई सकायम्मि ।**
**पाणा जोणि-पमाणं, जेसिं जं अत्थि तं भणिमो ॥ २६ ॥**

( દેવતાઓના પેટાભેદો સહિત મુખ્ય ભેદો )
દસવિધ [1]ભવનાધિપતિ અડવિધ [2]વ્યંતરદેવ છે,
પાંચભેદે [3]જ્યોતિષી ને દુવિધ [4]વૈમાનિક છે;
( મુકત જીવના ૧૫ ભેદો )
[5]તીર્થસિદ્ધ [6]અતીર્થસિદ્ધા—દિક ભેદે જાણજો,

---

(૨૨) ૧ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર–એ દસભેદે **ભુવનપતિ** દેવો છે. ૨ વ્યંતરથી વાણવ્યંતર પણ લેવા, બન્નેના ૮ ભેદ આ પ્રમાણે છે–પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ. કિન્નર, કિંપુરુષ, મહોરગ ને ગંધર્વ–એ આઠ **વ્યંતર**, અણપન્નો, પણપન્ની, ઇસીવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ ને પતંગ–એ ૮ વાણવ્યંતર. ૩ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારા– એ પાંચ **જ્યોતિષ્ક** છે. એ પાંચે મનુષ્યક્ષેત્રમાં ચર છે અને તેની બહાર સ્થિર છે. ૪ કલ્પોપન્ન ( સ્વામિ–સેવકભાવ આદિ મર્યાદા-વાળા ), અને કલ્પાતીત ( તે મર્યાદા વિનાના ) એમ **વૈમાનિકોના** બે ભેદ છે. ૫ તીર્થશબ્દથી તીર્થંકર સિદ્ધ, પરંતુ તીર્થ સ્થાપ્યા બાદ સિદ્ધ થવાનો અર્થ નહિં. ૬ અતીર્થ એટલે અતીર્થંકર સિદ્ધ.

## मूल

**अंगुल-असंख-भागो, सरीरमेगिंदियाण सव्वेसिं ।**
**जोयण-सहस्समहियं, नवरं पत्तेय-रुक्खाणं ॥२७॥**

મુક્ત જીવના ભેદ [7]પંદર હૃદય અંદર આણજે, (૨૨)

## જીવોના ભેદો ઉપર પાંચ દ્વારો

( જીવોના મુખ્ય ભેદોનો ઉપસંહાર )

સંક્ષેપથી રૂડી રીતે ભેદો કહ્યા એ જીવના.
હવે એ જીવોમાં જેટલું છે તેટલું હે ભાવિજના !

( તેમાં જાણવા જોગ પાંચ દ્વારોનાં નામ )

[1]શરીર ને આયુષ્યનું ત્રીજું સ્વકાય[2]સ્થિતિ તણું,
પ્રમાણ પ્રાણ ને [3]યોનિઓનું દાખશું તેઓ તણું. (૨૩)

## मूल

**बारस-जोयण तिन्नेव, गाउआ जोयणं च अणुक्कमसो ।**
**बेइंदिय-तेइंदिय,-चउरिंदिय-देहमुच्चत्तं ॥ २८ ॥**

## ૧ શરીરદ્વાર

( એકેન્દ્રિયોનું શરીરપ્રમાણ )

---

૭ એ રીતે એ ૧૫ ભેદ '**जिण-अजीण-तीत्थ-तीत्था०**' એ નવતત્ત્વની ગાથાથી જાણી લેવા. આ ભેદો સિદ્ધોની પૂર્વ અવસ્થાની અપેક્ષાએ કહેલા છે. ॥ ૨૨ ॥

(૨૩) ૧ શરીરની ઉંચાઇ યા લંબાઇનું પ્રમાણ. શરીરદ્વારનું બીજું નામ અવગાહના છે. ૨ એના એ જ જીવભેદમાં, એ જીવ કેટલીવાર અથવા કાળ સુધી નિરંતર ઉત્પન્ન થાય, તેની મર્યાદા બતાવવી તે. ૩ સરખા વર્ણ, ગંધ, રસ ને સંસ્થાનવાળાં અનેક ઉત્પત્તિસ્થાનોની એક યોનિ. ॥ ૨૩ ॥

અસંખ્યાતમા [1]અંગુલના વિભાગ જેટલું ભાખિયું,
શરીર સવિ એકેન્દ્રિયોનું આટલું વધુ દાખિયું;
હજાર યોજનથી અધિક પ્રત્યેક [2]તરૂનું ભાખિયું,
( વિકલેંદ્રિયોનું શરીરપ્રમાણ )
શરીર યોજન બારનું બે[3]ઇંદ્રિયોનું આખિયું. (૨૪)
ત્રણ ગાઉંનું ૧તેઇંદ્રિનું ૨ચઉરિન્દ્રિનું યોજન તનુ,
( સાત નારકનું શરીરપ્રમાણ )
સાતમી નરકે જીવોનું પાંચસો ધનુનું તનુ;
નરક છઠ્ઠીમાંહિ નારકનું અઢીસો ધનુષ્યનું,
શરીર પાંચમી નારકીમાંહિ સવાસો ધનુષ્યનું. (૨૫

## मूल

**धणु-सय-पंच-पमाणा, नेरइया सत्तमाइ पुढवीए ।**
**तत्तो अद्धद्धूणा, नेया रयण-प्पहा जाव ॥ २९ ॥**
**जोयण-सहस्स-माणा, मच्छा उरगा य गब्भया हुंति !**
**धणुह-पुहुत्तं पक्खिसु, भुअ-चारि गाउअ—पुहुत्तं ३०**

ચોથી નારકીના જીવોનું સાડી બાસઠ ધનુષ્યનું,
તનુમાન ત્રીજીમાં સવા ઇગતીસ ધનુઓનું તનુ;
સાડીપંદર ધનુષ્ય ઉપર બાર અંગુલ બીજીમાં,

(૨૪) ૧ શ્રી મહાવીરસ્વામીના અર્ધ આત્માંગુલરૂપ એક ઉત્સેધાંગુલ, અથવા અનુક્રમે આઠ ગુણો વધતાં ૮ આઠા જવ પ્રમાણનો ૧ ઉત્સેધાંગુલ થાય છે, તેના. ૨ સમુદ્રાદિકમાં રહેલ કમલો તથા લતાઓ વગેરેનું એ ઉત્કૃષ્ટ પ્રમાણ જાણવું. જઘન્ય પ્રમાણ તો સર્વત્ર અંગુળનો અસંખ્યાતમો ભાગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે ૩ અઢી દ્વીપ બહારના શંખ વગેરેનું, સર્વ બેઇંદ્રિયોનું નહિ. ॥ ૨૪ ॥

(૨૫) કાનખજુરા વગેરેનું અઢી દ્વીપ બહાર. ૨ અઢી દ્વીપ બહાર, ભમરા વગેરેનું ॥ ૨૫ ॥

પોણાઆઠ ષટ અંગુલનું તનુ[1] પહેલીમાં. (૨૬)

( ગર્ભજ તિર્યંચોનું શરીરપ્રમાણ )

[1]ઉરગ ગર્ભજ જાણ એક હજાર યોજન માનના,
ગર્ભજ [2]સંમૂચ્છિંમ [3]મચ્છ જલચર તેટલા તનુમાનના;
પક્ષી ગર્ભજ માનવાળા છે [4]ધનુષ્યપૃથક્ત્વના
[5]ભુજગ ગર્ભજ જાણ [6]ગાઉ-પૃથક્ત્વ દેહ પ્રમાણના. (૨૭)

## मूल

**खयरा धणुह—पुहुत्तं, भुयगा उरगा य जोयण—पुहुत्तं ।**
**गाउअ-पुहुत्त-मित्ता, समुच्छिमा चउप्पया भणिया ॥**

( સમૂચ્છિંમ તિર્યંચોનું શરીરપ્રમાણ )

સંમૂચ્છિંમ [1]ખેચર ને [2]ભુજગનું ધનુષ્ય—પૃથક્ત્વનું.
યોજન—પૃથક્ત્વ પ્રમાણનું તનુમાન ઉરપરિસર્પનું;

---

(૨૬) ૧ પર્યાપ્તાનું ન્હાનું શરીર ત્રણ હાથનું, બીજી આદિ પૃથ્વીઓમાં પૂર્વનું ઉત્કૃષ્ટ તે પરનું જઘન્ય. ॥ ૨૬ ॥

(૨૭) ૧ સ્વયંભૂરમણ સમુદ્રાદિકના સર્પો. ૨–૩ સંમુચ્છિંમ અને ગર્ભજ બન્ને જાતના જલચરોની અવગાહના સરખી છે, માટે અહીં બન્ને જાતના લેવા. ૪ પક્ષિનું ઉત્કૃષ્ટ દેહપ્રમાણ અઢી દ્વીપમાં પણ હોય છે, ૫ ભુજપરિસર્પો. ૬ બેથી નવ ગાઉ, આ રીતે સર્વત્ર જેની પાછળ ' પૃથક્ત્વ ' શબ્દ લાગેલ હોય. તેનું બેથી નવ સુધીની સંખ્યાવાળું પ્રમાણ સમજવું. ॥ ૨૭ ॥

(૨૮) ૧ પક્ષી. ૨ સંમૂર્છિમ ભુજપરિસર્પનું ૩ છ ગાઉના હસ્તિ વગેરે છે તે યુગલિક ક્ષેત્રમાં દેવકુરુ ને ઉત્તરકુરુમાં હોય છે. ॥ ૨૮ ॥

( સંમૂચ્છિમ અને ગર્ભજ ચતુષ્પદનું શરીરપ્રમાણ )

ચતુષ્પદ સંમૂચ્છિમનું તનુ ગાઉ–પૃથક્ત્વ પ્રમાણનું,
ગર્ભજ ચતુષ્પદનું તનુ નિશ્ચે [3]છ ગાઉ પ્રમાણનું. (૨૮)

( ગર્ભજ મનુષ્યનું શરીરપ્રમાણ )

ગર્ભજ મનુષ્યોનું તનુ [1]ત્રણ ગાઉનું ઉત્કૃષ્ટ છે,

( દેવોનું શરીરપ્રમાણ )

ભવનપતિથી માંડીને ઇશાનનો જ્યાં અંત છે:
ત્યાં [2]સુધીના દેવની ઉંચાઈ સાત જ હાથ છે,
ત્રીજા જ ચોથા દેવલોકે સુરતનુ [3]ષટ હાથ છે. (૨૯)

## मूल

**छच्चेव गाउआहि, चउप्पया गब्भया मुणेयव्वा ।**
**कोस-तिगं च मणुस्सा, उक्कोस-सरीर-माणेणं ॥ ३२ ॥**
**ईसाणंतसुराणं, रयणीओ सत्त हुंति उच्चत्तं ।**
**दुग-दुग-दुग-चउ-गेवि,-ज्जणुत्तरेक्किक्क-परिहाणी ॥३३॥**

પાંચમા છઠ્ઠા જ સ્વર્ગે [1]પાંચ હાથ પ્રમાણનું.

---

(૨૯) ૧ ત્રણ ગાઉના ગર્ભજ મનુષ્યો તે દેવકુરુ ને ઉત્તરકુરુના યુગલિક મનુષ્યો છે. ૨ ભવનપતિ, પરમાધામી, વ્યંતર, વાણવ્યંતર, તિર્યગ્જૃંભક, જ્યોતિષ્ક, પ્રથમ કિલ્બીષિક, સૌધર્મ અને ઇશાન સુધીના. ૩ જઘન્યથી ચોથા કલ્પે ( દેવલોકે ) ૬ હાથ અને ત્રીજા દેવલોકે ૭ હાથની ઉંચાઈવાળા દેવો હોય છે. ॥ ૨૯ ॥

(૩૦) ૧ પાંચમા કલ્પે ઉત્કૃષ્ટ ૬ હાથ શરીર
છઠ્ઠા ,, જઘન્ય ૫ ,, ,,

તનુમાન સ્વર્ગે સાતમે ને આઠમે [2]કર ચારનું;
ચરમ ચારે સ્વર્ગમાં [3]ત્રણ હાથની ઉંચાઈ છે,
ગ્રૈવેયકે [4]કર બે અનુત્તરનું તનુ [5]કર એક છે.[6] (૩૦)

## મૂલ

**बावीसा पुढवीए, सत्त य आउस्स तिन्नि वाउस्स ।**
**वास-सहस्सा दस तरु-गणाण तेउतिरत्ताऊ ॥ ३४ ॥**

## ૨ આયુષ્યદ્વાર.

### ( એકેન્દ્રિયોનું ઉત્કૃષ્ઠ આયુષ્ય )

આયુષ્ય પૃથવીકાયનું છે વર્ષ બાવી [1]હજારનું,

---

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | સાતમા | કલ્પે ઉત્કૃષ્ટ | ૫ | હાથ | શરીર |
| | આઠમા | ,, જઘન્ય | ૪ | ,, | ,, |
| ૩ | નવમા | ,, ઉત્કૃષ્ટ | ૪ | ,, | ,, |
| | બારમા | ,, જઘન્ય | ૩ | ,, | ,, |
| ૪ | પહેલા ગ્રૈવેયકે | ઉત્કૃષ્ટ | ૨ | ,, | ,, |
| | | અને જઘન્ય | ૨ | ,, | ,, |

૫ ચાર અનુત્તરનું ઉત્કૃષ્ટ ૨ હાથ અને જઘન્ય ૧ હાથ શરીર.

૬ ભવધારણીય ( મૂળ ) શરીરની અપેક્ષાએ સર્વ દેવોની આ ઉંચાઈ જાણવી. કારણ કે દેવતાઓના ઉત્તરવૈક્રિય દેહની ઉંચાઈ લાખ યોજન સુધીની હોય છે. ॥ ૩૦ ॥

(૩૧) ૧ એટલું આયુષ્ય પર્વતાદિના ગર્ભમાં રહેલ ખરબાદર પૃથ્વીકાયનું છે, બીજી પૃથ્વીઓનું અલ્પ અલ્પ આયુષ્ય હોય છે. જેમકે—

| | | | | |
|---|---|---|---|---|
| અતિ કઠણ પૃથ્વીનું | ૨૨ | હજાર | વર્ષનું | આયુષ્ય |
| પત્થરના કાંકરાનું | ૧૮ | ,, | ,, | ,, |
| મણશિલ ( પૃથ્વીનું ) | ૧૬ | ,, | ,, | ,, |
| રેતી ,, | ૧૪ | ,, | ,, | ,, |
| શુદ્ધ પૃથ્વીનું | ૧૨ | ,, | ,, | ,, |
| સુંવાળી ,, | ૧ | ,, | ,, | ,, |

હજાર [2]સાત અપકાયનું અહોરાત્રિ ત્રણ અગ્નિતણું;
આયુષ્ય વાઉકાયનું છે વર્ષ ત્રણ હજારનું,
દશ હજાર જ વર્ષનું પરમ[3]આયુ તરૂ પ્રત્યેકનું. (૩૧)

## મૂલ

**वासाणि बारसाऊ, बेइंदियाण तेइंदियाण तु ।**
**अउणापन्न-दिणाइं, चउरिंदीणं तु छम्मासा ॥ ३५ ॥**
**सुर-नेरइयाण ठिई, उक्कोसा सागराणि तित्तीसं ।**
**चउप्पय-तिरिय-मणुस्सा तिन्निय पलिओवमा हुंति ॥३६॥**

( વિકલેંદ્રિયોનું આયુષ્ય )

બેઇંદ્રિઓનું બાર વર્ષોનું વળી તેઇંદ્રિનું,
દિવસ ઓગણપચાસ ને ચૌરિન્દ્રિનું ષટ માસનું;

( દેવ અને નારકનું ઉત્કૃષ્ટ ને જઘન્ય આયુષ્ય )

ઉત્કૃષ્ટ [1]તેત્રીશ સાગરોપમ આયુ [2]નારક–દેવનું,
જઘન્યથી તેઓનું તો છે દસ [3]હજાર જ વર્ષનું. (૩૨)

---

૨ નિર્વ્યાઘાત સ્થાને રહેલ સ્થિર અપ્કાય (જળ) નું ૭૦૦૦ વર્ષનું અને વાયુનું ૩૦૦૦ વર્ષનુ આયુ. શેષ સ્થાનમાં રહેલ ચળ અપ્—વાયુનું અર્થાત્ અસ્થિર જળ ને પવનનું એટલું આયુષ્ય ન હોય. ૩ ઉત્કૃષ્ટ આયુષ્ય. જઘન્યથી તો તે સર્વ જીવોનું અંત-મુહૂર્તનું આયુષ્ય સમજવું. ॥ ૩૧ ॥

(૩૨) ૧ અસંખ્યાત વર્ષનું એક પલ્યોપમ (પલ્યની અર્થાત્ પાલાની ઉપમા જેને હોય તે), અને (ક્રોડને ક્રોડે ગુણવાથી જે સંખ્યા આવે તે કોડાકોડી, એવાં) ૧૦ કોડાકોડી પલ્યોપમોનું એક સાગરોપમ એવાં ૩૩ સાગરોપમ. ૨ સાતમી પૃથ્વીના નારકનું અને અનુત્તરદેવોનું એ ઉત્કૃષ્ઠ આયુ હોય છે ૩ ભવનપતિ ને વ્યંતર એ બે નિકાયનું જ ૧૦ હજાર વર્ષ જઘન્ય આયુ હોય છે. જ્યોતિષીમાં તારાઓનુ $\frac{1}{8}$ પલ્યોપમ. અને વૈમાનિકમાં સૌધર્મદેવોનું એક પલ્યોપમ આયુ જઘન્યથી હોય છે. વિકલેન્દ્રિયોનું જઘન્ય અંતમુહૂર્ત આયુ હોય છે. ॥ ૩૨ ॥

## मूल

**जलयर उर-भुयगाणं, परमाऊ होइ पुव्व-कोडीओ ।**
**पक्खींणं पुण भणिओ, असंख-भागो य पलियस्स ॥३७॥**
**सव्वे सुहुमा साहा,-रणा य समुच्छिमा मणुस्सा य ।**
**उक्कोस-जहन्नेणं अंतमुहुत्तं चिय जियंति ॥ ३८ ॥**

( મનુષ્યનું અને તિર્યંચ પંચેન્દ્રિયોનું આયુષ્ય )

ગર્ભજ મનુષ્યોનું અને ગર્ભજ ચતુષ્પદ પ્રાણીનું,
ઉત્કૃષ્ટ [1]ત્રણ પલ્યોપમોનું જઘન્ય [2]અંતમુહૂર્ત્તનું;
ગર્ભજ સંમૂર્ચ્છિમ જળચરો ગર્ભજ ઉરગ ને ભુજગનું,
ઉત્કૃષ્ટ આયુ પૂર્વક્રોડ[3] વર્ષનું ત્રૈણે તણું.[4] (૩૩)

## मूल

**ओगाहणाउ माणं, एवं संखेवओ समक्खायं ।**
**जे पुण इत्थ विसेसा, योसेस-सुत्ताउ ते नेया ॥ ३९ ॥**
**एगिंदिया य सव्वे, असंख-उस्सप्पिणी सकायम्मि ।**
**उववज्जंति चयंति य, अणतकाया अणंताओ ॥ ४० ॥**

( ગર્ભજ પક્ષિનું; સૂક્ષ્મ એકેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય
અને સાધારણ વનસ્પતિનું આયુષ્ય )

---

(૩૩) ૧ એ ત્રણ પલ્યોપમ આયુષ્ય દેવકુરુ ને ઉત્તરકુરુના યુગલિક મનુષ્યોનું ને યુગલિક તિર્યંચોનું હોય છે. ૨ યુગલિક સિવાયના મનુષ્ય ને તિર્યંચોનું જ અન્તમુહૂર્ત જઘન્ય આયુષ્ય હોય છે. ૩-૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષે એક પૂર્વ થાય છે. ૪સંમૂચ્છિમ પંચેદ્રિય સ્થળચરોનું ઉત્કૃષ્ટ આયુ ૮૪૦૦૦ વર્ષ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ,, | ,, | ખેચરોનું | ,, | ,, | ૭૨૦૦૦ | ,, |
| ,, | ,, | ઉરપરિસર્પનું | ,, | ,, | ૫૩૦૦૦ | ,, |
| ,, | ,, | ભુજપરિસર્પનું | ,, | ,, | ૪૨૦૦૦ | ,, |

મુળ ગ્રંથકારે આ વસ્તુ નથી આપી, છતાં ઉપયોગી સમજીને અહીં આપી છે. ॥ ૩૩ ॥

અસંખ્યાતમો છે ભાગ પલ્યોપમતણો પક્ષિ[1] તણું,
ઉત્કૃષ્ટ આયુ છે વળી એકેન્દ્રિ સૂક્ષ્મ સર્વનું;
[2]સંમૂચ્છિમ મનુષ્યોનું જ સાધારણ [3]વનસ્પતિકાયનું,
જઘન્ય ને ઉત્કૃષ્ટથી આયુષ્ય [4]અંતર્મુહૂર્ત્તનું. (૩૪)

(શરીરદ્વાર અને આયુષ્યદ્વારનો ઉપસંહાર)

અવગાહના ને આયુ કેરું દ્વાર ઈમ સંક્ષેપથી,
ભાખિયું પણ જાણવું બાકી વિશેષ જ [1]સૂત્રથી;

## मूल

**संखिज्ज समा विगला, सत्तट्ठ-भवा पणिंदि तिरीमणुआ।**
**उववज्जंति सकाए, नारय-देवा य नो चेव ॥ ४१ ॥**
**दसहा जिआण पाणा, इंदिय-उसास-आउ-बल-रूवा।**
**एगिंदिएसु चउरो, विगलेसु छ सत्त अट्ठेव ॥ ४२ ॥**

## ૩. સ્વકાયસ્થિતિદ્વાર.

(સ્વકાયસ્થિતિનો અર્થ)

નિજકાયમાં ઉપજે મરે જીવો નિરંતર જ્યાં સુધી,
સ્વકાયસ્થિતિ દ્વાર તે કહીશું હવે સુણજો [2]સુધી ! (૩૫)

---

(૩૪) ૧ અંતર્દ્વીપના યુગલિક પક્ષીઓનું એ આયુષ્ય છે, ૨ (૧૫ કર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ.) ૧૦૧ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોના મલમૂત્ર વગેરેમાં ઉત્પન્ન થતા સંમુચ્છિમ મનુષ્યોનું, ૩ બાદરનિગોદરૂપ અનંતકાયનું, ૪ એક અંતર્મુહૂર્ત પ્રમાણનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુ જાણવું. ॥ ૩૪ ॥

(૩૫) ૧ સંગ્રહણી તથા પ્રજ્ઞાપના વગેરે સૂત્રથી,
૨ હે સુંદર બુદ્ધિવાળા ! ॥ ૩૫ ॥

## ( એકેન્દ્રિયથી મનુષ્ય સુધીની કાયસ્થિતિ )

અનંતકાયોની અનંતી[1] ને સકલ એકેન્દ્રિની,
અસંખ્ય છે ઉત્સર્પિણી[2] અવસર્પિણીના માનની;
સ્વકાયસ્થિતિ વર્ષ[3] સંખ્યાતાતણી વિકલેંદ્રિની,
તિરિયંચ પંચેંદ્રિ મનુષ્યોની જ ભવ સગ[4] આઠની. (૩૬)

---

(૩૬) ૧ અનંત ભવ સુધી અથવા અનંત કાળચક્ર સુધી. ૨ જે કાળમાં આયુષ્ય, બુદ્ધિ, બળ વગેરે વધે તેવો ચઢતો કાળ તે ઉત્સર્પિણી અને ઘટે તેવો ઊતરતો કાળ તે અવ-સર્પિણી. ૩ સંખ્યાતા હજારો વર્ષની, ૪ યુગલિક સિવાયના સતત સાત ભવ, અને આઠમો ભવ યુગલિકનો જ થાય. એ અપેક્ષાએ ૭ કે ૮ ભવ કહ્યા છે. અયુગલિકના સતત સાત ભવ કર્યા બાદ, જો યુગલિક ન થાય તોપણ, મનુષ્ય મનુષ્ય ભવમાં ન જાય, અને તિર્યંચ પંચેંદ્રિય તિર્યંચ પંચેંદ્રિયમાં ન જાય; પરંતુ અન્ય ગતિમાંજ જાય. સાત ભવ ઉત્કૃષ્ટ અસંખ્યાત ( પૂર્વક્રોડ ) વર્ષના આયુષ્યવાળામાં સંભવે, અર્થાત્ ૭ ભવમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ લાગે; અને આઠમા ભવમાં ઉત્કૃષ્ટ અસંખ્યાતા વર્ષ લાગે, અર્થાત ( ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ ) અસંખ્યાત વર્ષવાળા યુગલિકોનો આઠમો ભવ સંભવે છે. ત્યાંથી મરીને દેવ થાય, ત્યાંથી ચ્યવીને મનુષ્ય અથવા તિર્યંચ થાય, પરંતુ નિરંતર ઉત્કૃષ્ટ આઠ ભવજ થાય, અધિક તો ન જ થાય, અહીં આઠે ભવનો ઉત્કૃષ્ટ કાળ, પૂર્વક્રોટી પૃથક્ત્વથી અધિક એવાં ૩ પલ્યો-પમ જેટલો જાણવો. અને જઘન્યથી સર્વ જીવોની સ્વકાયસ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી. ॥ ૩૬ ॥

[ દેવ-નારકની કાયસ્થિતિ ]

દેવતા ને નારકી નિજ કાયમાં ન જ [1]ઊપજે,
સ્વકાયસ્થિતિ તેમની [2]સ્વાયુ પ્રમાણે સંપજે;

## ૪ પ્રાણદ્વાર

[ ૧૦ દ્રવ્ય પ્રાણનાં નામ ]

પાંચ ઇંદ્રિયો જ શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય છે,
મન વચન ને કાયના બળ રૂપ દશવિધ પ્રાણ છે. (૩૭)

## मूल

**असन्नि-सन्नि-पंचिं,-दिएसु नव-दस कमेण बोधव्वा।**
**तेसिं सह विप्पओगो, जीवाणं भण्णए मरणं ॥ ४३ ॥**
**एवं अणोर-पारे, संसारे सायरम्मि भीमम्मि ।**
**पत्तो अणंत-खुत्तो, जीवेहिं अपत्त-धम्मेहिं ॥ ४४ ॥**

( જીવભેદોમાં સંભવતા પ્રાણ )

ઉપરોકત દશવિધ પ્રાણ પૈકી [1]ચાર છે એકેન્દ્રિને
૭ સાત આઠ જ પ્રાણ ક્રમથી હોય છે વિકલેંદ્રિને;

---

(૩૭) ૧ દેવ મરીને દેવ અને નારક મરીને નારક તુરત ન થાય. તેમ જ દેવ મરીને નારક અને નારક મરીને દેવ તુરત ન થાય. ૨ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ એ રીતે પોતપોતાના આયુષ્ય જેટલી, દેવો તેમજ નારકોની સ્વકાયસ્થિતિ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલી છે. ॥ ૩૭ ॥

(૩૮) ૧ સ્પર્શેન્દ્રિય, કાયયોગ, શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય એ ૪ પ્રાણ એકેન્દ્રિયોને; રસનેન્દ્રિય અને વચનયોગસહિત ૬ પ્રાણ બેઇંન્દ્રિયોને; ઘાણેન્દ્રિય સહિત ૭ પ્રાણ તેઇંદ્રિયોને; ચક્ષુરિન્દ્રિય સહિત ૮ પ્રાણ ચઉરિન્દ્રિયોને, શ્રોત્રેન્દ્રિય સહિત ૯ પ્રાણ અસંજ્ઞિ પંચન્દ્રિયોને; અને મનોયોગ સહિત ૧૦ પ્રાણ સંજ્ઞિ પંચેન્દ્રિયોને હોય છે.

[2]અસંજ્ઞિ પંચેંદ્રિયને મનબળ વિના નવ હોય છે,
દશ પ્રાણ જાણો [3]સંજ્ઞિ પંચેંદ્રિયમાંહિ હોય છે. (૩૮)

## मूल

तह-चउरासी लक्खा, संखा जोणीण होइ जीवाणं।
पुढवाइण चउण्ह, पत्तेयं सत्त सत्त व ॥ ४५ ॥
दस पत्तेय-तरुणं, चउदस लक्खा हवंति इयरेसु।
विगलिंदियेसु दो दो, चउरो पंचिंदि-तिरियाणं ॥४६॥

[મરણની વ્યાખ્યા અને ઉપદેશગર્ભિત પ્રાણદ્વારનો ઉપસંહાર]
પ્રાણ સાથે જે વિયોગ જ તે જીવોનું મરણ છે,
ધર્મને પામ્યા નથી એવા જ જીવો જેહ છે;
તે અનંતીવાર પામ્યા છે મરણ આવું અહો !
ભયંકર અપાર સંસારસાગરને વિષે નિશ્ચે કહો. (૩૯)

## ૫ યોનિદ્વાર.

( જીવ ભેદોમાં યોનિની સંખ્યા )

જીવોની [1]યોનિ કેરી સંખ્યા લાખ ચોરાસી જ છે.

---

૨ સંમૂર્ચ્છિમ તિર્યંચ તથા સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંજ્ઞિ પંચેન્દ્રિય કહેવાય. તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોને ભાષારૂપ વચનબળ નથી હોતું, માટે તેઓને સાત અથવા આઠ પ્રાણ હોય છે એટલું વિશેષ જાણવું. ॥ ૩૮ ॥

૩ દેવતા, નારકી, ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યો સંજ્ઞિ પંચેન્દ્રિય કહેવાય.

(૪૦) ૧ યોનિ=ઉત્પત્તિસ્થાન, જેનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સરખાં હોય તે એક યોનિ, અને જેનાં વર્ણાદિ ભિન્ન હોય તે ભિન્ન યોનિ. આવી ૮૪ લાખ યોનિઓ છે.

પૃથ્વી પાણી અગ્નિ વાયુ કેરી સાત[2]જ લાખ છે;
યોનિઓ દશ લાખ છે પ્રત્યેક તરૂઓની સહી,
સાધારણ વનસ્પતિકાય કેરી ચૌદ લાખ જ છે કહી. (૪૦)

## मूल

**चउरो चउरो नारय, सुरेसु मणुआण चउदस हवंति।**
**संपिंडिआ य सव्वे, चुलसी लक्खा उ जोणीणं ॥४७॥**
**सिद्धाणः नत्थि देहो, न आउ–कम्मं न पाण जोणीओ।**
**साइ–अणंता तेसिं, ठिई जिणंदागमे भणिया ॥ ४८ ॥**

બબ્બે લાખ વિકલેંદ્રિ તણી વળી દેવને નારક તણી,
[1]ચાર ચારજ લાખ છે તિરિયંચ પંચેન્દ્રિ તણી;
ચૌદ લાખ જ માનવોની યોનિઓ કહેવાય છે,
એમ એ સર્વે મળી ચોરાસી લાખ જ થાય છે. (૪૧)

( સિદ્ધમાં એ પાંચે દ્વારોનો અભાવ )

સિદ્ધને નથી દેહ તેથી આયુ કે કર્મો નથી,
દ્રવ્ય–પ્રાણો તેહથી નથી યોનિઓ નથી તેહથી;
એક સિધ્ધ આશ્રયીને સિદ્ધની સ્થિતિ કહી,
જિણંદકેરા આગમે સાદિ[1] અનંતી છે સહી. (૪૨)

---

૨ ચારેની દરેકની સાત સાત લાખ યોનિ. ॥ ૪૦ ॥

(૪૧) ૧ દેવની ચાર લાખ અને નારકની પણ ચાર લાખ યોનિ સમજવી, ॥ ૪૧ ॥

(૪૨) ૧ સિધ્ધગતિ જે સમયે પ્રાપ્ત થાય તે સમયે સાદિ ( આદિ સહિત ), અને પામ્યા પછી સિદ્ધગતિનો અન્ત નથી માટે અનન્તી (અંત રહિત); એ રીતે સાદિ અનંત સ્થિતિ એક સિધ્ધની અપેક્ષાએ છે. અને સર્વસિધ્ધોની અપેક્ષાએ પ્રવાહરૂપે તો અનાદિ અનંત સ્થિતિ છે. ॥ ૪૨ ॥

## मूल

काले अणाइ-निहणे, जोणि-गहणम्मि भीसणे इत्थ ।
भमिया भमिहिंति चिरं, जीवा जिण-वयणमलहंता ४९
ता संपइसंपत्ते, मणुअत्ते दुल्लहे वि सम्मते ।
सिरि-संति-सुरि-सट्ठे, करेह भो उज्जमं धम्मे ॥५०॥

[ સંસારભ્રમણ ધર્મના અભાવે છે ]

અન્ત ને આદિ વિનાના આ સકળ કાળે અરે !
વિકરાળ યોનિ—ભમણુથી બીહામણા ભવ—સાયરે;
જિનવચનને નવ પામતા જીવો ભમ્યા ભમશે ખરે,
ચિરકાળ સુધી જાણી એવું ધર્મ કર ચેતન ! અરે ! (૪૩)

( માટે ધર્મ પામવો એ ગ્રંથકર્ત્તાઓનો ઉપદેશ )

મોંઘી માનવ જીંદગી આ પરમ દુર્લભ ને વળી,
ચંગ[૧] સમકિત રંગ પામી મુક્તિ—કુસુમ[૨] કેરી કળી
[૩]શ્રી શાંતિસૂરિ રાજ વચને સાર જે આ જીવનને,
કર તે ભવિક ! ઉત્તમ પુરૂષે આચરેલા ધર્મને. (૪૪)

---

(૪૪) ૧ મનોહર. ૨ પુષ્પ. ૩ શ્રી=જ્ઞાનાદિ લક્ષ્મી, શાંતિ= રાગદ્વેષ આદિનો ઉપશમ. સૂરિ-પૂજ્ય, ભાવાર્થ એ છે કે-જ્ઞાનાદિ આત્મલક્ષ્મીથી અને ઉપશમ વડે પૂજ્ય એવા તીર્થંકરો અને ગણ-રોએ ઉપદેશેલા એવા ધર્મમાં ઉદ્યમ કર. આમાં મૂળ ગ્રંથકારનું નામ આવી જાય છે. ॥ ૪૪ ॥

## मूल

पसो जीव-वियारो संखेव--रुईण जाणणा-हेऊ ।
शंखित्तो उद्धरिओ, रुद्दाओ सुय-शमुद्दाओ ॥ ५१ ॥

( ગ્રંથનો ઉપસંહાર )
અલ્પમતિવાળા જીવોના બોધ માટે હેતથી,
ગંભીર શાસ્ત્રરૂપી મહાસાગરથકી સંક્ષેપથી;
ઉપકાર ભાવે આ કીધો ઉદ્ધાર જીવવિચારનો,
જીવશાસ્ત્ર જે કહેવાય છે, તે ઉર ધરો હે ભવિજનો ! (૪૫)

## અનુવાદકની પ્રશસ્તિ

(સ્રગ્ધરા છંદ)

[૧]રાજે તેજે સદા જે દિનકર[૨] સરખા બાળથી બ્રહ્મચારી,
તેવા **શ્રી નેમીસૂરીશ્વર** વર ગુણના [૩]ધામના પટ્ટધારી;
જ્ઞાની **લાવણ્યસૂરીશ્વર** નિજ ગુરૂની શુધ્ધ આજ્ઞાનુસારી,
ઋષ્યર્કાકેન્દુ વર્ષે[૪] ધવ [૫] સુદશમે માસ આષાઢ ભારી. (૧)
એ રીતે બાલબુધ્ધિધર ભવિજનને બોધદાતા જ સાદો,
જીવો કેરા વિચાર પ્રકરણ જ તણો પદ્ય ભાષાનુવાદો;
કીધો સંપૂર્ણ આ **રાધનપુર** નગરે શ્રેષ્ઠ ભાવે મુદા [૬]એ,
[૭]નિર્ગ્રંથાચાર—ચારી **વિજયયુત** સદા **દક્ષ**[૮] નામે વૃતીએ.[૯]

॥ इति श्रीजीवविचारप्रकरणस्य पद्यमयो
भाषानुवादः सम्पूर्णः ॥

---

૧ શોભે. ૨ સૂર્ય. ૩ સ્થાન—આશ્રયના. ૪ વિક્રમ સંવત ૧૯૯૭ ની સાલમાં. ૫ શુદિ ( અષાડ શુદ દશમે ). ૬ હર્ષપૂર્વક. ૭ સાધુના આચારે. ૮ 'દક્ષવિજય' નામના. ૯ મુનિએ.

# પરિશિષ્ટ નં. ૫

## જીવના ૫૬૩ ભેદ.

### એકેન્દ્રિયના ભેદ:

પાંચ સૂક્ષ્મ (પૃથવી, અપ્, તેઉ, વાયુ અને સાધારણ વનસ્પતિ)=૫
પાંચ બાદર ( ,, ,, ,, ,, ,, )=૫
પ્રત્યેક (વનસ્પતિ) =૧
——
૧૧

ઉપરના ૧૧ એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત=૧૧×૨=૨૨

### વિકલેન્દ્રિય:

ત્રણ ( દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય )=૩
ઉપરના ૩ એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત=૩×૨= ૬

### પંચેન્દ્રિય તિર્યંચના ભેદ:

જળચર અને ખેચર એ દરેકના સંમૂચ્છિમ અને ગર્ભજ. ૨×૨=૪
એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત=૪ × ૨= ૮
સ્થલચર ચતુષ્પદ, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ=૩
એ દરેકના સંમૂચ્છિમ અને ગર્ભજ=૩ × ૨=૬
ઉપરના ૬ એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત=૬×૨=૧૨ ૨૦
——
તિર્યંચના કુલ ભેદ ૪૮

### પંચેન્દ્રિયના મનુષ્યના ભેદ:

૧૫ કર્મભૂમિના (૫ ભરત, ૫ ઐરવ્રત, ૫ મહાવિદેહ)=૧૫

૩૦ અકર્મભૂમિના (૫ હૈમવંત, ૫ હરિવર્ષ, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરૂ
૫ રમ્યક, અને ૫ હૈરણ્યવંત)=૩૦

ચાર દાઢા ઉપરના ચૌદ ચૌદ એમ અંતર્દ્વીપના (૧૪×૪)= ૫૬

——

૧૦૧

ઉપરોકત ૧૦૧=(સંમૂર્ચ્છિમ અસંજ્ઞી મનુષ્યના અપર્યાપ્ત=૧૦૧

ઉપરોકત૧૦૧=ગર્ભજમનુષ્યના અપર્યાપ્તઅને પર્યાપ્ત=(૧૦૧×૨)=૨૦૨

—૩૦૩

**નારકના ભેદ:**

સાત પ્રકારના નારક એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત ૭×૨=૧૪

**દેવના ભેદ:**

૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી (ભવનપતિ); ૮ વ્યંતર, ૮ વાણુવ્યંતર
૧૦ તિર્યકજ્રૃંભક (વ્યંતર); ૫ સ્થિરજ્યોતિષ્ક, ૫ ચરજ્યોતિષ્ક;
૧૨ વૈમાનિક, ૬ કિલ્બિષિક (વૈમાનિક),
૯ લોકાન્તિક (વૈમાનિક),
૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર (વૈમાનિક)=૯૯

ઉપરોકત ૯૯ એ દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત ૯૯×૨= ૧૯૮

——

જીવના કુલ ભેદ ૫૬૩

પૂ૦ પં. ગણિવર્ય શ્રી મણિવિજયજી ગ્રંથમાળા

## પ્રકાશનો.

| | |
|---|---|
| સિરિપાસણહનાહ ચરિયં | (પ્રત) |
| શ્રી અમમસ્વામી ચરિત્ર ભા. ૧× | ,, |
| ,, ,, ભા. ૨ | ,, |
| સેન પ્રશ્ન ભાષાંતર | (બુક) |
| શ્રી આચારાંગ સૂત્રદીપિકા પૂર્વાર્ધ | (પ્રત) |
| માર્ગાનુસારી ગુણ વિવરણ | ,, |
| ઉપમિતિસાર સમુચ્ચયમ્× | ,, |
| વિચારામૃત સારસંગ્રહ | ,, |
| મહાબલ ચરિત્ર× | ,, |
| રયણ ચરિયં× | ,, |
| રત્નચુડ ચરિત્ર ભાષાંતર | (બુક) |
| ઉપધાનવિધિ× | ,, |
| દાનધર્મ× | ,, |
| શ્રી દશાશ્રુતસ્કંધ ચુર્ણિ | પ્રત |
| કર્મ વિચાર | બુક |
| જીવતત્ત્વ વિચાર | ,, |

× આ નિશાનીવાળા ગ્રંથો સિલકમાં નથી.

કાર્યવાહક

શેઠ વીરચંદ રવચંદ

લિંચ ( ઉ. ગુજરાત )